મહાવીરચરિત મીમાંસા

પૂર્વાર્ધ

દલસુખ માલવણિયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવીરચરિત મીમાંસા
(પૂર્વાર્ધ)

લેખક

દલસુખ માલવણિયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશક
રમેશ માલવણિયા
૮, ઓપેરા સોસાયટી
અમદાવાદ-૭

પ્રથમ આવૃત્તિ, ૧૯૯૨
સર્વાધિક સ્વાધીન

મૂલ્ય ; રૂા. ૩૬/-

મુખ્ય વિતરક :
પાર્શ્વ પ્રકાશન
નિશા પોળ
રિલીફ રોડ
અમદાવાદ-૩૮૦ ૦૦૧

મુદ્રક :
ક્રિશ્ના પ્રિન્ટરી
હરજીભાઈ એન. પટેલ
૯૬૬, નારણપુરા જૂના ગામ
અમદાવાદ-૧૩
ફોન : ૪૮૪૩૯૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમર્પણ

મારા પરમ મિત્ર
હરિવલ્લભ ભાયાણીને
તેમણે પણ સંશોધનક્ષેત્રે જે પશ્ચિમપ્રેરિત
શોધપદ્ધતિ આદરેલી છે, તે પરંપરા
અનુસારનું પ્રસ્તુત પુસ્તક
મહાવીરચરિત મીમાંસા
સાદર સમર્પિત કરું છું.

દલસુખ માલવણિયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાસ્તાવિક

ઈ. સ. ૧૯૭૨ માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ મારું– 'પ્રભુશ્રી મહાવીર સ્વામીનો જીવન સંદેશ' પુસ્તક પ્રકાશિત કર્યું હતું. તે મેં સામાન્ય વાચકને સમક્ષ રાખીને લખ્યું હતું. પણ લખતી વેળાએ જેમ જેમ આગળ વધતો ગયો તેમ તેમ ભ. મહાવીરના જીવનની પ્રત્યેક ઘટના વિષે સંશોધકોને નજર સમક્ષ રાખીને એક પુસ્તક લખવાનો વિચાર દૃઢ થતો ગયો હતો. તેના પરિપાકરૂપે આ પુસ્તક વિદ્વાનો સમક્ષ મૂકતા મને આનંદ થાય છે. પ્રત્યેક ઘટના વિશે તે તેના મૂળ સ્વરૂપમાં કેવી હતી, કોણે તેનું સર્વ પ્રથમ નિરૂપણ કર્યું. અને પછી તેમાં કેવાં કેવાં પરિવર્તન પરિવર્ધનો થતાં ગયાં–તેની આમાં મીમાંસા છે. આમાં હું કેટલો સફળ થયો છું તે વિદ્વાનો જ કહેશે. મારી મીમાંસામાં ક્ષતિઓ હોવાનો પૂરો સંભવ છે. વાચકોને તે ધ્યાનમાં આવે તો મારું ધ્યાન દોરે તેવી વિનંતી કરું તો અસ્થાને નહીં ગણાય. તે જાણી મને આનંદ થશે અને બીજી આવૃત્તિને અવકાશ મળશે તો તે ક્ષતિઓ દૂર કરવા અવશ્ય પ્રયત્ન કરીશ.

પ્રસ્તુત પુસ્તકનું સમર્પણ મે. ડૉ. હરિવલ્લભ ભાયાણીને કર્યું છે તે તેમણે સ્વીકાર્યું તે મારે માટે આનંદનો વિષય છે. તેમના જેવા સંશોધકોએ જ મને આવું લખવા પ્રેરણા આપી છે તે જણાવું તો અનુચિત નહીં ગણાય.

પ્રસ્તુત પુસ્તકના પ્રકાશનમાં શ્રી નવીનભાઈ શાહે રસ ન દાખવ્યો હોત તો એમને એમ અટાળામાં પડ્યું રહેત. તેથી તેમનો અહીં વિશેષ આભાર માનું છું.

ચિત્રકાર હિરેન નાનાલાલ ગજ્જર તથા મુદ્રક ક્રિશ્ના પ્રિન્ટરીવાળા શ્રી હરજીભાઈનો આભારી છું. પ્રૂફ જોવામાં મારા પુત્ર રમેશે સહાય કરી તેને અહીં યાદ કરું છું.

ઑપેરા સોસાયટી
અમદાવાદ–૭

તા. ૨૫–૮–૯૨ **દલસુખ માલવણિયા**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંકેતસૂચિ

આચા૦	આચારાંગ સૂત્ર
આ૦ ચૂ	આવશ્યક ચૂર્ણિ
આ૦ નિ૦	આવશ્યક નિર્યુક્તિ
આચા. ટી.	આચારાંગ ટીકા
આ૦ નિ૦ હ૦	આવશ્યક નિર્યુક્તિ, હરિભદ્ર ટીકા
આ૦ મલય	આવશ્યક નિર્યુક્તિ, મલયગિરિ ટીકા
ઉત્ત૦	ઉતરાધ્યયન સૂત્ર
કલ્પ	કલ્પ સૂત્ર
ચઉ૦	ચઉપ્પન્નમહાપુરિસચરિય
ત્રિષષ્ટિ૦	ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર
દીઘ	દીઘનિકાય પાલિ
બૃ૦	બૃહત્કલ્પભાષ્ય
વિશેષા૦	વિશેષાવશ્યક ભાષ્ય
વિ૦	,,
સ્થા૦	સ્થાનાંગ
હરિ	હરિભદ્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુક્રમણિકા

તીર્થંકરચરિતની માતૃકાઓનું મૂળ ૧-૧૧

આચારાંગગત ઘટનાઓ-૨; કલ્પસૂત્રગત ઘટનાઓ-૩; નિર્યુક્તિગત માતૃકાઓ-૫ આવશ્યક નિર્યુક્તિગત માતૃકા (૨) ૭, આવશ્યક નિર્યુક્તિગત ભ. મહાવીર ચરિતની માતૃકા (૩) ૭, પઉમ ચરિય માતૃકા (૧) ૭. પ્રવચનસારોદ્ધાર ગત માતૃકાઓ ૧૦, વિચારસારગત માતૃકા ૧૦ (૮) સત્તરિસયઠાણ ગત માતૃકા ૧૧.

ભગવાન મહાવીરના પ્રાચીન વર્ણકો ૧૨-૨૩

આચારાંગ-પ્રથમ શ્રુતસ્કંધ-૧૩, સાધકના વર્ણનમાં-૧૩; ઉપદેશકના વર્ણનમાં-૧૫; સૂત્રકૃતાંગ પ્રથમ-શ્રુત સ્કંધ-૧૮; આચારાંગ-દ્વિતીય શ્રુત-સ્કંધ-૨૦; સૂત્રકૃતાગ-દ્વિતીય શ્રુતસ્કંધ ૨૧; અન્ય અંગગ્રંથોમાં તથા અન્યત્ર-૨૨

પૂર્વભવો ૨૪-૫૨

સમ્યકત્વપ્રાપ્તિ-ગ્રામચિંતક-૨૪; મરીચિ-૨૯; પરિવ્રાજકભવો ૭-૩૮; વિશ્વભૂતિ-નિદાનનું દુષ્પરિણામ-૪૦; ત્રિપૃષ્ઠવાસુદેવ-૪૫; શેષ પૂર્વભવો-તીર્થંકર-નામકર્મનો બંધ-૫૦;

ભ. મહાવીરના કલ્યાણકો ૫૩-૫૪

ભ. મહાવીરનું કુળ ૫૫-૬૪

ગર્ભાવતરણ ૬૫-૭૧

માતાને સ્વપ્નો-૬૯

ગર્ભાપહરણ ૭૨-૭૩

કુટુંબીજનો ૭૪

જન્મનગરી ૭૫

ગર્ભમાં પ્રતિજ્ઞા ૭૬

જન્મ અને અભિષેક ૭૭-૭૮

નામકરણ-વર્ધમાન ૭૯

મહાવીર ૮૦

સંમતિ ૮૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીક્ષા ૯૭-૯૯

દાન-૯૮; સંબોધન-૯૯, નિષ્ક્રમણ દીક્ષા ૯૯

દીક્ષા પછીનો અભિગ્રહ ૧૦૩

છદ્મસ્થકાળની ઘટનાઓ : કઠોર સાધના ૧૦૪-૧૩૨

આચા૦ (૯-૧૭-ચર્યા-૧૦૫; (૯.૨ શય્યા ઉદ્દેશક-૧૧૫, (૯.૩) પરીષહો-ઉપસર્ગો-૧૧૯; (૯.૪) રોગચિકિત્સા-૧૨૧;

ભગવાન મહાવીરનો વિહાર ૧૨૩-૧૩૨

ગોશાલક પ્રસંગ ૧૩૩-૧૩૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીર્થંકરચરિતની માતૃકાઓનું મૂળ

આવશ્યકનિર્યુક્તિઆદિ ગ્રન્થોમાં તીર્થંકરચરિત સંબંધી માતૃકાઓ મળે છે તેને આધારે જોઈ શકાય છે કે તે તે કાળે તીર્થંકરચરિતની કઈ કઈ બાબતોનું મહત્ત્વ હતું. આ માતૃકાઓ જોતાં પહેલાં આચારાંગ અને કલ્પસૂત્રનાં તીર્થંકરચરિતોને આધારે જોઈએ કે કઈ કઈ માતૃકા તેમાંથી ફલિત થઈ શકે છે.

આચારાંગ(તૃતીયચુલિકા)માં માત્ર ભગવાન મહાવીરચરિત્ર છે, જ્યારે કલ્પસૂત્રમાં ૨૪ તીર્થંકરનાં ચરિતો છે. તે બન્નેમાં ચરિત આપવાનું પ્રયોજન કે આચારના નિયમોની પરંપરા ક્યાંથી શરૂ થઈ તે બતાવવું તે એક જ છતાં આચારાંગમાં એક જ ભ. મહાવીરનું અને કલ્પમાં બધા જ તીર્થંકરોનું ચરિત છે તે સૂચવે છે કે કલ્પસૂત્રમાં જિનચરિતની ભૂમિકા આચારાંગ પછીની છે. જૈન ધર્મમાં કાળચક્રની ગોઠવણી અને તેમાં થનારા યથાક્રમે ૨૪ તીર્થંકરોની યોજના એ ક્રમિક વિકાસ સૂચવે છે. માત્ર ભ. મહાવીર જ આ પ્રમાણે આચારનો ઉપદેશ આપતા નથી પણ તેમની પૂર્વે થનારા ૨૩ તીર્થંકરોએ પણ આવો જ ઉપદેશ આપ્યો છે એમ કહી જૈન ધર્મને મનુષ્ય સંસ્કૃતિના આદિ કાળની ઊપજ ઠરાવવાનો આ પ્રયત્ન છે. આવો જ પ્રયત્ન અન્ય વૈદિક અને બૌદ્ધ ધર્મમાં પણ દેખાય છે. પુરાણો અને મહાભારત, રામાયણમાં અને સ્મૃતિઓમાં ધર્મને સનાતન સિદ્ધ કરવા પ્રયત્ન થયો છે અને અનેક અવતારોની અને મન્વન્તરોની કલ્પના થઈ. તે જ પ્રમાણે બુદ્ધના ચરિતગ્રન્થોમાં પણ તેમની પૂર્વે અનેક બુદ્ધો થયા છે તેમ નિરૂપણ કરવાનો પ્રયત્ન છે. આમ આ ભારતીય ધર્મોનું એક ખાસ લક્ષણ બની રહે છે.

હવે આપણે આચારાંગ અને કલ્પસૂત્રમાં તીર્થંકરચરિતોના નિરૂપણમાં કેટલી ઘટનાઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે જોઈએ. આચારાંગમાં માત્ર ભ. મહાવીરનું જ ચરિત છે અને કલ્પસૂત્રમાં જો કે ૨૪ તીર્થંકરોનું ચરિત છે. છતાં પણ તેમાં પણ મહાવીર, પાર્શ્વ, અરિષ્ટનેમિ અને ઋષભ આટલામાં જ કાંઈક વિસ્તાર છે, બાકીમાં તો માત્ર કલ્પસૂત્ર લખાયું ત્યારે તેમને થયાને કેટલો કાળ વ્યતીત થયો તેનો જ માત્ર નિર્દેશ કરી પતાવ્યું છે. એટલે ઉક્ત ચાર તીર્થંકરોના જીવનચરિતમાં નિરૂપાયેલી ઘટનાઓ જ અહીં દેવામાં આવી છે. અને આ ઘટનાઓને આધારે જ આગળ જઈ માતૃકાઓનું નિર્માણ થયું છે, તે સહેજે સમજી શકાશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચારાંગગત ઘટનાઓ (મહાવીર ચરિત)

૧. ચ્યવન આદિનાં નક્ષત્રો (૧૭૫) (ચ્યવન, ગર્ભાપહરણ, જન્મ, દીક્ષા, કેવળ, નિર્વાણ)
૨. કાળચક્રમાં ક્યારે ચ્યવન (૧૭૬)
૩. ક્યાંથી ચ્યવન (દેવાયુ) (૧૭૬)
૪. ક્યાં ચ્યવન (નગરી) (૧૭૬)
૫. [1]માતા પિતા (પ્રથમ) (૧૭૬)
૬. ચ્યવન સમયે જ્ઞાન (૧૭૬)
૭. ગર્ભાપહરણ દેવ દ્વારા (૧૭૬)
૮. માતા-પિતા, નગરી (દ્વિતીય)
૯. ગર્ભહરણ વખતે જ્ઞાન (૧૭૬)
૧૦. જન્મ (૧૭૬)
૧૧. દેવો દ્વારા ઉત્સવ આદિ અને તિત્થયરાભિસેય (૧૭૬)
૧૨. નામકરણ (કારણ સાથે (૧૭૬)
૧૩. પાંચ ધાતૃ દ્વારા ઉછેર (૧૭૬)
૧૪. કામભોગો (૧૭૬)
૧૫. નામાન્તરો (તીર્થંકર અને માતા-પિતા આદિનાં) (૧૭૭)
૧૬. માતા-પિતા (પાર્શ્વાપત્ય) મરીને દેવલોકમાં પછી મહાવિદેહમાં મુક્તિ (૧૭૮)
૧૭. દીક્ષાપૂર્વ દાન[2] (એક વર્ષ સુધી) (૧૭૯)
૧૮. દેવો દ્વારા સંબોધન (૧૭૯)
૧૯. દેવો દ્વારા દીક્ષાઉત્સવ શિબિકાવહન (૧૭૯)[3]
૨૦. દીક્ષા પ્રસંગે લોચ–ઇન્દ્ર દ્વારા કેશગ્રહણ (૧૭૯)
૨૧. સિદ્ધનમસ્કાર કરી સામાયિક-ગ્રહણ (દીક્ષા) (૧૭૯)[4]
૨૨. મનઃપર્યાય (૧૭૯)
૨૩. અભિગ્રહ (૧૭૯)
૨૪. વિહાર (૧૭૯)
૨૫. ઉપસર્ગ (૧૭૯)
૨૬. કેવળજ્ઞાન (૧૭૯) (તે સમય, સ્થાન, આસન, તપસ્યા)

---

૧. આમાં સ્વપ્નનો નિર્દેશ નથી તે ધ્યાન દેવા જેવું છે.

૨. આ પછી પદ્યમાં હકીકતો આવે છે તે સૂચવે છે કે તે માતૃકામાંથી લીધી છે. અહીં આવેલી ગાથાઓમાંની ૧, ૨, ૩, ૬ એ વિશેષાવશ્યક ભાષ્યમાં છે ગા. ૧૮૬૧, ૧૮૬૨, ૧૮૬૫, ૧૮૬૮. નિર્યુક્તિમાં એક વાર તે ગાથાઓને નિર્યુક્તિ ગણી છે પણ બીજી વાર ભાષ્યની ગણી છે જુઓ મલય૦ પૃ. ૨૬૦ અને પૃ. ૨૦૩

૩. આ પછી પણ પાછી ગાથાઓ આવે છે જે વિશેષાવશ્યકમાં છે. અને તેને નિર્યુક્તિમાં ભાષ્યની ગણી છે. આથી જણાય છે કે આ પણ ઉમેરણ છે. જુઓ વિશે. ગા. ૧૮૭૩થી. ગા. ૭ સ્વોપજ્ઞમાં નથી પણ કોટ્યાચાર્યમાં છે. ગા૦ ૧૧ વિશેષા૦માં નથી. વળી ગા૦ ૬ અને ૭માં સંવાદ નથી તેથી ગા૦ ૭ પછીથી ઉમેરાઈ હોય એમ કહી શકાય તેમ છે.

૪. આ પછી બે ગાથા છે જેમાંની એક વિશેષાવશ્યકમાં ગા૦ ૧૮૮૯ છે. બીજી વિષે જણાયું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૭. પ્રથમ દેવને પછી મનુષ્યને ઉપદેશ (૧૭૯)

૨૮. ઉપદેશ (ષડ્જીવનિકાય અને પાંચ મહાવ્રતનો ભાવના સાથે) (૧૭૯)

કલ્પસૂત્રગત ઘટનાઓ (મહાવીર ચરિત)

૧. ચ્યવન આદિનાં નક્ષત્રો (૧)

૨. કાળચક્રમાં ક્યારે (ત્રેવીશ તીર્થંકર પછી) (૨)

૩. ક્યાંથી ચ્યવન (દેવાયુ) (૨)

૪. ક્યાં ચ્યવન (૨)

૫. માતા-પિતા (૨) (પ્રથમ)

૬. ચ્યવન સમયે જ્ઞાન (૩)
   (a) માતાને ૧૪ સ્વપ્ન (૪-૫)
   (b) પતિને સ્વપ્નનિવેદન (૬)
   (c) સ્વપ્નફલ આદિ (૭ થી ૧૨)

૭. ગર્ભાપહરણ દેવ દ્વારા (૮-૩૦)
   (a) ઇન્દ્ર દ્વારા સ્તુતિ (૧૩-૧૬)
   (b) દરિદ્રકુલમાં ચ્યવનથી ઇન્દ્રને ચિંતા (૧૭)
   (c) આશ્ચર્ય (૧૮)
   (d) હરિણેગમેષિ દ્વારા ગર્ભ-પરિવર્તન (૧૯-૩૦)

૮. માતા-પિતા, નગરી (દ્વિતીય) (૨૭)

૯. ગર્ભહરણ સમયે જ્ઞાન (૨૯-૩૧)
   (a) દેવાનંદાના સ્વપ્નહરણ અને ત્રિશલાનાં સ્વપ્નો (૩૨-૪૮)
   (b) પતિને સ્વપ્નનિવેદન (૪૯-૫૧)
   (c) પતિ દ્વારા ફલકથન અને જાગરણ (૫૨-૫૭)
   (d) સિદ્ધાર્થની દિનચર્યા (૫૮-૬૩)
   (e) સ્વપ્નપાઠક દ્વારા ફલકથન (૬૪-૭૦)
   (f) તેમાં તીર્થંકર, ચક્રવર્તી, બલદેવ-વાસુદેવ, માંડલિકની માતાનાં સ્વપ્નો (૭૧-૭૮)
   (g) સિદ્ધાર્થ દ્વારા ત્રિશલાને સ્વપ્નફલકથન (૭૯-૮૩)
   (h) દેવો દ્વારા સિદ્ધાર્થની સંપત્તિ-વૃદ્ધિ અને તેથી વર્ધમાન નામ રાખવાનો સંકલ્પ (૮૪-૮૬)
   (i) ગર્ભની નિશ્ચલતા અને માતાનું દુખ, પુનઃચલના (૮૭-૯૦)
   (j) ગર્ભમાં સંકલ્પ-માતા-પિતા જીવિત હોય ત્યાં સુધી દીક્ષા નહિ. (૯૧)

૧૦. જન્મ (૯૨-૯૩)

૧૧. દેવો દ્વારા ઉત્સવ અને તિત્થ-યરાભિસેય (૯૪)
   (a) બાલકનો જન્મોત્સવ નગરીમાં (૯૫-૧૦૦)
   (b) બાલકના સંસ્કારો- (૧૦૧-૧૦૨)

૧૨. નામકરણ (૧૦૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*૧૩. ...
*૧૪. ...
૧૫. નામાન્તરો (તીર્થંકર અને માતા-પિતા આદિનાં (૧૦૪–૧૦૯)
*૧૬. માતા–પિતાનું દેવલોકગમન–(માત્ર નિર્દેશ) (૧૧૦)
૧૭. દીક્ષાપૂર્વ ત્યાગ અને દાન–(૧૧૧)
૧૮. દેવો દ્વારા સંબોધન દીક્ષા સંકલ્પ પૂર્વ અને પછી (૧૧૦–૧૧૨)
*૧૯. દેવો–મનુષ્યો દ્વારા દીક્ષા–ઉત્સવ (૧૧૨–૧૧૪)
*૨૦. સ્વયંલોચ
*૨૧. ...
*૨૨.
*૨૩.[૧]
(a) દેવદૂષ્ય સાથે દીક્ષા (૧૧૪).[૨]
(b) એક વર્ષ–એક માસ ચીવરધારી રહ્યા પછી અચેલ અને પાણિપાત્ર (૧૧૧)
૨૪. વિહાર (૧૧૯, ૧૨૨)
૨૫. ઉપસર્ગ (૧૧૬)
(a) ભગવાનના ગુણોનું વર્ણન (૧૧૭–૧૧૯)
૨૬. કેવળજ્ઞાન (૧૨૦–૧૨૧)
*૨૭. ...
*૨૮. ...
૨૯. નિર્વાણ (૧૨૩)
૩૦. દેવો દ્વારા દીવાળી (૧૨૪–૧૨૫)
૩૧. ગૌતમને કેવળ (૧૨૬)
૩૨. નવમલ્લકી આદિ દ્વારા દીવાળી (૧૨૭)
૩૩. નિર્વાણ સમકાલીન સ્થિતિ (૧૨૮–૧૩૨)
૩૪. ગણધર આદિ સંપત્તિ (૧૩૩–)
૩૫. આયુવિભાગ (૧૪૬)
૩૬. અંતિમ સમયનો ઉપદેશ (૧૪૬)
૩૭. નિર્વાણ વીત્યે કેટલો સમય? (૧૪૭)
૩૮. પરંપરા (૨૦૧–)

---

* આ બાબતમાં સ્પષ્ટનિર્દેશ નથી. માતા–પિતાના મોક્ષગમનની ચર્ચા કલ્પસૂત્રમાં નથી. વળી આમાં દેવો દ્વારા શિબિકાવહનની ચર્ચા નથી. વળી ઇન્દ્રે કેશ લીધાનો પણ નિર્દેશ નથી. વળી માતા–પિતાને કલ્પસૂત્રમાં પાર્શ્વાપત્ય નથી કહ્યાં એ ધ્યાનમાં રાખવું જરૂરી છે. અને સિદ્ધને નમસ્કાર અને પ્રતિજ્ઞાનો નિર્દેશ પણ કલ્પમાં નથી. આથી જણાય છે કે આચાર અને કલ્પમાં કેટલીક હકીકતો એકબીજાથી જુદી છે, ન્યૂનાધિક પણ છે.

૧. આચારાંગમાં ઉપસર્ગ સહન કરવાનો અભિગ્રહ લીધો છે. તે પ્રમાણે આમાં નિર્દેશ નથી પણ તે ઉપસર્ગો તેમણે સહન કર્યા એવો નિર્દેશ છે.

૨. આચારાંગમાં એક સાટક સાથે દીક્ષાનો પ્રસંગ છે. દેવ આભરણાલંકાર લઈ લે છે એવો નિર્દેશ છે પણ સાટક છોડવાનો નિર્દેશ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવીરચરિત્રમાં આટલો વિસ્તાર કલ્પસૂત્રમાં છે પરંતુ અન્ય ત્રણ તીર્થંકરોનાં જે ચરિત્રો આપ્યાં છે તેને આધારે કહી શકાય કે અન્ય તીર્થંકર ચરિત્રમાં નીચેની ઘટનાઓનું વર્ણન જરૂરી મનાયું હતું—

૧. ચ્યવન આદિનાં નક્ષત્રો (૧૪૮)
૨. ચ્યવનનો કાળ, નગરી, (૧૪૯)
૩. માતા-પિતા (૧૪૯)
૪. ચ્યવનસમયનાં જ્ઞાન (૧૫૦)
૫. જન્મસમય, નામ (૧૫૧)
૬. દીક્ષા માટે દેવો દ્વારા સંબોધન (૧૫૨)
૭. દીક્ષા, કેટલા સાથે ? (૧૫૩)
૮. ઉપસર્ગ (૧૫૪)
૯. કેવળજ્ઞાન (૧૫૫)
૧૦. ગણધરાદિ સંઘ (૧૫૬)
૧૧. આયુવિભાગ (૧૫૯)
૧૨. નિર્વાણ અને તે વીત્યે કેટલો સમય (૧૬૦)

આ ચરિતોના નમૂનાને આધારે જ આગળ જઈ માતૃકાઓ નક્કી થઈ હશે અને તેમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે તે માતૃકાઓના અધ્યયનથી સ્પષ્ટ થાય છે.

આવશ્યકનિર્યુક્તિગત માતૃકાઓ

મૂલાચાર નામે પ્રસિદ્ધ ગ્રન્થમાં આવશ્યકનિર્યુક્તિ આપવામાં આવી છે.[૧] પશ્ચિમના વિદ્વાન લોયમેનનું કહેવું છે કે આવશ્યકનિર્યુક્તિની વાચનામાં મૂલાચારગત વાચના પ્રાચીનતમ છે. એ બાબતની પુષ્ટિ તીર્થંકરોની માતૃકાઓ અથવા તો તીર્થંકરચરિતમાં ચર્ચવાની સાધારણ બાબતો વિષેનો વિચાર કરીએ તો સિદ્ધ થઈ શકે છે. મૂલાચારગત આવશ્યક નિર્યુક્તિમાં એ માતૃકાઓને સ્થાન મળ્યું જ નથી. પણ શ્વેતામ્બરસંમત આવશ્યક નિર્યુક્તિ જેની ચૂર્ણિ વગેરે ટીકાઓ એક પછી એક લખાઈ છે તેમાં આ માતૃકાઓનો નિર્દેશ સર્વપ્રથમ મળે છે તે સૂચવી જાય છે કે પ્રાચીનતમ વાચનામાં તેને સ્થાન હતું નહિ અને પછીને કાળે તેની વાચનામાં જે વૃદ્ધિ થઈ તેમાં આ પ્રકરણ ઉમેરવામાં આવ્યું છે. એટલે હવે તેને આધારે અહીં માતૃકાઓની ચર્ચા કરવી ઉચિત છે.

આવશ્યકનિર્યુક્તિની માતૃકાઓ (૧)

આચારાંગ અને કલ્પસૂત્ર પછી આવશ્યકનિર્યુક્તિ આદિમાં જે માતૃકાઓ છે તે જોઈએ જેથી તીર્થંકર ચરિતમાં ક્રમે કરી ઘટનાવર્ણનમાં કેવી વૃદ્ધિ થઈ છે તે જણાઈ આવશે. અહીં વિશેષાવશ્યકમાં જે આવશ્યકનિર્યુક્તિ અંતર્હિત છે, પ્રથમ તેને આધારે માતૃકાઓ આપવી એટલા માટે ઉચિત છે કે તે આવશ્યક-નિર્યુક્તિની સર્વાધિક પ્રાચીન ટીકા છે-તેમાં પ્રથમ આ ગાથા છે-જેમાં માતૃકા આપવાની પ્રતિજ્ઞા કરવામાં આવી છે.

---

૧. ષડાવશ્યકાધિકાર સાતમો, મૂલાચાર પૃ. ૩૯૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*उसभचरिताधिकारे सव्वेसिं जिणवराण सामण्णं ।
संबोधणाति वोत्तुं वोच्छिति पत्तेयमुसभस्स ॥१९८॥१६३६॥

અર્થાત્ બધા જિનવરોની સંબોધનાદિ સામાન્ય હકીકતો અહીં આપવાની આમાં પ્રતિજ્ઞા કરવામાં આવી છે—અને પછીની ગાથાઓમાં તે સંબોધનાદિ ગણાવ્યાં છે તેથી તેમાં નીચેની માતૃકાઓ સિદ્ધ થાય છે.

૧. સંબોધન
૨. પરિત્યાગ = દાન
૩. કેટલા સાથે દીક્ષા
૪. ઉપધિ
૫. કુલિંગ (અન્યલિંગ કે કુલિંગ
૬. ગ્રામાચાર
૭. પરીષહ
૮. જીવની ઉપલબ્ધિ
૯. શ્રુતલાભ
૧૦. પ્રત્યાખ્યાન
૧૧. સંયમ
૧૨. છદ્મસ્થકાલ
૧૩. તપસ્યા
૧૪. જ્ઞાન(કેવળજ્ઞાન)નો ઉત્પાદ
૧૫. (શિષ્યાદિનો) સંગ્રહ
૧૬. તીર્થ
૧૭. ગણ
૧૮. ગણધર
૧૯. ધર્મોપાયના દેશક
૨૦. પર્યાય (આયુ)
૨૧. અંતક્રિયા (નિર્વાણ)
૨૨. નિર્વાણપૂર્વ તપ

આવશ્યકનિર્યુક્તિની આ માતૃકાઓમાંથી પ્રાયઃ એવી એક પણ નથી જેની સૂચના આચારાંગ અને કલ્પસૂત્રના તીર્થંકરચરિતોમાંથી ફલિત ન થતી હોય. ભેદ એટલો છે કે આમાંની ઘણી માતૃકાઓ એવી છે જેનું વર્ણન બધા તીર્થંકરો માટે આવશ્યકનિર્યુક્તિમાં જરૂરી મનાયું છે પણ આચારાંગ–કલ્પસૂત્રમાં બધા તીર્થંકરો વિષેની આ બધી હકીકતો આપવામાં આવી નથી. આથી કહેવું પડે છે કે આચારાંગના મહાવીરચરિત અને કલ્પસૂત્રનાં મહાવીર, ઋષભ, અરિષ્ટનેમિ અને પાર્શ્વ ચરિતમાં અપાયેલ હકીકતોને આધારે જ આ માતૃકાઓનું નિર્માણ થયું છે. એટલે કે આવશ્યકનિર્યુક્તિના કાળ સુધીમાં એમ પરંપરા સ્થિર થઈ હતી કે કોઈ પણ તીર્થંકરનું ચરિત આપવું હોય તો તેમાં આટલી હકીકતોનો નિર્દેશ તો થવો જ જોઈએ. આથી જે કલ્પસૂત્રમાં ખૂટતું હતું તેની પૂર્તિ કરી લેવાની સૂચના આવશ્યકનિર્યુક્તિમાંથી મળી જાય છે.

---

* અહીં વિશેષા.ની સ્વોપજ્ઞટીકાયુક્ત આવૃત્તિનો ઉપયોગ કર્યો છે. આ. મલયગિરિની ટીકામાં આ પ્રકરણ ગા. ૨૩૦ થી શરૂ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવશ્યકનિર્યુક્તિગત માતૃકા (૨)

તીર્થંકરચરિતની માતૃકાઓ આગળ જણાવવામાં આવી છે. પરંતુ એક બીજા પ્રકારની માતૃકા પણ આવશ્યકનિર્યુક્તિમાં મળે છે. અને તે જિન = તીર્થંકર, ચક્રવર્તી અને વાસુદેવ એ ત્રણનાં સંમિલિત ચરિતોની. અર્થાત્ એમ કહી શકાય કે માત્ર તીર્થંકરોની જ નહિ પણ જ્યારે તેમની સાથે અન્ય ઉત્તમપુરુષોની પણ કલ્પના કરવામાં આવી ત્યારે તેમનાં ચરિતોના નિરુપણ માટે જે માતૃકા બની તે આ હતી.

(આવનિ. ગા. ૨૯૪, વિ. ગા. ૧૭૩૯)

૧. વર્ણ	૫. આયુ
૨. પ્રમાણ	૬. નગર
૩. નામ	૭. માતા–પિતા
૪. ગોત્ર	૮. પર્યાય
	૯. ગતિ

આવશ્યકનિર્યુક્તિગત–(ભગવાન મહાવીરચરિતની) માતૃકા (૩)

આવશ્યકનિર્યુક્તિમાં ભગવાન મહાવીરચરિતની માતૃકાઓ આપવામાં આવી છે તે આ પ્રમાણે છે. (ગા. ૩૪૧, વિ. ગા. ૧૮૨૨)—

૧. સ્વપ્ન	૮. ભીષણ
૨. અવહાર	૯. વિવાહ
૩. અભિગ્રહ	૧૦. અપત્ય
૪. જન્મ	૧૧. દાન
૫. અભિષેક	૧૨. સંબોધન
૬. વૃદ્ધિ	૧૩. નિષ્ક્રમણ
૭. સ્મરણ	

આની તુલના કલ્પસૂત્રગત અન્ય તીર્થંકરચરિતની સાથે કરવામાં આવે તો મૂળમાં માતૃકાઓ કેટલી હશે તેનો આછો ખ્યાલ આવી શકે છે.

પઉમચરિયની માતૃકાઓ :

હવે 'પઉમચરિય'માં (૨૦ મો ઉદ્દેશ) જે માતૃકાઓ છે તેની સૂચી જોઈએ.[૧] પદ્મચરિતમાં પણ આવી સૂચી ૨૦ મા પર્વમાં છે. આમાં કેવલ તીર્થંકર જ નહીં, પણ ચક્રવર્તી આદિને પણ સાંકળી લેવામાં આવ્યા છે. આવી સંકલના કલ્પસૂત્રમાં નથી તે ધ્યાનમાં રાખવું જરૂરી છે.

૧. પદ્મચરિતમાં પણ આવી સૂચી ૨૦ મા પર્વમાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'પઉમચરિય'માં માતૃકાઓ આ પ્રમાણે છે.

૧. તીર્થંકરના નામો (૨૦.૪–)
૨. * દેવપૂર્વભવની નગરી (૨૦.૭–)
૩. દેવપૂર્વભવો (૨૦.૧૨–)
૪. દેવપૂર્વભવના ગુરુઓ (૨૦.૧૭–)
૫. દેવભવ જ્યાંથી ચ્યવન (૨૦..૨–)
૬. જન્મનગરી (૨૦.૨૬–)
૭. માત–પિતા
૮. નક્ષત્ર
૯. જ્ઞાનવૃક્ષ
૧૦. નિર્વાણસ્થાન
(૭–૧૦: પ્રત્યેક તીર્થંકરની આ હકીકતો એકસાથે ગણાવી છે.)
૧૧. રાજ્યઋદ્ધિ (૨૦.૫૩–)
૧૨. દેહવર્ણ
(૧૧–૧૨: કોણ ચક્રવર્તી અને કોણ સામાન્ય રાજા અને કોણે રાજ્ય ન કર્યું.)
૧૩. નિર્વાણકાલનું અંતર (૨૦.૭૩)
૧૪. તીર્થંકરોની અને કુલકરોની ઊંચાઈ (૨૦.૯૩)
૧૫. ,, ,, ,, આયુ (૨૦.૯૯)
૧૬. તીર્થંકરના ગાળામાં ચક્રવર્તી અને તેમના પૂર્વભવો (૨૦.૧૦૫–)
૧૭. વાસુદેવો (૨૦.૧૬૯–)
૧૮. બલદેવો (૨૦.૧૮૮–)
૧૯. પ્રતિવાસુદેવો (૨૦.૨૦૧–)

તીર્થંકર આદિને અહીં 'મહાપુરુષ' સંજ્ઞા આપવામાં આવી છે. (૨૦.૧૬૭). આચારાંગ અને કલ્પસૂત્રમાં ઉપરના નં. ૨, ૩, ૪, ૧૧, ૧૨, ૧૪ ઇત્યાદિ વિષે કશું સૂચન નથી. તે સૂચવે છે કે પઉમચરિયમાં આ હકીકતો વધારાની આપવામાં આવી છે. તેથી એમ પણ કહી શકાય કે આચારાંગ–કલ્પસૂત્રના પ્રસ્તુત અંશ પછીની રચના પઉમચરિય છે.

આવશ્યકનિર્યુક્તિ (૧) માં અપાયેલ માતૃકાઓ કરતાં પણ આમાં વિશેષતા છે. આવશ્યકનિર્યુક્તિ (૧) માં આમાંની નં. ૨, ૩, ૪, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, જોવા મળતી નથી. અંતિમ ત્રણ વિષે આવશ્યક નિર્યુક્તિમાં અન્યત્ર ચર્ચા

* દેવલોકમાંથી બધા તીર્થંકરો જન્મતા હોઈ તે પૂર્વનો ભવ અહીં અભિપ્રેત છે. તેનું પારિભાષિક નામ 'દ્વિચરમભવ' એવું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે જ પણ પઉમચરિયમાં મહાપુરુષોને સંકલિત કરી માતૃકાઓ છે—એ તેની વિશેષતા જાણવી જોઈએ. આથી કહી શકાય કે આવશ્યકનિર્યુક્તિ (૧) કરતાં પઉમચરિયમાં માતૃકાઓનો વિકાસ સ્પષ્ટ છે.

હરિવંશમાં (સર્ગ ૬૦) પણ આવી માતૃકાઓ છે.

તિલોયપણ્ણત્તિગત માતૃકાઓ :

તિલોયપણ્ણત્તિમાં *'सलायपुरिसा'* ૬૩ ભરતક્ષેત્રમાં થાય છે તેમ જણાવ્યું છે. (૪.૫૧૦) અને પછી તે ૬૩ ના નામો પણ આપી દીધાં છે. ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ બલદેવ ૯ નારાયણ (વાસુદેવ) અને ૯ પ્રતિશત્રુ (પ્રતિવાસુદેવ) એમ કુલ ૬૩ છે. ઉપરાંત (૪.૫૧૧) તીર્થંકર કાળમાં ૧૧ રુદ્રો થાય છે એવો પણ ઉલ્લેખ છે. (૪.૫૨૦–૫૨૧). આ પછી તીર્થંકરોની માતૃકાઓનું નિરૂપણ છે. (૪.૫૨૨ થી ૪.૧૨૮૯). તે આ પ્રમાણે—

(૧) દેવભવથી ચ્યવન (૨) માતા–પિતા (૩) જન્મનક્ષત્ર–તિથિ (૪) જન્મનગરી (૫) વંશ–કુલ (૬) જન્મકાલઅંતર(ઉત્પત્તિ) (૭) આયુ (૮) કુમારકાલ (૯) ઉત્સેધ (૧૦) વર્ણ (૧૧) રાજ્યકાલ (૧૨) ચિહ્ન (૧૩) ચક્રવર્તી (૧૪) વૈરાગ્યનું કારણ (૧૫) દીક્ષાનગરી (૧૬) તિથિ–નક્ષત્ર, સ્થાન દીક્ષાનું અને દીક્ષાપૂર્વ તપસ્યા (૧૭) દીક્ષાના સાથીની સંખ્યા (૧૮) દીક્ષાનો સમય (રાજ્યકાળ અથવા કુમારકાળ) (૧૯) પારણાં (૨૦) છદ્મસ્થકાળ (૨૧) કેવળજ્ઞાન-નક્ષત્ર–તિથિ–નગરી (૨૨) કેવલજ્ઞાનનું અંતર (ઉત્પત્તિ સમયે થનારી ઘટનાઓ) (૨૩) સમવસરણ (માનસ્તંભ, સ્તૂપ) (૨૪) અતિશય (૩૪) (૨૫) કેવલજ્ઞાન–વૃક્ષાદિ મહાપ્રાતિહાર્ય (આઠ) (૨૬) યક્ષ–યક્ષિણી (૨૭) કેવલીકાલપ્રમાણ (૨૮) ગણધર પ્રધાનગણધર (૨૯) ગણધર ઋદ્ધિ (૬૪) (૩૦) ઋષિ (૩૧) સંઘ (૭) પૂર્વધર આદિ (૩૨) આર્યા સંખ્યા, પ્રધાન આર્યો (૩૩) શ્રાવક[1] (૩૪) શ્રાવિકા (૩૫) મુક્તિ, કેટલા સાથે ?, તિથિ–નક્ષત્ર, સ્થાન (૩૬) અયોગઅવસ્થાકાલ—મૂક્તિપૂર્વ (૩૭) આસન, મુક્તિપૂર્વનું (૩૮) અનુબદ્ધકેવલીસંખ્યા (૩૯) અનુત્તરમાં જનારા શિષ્યો (૪૦) સિદ્ધિ જનારા સાધુ (૪૧) કેવલજ્ઞાન થયું અને પછી મુક્તિ જનારા શિષ્યો (૪૨) દેવલોક જનારા શિષ્યો (૪૩) મુક્તિકાલનું અંતર (૪૪) તીર્થપ્રવર્તનકાળ (૪૫) ધર્મવ્યુચ્છિત્તિ.[2]

---

૧. અહીં મુખ્ય શ્રાવક–શ્રાવિકાનાં નામની સૂચના નથી તે ધ્યાનમાં લેવાની બાબત છે.

૨. ઉપરની બાબતોનો નકશો રચી તિલોયપણ્ણત્તિના બીજા ભાગને અંતે સંપાદકે નિર્દેશ કર્યો છે પૃ. ૧૦૧૩. ત્યાં સંખ્યા ૫૦ છે તેનું કારણ એ છે કે અહીં મેં કેટલીક બાબતોને એકસાથે લીધી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પછી ચક્રવર્તી આદિની હકીકતો આવે છે.

આ તિલોયપણ્ણત્તિગત તીર્થંકરમાતૃકાની અન્ય સાથે તુલના કરીએ તો વધારે વિસ્તૃત છે જે સૂચવે છે કે તે પઉમચરિયથી પછીની છે.

પ્રવચનસારોદ્ધારગત માતૃકાઓ :

વિક્રમની ૧૩ મી શતીથી પૂર્વમાં થનાર આચાર્ય નેમિચંદ્રે પ્રવચનસારોદ્ધારની રચના કરી છે.* તેમાં તીર્થંકરચરિતની માતૃકાઓ આપવામાં આવી છે. વિચારસાર પ્રકરણ અને આમાં કેટલાક વિષયો એવા છે જે એકબીજામાં મળતા નથી તેની યાદી આ. આનંદસાગરે પ્રવચનસારોદ્ધારની પ્રસ્તાવનામાં આપી છે. પ્રવચનસારોદ્ધારમાં નીચે પ્રમાણે માતૃકાઓ મળે છે. (દ્વાર ૭–૪૫)

૧. નામ	૧૬. તનુમાન
૨. પ્રથમ ગણધરનામો	૧૭. વર્ણ
૩. પ્રવર્તિની નામો	૧૮. વ્રતપરિવાર
૪. તીર્થંકરલબ્ધિનાં કારણો	૧૯. સર્વાયુ
૫. માતા–પિતા	૨૦. મુક્તિગમન પરિવાર
૬. માતા–પિતાની ગતિ	૨૧. નિર્વાણસ્થાન
૭. એકકાલિક સંખ્યા	૨૨. જિનાંતર
૮. ગણધર સંખ્યા	૨૩. જિન–ચક્રિઆદિનો કાળ, શરીરમાન, સર્વાયુ
૯. મુનિ સંખ્યા	
૧૦. શ્રમણી સંખ્યા	૨૪. તીર્થવિચ્છેદકાળ
૧૧. વૈક્રિયલબ્ધિધારી આદિ	૨૫. મહાપ્રાતિહાર્ય (૮)
૧૨. શ્રાવક સંખ્યા	૨૬. અતિશય (૩૪)
૧૩. શ્રાવિકા સંખ્યા	૨૭. નિષ્ક્રમણ તપ
૧૪. યક્ષ	૨૮. જ્ઞાનતપ
૧૫. જિનદેવી (યક્ષિણી)	૨૯. નિર્વાણતપ

આ સૂચી તિલોયપણ્ણત્તિ કરતાં સંક્ષિપ્ત છે એ બન્નેની તુલના કરવાથી જણાઈ આવે છે.

વિચારસારગત માતૃકાઓ :

વિક્રમની ૧૪મી શતીમાં થનાર પદ્યુમ્નસૂરિએ વિચારસાર પ્રકરણમાં નીચેની માતૃકાઓ આપી છે (દ્વાર ૧૧ થી ૫૦ તથા ૯૪–૯૬, ૧૦૬–૧૧૨, ૧૧૪–૧૧૭

* આચાર્ય સિદ્ધસેને સં. ૧૨૪૮ માં આની વૃત્તિ રચી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) તીર્થંકર નામો (૨) પૂર્વભવો (૩) અંતિમદેવભવ (૪) જન્મનગરી (૫) માતા–પિતા (૬) માતા–પિતાની ગતિ (૭) સ્વપ્ન (૮) દિક્કુમારીનું કાર્ય (૯) અભિષેક (૧૦) જન્મનક્ષત્ર, રાશિ, (૧૧) લાંછન (ચિહ્ન) (૧૨) વર્ણ (૧૩) જન્માતિશય (૧૪) દેહમાન (૧૫) કુમાર–રાજ્ય કાલ (૧૬) વરવરિકાદાન (૧૭) લોકાંતિક દેવ દ્વારા સંબોધન (૧૮) દીક્ષા સમયે સાથી (વ્રત પરિવાર) અને લિંગ (૧૯) દીક્ષાશિબિકા (૨૦) દીક્ષાકાલીન અવસ્થા (૨૧) વ્રતકાલ (૨૨) વ્રતસ્થાન (૨૩) વ્રતતપ (૨૪) પ્રથમ પારણું (૨૫) પ્રથમ દાતા (૨૬) છદ્મસ્થકાલ (૨૭) જ્ઞાનતપ (૨૮) જ્ઞાનોત્પત્તિ સ્થાન (૨૯) જ્ઞાનવૃક્ષ (૩૦) જ્ઞાનોત્પત્તિઅતિશયો (૩૧) સમવસરણ (૩૨) પ્રીતિ દાન (૩૩) ગણધરનામ (પ્રથમના) (૩૪) ગણધર સંખ્યા (૩૫) સાધુ સંખ્યા (૩૬) પ્રવર્તિની સંખ્યા (૩૭) સાધ્વી સંખ્યા (૩૮) સર્વ સાધુ–સાધ્વી સંખ્યા (૩૯) પ્રથમ શ્રાવકો (૪૦) શ્રાવક સંખ્યા (૪૧) શ્રાવિકા સંખ્યા (૪૨) યક્ષો (૪૩) યક્ષિણી (૪૪) મોક્ષતપ (૪૫) મોક્ષકાલના સાથી સાધુ (૪૬) મોક્ષસ્થાન (૪૭) મોક્ષસમય (વેલા) (૪૮) કલ્યાણનક્ષત્રો (૪૯) મોક્ષ સંસ્થાન (૫૦) કલ્યાણકતપ (૫૧) જિનાંતર (૫૨) તીર્થવિચ્છેદકાળ (૫૩) મહાપ્રાતિહાર્ય

આમાં અને તિલોયપન્નત્તિ ગત માતૃકાઓમાં લગભગ સમાનતા છે એમ કહી શકાય.

'સત્તરિસયઠાણ' અથવા 'સપ્તતિશત સ્થાન'ગત માતૃકાઓ

શ્રી સોમતિલકસૂરિ રચિત માતૃકા વિષેનો સ્વતંત્ર ગ્રંથ સત્તરિસયઠાણ છે. તેની રચના સં. ૧૩૮૭માં થઈ છે. આમાં તીર્થંકરો વિષે બધી, વળી ગ્રંથના નામ પ્રમાણે ૧૭૦ બાબતોનો સમાવેશ છે. તેથી માનવું રહ્યું કે આમાં સૌથી વધારે બાબતો સંઘરવામાં આવી છે. સંપાદકે પ્રારંભમાં કોષ્ટકમાં એ ૧૭૦ બાબતો આપી દીધી છે. તેથી અહીં તેનું પુનરાવર્તન જરૂરી નથી. પણ જે કેટલીક નવી હકીકતો ઉમેરેલી જોવા મળે છે તેમાંથી કેટલીકની નોંધ લેવાથી આની વિશેષતા જણાઈ આવશે—પૂર્વભવોની નગરી આદિ, પૂર્વભવના ગુરુ, પૂર્વભવનું આયુ, ગર્ભસ્થિતિ, જન્મદેશ, ફણ સંખ્યા, લક્ષણ (ચિહ્ન નહીં પણ ૧૦૮), વર્ણ અને રૂપનું પાર્થક્ય, આહાર, વિવાહ, દીક્ષારાશિ, લોચમુષ્ટિ, દેવદૂષ્ય, પ્રથમ દાતાની ગતિ, અભિગ્રહ, પ્રમાદકાળ, ઉપસર્ગ, ભક્તનૃપ, નામો, આદેશો, વસ્ત્રવર્ણ, પ્રસિદ્ધજિનો, આશ્ચર્ય આદિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન મહાવીરના પ્રાચીન વર્ણકો

શ્રમણ ધર્મના નાયકો, તીર્થંકરોનાં વર્ણનમાં જે કેટલાંક વિશેષણો વપરાયાં છે તેમાંનાં સર્વસાધારણ છતાં કેટલાંક તે તે શ્રમણસંપ્રદાયમાં વિશેષ ગ્રાહ્ય બન્યાં અને તેમ બનતાં અન્ય સંપ્રદાયોમાં તેવાં વિશેષણોનો ઉપયોગ ક્રમે હ્રાસને પામ્યો એમ દેખાય છે. આ હકીકતની પુષ્ટિ ભ. મહાવીર માટે વપરાતા વર્ણકો ઉપરથી પણ ફલિત થઈ શકે છે. પ્રસ્તુતમાં તો ભ. મહાવીર વિશે કાળક્રમે કેવાં કેવાં વિશેષણો વપરાયાં અને તેમાંથી કાળક્રમે કેટલાંક નામ જેવાં બની ગયાં તેની તારવણી કરવાનું ધ્યેય રાખ્યું છે.

અરિહંત, અર્હત્, બુદ્ધ, જિન, વીર, મહાવીર, તથાગત, આ બધા મૂળે તો કોઈ પણ એક જ સંપ્રદાય સાથે સંબદ્ધ હોય એવા નથી, પરંતુ સામાન્ય શબ્દો છે જેનો ઉપયોગ ગમે તે સંપ્રદાયના પુરુષ માટે થતો. પરંતુ કાળક્રમે આ શબ્દો જાણે કે શ્રમણોનો ઇજારો હોય એવા બની ગયા. અરિહંત કે અર્હત્ શબ્દો ભ. બુદ્ધ કે મહાવીર પહેલાં પણ વપરાશમાં હતા. પરંતુ તે બન્નેના થયા પછી એ શબ્દો બ્રાહ્મણ—કે વૈદિક પરંપરાના કોઈ પણ આરાધ્ય માટે સામાન્ય રીતે વપરાતા નથી. તે જ રીતે બુદ્ધ શબ્દ કોઈ પણ જ્ઞાની માટે વપરાતો પરંતુ ભ. ગૌતમ બુદ્ધના થયા પછી એ શબ્દ તેમના વિશેષનામ જેવો બની ગયો અને ભ. મહાવીર માટે તે શબ્દ વપરાવા છતાં પછીના કાળે તે શબ્દથી તેમનો બોધ થઈ શકતો નથી. વીર કે મહાવીર એ શબ્દો પણ સર્વસાધારણ છે, પરંતુ તે કાળક્રમે ભ. મહાવીરના નામ જેવા બની ગયા.

જિન શબ્દની વપરાશ પણ સર્વ શ્રમણોમાં સાધારણ હતી. બુદ્ધ, ગોશાલક કે અન્ય શ્રમણોના નાયકો માટે એ 'જિન' શબ્દ સાધારણ હતો. પરંતુ ભ. મહાવીર માટે તે વિશેષ વપરાતો થયો તેથી તેમના અનુયાયી જૈન તરીકે વિશેષ પ્રસિદ્ધ થયા. બૌદ્ધોનો પરિચય પણ 'જૈન' શબ્દથી લાંબા કાળ સુધી અપાતો હતો પરંતુ આજે 'જૈન' કહેવાથી માત્ર ભ. મહાવીરના અનુયાયીઓનો જ બોધ થાય છે. તે જ પ્રમાણે 'તથાગત' શબ્દ પણ સાધારણ હતો તે ભ. બુદ્ધ માટે વિશેષનામ જેવો બની ગયો, આ હકીકત છે. આમ શબ્દોના અર્થનો સંકોચ કાળક્રમે થયા કરે છે. આ સંદર્ભમાં અહીં ભ. મહાવીરને અપાતાં વિશેષણોનો વિચાર કરવાનું યોગ્ય માન્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચારાંગ—પ્રથમ શ્રુતસ્કંધ

તીર્થંકર મહાવીર વિશેની પ્રાચીનતમ સામગ્રી આચારાંગનો પ્રથમ શ્રુતસ્કંધ છે. તેમાં પ્રારંભનાં અધ્યયનોમાં તેમણે આપેલા ઉપદેશોનું સંકલન છે અને અંતિમ અધ્યયનમાં તેમણે કરેલ સાધનાનું ચિત્ર છે. આ બેને આધારે તેમના સાધકજીવનના વર્ણન પ્રસંગે અને ઉપદેશકજીવનના વર્ણનપ્રસંગે તેમને વિશે આચારાંગના સંકલયિતાએ કેવાં કેવાં વિશેષણો વાપર્યાં છે તેનો વિચાર અહીં કરવો છે.

સાધકના વર્ણનમાં

સાધનાકાળમાં ભગવાન મહાવીર પોતાને 'ભિક્ખુ' – ભિક્ષુ કહેતા એવો સ્પષ્ટ નિર્દેશ મળે છે. (૯. ૨. ૧૨). તેમના કુળને પરિચય આપતો નિર્દેશ 'નાયપુત્ત' (૯. ૧. ૧૦) કે 'નાયસુય' (૯. ૧. ૧૦) એમ મળે છે, જે તેમનો નામદર્શક બની ગયો છે. આથી તેઓ જ્ઞાત કે જ્ઞાતૃ કુળના હતા તેમ જાણી શકાય છે.

માત્ર 'મુણિ' (૯. ૧; ૯, ૨૦) એવું વિશેષણ પણ જોવા મળે છે, જે શ્રમણોમાં જે સાધક હોય તેને માટે સામાન્યરૂપે વપરાય છે.

આચારવંત પુરુષોને 'માહણ' – બ્રાહ્મણ કહેવાનું શ્રમણો પસંદ કરતા તેની સાક્ષી બૌદ્ધ ધમ્મપદ અને જૈનોનું ઉત્તરાધ્યયન આપે છે. ધમ્મપદમાં 'બ્રાહ્મણવગ્ગ' (૨૬)માં ભ. બુદ્ધે બ્રાહ્મણ કોણ કહેવાય તેની વિસ્તૃત વ્યાખ્યા આપી છે. તે પ્રમાણે વર્ણ કે જન્મથી નહિ પણ ગુણથી બ્રાહ્મણ કહેવાય તે તેમને અભિપ્રેત છે. એ જ પ્રમાણે ઉત્તરાધ્યયનમાં પણ જાતિથી બ્રાહ્મણની અપેક્ષાએ મુનિને વધારે મહત્ત્વ અપાયું છે. અને જાતિવાદનો નિરાસ કરી તપ અને અન્ય સદ્દાચારયુક્ત ચાંડાલ મુનિનું જાતિથી બ્રાહ્મણ કરતાં વધુ મહત્ત્વ સ્વીકારાયું છે. એટલું જ નહિ પણ સાચા આધ્યાત્મિક યજ્ઞનું સ્વરૂપ શું હોવું જોઈએ તેની પણ ચર્ચા છે (ઉત્ત૦ અ. ૧૨). અને ધમ્મપદની જેમ જ સદ્દાચારીને જ અમે બ્રાહ્મણ કહીએ છીએ, જન્મથી કોઈ બ્રાહ્મણ એવું કહી શકાય નહિ – આ વસ્તુ સ્પષ્ટ કરવામાં આવી છે (ઉત્ત૦ ૨૫). આચારાંગના પ્રથમ શ્રુતસ્કંધનું નામ છે 'બ્રહ્મચર્ય'. આમાં શ્રમણોને આચરવાના ધર્મનો ઉપદેશ છે. આથી બ્રહ્મચર્યને કારણે જ કોઈને બ્રાહ્મણ કહી શકાય અન્ય કારણે નહિ આવી માન્યતા શ્રમણોમાં હશે. તેનો પડઘો ઉત્તરાધ્યયન પણ પાડે છે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

समयाए समणो होइ बम्भचेरेण बम्भणो ।
नाणेण य मुणि होइ तवेण होइ तावसो ।।

कम्मुणा बम्भणो होइ कम्मुणा होइ खत्तिओ ।
वइसो कम्मुणा होइ सुद्दो हवइ कम्मुणा ।।

(ઉત્ત૦ ૨૫. ૩૨–૩૩)

આથી આપણે જોઈએ છીએ કે ભ. મહાવીર વિશે વારંવાર 'माहणेण मइमया' 'माहणे अबहुवाई' (૯. ૧. ૨૩; ૯. ૨. ૧૬; ૯. ૩. ૧૪; ૯. ૪. ૧૭; (૯. ૨. ૧૦; ૯. ૪. ૩) જેવા શબ્દો વપરાયા છે.

'नाणी'–જ્ઞાની (૯. ૧. ૧૬) અને 'मेहावी' – મેધાવી (૯. ૧. ૧૬) જેવાં વિશેષણો પણ વપરાયાં છે, જેથી તેમનામાં ચારિત્ર સાથે જ્ઞાનનો યોગ હતો તેવી માન્યતા સિદ્ધ થાય છે.

સંયમમાં પરાક્રમને કારણે તેમને વારંવાર મહાવીર પણ કહ્યા છે (૯. ૧. ૧૩; ૯. ૩. ૮; ૯. ૪. ૮, ૧૪; ૯. ૨. ૧; ૯. ૩. ૧૩) અને આ જ નામે તેઓ પછીના કાળે વિશેષરૂપે પ્રસિદ્ધ થયા છે. અહીં એ પણ જાણવું જરૂરી છે કે આ સંજ્ઞા દેવોએ દીધેલી એવું ફલિત થતું નથી.

ભ. બુદ્ધની જેમ 'समणे भगवं' (૯. ૧. ૧) – શ્રમણ ભગવાન્ આ વિશેષણ પણ તેમના પ્રત્યે પૂજ્યભાવદર્શક વપરાયું છે. અને 'भगवं' 'भगवंते' 'भगवया' (૯. ૧. ૪, ૧૫; ૯. ૨. ૫; ૬, ૧૫; ૯. ૩. ૧૨, ૧૬; ૯. ૪. ૧, ૩, ૫; ૯. ૩. ૭; ૯. ૪. ૯, ૧૨; ૯. ૧. ૨૩; ૯. ૨. ૧૬) તો અનેક વાર પ્રયુક્ત છે જે સૂચવે છે કે લેખકના મનમાં ભ. મહાવીરનો પ્રભાવ ઉત્કટ હતો અને તેઓ તે કાળે ભગવાન રૂપે પ્રસિદ્ધ થઈ ગયા હતા.

સાધક અવસ્થામાં તેઓ 'छउमत्थे वि' (૯. ૪. ૧૫) છદ્મસ્થ છતાં 'अकसाई'– કષાય વિનાના અને 'विगयगेही' – ગૃદ્ધિ વિનાના (૯. ૪. ૧૫) હતા એવું વર્ણન છે.

સ્પષ્ટ છે કે આચારાંગના પ્રસ્તુત અંશમાં તેમને 'ભગવાન' 'શ્રમણ ભગવાન' કહ્યા છે, પણ હજી 'તીર્થંકર' એવું વિશેષણ જોવા મળતું નથી. અને અહીં એ પણ ધ્યાનમાં લેવા જેવું છે કે આ પછીની રચનામાં પણ સામાન્ય શ્રમણો અને સ્થવિરોને પણ 'ભગવંત' કહ્યા છે. (આચા૦ ૨.૭૧,૧૬૨) એટલું જ નહિ પણ ભિક્ષુ સામાન્ય સ્ત્રીને 'ભગવતી' કહી બોલાવે એ સૂચન (આચા૦ ૨.૧૩૪) છે જે બતાવે છે કે 'ભગવંત' એ શબ્દ આદરસૂચક છતાં તેમાં 'નાયક' કે તીર્થંકરને જે મહત્ત્વ મળ્યું તેની સૂચના નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપદેશકના વર્ણનમાં

આચારાંગનાં પ્રાથમિક અધ્યયનોમાં ઉપદેશક ભગવાન મહાવીરને જે વિશેષણો આપ્યાં છે તે જોઈએ. પ્રસંગે એ જણાવવું જરૂરી છે કે અહીં 'વીર' કે 'મહાવીર' એ વિશેષણો પરાક્રમી માટે સર્વસાધારણ જેવાં છે, માત્ર ભ. મહાવીર માટે વાપરાયાં નથી. 'एगे महावीरा विप्परिक्कमंति' (આચા૦ ૧.૧૭૨)[1] 'एवं तेसिं महावीराणं'' (૧.૧૮૫, ૧૮૮), 'तेहिं महावीरेहिं' (૧.૧૮૮) 'वीराणं'' (૧.૧૪૦). આ બધામાં ભ. મહાવીરની વાત નથી, પરાક્રમી મહાપુરુષોનો નિર્દેશ છે.

અહીં ધ્યાન દેવા જેવી વાત એ છે કે સાધનાનું વર્ણન કરતાં ભ. મહાવીર માટે 'વીર'[2] 'મહાવીર' એવાં વિશેષણો પ્રયોજાયાં છે. છતાં આચારાંગના આ તેમના ઉપદેશના સંકલન કાળ સુધી તેમનું 'મહાવીર' એવું 'નામ' પ્રસિદ્ધ નથી અને તે નામ દેવે દીધેલું છે તેવી કથા જ્યારથી રચાઈ તે પહેલાં તેઓ મહાવીરના નામે જરૂર પ્રસિદ્ધ થયા હશે. પણ એ સમય પ્રસ્તુત આચારાંગના સંકલન પછીનો જ હોવો જોઈએ એમ નિશ્ચિત કરી શકાય છે. પાલિ 'નિગ્ગંઠ નાતપુત્ત' કે 'नायपुत्त' એ ઉલ્લેખ પણ 'મહાવીર' નામની પ્રાચીનતામાં બાધક છે જ.

તે જ પ્રમાણે 'બુદ્ધ' કે 'પ્રબુદ્ધ' એ વિશેષણો પણ વિશેષજ્ઞાનીઓ માટે વપરાતાં હતાં તેમ આચારાંગમાંથી જણાય છે. કેવળ ભ. મહાવીર માટે નહિ પણ સામાન્ય જ્ઞાની માટે 'બુદ્ધ' (૧૩૯, ૧૭૭, ૮.૮.૨; ૨૦૪) વિશેષણ વપરાયું છે અને 'पबुद्ध'–પ્રબુદ્ધ (૧૬૦) વિશેષણ પણ તેમના જેવા અન્યો માટે દેખાય છે. આ 'બુદ્ધ' વિશેષણ પછીના કાળે બૌદ્ધ ધર્મના સ્થાપક સિદ્ધાર્થ ગૌતમનું નામ બની ગયું.

સાધકની જેમ ઉપદેશક મહાવીર માટે પણ 'नायपुत्त' શબ્દ (૮.૮.૧૨) વપરાયો છે. વળી 'माहणेण मइमया' એ પણ દેખાય છે (૨૦૦, ૨૦૬) અને 'भगवया पवेइयं'' જેવા પ્રયોગો વારંવાર દેખાય છે (૧, ૧૦, ૧૫, ૧૬, ૨૩, ૪૫, ૫૨, ૫૮, ૯૦, ૧૮૫, ૨૧૪, ૨૧૬, ૨૨૦). ઉપરાંત भगवया पवेइयं आसुपन्नेणं जाणया पासया (૨૦૦) એવા પ્રયોગોમાં તેમને આશુપ્રજ્ઞ ઉપરાંત જ્ઞાન-દર્શનસહિત જણાવ્યા છે. અને 'कुसलस्स दंसणं'' (૧૬૬) એમ કહી ભ. મહાવીરને કુશલની ઉપાધિ પણ આપી છે.

---

૧. સૂત્રાંક ખોટો મુદ્રિત છે. તે ૧૭૬ જોઈએ.

૨. 'एस वीरे पसंसिए जे बद्धे पडिमोयए (૮૬) અથવા તો ૯૮માં અને ૧૪૦માંનો 'વીર' શબ્દ ભગવાન મહાવીર માટે નથી વપરાયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં ભગવાનને 'તીર્થંકર'[1] કહ્યા નથી તે સૂચક છે. પાલિ દીઘનિકાય જેવા ગ્રંથમાં 'तित्थकर' શબ્દ વપરાયો છે પરંતુ અહીં નથી વપરાયો તે પાલિ પિટક કરતાં આચારાંગના પ્રથમ શ્રુત-સ્કંધને પ્રાચીન ઠરાવે છે.

मुणिणा पवेइयं(૧૫૩, ૧૫૯)માં સ્પષ્ટ રીતે ભ. મહાવીરને 'મુનિ' કહ્યા છે.

'अरिहंता भगवंतो'(૧૨૬)થી સમાનધર્મી અનેક અરિહંતોની સૂચના આપી છે. ઉપરાંત ત્રણે કાલના પણ જણાવ્યા છે. તેથી જ્યારે આ સંકલિત થયું ત્યારે અતીતકાળમાં પણ સમાનધર્મી અરિહંતો થયા છે તેવી માન્યતા સ્થાપિત થઈ ગઈ હતી તે સૂચિત થાય છે.—બૌદ્ધ ધર્મના સ્થાપક માટે પણ 'અરહંત' વિશેષણ વપરાયું છે.[2] મૂળે તો આ શબ્દ વૈદિક કાળથી માનાર્હ પૂજ્ય પુરુષો માટે વપરાતો હતો. તે બધા ધર્મના અનુયાયીઓએ અપનાવ્યો છે, પરંતુ શ્રમણ ધર્મોએ તેનો વિશેષ પ્રયોગ પોતાના પૂજ્ય પુરુષો માટે કરવા માંડ્યો એટલે કાળક્રમે વૈદિક પરંપરામાં એ શબ્દનો પ્રયોગ મહાપુરુષો માટે વપરાવો બંધ થઈ ગયો અને શ્રમણોના મહાપુરુષોનો જ તે બોધક બની ગયો.

'खेयण्णेहिं' (૧૨૬)–'ક્ષેત્રજ્ઞ' એ વિશેષણ પણ ઉપદેશકો માટે અહીં અને પછી પણ જોવા મળે છે.

'माहण'ની જેમ 'વેયવી' (વેદવિત્) એ વૈદિક આર્યોમાં જ્ઞાની પુરુષ માટે વપરાતો શબ્દ પણ જૈનો પોતાના મહાપુરુષો માટે યોજવાનું ચાલુ રાખ્યું હતું. તેની પણ સાક્ષી આચારાંગ (૧૩૯) પૂરે છે. અને તે જ પ્રમાણે 'आरिएहिं पवेइए' (૧૪૬, ૧૮૭, ૨૦૭)માં પોતાના માન્યોને 'આર્ય' કહેવાનું પણ પૂર્વપરંપરાને અનુસરીને ચાલુ રહ્યું છે. પણ પછી ક્રમે કરી આ વિશેષણ ક્વચિત જ જોવા મળે છે. આવું જ એક બીજું વિશેષણ પ્રજ્ઞાવાળા માટે 'महेसी'–મહર્ષિ પણ વપરાયું છે જે પૂર્વપરંપરાનું અનુસરણ છે (૧૬૦) અને તે પણ ક્રમે કરી લુપ્ત થઈ ગયું છે. 'मेहावी' (૧૯૧) 'पन्नाणमंत' (૧૩૯, ૧૬૦, ૧૮૮) જેવાં વિશેષણો પણ ઉપદેશકો માટે વપરાયાં છે, પણ તે પણ કાળક્રમે ગૌણ બની ગયાં છે. પછીના કાળે પણ જે વિશેષણ ચાલુ રહ્યું તે તો છે 'जिण' (૧૬૨). પણ તે પણ આચારાંગમાં વિશેષરૂપે ભ. મહાવીર માટે વપરાયું નથી પરંતુ સામાન્ય રીતે વપરાયું છે તે સૂચક છે. એકાદ વાર 'શાસ્તા'—(सत्थारमेव–૧૮૮) વપરાયું છે

૧. 'परतित्थिया' આ શબ્દ સૂત્રકૃ૦ ૧.૬.૧માં વપરાયો છે.

૨. જુઓ પાલિકોશ (P.T.S.) 'અરહંત' શબ્દ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ આ વિશેષણ ભ. બુદ્ધ માટે જેટલા પ્રમાણમાં પાલિમાં જોવા મળે છે તેવો વ્યાપક પ્રયોગ અહીં નથી.

જૈનોએ જેના ઉપર વિશેષ ભાર આપ્યો તે સમ્યગ્દર્શનને અનુલક્ષીને ઉપદેશકો માટે 'सम्मत्तदंसिणो' (૧૩૪) પણ વપરાયું છે.

સારાંશમાં કહી શકાય કે 'मुणि', 'माहण', 'नायपुत्त' અને 'भगवा' આ વિશેષણો ભ. મહાવીર માટે વિશેષરૂપે આચારાંગગત તેમના ઉપદેશક જીવનને અનુસરીને વપરાયાં છે.

અહીં પણ 'तित्थयर' જેવો શબ્દ નથી વપરાયો તે ધ્યાનમાં રાખવા જેવું છે. 'જિન' શબ્દ બૌદ્ધોએ પણ વાપર્યો છે છતાં તે જૈનોમાં વધારે પ્રચલિત થયો અને બૌદ્ધોમાં 'બુદ્ધ'. તે જ પ્રમાણે બૌદ્ધોમાં 'શાસ્તા' અને જૈનોમાં 'તીર્થંકર' શબ્દ કાળક્રમે પ્રચલિત થયો. આથી બૌદ્ધોએ તીર્થંકર શબ્દનો પ્રયોગ 'બુદ્ધ' માટે નથી કર્યો અને પછીના કાળે જૈનોએ પોતાના તીર્થંકરો માટે 'બુદ્ધ' શબ્દનો પ્રયોગ ક્વચિત જ કર્યો છે. જોકે આ શબ્દો સામાન્ય હતા, પણ પછી તે તે સંપ્રદાયમાં તે વિશેષરૂપે પ્રચલિત થયા.

પાલિપિટકમાં ભ. મહાવીર વિશે 'सब्बञ्ञु सब्बदस्सावी'—એવો પ્રયોગ છે—તેથી તેઓ 'સર્વજ્ઞ-સર્વદર્શી' તરીકે પ્રસિદ્ધ થયા તે પછીની તે રચના સિદ્ધ થાય છે. આચારાંગમાં ભ. મહાવીર કે તેમના જેવા અન્ય ધર્મ કે માર્ગના ઉપદેશકો માટે જે વિશેષણો વપરાયાં છે તેમાં 'समिच्च लोयं खेयन्नेहिं' (૧૨૬, ૩૨), 'सम्मत्तदंसिणो' (૧૩૪) 'पन्नाणमन्तो' (૧૩૯, ૧૬૦, ૧૮૮), 'अहातहा लोहं उवेहमाणा' (૧૪૦), पासगस्स (૧૪૦), 'वेयवी' (૧૩૯), 'कुसलस्स दंसण'' (૧૬૬), 'बुद्धेहिं' (૧૭૭, ૨૦૪), 'मेहावी' (૧૯૧), 'मइमया' (૨૦૦, ૨૦૬), 'आहिन्नाणदंसणे' (૯.૧.૧૧), 'नाणी' (૯.૧.૧૬) आसुपन्नेग जाणया पासया' (૨૦૦), 'आययचक्खू लोगविपस्सी' (૯૩), 'परमचक्खू' (૧૫૦), 'अइविज्ज', 'सम्मत्तदंसी' (૩.૨.૧), 'नाणव'', 'वेयव'', 'पन्नाणेहिं परिजाणइ लोग'' (૧૦૭), 'सव्वसमन्नागयपन्नाण' (૧૫૫), अभिन्नायदंसणे (૯.૧.૧૧), अणेलिसन्नाणी' (૯.૧.૧૬) 'तहागया' (૩.૩.૨)—આવા શબ્દપ્રયોગો છે. તેમાંના કેટલાક તો 'સર્વજ્ઞ' પ્રતિપાદક કહી શકાય તેવા છે પણ 'સર્વજ્ઞ' અને 'સર્વદર્શી' આ શબ્દો તો વપરાયા નથી એ ચોક્કસ છે. આ પછીની રચનાઓમાં એ શબ્દોનો પ્રયોગ પ્રચલિત થઈ ગયો છે. આચારાંગની આ બાબત પણ તેના પ્રાચીનપણાની ખાતરી કરાવી દે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્રકૃતાંગ પ્રથમ—શ્રુતસ્કંધ

સૂત્રકૃતાંગના પ્રાચીન અંશ પ્રથમ શ્રુતસ્કંધમાં ભગવાન મહાવીરને અપાતાં વિશેષણો અને નામોમાં પ્રગતિ દેખાય છે. સામાન્યપણે વપરાતા શ્રમણ, બ્રાહ્મણ, જેવાં વિશેષણો અહીં પણ દેખાય છે. ઉપરાંત તેમાં નવાં ઉમેરાય છે. અને નામો પણ હવે સ્થિર થઈ ગયાં હોય તેમ જણાય છે.

આચારાંગગત ભગવાન મહાવીરનું 'વીર' કે 'મહાવીર' વિશેષણ હતું. સૂત્રકૃતાંગમાં 'વીર' (૧. ૧. ૧. ૧) એ નામ બની ગયું છે અને 'મહાવીર' નામ પણ બની ગયું છે—'नायपुत्ते महावीरे' (૧. ૧. ૧. ૧૭) 'एवमंहु से वीरे... (૧૪. ૨. ૨૨) एवमुदाहु निग्गन्थे महावीरे महामुणी' (૧. ૯. ૨૪), 'इआहु वीरे' (૧. ૧૪. ૧૧). મુનિ ઉપરાંત મહામુનિ પણ હવે તેઓ કહેવાતા હતા (૧. ૯. ૨૪; ૧. ૨. ૨. ૧૫; ૧. ૨. ૧. ૧૪).

'नायपुत्त' ઉપરાંત હવે તેમને 'कासव'-काश्यप-તરીકે પણ ઓળખાવવામાં આવ્યા છે. આ તેમનું ગોત્ર હતું તેથી સિદ્ધાર્થ ગૌતમ જેમ માત્ર ગૌતમ નામે પ્રસિદ્ધિને પામ્યા તેમ ભગવાન મહાવીર પણ માત્ર કાશ્યપ એવા નામે પણ પ્રસિદ્ધિને પામ્યા છે—'धम्मं पादुरकासी कासवं' (૧.૨.૨.૭), 'कासवस्स अणुधम्मचारिणो' (૧.૨.૨.૨૫; ૧.૨.૩.૨૦), 'कासवेण पवेइयं' (૧.૩.૩.૨૦;૧.૩.૪.૨૧;૧.૧૧.૫,૩,૨; ૧.૧૫.૨૧), 'कासवे आसुपन्ने' (૧.૫.૧૨;૧.૬.૭) 'નાય' અથવા 'નાયપુત્ત' એ ઉલ્લેખ પણ કાયમ છે જ— 'नायपुत्ते महावीर' (૧.૧.૧.૨૭; ૧.૨.૩.૨૨); 'नाएण' (૧.૨.૩.૩૧) 'नायसुय' (૧ ૬.૨); 'समणनायपुत्त' (૧.૬.૧૪.૨૩); 'नायपुत्त' (૧.૬. ૨૧, ૨૪). આ ઉપરાંત તેમને वेसालिए-વૈશાલિક પણ કહેવામાં આવ્યા છે. (૧.૨.૩.૨૨).

'જિન' અને 'અરહા' પણ કહ્યા છે તે પૂર્વપરંપરાનું અનુસરણ છે (૧.૨. ૩.૧૯; ૧.૨.૩.૨૨;૧.૬.૨૬;૧.૬.૨૯) આ જ પ્રમાણે 'ભગવાન્' પણ વપરાયો છે (૧.૨.૩. ૨૨; ૧.૧૬,૧. ૧.૨.૩.૧૪.)

અહીં એક વિશેષતા જોવા મળે છે તે એ છે કે 'भगवाणुसासणं' (૧.૨.૩. ૧૪); 'जिणसासणपरंमुहा' (૧.૩,૪.૯); 'जिणाणं धम्मं' (૧.૬.૭); નિર્વાણવાદીમાં શ્રેષ્ઠ નાયપુત્ત-(૧.૬.૨૧); ઋષિઓમાં શ્રેષ્ઠ (૧.૬.૨૨); जिणवयण (૧.૧૪.૧૧); जिणाहियं (૧.૯.૬)—આ સૂચવે છે કે ભગવાન મહાવીરનો ધર્મ તે જિનોનો ધર્મ કે જિનોનું શાસન છે અને તેના તેમના જેવા અન્ય પ્રવર્તકો પણ છે તેની સાક્ષી વારંવાર આપવામાં આવી છે—'वीरेहिं सम्मं पवेइयं' (૧.૨.૧.૧૧); 'आह

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जिणे इणमेव सेसगा' (૧.૨.૩.૧૯); 'जिणाणंत' (૧.૯.૧). આને આધારે આગળ ઉપર તેમનો ધર્મ જૈન ધર્મ તરીકે ઓળખાયો તેનું મૂળ આમાં છે. આ જિન શબ્દ ઉપરથી બનેલ જૈન શબ્દ બૌદ્ધ ધર્મ માટે પણ ક્વચિત્ વપરાયો છે પણ મુખ્યત્વે તો તે ધર્મ જૈનને બદલે બૌદ્ધ એવા નામે વધારે પ્રસિદ્ધ થયો. 'જિનો' 'બુદ્ધ' પણ કહેવાતા તેની સાક્ષી સૂત્રકૃતાંગ પણ પૂરે છે છતાં મહાવીરનો ધર્મ જૈન ધર્મને નામે જ વિશેષરૂપે પ્રસિદ્ધ થયો એ હકીકત છે.—'बुद्धा' (૧.૧૧. ૨૫; ૧.૧૧.૩૬; ૧.૧૨. ૧૬; ૧.૨૨.૧૮; ૧.૧૫.૧૮). માત્ર બુદ્ધ જ નહિ પણ 'તથાગત' શબ્દ પણ પૂર્ણ જ્ઞાની માટે (૧.૧૩.૨; ૧.૧૫. ૨૦) જોવા મળે છે પરંતુ તે શબ્દ પણ ભ. બુદ્ધ માટે વિશેષ વપરાયો તેથી જૈનોમાં તેનો પ્રચાર ઓછો થઈ ગયો.

ભ. પાર્શ્વના વિશેષણરૂપે અન્યત્ર વપરાયેલ 'पुरुसादाणिय' શબ્દ પણ અહીં જોવા મળે છે. (૧.૯.૩૪).

અહીં પણ 'सव्वण्णु' શબ્દનો પ્રયોગ નથી. પરંતુ 'न नायपुत्ता परमत्थि नाणी' (૧.૬.૨૪); 'अणन्तचक्खू' (૧.૬.૬; ૧.૬.૨૫); 'सव्वदंसी अभिभूयनाणी' (૧.૬.૫); 'दंसणनाणसीले' (૧.૬.૧૪): 'अणंतनाणदंसी' (૧.૯.૨૪;) 'एवं से उदाहु अणुत्तरनाणी अणुत्तरदंसी अणुत्तरनाणदंसणधरे'[1] (૧.૨.૩.૨૨); आसुपन्ने (૧.૫.૧૨; ૧.૬૭); 'खेयन्नए से कुसलासुपन्ने अणंतनाणी अणंतदंसी' (૧.૬.૩); तिलोगदंसी (૧.૧૪.૧૬); जगसव्वदंसिणा (૧.૨. ૩.૩૧); જેવા પ્રયોગો મળે છે જે તે જ અર્થના સૂચક શબ્દો છે.

ઉપરાંત જૈન પરિભાષામાં જે શ્રેષ્ઠ જ્ઞાન ગણાયું છે તે કેવળજ્ઞાનની સૂચના પણ પ્રથમ વાર અહીં જોવા મળે છે—पुच्छिस्सहं केवलियं महेसी (૧.૫.૧.૧); 'एवं केवलिणो मयं' (૧.૧૧.૩૮); केवलियं समाहिं (૧.૧૪.૧૫).

કર્મવિચારણાના પરિણામે—'दंसणावरणंतए' (૧.૧૫.૧)–એમ કહ્યું છે અને દર્શનાવરણનો અંત કરનારને ત્રિકાળજ્ઞાની કહ્યા છે એ પણ નવી હકીકત જણાય છે. પણ જ્ઞાનાવરણ વિશે કશું નથી કહેવામાં આવ્યું તે ધ્યાનમાં રાખવું જરૂરી છે.

આ ઉપરાંત પૂર્વપરંપરા પ્રમાણે निग्गन्थ (૧.૯.૨૪), माहण (૧.૧૧. ૧; ૧.૯.૧) महेसी–મહર્ષિ (૧.૬.૨૬), परममहेसी (૧.૬.૧૭), मुणि (૧.૬.૭), वसू (૧.૬.૨૮), समण (૧.૬.૧૪, ૨૩) એવાં સામાન્ય વિશેષણો પણ દેખા દે જ છે. પણ 'તીર્થંકર' વિશેષણ તો અહીં પણ દેખાતું નથી.

સૂત્રકૃતાંગના ૧૬મા અધ્યયનમાં બ્રાહ્મણ, શ્રમણ, ભિક્ષુ અને નિર્ગ્રંથની જે વ્યાખ્યા છે તે એકબીજાને અત્યંત નજીક લાવી મૂકે છે. આથી ગુણીજન વિશે એ શબ્દોનો પ્રયોગ સર્વસામાન્ય રીતે થઈ શકે એમ ફલિત કરી શકાય.

---

૧. "अरहानायपुत्ते भगवं वेसालिए"–उत्त० અ० ૬નો અંત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચારાંગ—દ્વિતીય શ્રુતસ્કંધ

આચારાંગના દ્વિતીય શ્રુતસ્કંધમાં ભ. મહાવીરનું સાધકપૂર્વ-અવસ્થાનું જીવન આવ્યું છે (આચા૦ ૨.૧૭૫થી) જે વિશે તેના પ્રથમ શ્રુતસ્કંધમાં કશી હકીકત મળતી નથી. અહીં તેમને 'श्रमणभगवान् महावीर' એ નામે જ વિશેષ ભાવે ઓળખાવ્યા છે તેથી જણાય છે કે હવે તેઓ આ જ નામે વિશેષરૂપે પ્રસિદ્ધ થઈ ગયા હતા (આચા૦ ૨. ૧૭૫). તેમનું માતાપિતાએ આપેલ નામ તો કુમાર વર્ધમાન હતું એ પણ અહીં સ્પષ્ટ કરવામાં આવ્યું છે (આચા૦ ૨. ૧૭૬). પરંતુ 'મહાવીર' એવું નામ દેવે દીધેલું છે એવી પરંપરા પણ સ્થાપિત આમાં જ થયેલી જણાય છે (આચા૦ ૨.૧૭૭). ઉપરાંત તેમને વિશેનો નામ બાબતનો વર્ણક પણ આ પ્રમાણે છે—'समणे भगवं महावीरे नाए नायपुत्ते नायकुलनिव्वत्ते विदेहे विदेहदिन्ने विदेहजच्चे विदेहसूमाले' (આચા૦ ૨. ૧૭૯). આમાંથી તેમના પોતાના કુલને આધારે જ્ઞાતૃ અને જ્ઞાતૃપુત્ર નામો છે એ ફલિત થાય છે અને તેમની માતાનું એક નામ વિદેહદિન્ના (આચા૦ ૨. ૧૭૭) એવું પણ છે તેથી તેના આધારે ભ. મહાવીરના નામમાં પણ વિદેહે આદિ વિશેષણો આવ્યાં છે. આ ઉપરાંત પરાપૂર્વથી ચાલ્યા આવતા जिण (૨. ૧૭૯), जिणवरं वीरं (૨. ૧૭૯) આદિ પણ દેખાય છે. પણ વિશેષ વાત તો એ છે કે અહીં ભ. મહાવીરના तित्थयराभिसेय (૨. ૧૭૬) તથા દેવો દ્વારા 'तित्थं पवत्तेहि' (૨. ૧૭૯) જેવા ઉલ્લેખો મળે છે[1] તે હવે તેમના જીવનમાં પૌરાણિકતા લાવવાનો પ્રયત્ન છે. વળી તેમને પ્રથમ વાર અહીં 'तित्थयर' (આચા૦ ૨. ૧૦૯) પણ કહ્યા છે. એટલું જ નહિ પણ પ્રથમ જ વાર અહીં—से भगवं अरहं जिणे केवली सव्वन्नू सव्वभावदरिसी' (૨. ૧૭૯) તેમને સર્વજ્ઞ અને કેવલી તથા સર્વભાવદર્શી કહ્યા છે, જે વિશેષણો પાલિમાં પણ મળે છે. જેમ અહીં ભગવાનને સ્પષ્ટ રીતે કેવલી અને સર્વજ્ઞ કહ્યા છે તેમ તેમને ત્રણ જ્ઞાન દીક્ષા લેતી વખતે હતાં, અને ચોથું મનઃપર્યવ જ્ઞાન દીક્ષા પછી ઉત્પન્ન થયું તે પણ જણાવ્યું છે (૨.૧૭૦) અને સ્પષ્ટ રીતે केवलिपन्नत्तधम्म (૨.૧૬૯) અને વારંવાર 'केवली बूया' જેવા પ્રયોગો મળે છે (આચા૦ ૨.૧૩, ૧૭, ૨૬, ૩૬, ૩૮, ૧૧૫, ૧૧૬, ૧૪૬, ૧૫૨, ૧૭૯) જે

---

૧. ભ. બુદ્ધને પણ ઉપદેશ આપવાની બ્રહ્માએ વિનંતી કરી હતી. પછી જ તેમણે ઉપદેશ દેવો શરૂ કર્યો એ બાબત અહીં તુલનીય છે. Warder, 'Indian Buddhism', p. 50

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂચવે છે કે ભગવાનના ઉપદેશની વિશેષતા તેમના કેવળજ્ઞાનને કારણે હતી. તેથી સાધકે તેમની વિરુદ્ધ વર્તવું નહિ. પરંતુ તેમની આજ્ઞા પ્રમાણે આરાધના કરવી. આવી માન્યતા હવે સ્થિર થઈ ગઈ હતી.

સૂત્રકૃતાંગ—દ્વિતીય શ્રુતસ્કંધ

આચારાંગના દ્વિતીય શ્રુતસ્કંધને વિશે નિર્યુક્તિકારે જે વિધાન કર્યું છે કે તે પાછળથી સ્થવિરોએ ઉમેર્યો છે (આચારાંગની દ્વિ.શ્રુ.ની નિર્યુક્તિ ગા૦ ૬) તે આ ઉપરની ચર્ચાથી પણ સંગત થઈ શકે છે, પરંતુ સૂત્રકૃતાંગના દ્વિતીય શ્રુતસ્કંધ વિશે નિર્યુક્તિકાર એવી કોઈ સૂચના આપતા નથી છતાં પણ તે પણ પાછળથી જ લખાયો છે એનાં અન્ય પ્રમાણો તો છે જ, ઉપરાંત ભ. મહાવીરનાં વિશેષણો અને નામો પણ તેનો પુરાવો રજૂ કરે જ છે અને આચારાંગ અને સૂત્રકૃતાંગ એ બંનેના દ્વિતીય સ્કંધમાં કાલદષ્ટિએ પૂર્વાપરભાવનો વિચાર કરીએ તો જણાય છે કે સૂત્રકૃતાંગનો દ્વિતીય શ્રુતસ્કંધ આચારાંગના દ્વિતીય શ્રુતસ્કંધ કરતાં પૂર્વકાલીન નથી.

આચારાંગમાં હજી દ્વાદશાંગ ગણિપિટકનો ઉલ્લેખ આવ્યો નથી. માત્ર પાંચ મહાવ્રતના અને છ જીવનિકાયના ઉપદેશની વાત છે. જ્યારે સૂત્રકૃતાંગમાં ગણિપિટકનો પણ ઉલ્લેખ છે. (સૂ૦ ૨. ૧. ૧૧) આચારાંગમાં તિત્થ, તિત્થયર છે તેમ અહીં પણ ધમ્મતિત્થની (સૂ૦ ૨. ૧. ૮) અને 'તિત્થાયણ' (૨. ૭. ૧૧)ની વાત છે. આમાં વળી चोत्तए पन्नवगं एवं वयासी (સૂ૦ ૨. ૩. ૨) તથા आचार्य आह (૨. ૪. ૨, ૪) જેવા પ્રયોગો છે.

ભગવાનને માટે समण (૨. ૬. ૧), माहण (૨. ૬. ૪), समणे नायपुत्ते (૨. ૬. ૧૯) नायपुत्त (૨. ૬. ૪૦) જેવા પૂર્વથી ચાલ્યા આવતા પ્રયોગો દેખાય છે અને बुद्ध (૨. ૬. ૪૨), मुणि (૨. ૬. ૪૨) જેવાં વિશેષણો પણ પૂર્વાનુસારી જ છે. ભગવાનના શિષ્ય ગૌતમને માટે પણ भगवं (૨. ૭. ૪) પ્રયોગ છે.

ભગવાનના જ્ઞાનને 'केवल' (૨. ૬. ૪૯) તો કહ્યું જ છે ઉપરાંત 'केवलेण पुण्णेण नाणेण' (૨. ૬. ૫૦) કહીને તે જ્ઞાનની વિશેષતા પણ જણાવી દીધી છે. અને આચારાંગની જેમ જ 'समणे भगवं महावीरे' (સૂ૦ ૨. ૭. ૧૪) પ્રયોગ પણ જોવા મળે છે. ભગવાનના ધર્મને निग्गन्थ धम्म (૨. ૬. ૪૨) કહ્યો છે અને 'निग्गन्थपावयण' પણ કહ્યું છે (૨. ૨. ૨૩; ૨. ૭. ૨). ત્રણે કાળના અન્ય અરહંતોની વાત પણ આચારાંગ જેમ જ છે (૨. ૨. ૪).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી અહીં જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણેનો એકસાથે વ્યવહાર પણ સર્વપ્રથમ જોવા મળે છે (૨. ૭. ૧૪).

વળી પેઢાલપુત્તને पासावच्चिज्ज भगवं निग्गंठ (૨. ૭. ૪) કહીને પાર્શ્વપરંપરા સાથે ભ. મહાવીરની પરંપરાનો ભેદ પણ દર્શાવાયો છે.

આ બધું એ સાબિત કરવા પૂરતું છે કે ક્રમે કરી ભ. મહાવીરની પરંપરા કેવી રીતે વ્યવસ્થિત થઈ રહી હતી અને તેમના વિશેની માન્યતા પણ ક્રમે કેવી વિકસતી જતી હતી.

અન્ય અંગગ્રંથોમાં તથા અન્યત્ર

આચારાંગ અને સૂત્રકૃતાંગ પછીના બધા જ આગમ ગ્રંથોમાં 'શ્રમણ ભગવાન મહાવીર' આ રીતે જ ભ. મહાવીર વિશે ઉલ્લેખ સામાન્ય બની ગયો છે. પણ આ સામાન્ય નામ ઉપરાંત જે વર્ણક સ્થિર થયો છે તેની નોંધ પણ અહીં લઈને આ પ્રકરણ પુરું કરીએ.

'समणे भगवं महावीरे[1] आइगरे तित्थगरे सहसंबुद्धे पुरिसुत्तमे[2] पुरिससीहे पुरिसवरपुण्डरीए पुरिसवरगन्धहत्थीए[3] लोगुत्तमे लोगनाहे लोगप्पदीवे लोगपज्जोयगरे अभयदए चक्खुदए मग्गदए सरणदए[4] धम्मदेसए धम्मसारही धम्मवरचाउरंतचक्कवट्टी अप्पडिहयवरनाणदंसणधरे वियट्टछउमे जिणे जावए बुद्धे बोहए मुत्ते मोयए सव्वण्णू सव्वदरिसी सिवमयलमरुयमणंतमक्खयमव्वाबाहमपुणरावत्तयं सिद्धिगइनामधेयं ठाणं संपाविउकामे.'—भगवती सू. ५.

આમાં 'શ્રમણ ભગવાન મહાવીર' તો છે જ ઉપરાંત વૈદિકોમાં પુરુષસૂક્તથી માંડીને 'પુરુષ'ને જે મહત્ત્વ મળ્યું હતું[5] તેનો પણ સ્વીકાર કરીને ભ, મહાવીરને પુરુષોત્તમ આદિ કહ્યા છે. વળી તેમાં પુરાણપ્રસિદ્ધ વિષ્ણુ આદિ ઈશ્વરના નામનો સ્વીકાર થયો હોય એમ જણાય છે. વિષ્ણુ આદિ માટે 'પુરુષોત્તમ' જેવાં નામો વૈદિકોએ વાપર્યાં જ છે. 'પુરુષપુણ્ડરીક' વૈદિકોમાં વપરાતો શબ્દ છે. તેમાં 'વર'

---

૧. મહાવ્યુત્પત્તિમાં બુદ્ધને 'વીર'

૨. મહાવ્યુત્પત્તિમાં બુદ્ધને નરોત્તમ તથા શાક્યસિંહ કહ્યા છે.

૩. બોધિસત્ત્વોનાં નામમાં એક 'ગન્ધહસ્તી' એવું નામ છે, મહાવ્યુત્પત્તિમાં નં. ૭૦૪.

૪. મહાવ્યુત્પત્તિમાં 'शरण्य', 'शरण'

૫. જુઓ મોનિ. સંસ્કૃત કોષમાં 'પુરુષ' શબ્દ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉમેરવામાં આવ્યું છે. 'પુરુષવર'એ વિષ્ણુનું નામ મહાભારતમાં છે જ. અને તેથી 'પુરુષવરપુંડરીક' એ પણ વિષ્ણુનું નામ ગણી શકાય. 'ગન્ધહસ્તી' શબ્દ બળવાન ગજના અર્થમાં છે. અને 'ગન્ધગજ' ચરકમાં વપરાયો છે. 'લોકનાથ' શબ્દ પણ વિષ્ણુ આદિ માટે મહાભારતમાં વપરાયો છે. 'લોકપ્રદીપ' વિશેષપણે બુદ્ધ માટે બુદ્ધચરિતમાં વપરાયું છે.

આની સાથે ભ. બુદ્ધનો વર્ણક તુલના કરવા જેવો છે—

'सो भगवा अरहं सम्मासंबुद्धो विज्जाचरणसम्पन्नो सुगतो लोकविदू अनुत्तरो पुरिसदम्मसारथी सत्था देवमनुस्सानं बुद्धो भगवा'[1] – अंगुत्तर ३.२८५.

આના એકેક શબ્દની વિસ્તૃત વ્યાખ્યા વિસુદ્ધિમગ્ગમાં (પૃ. ૧૩૩) આપવામાં આવી છે. આમાં બુદ્ધને सम्मासंबुद्ध કહ્યા છે તો ભ. મહાવીરને सहसंबुद्ध કહ્યા છે. 'अनुत्तर'માં પુરુષોત્તમનો ભાવ છે. 'धम्मसारही'ને સ્થાને બુદ્ધને पुरिसदम्मसारथि[2] કહ્યા છે. 'सत्था' એ धम्मदेसएનો પર્યાય છે. जिन અને अरहा એકાર્થક છે. विज्जाचरणसंपन्न અને लोकविदू કહીને જે કહ્યું છે તેને મળતું વિશેષણ–अप्पडिहयनाणदंसणधर અને वियट्टछउम કહી શકાય. પણ બન્નેમાં 'બુદ્ધ' શબ્દ સામાન્ય છે તે ધ્યાન દેવા જેવું છે. સ્પષ્ટ છે કે બુદ્ધની પ્રશંસાના વર્ણક પછીનો ભ. મહાવીરની પ્રશંસાનો વર્ણક છે.

ભ. મહાવીરનાં 'सव्वन्नू सव्वदरिसी'[3] એ વિશેષણોનું સમર્થન પાલિપિટકમાં પણ મળે છે પરંતુ બુદ્ધે તો કોઈ બુદ્ધને सव्वनू सव्वदस्सावी अपरिसेसं ञाणदस्सनं पटिजानाति ઇત્યાદિ રૂપે વર્ણવે તો તે મિથ્યાવચન થાય એમ જણાવ્યું છે. માત્ર तेविज्जो समणो गोतमो એમ જો કોઈ કહે તો તે યથાર્થવાદી છે તેમ જણાવ્યું છે.[4] આમ છતાં પછીના કાળે એટલે કે અટ્ઠકથામાં 'सव्वञ्ञुतञाण'નો સ્વીકાર થયેલો જ છે (દીઘ૦ અ. ૧.૧૦૦) અને મહાવ્યુત્પત્તિ આદિમાં બુદ્ધને સર્વજ્ઞ કહ્યા જ છે.[5]

૧. આ ઉપરાંત ભગવાન બુદ્ધના પર્યાય માટે જુઓ મહાવ્યુત્પત્તિનો પ્રારંભ.
૨. આમાં અર્થભેદ સ્પષ્ટ છે.
૩. અંગુત્તરનિકાય, ભાગ ૧, પૃ. ૨૦૫; મજ્ઝિમનિકાય, દેવદહસુત્ત.
૪. મજ્ઝિમનિકાય તેવિજ્જસુત્ત.
૫. 'સંપ્રસાદ'માં આ પ્રકરણ છપાયું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વભવો

સમ્યક્ત્વપ્રાપ્તિ—આત્મચિંતક

શ્રમણપરંપરામાં અવતારવાદ નથી[1] પણ ઉત્થાનવાદ છે. તેથી કોઈ પૂર્ણાત્મા અવતાર લે છે અને જગતમાં અધર્મનું નિરાકરણ કરી ધર્મની પ્રસ્થાપના કરે છે—એવું મનાયું નથી પરંતુ એવી માન્યતા છે કે કોઈ એક જીવ અનાદિકાળથી પુનર્જન્મના ચક્રમાં ભટકતો ભટકતો ક્યારેક સંસારથી વિમુખ થઈ નિર્વાણ-માર્ગાભિમુખ બને છે અને પોતાના આત્મામાં રહેલા દોષોનું નિરાકરણ કરી પૂર્ણ નિર્મળ આત્મા બને છે. અને તેવા અનેક આત્માઓમાં કોઈ એવા પણ હોય છે જે માત્ર પોતાના ઉદ્ધારથી સંતુષ્ટ ન થતાં અન્યના ઉદ્ધાર માટે પણ પ્રયત્ન કરે છે. આવા ઉત્તમોત્તમ આત્માને જૈન પરિભાષામાં તીર્થંકર કે અરિહંત કહેવામાં આવ્યા છે[2] અને બૌદ્ધોમાં બુદ્ધ. જૈન સિવાયની તે કાળની આજીવક આદિ પરંપરા પણ પોતાની પરંપરાના મહાપુરુષને તીર્થંકર નામથી કે અરિહંત નામથી ઓળખતી એમ જાણવાનું સાધન જૈન આગમ અને પાલિપિટક તથા શિલાલેખો પૂરું પાડે છે.

પ્રસ્તુતમાં તીર્થંકર ભગવાન મહાવીર વિષે પણ કહી શકાય કે તેમના જીવનનું જે નિરૂપણ પ્રાચીન કાળથી થતું આવ્યું છે તે આવી જૈનોની મૂળ માન્યતાને પુરવાર કરે છે. જે પ્રકારની સાધના ભગવાન મહાવીરને પોતાના અંતિમ જીવનમાં પણ કરવી પડી છે, અને જે પ્રકારનો પ્રયત્ન પોતામાં રહેલા દોષોને દૂર કરવા તેમણે કર્યો છે—એ જોતાં એમ નિશ્ચિતપણે કહી શકાય કે મહાપુરુષોના જીવનની પ્રક્રિયા અવતારવાદમાં જે પ્રકારની છે તેથી સાવ જુદા જ પ્રકારની શ્રમણોમાં, ખાસ કરી જૈન-બૌદ્ધોમાં છે. પ્રથમ સ્વઉદ્ધાર પછી જ પર ઉદ્ધાર—આવી પ્રક્રિયા અવતારી પુરુષ રામ કે કૃષ્ણાદિના જીવનમાં દેખાતી નથી. કારણ તેઓ તો જન્મ સાથે જ પૂર્ણ પુરુષ હોઈ નિર્દોષ મનાયા છે. તેમણે પોતાને નિર્દોષ કરવાનો કોઈ પ્રયત્ન કરવો જરૂરી નથી. પણ શ્રમણોના મહાપુરુષોમાં

---

૧. અવતારવાદ અને ઉત્થાનવાદ એમાં પ્રથમ શું તેની ચર્ચા માટે જુઓ, ચઉ૦ પ્રસ્તાવના. P. 8.

૨. તત્ત્વાર્થભાષ્યગત પ્રારંભિક કારિકાઓ—કા૦ ૬–૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો આવો પ્રયત્ન એ પ્રાથમિક ફરજ થઈ પડે છે. અને બુદ્ધ હોય કે મહાવીર, તેમણે પ્રથમ પોતાનું ઉત્થાન કરવું જરૂરી છે. તે થયા પછી જ જગદુત્થાનનો કે જગતના જીવોને ઉદ્ધારનો માર્ગ તેઓ બતાવી શકે છે. એ માર્ગની શોધ પ્રથમ અનેક પ્રકારનાં તપસ્યા આદિ સાધનો દ્વારા કરવી પડે છે.[1] અને પછી જ બીજાને માટે તેઓ માર્ગદર્શક બની શકે છે. આથી આપણે જોઈએ છીએ કે બુદ્ધ હોય કે મહાવીર તેમના જીવનમાં સાધનાકાળનું આગવું મહત્ત્વ છે. આવું કોઈ મહત્ત્વ સાધનાને અવતારી પુરુષના જીવનમાં દેખાતું નથી. તેઓ તો પ્રારંભથી મુક્ત અને નિર્વાણને પ્રાપ્ત છે જ. એટલે તેમને સાધનાનું કોઈ પ્રયોજન પણ નથી.

ભગવાન મહાવીરના પૂર્વભવો અનાદિકાળથી અનંત થયા હશે. પરંતુ જ્યારથી તેઓએ સંસારથી વિમુખ થવાની દૃષ્ટિ પ્રાપ્ત કરી ત્યારથી તેમના પૂર્વભવો મહત્ત્વના ગણાય. આથી ભગવાન મહાવીરના જીવનના નિરૂપણમાં પૂર્વભવોનું નિરૂપણ જ્યારથી શરૂ થયું છે ત્યારથી તેમણે જે ભવમાં દૃષ્ટિ પ્રાપ્ત કરી તે ભવથી જ તેમના પૂર્વભવોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

આચારાંગ અને કલ્પસૂત્રમાં તો માત્ર પૂર્વ દેવભવમાંથી ચ્યુત થઈને છેલ્લા મનુષ્યભવમાં જન્મ ધારણ કર્યો એટલી જ સૂચના છે. તે દેવપૂર્વના કોઈ પૂર્વભવ વિષે કશી જાણકારી આપવામાં આવી નથી. પરતું તે વિષેની માહિતી પછીના ગ્રન્થોમાં મળે છે. તે આપણે હવે જોઈએ.

અહીં એ પણ નોંધવું જરૂરી છે કે ભગવાન મહાવીર ચરિત્ર સ્વતંત્ર રીતે લખાયું હતું તેનો આભાસ આચારાંગ આપે છે. પણ પછીના કાળે જ્યારે કાળચક્રની વ્યવસ્થામાં ૨૪ તીર્થંકરો ગોઠવાયા ત્યારે તેના એક ભાગરૂપે તેમનું ચરિત્ર લખાયું—આ તેમના ચરિતની બીજી ભૂમિકા છે. અને તે આપણને કલ્પસૂત્રમાં અને અન્યત્ર મળે છે. પરંતુ ત્રીજી ભૂમિકામાં તો ઋષભપૌત્ર મરીચિનો સંબંધ ચક્રવર્તી—વાસુદેવની કલ્પના સાથે જોડી મહાવીર સાથે જોડવામાં આવ્યો તે આવશ્યકનિર્યુક્તિ આદિમાં જોવા મળે છે. આમ ત્રણ ભૂમિકામાંથી પસાર થઈને પછીના ગ્રન્થકારોમાં મહાવીર ચરિત્ર આવ્યું છે. આ ત્રીજી ભૂમિકામાં જ પૂર્વભવોની યોજના છે, તે યાદ રાખવું જરૂરી છે.

પૂર્વભવોની સૂચીમાં પરિવર્તન–પરિવર્ધન જોવાય છે. વળી પ્રાચીનતમ ગ્રન્થોમાં તે વિશેનું કોઈ સૂચન નથી. પૂર્વભવોની કથાઓમાં પણ લેખકે પરંપરાને

---

૧. એજન, કા૦ ૧૧, ૧૫–૧૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વફાદાર રહેવા છતાં પોતાની રીતે રજૂઆત કરવાની છૂટ લીધી છે. તેથી નિશ્ચિતપણે કહી શકાય છે કે ભ. મહાવીર ચરિતમાં પૂર્વભવો નિરૂપવાની પરંપરા મોડી શરૂ થઈ છે. પ્રાચીન કાળમાં તે હતી નહિ. તેનું સૌથી જૂનું સૂચન આવશ્યકનિર્યુક્તિમાં છે. આવશ્યકનિર્યુક્તિનાં પણ અનેક સંસ્કરણો થયાં છે. તેના પ્રાચીનતમ સંસ્કરણ–મૂલાચારમાં તે વિષે કશું સૂચન નથી.

આત્મોન્નતિની સાધનામાં દૃષ્ટિલાભ કે બોધિલાભ અને જૈનપરિભાષામાં સમ્યકત્વની પ્રાપ્તિ એ ઉન્નતિનું પ્રથમ પગલું છે. આચારાંગ કે કલ્પસૂત્રમાં એ દૃષ્ટિલાભ ભ. મહાવીરને ક્યારે થયો તેની કોઈ સૂચના નથી. પરંતુ સર્વપ્રથમ એ બાબતનો ઉલ્લેખ આવશ્યકનિર્યુક્તિમાં મળે છે. અનાદિકાળથી જીવ સંસારમાં ભટકતો હોય છે પણ એ સમ્યકત્વની પ્રાપ્તિ તેનામાં સંસારની અભિમુખતાને બદલે જીવને મોક્ષાભિમુખ બનાવે છે. એ પહેલાં એની દૃષ્ટિમાં માત્ર સાંસારિક સુખ એ જ પરમ સુખ હોય છે અને તેથી તે તેની પ્રાપ્તિમાં તત્પર હોઈ સંસારને વધારવાની જ પ્રવૃત્તિ કરતો હોય છે. દૃષ્ટિલાભ થયા પછી ભલેને તેને સંસારસુખ ગમતાં હોય પણ તેની ઊંડી સમજનો ફેર તેની દૃષ્ટિને નવી દિશા આપે છે. સંસારના સુખ કરતાં પણ અન્ય આંતરિક સુખ પ્રત્યે અભિરુચિ પેદા કરે છે. આથી સંસાર પ્રત્યેના તેના વલણમાં ફેર પડે છે. તે તેના જીવનની પ્રત્યેક પ્રવૃત્તિને શરીરસુખ નહિ પણ આત્મસુખની દૃષ્ટિએ મૂલવે છે. આથી એ આત્મ–અનાત્મ વિવેક તેને મોક્ષ કે નિર્વાણના માર્ગનો પથિક બનાવે છે.

દૃષ્ટિલાભ કેટલાકને આત્મસૂઝ કે સાંસારિક પ્રવૃત્તિમાં કોઈ ઠોકરને કારણે પ્રાપ્ત થાય છે, જ્યારે કેટલાકને સત્સંગથી એટલે કે સંતપુરુષના ઉપદેશથી. ભગવાન મહાવીરને દૃષ્ટિલાભ સત્સંગથી પ્રાપ્ત થયો તેમ આવશ્યકનિર્યુક્તિને આધારે કહી શકાય. અટવીમાં ભૂલા પડેલા સાધુ–સંતોને તેમણે માર્ગ બતાવ્યો અને બદલામાં તેમને મોક્ષનો માર્ગ મળ્યો.[1] એટલે કે સાધુસંતોએ ભ. મહાવીરને ઉપદેશ આપ્યો અને તેમને મોક્ષમાર્ગની દૃષ્ટિ મળી. અને પછી ઇક્ષ્વાકુ કુળમાં ભરતસુત મરીચિ થયા.[2]

આવશ્યકનિર્યુક્તિમાં આ દૃષ્ટિલાભ સમયે પૂર્વભવમાં તેમનું નામ શું હતું કે તે ક્યાંના નિવાસી હતા તે કશું જ જણાવ્યું નથી. આ૦ નિ૦ની

---

૧. पंथं सिर देसेत्ता साधूणं अडविविप्पणट्ठाणं ।
सम्मत्तपढमलंभो बोद्धव्वो वद्धमाणस्स ॥ आ० नि० १४१, वि० १५४७ ।

२. आ० नि० १४२, वि० १५५० ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યાખ્યામાં આ. જિનભદ્રે સ્પષ્ટીકરણ કર્યું છે કે તે અપરવિદેહમાં ગ્રામચિંતક હતા. સાધુઓને માર્ગ બતાવ્યા ઉપરાંત અનુકંપા કરી દાન પણ કર્યું અને સૌધર્મ દેવમાં જઈ પછી મરીચિ થયા.[1]

આવશ્યકચૂર્ણિમાં પણ આ પ્રસંગે કોઈ નવી હકીકત ઉમેરવામાં આવી નથી. માત્ર કથાપ્રસંગ જરા વિસ્તારથી આપ્યો છે અને ઉમેર્યું છે કે તે સાધુઓમાં એક ધર્મકથા કરવામાં લબ્ધિસંપન્ન સાધુ હતા તેમણે ઉપદેશ આપ્યો અને તે ગ્રામચિંતકને સંવેગ ભાવ પ્રાપ્ત થયો અને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ. આમ કહી શકાય કે તત્ત્વાર્થમાં જે આસ્તિક્યાદિ લક્ષણો સમ્યક્ત્વનાં જણાવ્યાં છે તેમાંથી અનુકંપા અને સંવેગનું પ્રાબલ્ય આ ગ્રામચિંતકના ભવમાં ભ. મહાવીરને હતું. અને તેમણે સંસારથી વિમુખ થઈ મોક્ષાભિમુખ થવાની દૃષ્ટિ પ્રાપ્ત કરી.[2]

ભગવાન મહાવીરે અટવીમાં માર્ગભૂલેલા શ્રમણોને માર્ગે ચડાવ્યા તે ઘટના અને ભગવાન ગૌતમબુદ્ધ પૂર્વભવમાં જ્યારે સુમેધ પંડિત હતા ત્યારે તેમણે દીપંકર બુદ્ધ માટે માર્ગ તૈયાર કર્યો[3] અને દીપંકરે તેના વિષે ભવિષ્યવાણી કરી[4]. તે બન્નેમાં 'માર્ગ'ની ઘટના સામાન્ય છે. તે આકસ્મિક ન પણ હોય. બન્નેમાં બાહ્ય માર્ગમાં સહાયક થવાનો બદલો આંતરિક શુદ્ધિના માર્ગરૂપે મળે છે તે પણ સમાનતા ધ્યાનમાં લેવા જેવી છે. પરંતુ આ ઘટનાને ગુણભદ્રે બીજી જ રીતે વર્ણવી છે. ભ. મહાવીરના પૂર્વભવોના વર્ણનમાં તેમણે પ્રથમ ભવનું નામ પુરૂરવા આપ્યું છે. ગ્રામચિંતકને બદલે ભીલોનો મુખી-વ્યાધાધિપ કહ્યો છે. તે જંગલમાં માર્ગભૂલેલ મુનિ સાગરસેનને મૃગ સમજી મારવા જતો હતો, ત્યાં તેની પત્નીએ તેને વાર્યો અને કહ્યું કે તે તો વનદેવતા છે. તેથી તેમની પાસે જઈ શ્રદ્ધાથી તેમનો ઉપદેશ સાંભળ્યો. અને શ્રદ્ધાન્વિત થઈ મધુ આદિ ત્રણ વસ્તુ ન લેવાની પ્રતિજ્ઞા કરી. આમ એ તો સ્પષ્ટ છે કે પ્રથમ ભવમાં અટવી અને માર્ગભૂલેલ મુનિનો સત્સંગ સમાન છે પણ શ્રદ્ધા ઉપરાંત થોડો ત્યાગ પણ તેના જીવનમાં નિરૂપ્યો છે. આચાર્ય જિનભદ્ર વિદેહમાં આ વાત બની એમ જણાવ્યું છે તેનું પણ આમાં સમર્થન છે જ. પણ જિનભદ્રે અપરવિદેહનો નિર્દેશ કર્યો છે જ્યારે ગુણભદ્રે પૂર્વવિદેહનો. જિનભદ્રે નામ નથી આપ્યું. ગુણભદ્રે પુરૂરવા આપ્યું છે– ઉત્તર પુરાણ ૭૪. ૧૪–૨૨.

---

૧. વિ૦ ૧૫૪૮, ૧૫૪૯; આ૦ ચૂ૦ પૃ૦ ૧૨૮

૨. આ૦ ચૂ૦ પૃ૦ ૧૨૮

૩. જાતકટ્ઠકથા, સુમેધકથા, પૃ૦ ૧૦ (જ્ઞાનપીઠ)

૪. એજન, પૃ૦ ૧૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્ય ગુણચંદ્રના 'મહાવીરચરિય'માં પ્રારંભમાં પૂર્વભવોનો સંક્ષેપ આપ્યો છે[1] અને પછી ક્રમે વર્ણન છે. તેમાં નયસારને ગ્રામચિંતક કહ્યો છે. તેના સ્વભાવના વર્ણનમાં ગુણભદ્રથી જુદી જ રીતે ગુણદર્શન કરાવ્યું છે. તેને વિશિષ્ટ આચારનો પાલનકર્તા, ધર્મશાસ્ત્રના શ્રવણથી હેયોપાદેયને જાણનાર, ગંભીર, પ્રકૃતિથી સરલ, વિનીત, પ્રકૃતિથી પરોપકારપરાયણ જેવાં વિશેષણોથી નવાજ્યો છે. પૃ૦ ૩અ.

આચાર્ય જિનભદ્રે ગ્રામચિંતકની કથાનાં બીજો સૂચવ્યાં હતાં[2] તે બીજોને લઈને આચાર્ય ગુણચંદ્રે એક કવિને શોભે એ રીતે ગ્રામચિંતક નયસારની કથાને 'મહાવીરચરિય'માં ગૂંથી છે. અને એનો જ સાર આચાર્ય હેમચંદ્રે આપ્યો છે. તે સ્પષ્ટ છે. તુલના કરો મહાવીરચરિય, પૃ૦૨–૭; ત્રિષ૦ ૧૦.૧. ૧–૨૪. અહીં એ નોંધવું જરૂરી છે કે ભ. મહાવીરચરિતમાં પૂર્વજન્મનાં કૃત્યોનું ફળ જીવ કેવી રીતે પામે છે તે બતાવવાના ઉદ્દેશથી જન્મજન્માન્તરમાં પાત્રોનો સંબંધ જોડી આપવાની પ્રવૃત્તિ 'મહાવીરચરિય' અને 'ઉત્તરપુરાણ'માં વિશેષરૂપે અપનાવવામાં આવી છે.

આચાર્ય હેમચંદ્રે પણ ગ્રામચિંતકનું નામ નયસાર આપ્યું છે. અને અકૃત્યથી પરાઙ્મુખ આદિ સદ્ગુણોનો ધણી જણાવ્યો છે.–ત્રિષ૦ ૧૦. ૧. ૧–૨૪. ગુણભદ્રનો પુરૂરવા દુર્ગુણ પ્રધાન છે, જ્યારે ગુણચંદ્ર–હેમચન્દ્રનો નયસાર ગ્રામચિંતક સદ્ગુણી છે–આ પ્રમાણે બન્નેની પાત્રસૃષ્ટિ જુદી પડે છે જો કે વ્યક્તિ એક જ છે.

પઉમચરિયમાં (ઉદ્દેશ ૨૦મો) ચોવીશે તીર્થંકરોના પૂર્વભવોની હકીકતો આવે છે પણ તે તીર્થંકર પૂર્વના બે ભવોની—એક દેવભવની અને તે પૂર્વના મનુષ્યભવની. આથી તેમાં જે હકીકત મળે છે તે એ કે ભગવાન મહાવીર પૂર્વભવમાં છત્તાયારનગરીમાં (૨૦–૧૦) સુનંદ નામે હતા અને તેમના ગુરુ પોટ્ટિલ્લ હતા (૨૦.૨૧). આ સુનંદ મરીને પુષ્પોત્તર વિમાનમાં ગયા અને ત્યાંથી આવી વર્ધમાન થયા (૨૦.૨૪). આમ વર્ધમાન પહેલાંના માત્ર બે ભવોની ચર્ચા તેમાં છે. પરંતુ ગ્રામચિંતકના ભવની કે તેમાં સમ્યક્ત્વપ્રાપ્તિની કોઈ ચર્ચા પઉમચરિયમાં નથી તે ધ્યાનમાં રાખવા જેવું છે. વળી ઋષભ પાસે દીક્ષા લીધાનો મરીચિનો ઉલ્લેખ પઉમચરિયમાં આવે છે.[3] પરંતુ તે મહાવીરનો પૂર્વભવ છે કે ઋષભનો તે પૌત્ર છે એવી કોઈ સૂચના પઉમચરિયમાં નથી. આથી જણાય છે કે મરીચિનો સંબંધ ભ. મહાવીર સાથે હતો તેની પઉમચરિયના કર્તાને જાણ નથી.

---

૧. ૧૫–૨૬, ૫૦૧–૨

૨. વિશેષા૦ ૧૫૪૮–૪૯

૩ પઉમચરિય ૧૧.૯૪; ૮૨.૨૪, ૨૬, ૧૧૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મરીચિ :

આવશ્યકનિર્યુક્તિમાં ગ્રામચિંતકના ભવથી ભ. મહાવીરના પૂર્વભવોની ગણતરી કરવામાં આવી છે તે આ પ્રમાણે છે.

૧. ગ્રામચિંતક (આ. નિ. ગા. ૧૪૧ વિ. ૧૫૪૭; આ. નિ. હ. ૧૪૬)

૨. સૌધર્મ દેવલોક (ભાષ્યાનુસાર ગા. ૧૫૪૯)

૩. મરીચિ (આ.નિ. ૧૪૨, વિ. ૧૫૫૦; આ. નિ. હ. ૧૪૯)

આવશ્યકનિર્યુક્તિમાં આ મરીચિ વિષે કહ્યું છે કે પ્રથમ તીર્થંકર ઋષભના પુત્ર ભરત અને ભરતના પુત્ર મરીચિ[1] થયા. (આ.નિ. ૧૮૭; આ.નિ. હ. ૧૯૬; વિ. ૧૫૯૭). એ મરીચિએ ઋષભ પાસે દીક્ષા લીધી (આ.નિ. ૨૭૦; વિ. ૧૭૦૯ આ.નિ.હ. ૩૪૪; આ.નિ. ૨૭૩, વિ. ૧૭૧૨; આ.નિ.હ. ૩૪૭) અને ઋષભ સાથે વિચરણ કરવા લાગ્યા અને તપ, સંયમ આદિમાં રસ લેવા લાગ્યા. અને ગુરુ પાસે સામાયિકાદિ અગિયાર અંગોનું અધ્યયન પણ કર્યું.[2] પરંતુ એકવાર ગરમીના દિવસોમાં શરીરમાં ગરમી લાગી અને સ્નાન કરવાનું ન હોવાથી અકળામણ થઈ. આથી વિચાર થયો કે શ્રમણોના ગુણોનો ભાર તો મેરુ જેવડો છે અને તે વહન કરવાનું સામર્થ્ય મારામાં નથી. શ્રમણવેશ છે છતાં પણ મારામાં શ્રમણના ગુણો તો છે નહિ પણ સાંસારિક આકાંક્ષા છે. આ પ્રકારે વિચારતાં તેને સૂઝયું કે આ શ્રમણો ત્રણ દંડથી વિરત છે, અને શરીરનાં અંગોને સંકોચીને રહે છે. પણ મેં તો એ ત્રણે દંડ છોડ્યા નથી માટે હું ત્રિદંડનું બાહ્ય ચિહ્ન ધારણ કરું— એ ઉચિત થશે. આ શ્રમણો તો લોચ કરવાથી બાહ્ય દેખાવે મુંડ છે અને આંતરિક ભાવે ઇન્દ્રિયોનો વિજય કર્યો હોવાથી મુંડ છે પણ મારાથી તો એવું બન્યું નથી. માટે હું અસ્ત્રાથી મુંડ થાઉં અને શિખા ધારણ કરું અને શ્રાવકોની જેમ સ્થૂલ પ્રાણાતિપાતથી વિરત થાઉં. આ શ્રમણો તો તેમની પાસે પરિગ્રહ ન હોવાથી અકિંચન છે પણ હું તો થોડો ઘણો પરિગ્રહ રાખીશ. આ શ્રમણો તો શીલની સુવાસ ધરાવે છે પણ મારામાં તે નથી (માટે બાહ્ય સુગંધ ચન્દન આદિની સ્વીકારવી). આ શ્રમણોમાં મોહ નથી પણ મારામાં તો મોહ ભર્યો પડ્યો છે તે

---

१. स्वायंभुव मनु के पुत्र प्रियव्रत के सात पुत्र थे उनमें एक आग्निध्र था। उनका पुत्र नाभि। नाभिपत्नी मरुदेवी–से ऋषभ। ऋषभवंशके सम्राज के पुत्र मरीचि भागवत् ५.१; विष्णुपुराण, २.११. और देखें प्राचीन चरित्रकोष।

૨. આ સામાયિકાદિ અધ્યયનની બાબતવાળી ગાથાને હરિભદ્રટીકામાં ભાષ્યની ગણી છે. પૃ. ૧૫૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવરવા માટે છત્રનો ઉપયોગ કરીશ. આ શ્રમણો જોડા વાપરતા નથી, હું વાપરીશ. આ શ્રમણો શ્વેતામ્બર અથવા તો દિગંબર છે પણ હું તો ધાતુથી રંગેલાં કપડાં પહેરીશ; કારણ હું અંદરથી કષાયથી રંગાયેલ છું જ. આ શ્રમણો પાપભીરુ છે તેથી બહુજીવથી સમાકુળ જલનો ઉપયોગ કરતા નથી પણ હું તો પરિમિત જલ સ્નાન અને પાન માટે વાપરીશ. આ પ્રમાણે તેણે પોતાની મતિથી કલ્પના કરીને નવા પ્રકારના સાધુવેશનો સ્વીકાર કર્યો અને પરિવ્રાજક ધર્મની પ્રવર્તના કરી.[૧] તેના આવા નવા વેશને જોઈને લોકો તેને ધર્મ વિષે પૃચ્છા કરતા તો તે યતિઓના—શ્રમણોના ધર્મની જ વાત કરતો[૨] પણ સાથે પોતાના મનની કમજોરી પણ પ્રદર્શિત કરતો હતો કે તે ધર્મ ઉત્તમ છતાં મારી શક્તિ બહારનો છે તેથી મેં આ પ્રકારે વેશનો સ્વીકાર કર્યો છે. કોઈ ત્યાગની ભાવના પ્રદર્શિત કરતું તો તેને ભગવાન ઋષભ પાસે જ મોકલતો અને એ રીતે તે ભગવાનની સાથે જ વિહાર કરતો હતો.[૩]

એકવાર રાજા ભરતે ભગવાન ઋષભને પૂછ્યું કે આ સભામાં એવો કોઈ છે જે ભારતવર્ષમાં તીર્થંકર થશે?[૪] એ સભામાં એક ખૂણામાં આદિપરિવ્રાજક એવો મહાત્મા સ્વાધ્યાય અને ધ્યાનમાં રત મરીચિ જે ઋષભનો પૌત્ર હતો, તે હતો. જિનેંદ્રે તેને નરેન્દ્રને દેખાડ્યો અને કહ્યું કે જુઓ આ વીર નામે છેલ્લા ધર્મચક્રવર્તી થશે. વળી દશારનો આદિકર એટલે કે વાસુદેવોમાં પહેલો ત્રિપૃષ્ઠ નામે પોતના નગરીનો અધિપતિ થશે અને તે જ વળી વિદેહવર્ષમાં પ્રિયમિત્ર નામે મૂકાનગરીમાં ચક્રવર્તી થશે.[૫]

આ સાંભળીને રાજા ભરતે રોમાંચ અનુભવ્યો અને પિતાની આજ્ઞા લઈને મરીચિને અભિવંદન કરવા ગયો. વિનયાવનત થઈને તેની ત્રણવાર પ્રદક્ષિણા કરીને તેની મધુરવચન વડે સ્તુતિ કરવા લાગ્યો—તેં તો ઘણો સારો લાભ લીધો છે,

---

૧. આચાર્ય ગુણચન્દ્રના મહાવીરચરિયમાં પણ ઉપર જણાવેલ જૈન શ્રમણ અને પરિવ્રાજકના વેશ વગેરેની ભેદરેખા જણાવીને મરીચિએ પરિવ્રાજક ધર્મની પ્રવર્તના કરી એમ સ્પષ્ટ જણાવ્યું છે—પૃ. ૧૪; ૨.૮૪, પૃ. ૧૫.

૨. આ વાતનો વિસ્તાર મહાવીરચરિયમાં છે. ૨.૮૯ ff.

૩. આ. નિ. ૨૭૪; વિ. ૧૭૧૩, ૧૭૨૧; આ.નિ. ૨૭૭–૨૮૮; વિ. ૧૭૨૨ –૧૭૩૩; આ.નિ.હ. ૩૫૦–૩૬૧.

૪. વિ. ૧૭૬૭; મહાવીરચરિય ૨. ૧૨૪, પૃ. ૧૮

૫. આ. નિ. ૩૦૪–૩૦૬; વિ. ૧૭૬૮–૧૭૭૦; આ.નિ.હ. ૪૨૨–૪૨૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તું ધર્મચક્રવર્તીઓમાં છેલ્લો વીર નામે તીર્થંકર થવાનો છે. વળી પોતનાધિપતિ થઈ તું વાસુદેવોમાં પ્રથમ વાસુદેવ થશે, અને વળી મૂકાનગરીમાં વિદેહમાં તું પ્રિયમિત્ર નામનો ચક્રવર્તી પણ થશે. હું તારા અત્યારના પરિવ્રાજક ભાવને નમસ્કાર નથી કરતો પણ તું છેલ્લો તીર્થંકર થવાનો છું તે માટે નમસ્કાર કરું છું—આમ કહીને રાજા ભરત તો અયોધ્યા નગરીમાં ચાલ્યો ગયો. ભરતનાં આવાં વચન સાંભળીને મરીચિ તો અત્યન્ત હર્ષમાં આવી ગયો અને ત્રણ વાર પગ પછાડી બોલ્યો—જો હું પ્રથમ વાસુદેવ, વળી ચક્રવર્તી અને છેલ્લો તીર્થંકર થવાનો છું—તો તો મેં આ ઘણું બધું પ્રાપ્ત કર્યું છે. આથી વિશેષની મારે કશી અભિલાષા નથી. તેનું અભિમાન જાગ્યું અને વિચારવા લાગ્યો કે વાસુદેવોમાં પ્રથમ હું, ચક્રવર્તીઓમાં પ્રથમ મારા પિતા અને તીર્થંકરોમાં પ્રથમ મારા પિતામહ–અહાહા, મારું કુલ ઉત્તમ છે![1]

એકવાર[2] એવું બન્યું કે તે માંદો પડ્યો. અન્ય સાધુઓનો તેની ચાકરી કરી નહિ અને કપિલે કરી. કપિલે તેને કહ્યું કે તમે ધર્મની વાત આવે છે ત્યાં ઋષભદેવે પ્રરૂપેલ ધર્મની જ વાત કરો છો અને સૌને તેમની પાસે જ દીક્ષા લેવા મોકલો છો. શું ત્યાં જ ધર્મ છે અને તમારામાં નથી? આ સાંભળી તે વિચારમાં પડી ગયો અને સહસા કહી દીધું કે અહીં પણ ધર્મ છે.[3] અર્થાત્ તું મારી પાસે પણ દીક્ષા લઈ ધર્મમાર્ગમાં જ ચાલ્યો છે એમ માનજે. આ સાંભળી કપિલે મરીચિ પાસે દીક્ષા લીધી.' અને તેથી તેની પરિવ્રાજક પરંપરા ચાલી. આમ તેના માર્ગમાં ધર્મ ન હોવા છતાં તેણે આ એક જ દુર્વચન કહ્યું તેના પરિણામ સ્વરૂપે તે દુઃખસાગરમાં પડ્યો અને ક્રોડાક્રોડી સાગરોપમ જેટલો કાળ સંસારમાં ભમ્યો અને ત્રણ વાર પગ પછાડી જે કુળનું અભિમાન કર્યું હતું તેને કારણે તેણે નીચ ગોત્ર બાંધ્યું.[4] તેણે આ દોષો માટે પશ્ચાત્તાપ કર્યો નહિ અને તેથી તેણે સંસાર વધાર્યો તે આ પ્રમાણે—

---

૧. આ. નિ. ૩૦૭–૩૧૫, વિ. ૧૭૭૧–૧૭૭૯, આ.નિ.હ. ૪૨૫–૪૩૨.

૨. મહાવીરચરિય પૃ. ૨૧અ

૩. આ૦ નિ. ૩૨૦, વિ૦૧૭૮૬; આ૦ નિ૦ હ૦ ૪૩૭ મહાવીરચરિય–"इहा वि मणागंहि"—પૃ૦ ૨૨ સ.

૪. આ૦ નિ૦ ૩૨૧—૩૨૨, વિ૦ ૧૭૮૭. ૧૭૮૮, આ૦ નિ૦ હ૦ ૪૩૮–૩૯; મહાવીરચરિય ૨. ૧૪૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪. બ્રહ્મલોક નામના દેવવિમાનમાં (૧. ગ્રામચિંતક, ૨. દેવ, ૩. મરીચિ).
૫. કૌશિક[1]–કોલ્લાકસંનિવેશમાં (પરિવ્રાજક)[2] (વચ્ચે તિર્યંચ, નારક, દેવાદિ)
૬. [3]પુષ્પમિત્ર–સ્થૂણામાં (પરિવ્રાજક)
૭. સૌધર્મદેવલોકમાં.
૮. અગ્નિદ્યોત બ્રાહ્મણ (પરિવ્રાજક)
૯. ઈશાનકલ્પદેવ
૧૦. અગ્નિભૂતિ—મંદિરસંનિવેશમાં (પરિવ્રાજક)[4]
૧૧. સનત્કુમાર દેવ.
૧૨. ભારદ્વાજ–શ્વેતબ્યાનગરી (પરિવ્રાજક)
૧૩. માહેન્દ્ર કલ્પદેવ (પછી સંસારભ્રમણ)
૧૪. સ્થાવર[4] રાજગૃહમાં (પરિવ્રાજક)
૧૫. બ્રહ્મલોક (પછી સંસારભ્રમણ)
૧૬. વિશ્વભૂતિ–રાજગૃહમાં (જૈનદીક્ષા સંભૂતિપાસે)[5]
૧૭. મહાશુક્રદેવ
૧૮. ત્રિપૃષ્ઠ (આદિ વાસુદેવ) પોતનપુરમાં
૧૯. નારક
૨૦. સિંહ (તિર્યંચ)
૨૧. નારક–તિર્યંચ–મનુષ્યભવો
૨૨. પ્રિયમિત્ર ચક્રવર્તી મૂકાનગરી, વિદેહમાં (પોટ્ટિલ પાસે દીક્ષા)
૨૩. મહાશુક્રદેવ

---

૧. ચઉ૦માં કૌશિક મરીને સૌધર્મદેવ થાય છે-પૃ૦ ૯૭ અને તિર્યંચાદિ ભવો થાવર પછી ગણ્યા છે. પૃ૦ ૯૮

૨. આ અને પછીના પાંચ મનુષ્યભવમાં તે પરિવ્રાજક બન્યો હતો. આ૦ નિ૦ ૩૨૬, વિ૦ ૧૭૯૨; આ૦ નિ૦ હ. ૪૪૩

૩. ચઉ૦માં આ ભવ નથી. આથી મરીચિ સહિત ૭ પરિવ્રાજકભવો થાય છે. પૃ. ૯૭–૯૮

૪. મહાવીર ચરિયમાં આની રોચક કથા આપવામાં આવી છે. પૃ. ૨૩, ૨૫

૫. મહાવીર ચરિય પ્રસ્તાવ ત્રીજો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૪. નંદન—છત્રાગ્રાનગરી (દીક્ષા)
૨૫. પુષ્પોત્તર વિમાનમાં દેવ
૨૬ બ્રાહ્મણકુલમાં (દેવાનંદાનાગર્ભમાં)[1]

પઉમચરિયમાં ઋષભ પાસે કેટલાક નરેન્દ્રોએ દીક્ષા લીધી તેમાં મરીચિએ ઋષભ પાસે દીક્ષા લીધાનો ઉલ્લેખ છે પણ તે ઋષભનો પૌત્ર હતો એવો ઉલ્લેખ નથી. પણ તેણે પરિવ્રાજકોનો ધર્મ પ્રવર્તાવ્યો એવો ઉલ્લેખ તો પઉમચરિયમાં છે જ (૮૨.૨૪). આટલી સૂચનાને આધારે કોઈ કથાકારે તેમાં પરિવ્રાજકોના ધર્મને સાંખ્યો સાથે જોડવા માટે કપિલને તેના શિષ્ય તરીકે નિરૂપ્યા. આમ જૈન અને સાંખ્યોનો સંબંધ જોડી આપ્યો. જૈન આચારમાં શિથિલ થયેલા મરીચિએ પરિવ્રાજકોનો[2] ધર્મ પ્રવર્તાવ્યો એ તો પઉમચરિય પણ કહે છે. તેથી પ્રાચીન

---

૧ આ૦ નિ૦ ૩૨૩–૩૩૩, વિ૦ ૧૭૮૯–૧૭૯૯; આ૦ નિ૦ હ૦ ૪૪૦–૪૫૦, અહીં એ નોંધવું જોઈએ કે આવશ્યકચૂર્ણિમાં આમાંના દેવ–તિર્યંચ–નરક સિવાયના ભવોની કથાઓ આપવામાં આવી છે અને તે કથાઓને આચાર્ય હરિભદ્રે પણ ટીકામાં સમાવી લીધી છે. વળી આચાર્ય શીલાંકે પોતાના ચઉપ્પન્નમહાપુરિસચરિયમાં મરીચિના ભવો ત્રિપૃષ્ઠ સુધીના ત્રિપૃષ્ઠની કથામાં આપ્યા છે –પૃ૦ ૯૭. વળી એ પણ અહીં નોંધવું જોઈએ કે સમવાયાંગસૂત્રમાં જણાવ્યું છે "समणे भगवं महावीरे तित्थयरभवग्गहणाओ —छट्ठे पोट्टिलभवग्गहणे एगं वासकोडिं सामन्नपरियागं पाउणित्ता सहस्सारे कप्पे सव्वट्ठविमाणे देवत्ताए उववन्ने" સૂત્ર ૧૩૪. પરંતુ અન્યત્ર જ્યાં ભગવાનના પૂર્વભવોની ચર્ચા છે ત્યાં ક્યાંઈ પણ તેમના 'પોટ્ટિલ' નામના ભવનો નિર્દેશ મળતો નથી. પ્રિયમિત્ર ચક્રવર્તીના ભવમાં તેમણે 'પોટ્ટિલ' પાસે દીક્ષા લીધી એવો ઉલ્લેખ છે. પ્રસ્તુત સૂત્રની વ્યાખ્યામાં આચાર્ય અભયદેવે વર્ધમાનના અંતિમ ૭ ભવો આ પ્રમાણે ગણાવ્યા છે— ૧. પોટ્ટિલ, ૨. દેવ, ૩. નન્દન, ૪. પુષ્પોત્તર વિમાનમાં દેવ, ૫. દેવાનંદાના ગર્ભમાં, ૬. ત્રિશલાના ગર્ભમાં. અને સ્પષ્ટીકરણ કર્યું છે કે—"उक्तभवग्रहणं हि विना नान्यद् भवग्रहणं षष्ठं श्रुयते भगवत इत्येतदेव षष्ठभवग्रहणतया-व्याख्यातं यस्माच्च भवग्रहणादिदं षष्ठं तदप्येतस्मात् षष्ठमेवेति सुष्ठूच्यते तीर्थंकरभवग्रहणात् षष्ठे पोट्टिलभवग्रहणे इति ।" પૃ. ૧૦૬

૨ શીલાંક ચઉ.માં ભાગવતધર્મ પ્રવર્તવ્યાનું કહે છે. પણ કપિલ અને આસુરી સહિતંતનો ઉલ્લેખ પણ તેમણે કર્યો છે. તેથી ત્યાં પણ સાંખ્ય અભિપ્રેત છે જ. પૃ. ૪૯, ૯૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિવ્રાજકો એ જૈનધર્મના શિથિલાચારીઓ છે એવું બતાવવાનો આ પ્રયત્ન છે. ભ.મહાવીરના જીવનમાં ગર્ભાપહરણની ઘટના પ્રથમ કે મરીચિને ભ.મહાવીરના પૂર્વભવ તરીકે વર્ણવવો એ પ્રથમ–એ નક્કી કરવું મુશ્કેલ છે. પણ એટલું તો ચોક્કસ કે મરીચિ વિષે ઋષભ જે ભવિષ્યકથન કરે છે–તેવી ભવિષ્યકથનની પ્રક્રિયા જૈન–બૌદ્ધ બન્નેમાં સમાન છે. ભગવાન ગૌતમબુદ્ધ વિષે પણ પ્રથમ બુદ્ધ[1] દીપંકરબુદ્ધ આગાહી કરે છે કે એ બુદ્ધ થશે. તે જ પ્રમાણે પ્રથમ તીર્થંકર ઋષભ મહાવીર વિષે આગાહી કરે છે.

શ્રમણ અને બ્રાહ્મણનો સંઘર્ષ જૂનો છે. અને તે સંઘર્ષને પણ ભ.મહાવીરના ગર્ભાપહરણની ઘટના સાથે જોડીને એક તરફ બ્રાહ્મણકુળને હલકું બતાવવા પ્રયત્ન કર્યો તો બીજી તરફ કુલાભિમાન ન કરવું–એવો ઉપદેશ આપ્યો. મરીચિએ પોતે તીર્થંકર, ચક્રવર્તી અને વાસુદેવ થવાનો છે તે સાંભળી કુલાભિમાન કર્યું તે ઘટના પણ સર્વપ્રથમ નિર્યુક્તિમાં જ મળે છે.

જિનસેનના મહાપુરાણમાં આવશ્યકનિર્યુક્તિની જેમ જ મરીચિને ઋષભનો પૌત્ર કહ્યો છે. તેણે ઋષભ પાસે દીક્ષા લીધી પણ કઠિન તપસ્યામાર્ગ સહન ન થવાથી તે પણ પરિવ્રાજક વેશધારી બની ગયો હતો અને તેણે જ યોગશાસ્ત્ર અને કાપિલશાસ્ત્રનું પ્રવર્તન કર્યું છે એમ તેમાં જણાવ્યું છે. (૧૮.૬૧–૬૩) વળી એમ પણ જણાવ્યું છે કે અન્ય પરિવ્રાજકો પ્રાયશ્ચિત્ત કરી પુનઃ જૈનમુનિ થયા પરંતુ મરીચિએ તેમ ન કર્યું. (૨૪.૧૮૨) પરંતુ તેમાં ઋષભ દ્વારા ભાવી તીર્થંકર વિષેની કોઈ આગાહી કરવામાં આવી નથી. અને મરીચિને ભ.મહાવીરના પૂર્વભવરૂપે પણ જણાવ્યો નથી. કારણ એ જણાય છે કે દિગંબરમાં ગર્ભાપહરણની ઘટના છે જ નહિ. તેથી મરીચિના કુલાભિમાન વગેરેની ઘટના તેમાં સ્થાન ન પામે તે સ્વાભાવિક છે.

પણ એટલી વાતમાં આવ. નિ. અને મહાપુરાણની એકમતિ છે કે પરિવ્રાજકોનો ધર્મ અને સાંખ્યશાસ્ત્રની પ્રવર્તના માટે મરીચિ જવાબદાર છે. આ બન્ને પરંપરામાં પ્રાચીનકાળથી ચાલી આવતી હકીકત હશે તેથી બન્નેમાં સમાન ભાવે જોવા મળે છે.

આવશ્યકનિર્યુક્તિમાં વિશ્વભૂતિને મહાવીરનો પૂર્વભવ બતાવી તે પછી ત્રિપૃષ્ઠ વાસુદેવરૂપે પણ એક પૂર્વભવ ગણાવ્યો છે. ઉત્તરપુરાણમાં ગુણભદ્રે એ

---

૧. જુઓ 'પાલિ પ્રોપર–નેમ્સ'માં 'બુદ્ધ', 'દીપંકર', 'સુમેધ' શબ્દો. જાતકટ્ઠકથા (જ્ઞાનપીઠ) પૃ. ૧૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રિપૃષ્ઠ વાસુદેવનું ચરિત લખ્યું છે તેમાં ત્રિપૃષ્ઠના પૂર્વભવમાં તેના વિશ્વનંદીરૂપે પૂર્વભવની ચર્ચા કરે છે. પણ તેનો સંબંધ છેક મરીચિ સુધી જોડતા નથી (૫૭. ૬૮–૮૫; ૫૭.૯૮) એ સૂચક છે. પરંતુ આશ્ચર્ય છે કે એ જ આચાર્ય ગુણભદ્રે આગળ ચાલી ૭૪મા પર્વમા ભગવાન મહાવીરના ચરિતમાં પૂર્વભવો ગણાવ્યા છે અને પુનઃ તેની સંકલના ૭૬મા પર્વમાં પણ કરી છે. તે જોવાથી એટલું તો નક્કી થાય છે કે મરીચિ એ તેમને મતે ભ.મહાવીરનો પૂર્વભવ છે અને ત્રિપૃષ્ઠ પણ ભગવાન મહાવીરનો પૂર્વભવ છે. વળી જિનસેને ભાવી તીર્થંકરવિષેની આગાહીની નોંધ લીધી નથી પરંતુ ગુણભદ્રે તે આગાહીની નોંધ લીધી છે. ફેર એ છે કે તેમાં ત્રિપૃષ્ઠ મરીને જ્યારે સિંહ થાય છે ત્યારે તે સિંહને એક ચારણમુનિ જણાવે છે કે મેં શ્રીધર તીર્થંકર પાસેથી સાંભળ્યું છે કે તું આજથી દશમે ભવે અંતિમ તીર્થંકર થઈશ. (૭૪.૨૦૪) શીલાંકના ચઉ.માં પણ સિંહની કથા પ્રસંગે આવી આગાહી કરવામાં આવી છે. (પૃ. ૧૦૦) અને તે જ કથામાં મરીચિથી માંડી મહાવીરના ત્રિપૃષ્ઠ સુધીના ભવો પણ ગણાવ્યા છે. (પૃ. ૯૭).

આચાર્ય ગુણભદ્રે ઉત્તરપુરાણમાં જે પ્રમાણે ભ.મહાવીરના પૂર્વભવોનું નિરૂપણ કર્યું છે તેની અહીં નોંધ લઈ લઈએ. તેમણે પણ જ્યારથી મહાવીરનો જીવ અનેક ભવો કર્યા પછી માર્ગાનુસારી બને છે ત્યારથી પૂર્વભવોની નોંધ લીધી છે તે આ પ્રમાણે છે.

૧. પુરૂરવા (૭૪.૧૪–૨૧)
૨. સૌધર્મદેવ (૭૪.૨૨)
૩. મરીચિ (૭૪.૨૨–૬૬)
૪. બ્રહ્મલોકમાં દેવ (૭૪.૬૭)
૫. [1]જટિલ પરિવ્રાજક (૭૪.૬૯)
૬. [2]સૌધર્મદેવ (૭૪.૬૯)
૭. પુષ્યમિત્ર પરિવ્રાજક (૭૪.૭૦–૭૨)
૮. સૌધર્મદેવ (૭૪.૭૩)
૯. [3]અગ્નિસહ પરિવ્રાજક (૭૪.૭૪–૭૫)

---

૧. આ.નિ.માં કૌશિક
૨. આ.નિ.માં તિર્યંચ આદિ અનેક ભવો.
૩. આ.નિ.માં અગ્નિદ્યોત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦. [૪]સનત્કુમાર દેવ (૭૪.૭૫)
૧૧. [૫]અગ્નિમિત્ર પરિવ્રાજક (૭૪.૭૬–૭૭)
૧૨. [૬]માહેન્દ્ર દેવ (૭૪.૭૮)
૧૩. ભારદ્વાજ પરિવ્રાજક (ત્રિદંડી) (૭૪.૭૮–૭૯)
૧૪. માહેન્દ્રદેવ (૭૪.૮૦)
૧૫. [૭]ત્રસસ્થાવરાદિ અનેક ભવો (૭૪.૮૧)
૧૬. સ્થાવર પરિવ્રાજક (૭૪.૮૨–૮૫)
૧૭. [૮]માહેન્દ્રદેવ (૭૪.૮૫)
૧૮. વિશ્વનંદી[૯] (જૈનદીક્ષા) (૭૪.૮૬–૧૧૭)
૧૯. મહાશુક્રદેવ (૭૪.૧૧૮)
૨૦. ત્રિપૃષ્ઠ (વાસુદેવ) (૭૪.૧૨૨–૧૬૬)
૨૧. સાતમી નરક (૭૪.૧૬૭)
૨૨. સિંહ (૭૪.૧૬૯)
૨૩. પ્રથમ નરક (૭૪.૧૭૦)
૨૪. [૧૦]સિંહ(૭૪.૧૭૧–૨૧૮)ને ઉપદેશ પછી ચારણમુનિની આગાહી કે તું દશમા ભવે અંતિમ તીર્થંકર થઈશ એમ મેં શ્રીધર તીર્થંકર પાસે સાંભળ્યું છે (૭૪.૨૦૪)અને શ્રદ્ધાપૂર્વક શ્રાવકવ્રતોનો સ્વીકાર(૭૪.૨૦૮)
૨૫. [૧૧]સૌધર્મદેવ સિંહકેતુ (૭૪.૨૧૯)
૨૬. [૧૧]કનકોજ્જ્વલવિદ્યાધર, જૈનદીક્ષા (૭૪.૨૨૨–૨૨૯)
૨૭. [૧૧]સાતમા સ્વર્ગે દેવ (૭૪.૨૨૯)
૨૮. [૧૧]હરિષેણ, જૈન દીક્ષા (૭૪,૨૩૦–૨૩૩)
૨૯. [૧૧]મહાશુક્રમાં દેવ (૭૪.૨૩૪)

---

૪. આ.નિ.માં ઈશાનકલ્પ
૫. આ.નિ.માં અગ્નિભૂતિ
૬. આ.નિ.માં સનત્કુમાર
૭. આ.નિ.માં ગા. ૪૪૩
૮. બ્રહ્મલોક અને પછી સંસારભ્રમણ આ.નિ.માં
૯. આ.નિ.માં નામ વિશ્વભૂતિ
૧૦. તિર્યંચમનુષ્યભવો આ.નિ.માં
૧૧. આ.નિ.માં નથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૦. પ્રિયમિત્ર ચક્રવર્તી, જૈનદીક્ષા (૭૪.૨૩૫–૨૪૦)
૩૧. [1]સહસ્રારકલ્પમાં સૂર્યપ્રભ (૭૪.૨૪૧)
૩૨. નન્દ, જૈનદીક્ષા પ્રોષ્ઠિલ પાસે, તીર્થંકર નામકર્મનો બંધ (૭૪ ૨૪૨–૨૪૬)
૩૩. અચ્યુતના પુષ્પોત્તર વિમાન (૭૪.૨૪૬;
૩૪. સિદ્ધાર્થપત્ની પ્રિયકારિણીના પુત્ર વર્ધમાન[2] (૭૪.૨૫૧ ff.)

આ પૂર્વભવોની તુલના આ.નિ. સાથે કરવાથી જણાશે કે આમાં કોઈ મહત્ત્વનો તફાવત નથી, માત્ર સંખ્યામાં તફાવત છે. એટલું જ નહિ પણ જે ભવો મહત્ત્વના છે તે બન્નેમાં સરખું મહત્ત્વ ધરાવે છે તે હવે પછીના વિવેચનથી જણાઈ આવશે. એ પણ નોંધવું જરૂરી છે કે મરીચિએ 'અહીં પણ ધર્મ છે' જે કહ્યું તેથી તેનો સંસાર વધ્યો તેમ જણાવી ભવો નિર્યુક્તિમાં ગણાવ્યા છે જ્યારે ઉત્તરપુરાણમાં એવો કોઈ સંબંધ જોડવામાં આવ્યો નથી.

અહીં આચાર્ય શીલાંકના ચઉપ્પન્નમહાપુરિસચરિયમાં ભગવાન મહાવીરના પૂર્વભવોની જે ચર્ચા છે તે પણ નોંધવી ઘટે છે. પ્રસ્તુતમાં ત્રિપૃષ્ઠ વાસુદેવના ચરિત્રમાં ભ.મહાવીરના પૂર્વભવોની નોંધ છે પરંતુ ઋષભચરિતમાં નથી તે નોંધવું જોઈએ. આ નિ.માં તો ઋષભચરિતગત મરીચિના પ્રસંગે જ પૂર્વભવો આપ્યા છે. ઋષભચરિતમાં મરીચિનું ચરિત્ર આપ્યું છે (પૃ. ૪૯) તેમાં ઋષભે મરીચિ વિષે તે અર્ધચક્રી તિવિટ્ઠ, વિદેહમાં ચક્રવર્તી અને વર્ધમાન તીર્થંકર થશે એવી ભવિષ્યવાણી કરી છે. આ પછી ત્રિપૃષ્ઠના ચરિતમાં મરીચિથી માંડીને નીચેના પૂર્વભવો ક્રમે આપ્યા છે. પણ આમાં ગ્રામચિંતક જે મરીચિનો પણ પૂર્વભવ છે તે બાબત કશું જ કહેવામાં આવ્યું નથી તે નોંધવા જેવું છે. (ચઉ.પૃ. ૯૭)

૧. મિરિઈ પરિવ્રાજક (મરીચિ પરિવ્રાજક)	૬. ઈશાન દેવ
૨. બ્રહ્મલોકમાં દેવ	૭. અગ્નિભૂઈ પરિવ્રાજક
૩. કોસિય પરિવ્રાજક	૮. સનત્કુમાર દેવ
૪. સૌધર્મ દેવ	૯. ભારદ્વાજ પરિવ્રાજક
૫. અગ્નિજ્જોઅ પરિવ્રાજક	૧૦. માહેન્દ્ર દેવ

---

૧. મહાશુક્ર—આ.નિ.

૨. પુરૂરવાથી માંડીને વર્ધમાન સુધીના ભવોની પુનઃ ગણના ઉત્તરપુરાણમાં તેને અંતે ૭૬.૫૩૪–૫૪૩માં કરીને પુરાણની સમાપ્તિ કરી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧. થાવર પરિવ્રાજક
૧૨. બ્રહ્મલોક દેવ
૧૩. વિસ્સભૂતિ (જૈન દીક્ષા)
૧૪. મહાશુક્રદેવ
૧૫. ત્રિપૃષ્ઠ
૧૬. અપ્રતિષ્ઠાન નરક સાતમી

આટલા ભવો આપ્યા પછી શીલાંક કહે છે કે—"अओ उत्तरं वद्धमाण–तित्थयरचरियाहिगारे कहिस्सामो"– પૃ૦ ૧૦૩. પણ ભ. મહાવીરના ચરિતમાં શીલાંકે માત્ર એટલું જ જણાવ્યું છે કે મરીચિનો જીવ અનેક ભવો કરીને પુષ્પોત્તર વિમાન-માંથી દેવાનંદાના ગર્ભમાં આવ્યો–(પૃ૦ ૨૭૦). એટલે ત્રિપૃષ્ઠ પછીના ભવો કયા હતા તે વિષેની કશી માહિતી શીલાંકના ભ. મહાવીર ચરિતમાં મળતી નથી. વળી મરીચિસહિત ૭ પરિવ્રાજકના ભવો છે તે પણ નોંધપાત્ર છે જ્યારે અન્યત્ર મરીચિ સિવાયના ૭ પરિવ્રાજકભવો છે.

આચાર્ય ગુણચન્દ્રના મહાવીરચરિયમાં દ્વિતીય પ્રસ્તાવ મરીચિ વિષે છે.

પરિવ્રાજકભવો ૭ :

મરીચિ પછીના ભ. મહાવીરના ભવો વિષેની આ નોંધ પછી હવે તે ભવોમાં જે મહત્ત્વના છે એટલે કે જેને વિષે ગ્રન્થકારોએ કથાઓ આપી છે તે કથાઓની પણ ચર્ચા અહીં કરવી પ્રાપ્ત છે. મરીચિ પછીના મનુષ્યભવોમાં તે ૭ ભવોમાં પરિવ્રાજક બને છે–(આ૦ નિ૦ ૩૨૬; વિશેષા૦ ૧૭૯૨) એટલે કે પોતાની મિથ્યાદૃષ્ટિ તે મનુષ્યના ૭ ભવો સુધી કાયમ રાખે છે—આ બાબતમાં આ૦ નિ૦ અને ગુણભદ્રનું ઉત્તરપુરાણ (૭૪.૬૯–૮૫) એકમત છે અને ગુણચન્દ્ર પણ તેમ જ કહે છે (મહાવીર ચરિય ૨–૨૬૬). તે સૂચવે છે કે તેઓએ એકસરખી પરંપરાની નોંધ લીધી છે. એટલે કે સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી પણ જીવને કુમાર્ગે જવાનો ઘણો જ સંભવ છે. માટે એવા કુમાર્ગે ન ચડી જવાય તેની તકેદારી સાધકે રાખવી જરૂરી છે અને પ્રાપ્ત શ્રદ્ધાને ટકાવી રાખવા ભગીરથ પ્રયત્ન કરવો આવશ્યક થઈ પડે છે અન્યથા હાથ આવેલ શ્રદ્ધારત્ન મરીચિની જેમ હારી જવાય છે.

આ છએ પરિવ્રાજકભવો અને મરીચિનો પરિવ્રાજકભવ એમાં નિર્ગ્રન્થ સંપ્રદાયથી વિરુદ્ધ શી વાત હતી તે જોઈએ તો પ્રથમ ભૂમિકામાં તો માત્ર આચાર વિષે જ ભેદ જણાય છે અને આચારની શિથિલતાને કારણે–દિગંબર નહિ પણ વસ્ત્ર અને બીજાં ઉપકરણોને કારણે જ મરીચિને પરિવ્રાજક સંપ્રદાયનો પ્રવર્તક ગણ્યો છે.[1] તેમાં તાત્ત્વિક માન્યતાની બાબતમાં શો ભેદ હતો તે વિષે નિર્યુક્તિમાં

૧. આ૦ નિ૦ ૨૭૭–૨૮૬. ઉત્તરપુરાણ. ૭૪.૫૧–૬૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો કશું જ જણાવ્યું નથી. પરંતુ પછીના ગ્રન્થોમાં તેના સંપ્રદાયને સાંખ્યદર્શન સાથે જોડવા પ્રયત્ન થયો છે. આથી જણાય છે કે શ્રમણોમાં બ્રાહ્મણોથી જે ભેદ હતો તે મુખ્યરૂપે ગૃહત્યાગને હતો અને નિર્ગ્રન્થ શ્રમણોમાં ગૃહત્યાગ ઉપરાંત પણ સર્વથા અપરિગ્રહ બનવાનો–નિર્ગ્રન્થ બનવાનો પ્રયત્ન હતો. આથી પ્રારંભમાં શ્રમણોમાં સંપ્રદાયભેદમાં દાર્શનિક માન્યતા ગૌણ હતી, આચારભેદ મુખ્ય હતો–એમ જો કહેવામાં આવે તો તે સર્વથા અસંગત નહિ થાય. દાર્શનિક માન્યતાને આધારે, સમ્યક્ત્વ–મિથ્યાત્વની ભૂમિકા પછીથી થઈ, જ્યારે ક્રમે કરી તે તે સંપ્રદાયોએ પોતાની દાર્શનિક માન્યતાઓ પણ વ્યવસ્થિત કરવા માંડી. એ પૂર્વે તો આચાર અને વેશની એકરૂપતા એ જ તે તે શ્રમણોના સંપ્રદાયોનું નિયામક તત્ત્વ હશે. દાર્શનિક ભૂમિકાભેદ એ સંપ્રદાયભેદનું નિયામક બહુ મોડું બન્યું હશે—એમ જણાય છે. આથી મરીચિને સમ્યક્ત્વ થવાની જે વાત છે, તેની સાથે દાર્શનિક માન્યતા જોડાયેલી હશે જ તેમ કહેવું કઠિન છે. જો હોત તો મરીચિના વર્ણનમાં પ્રાચીન કાળથી જ એનો ઉલ્લેખ થયો હોત. તે થયો નથી તે બતાવે છે કે માત્ર આચારભેદને કારણે તેને નિર્ગ્રન્થ પરંપરાથી જુદી પરંપરાનો પ્રવર્તક બતાવવામાં આવ્યો છે. મરીચિ પોતાના શિષ્ય કપિલને પણ જે કહે છે કે 'कविला एत्थं पि इयइं पि' (आ० नि० ३२०, वि० १७८६) કે અહીં પણ ધર્મ તો છે જ અર્થાત્ ભલેને મારામાં આચાર થોડો શિથિલ હોય પણ તેમાં ધર્મ તો છે જ[1] તેથી મરીચિની દાર્શનિક માન્યતામાં નિર્ગ્રન્થ પરંપરાથી મૌલિક ભેદ હશે જ એમ માનવાને કારણ નથી. આનું એ પણ પ્રમાણ છે કે આવશ્યકચૂર્ણિમાં પ્રથમ વાર સાંખ્યો સાથે મરીચિની પરંપરાના પરિવ્રાજકોના ધર્મનો સંબંધ જોડવા પ્રયત્ન થયો છે. તેમાં જણાવ્યું છે કે—મરીચિ તો મરીને દેવલોકમાં ગયો પણ તેનો શિષ્ય કપિલ તો મૂર્ખ હતો. તે વિષેની કથા—આ પ્રમાણે આપી છે. "सो वि कविलो मुक्खो, ण किंचि जाणति सत्थं वा पोत्थं वा । जो वि उवट्ठाति ण तस्स कहेतुं जाणति । णवरि आसुरिं पव्वावेति तस्स आयारगोचरं ववदिसति, एवं जाव सोवि कालगतो बंभलोए उववन्नो ओहिं पउंजति, आसुरिं पासति, तस्स चिंता जाता, जहा मम सीसो ण जाणइ किंचि । उवदेसं से देमित्ति सो आगासे पंचवन्नं मंडलं करेत्ता तत्थ ट्ठितो । स च तत्र दर्शयति अव्यक्तप्रभवं व्यक्तं चतुर्विंशतिप्रकारं ज्ञानं प्रकाशयति । ततः पश्यति अज्ञानावृत्तस्य (?) तत्रैव प्रलीयते । पश्चात् तत् षष्टितन्त्रं संवृत्तं । एवं कुतित्थं जातम् । तं[2] कविलोपण्णमिति" (आ० चू० पृ० २२९

---

૧. આ૦ ચૂ૦ પૃ૦ ૨૨૮.

૨. कविलोपढिज्जमिति–આ૦ ચૂ૦ મુદ્રિત પાઠ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ કથામાં કપિલનું નામ આવતું જ હતું. તેથી તેની સાથે આસુરીનો સંબંધ જોડી તેના દર્શનને સાંખ્ય પરંપરા સાથે જોડી દેવાનો આ પ્રયત્ન છે.

આપણે જાણીએ છીએ કે સાંખ્ય પરંપરામાં મૂળ પુરુષ કપિલ મનાયા છે અને તેમણે આસુરીને સાંખ્યવિદ્યા આપી છે. આસુરીએ પંચશિખને આપી અને પછી ક્રમે ષષ્ટિતંત્રની રચના થઈ છે (સાંખ્યકારિકા ૭૦–૭૨). જૈન દર્શન અને સાંખ્યદર્શનની ઘણી બાબતો એવી છે જે સમાનતા ધરાવે છે. તે બાબતમાં ડા. જેકોબી જેવા વિદ્વાનોએ લખ્યું પણ છે.[૧] એથી અહીં એ બાબતમાં વિશેષ નિરૂપણ જરૂરી નથી. પણ મરીચિની પરંપરાને સાંખ્ય સાથે જોડવામાં જૈન–સાંખ્ય એ બન્નેની સમાન ભૂમિકા પણ એક કારણ હોય એમ કહીએ તો અસંગત નહીં ગણાય. પ્રત્યેક પરિવ્રાજકના ભવ પછી મરીચિ સ્વર્ગમાં ક્રમે ઊંચા ને ઊંચા દેવલોકોમાં જાય છે તે પણ સૂચક છે અને તેમાંથી સૂચના એવી માન્યતાની મળે છે કે ત્યાગ અને તપસ્યાનું ફળ દેવલોક છે. તે જૈન પરિભાષા પ્રમાણે શિથિલાચારી હતો છતાં ગૃહત્યાગી તો હતો જ અને ગૃહત્યાગનું ફળ નરક કે તિર્યંચના ભવો તો હોય નહિ પણ ઉત્તરોત્તર ઊંચાં ને ઊંચાં સ્વર્ગો જ હોય. છતાં પણ પ્રાચીનોએ દાખવેલ આ ઉદારતા પછીના જૈન આચાર્યોથી સહન થઈ નથી. તેથી તેમાં તિર્યંચ આદિના ભવો દાખલ ક્યારેક કર્યા હોય તેમ જણાય છે. આને પરિણામે જ તે ભવો ક્યાં ગોઠવવા તેમાં એકમતિ નથી દેખાતી. એ સૂચવે છે કે તે ભવો મૌલિક વિચારણામાં હતા નહિ, પરંતુ માત્ર દેવભવો જ મૌલિક હતા.

વિશ્વભૂતિ–નિદાનનું દુષ્પરિણામ

આવશ્યકનિર્યુક્તિમાં પરિવ્રાજકના ભવો પછીની વિશ્વભૂતિની કથાનાં પાત્રો, દીક્ષા અને નિદાન પ્રસંગ—એની માત્ર સૂચના છે. પૂરી કથા તો આવશ્યક-ચૂર્ણિમાં આપવામાં આવી છે.[૨] પરિવ્રાજકના ભવો પછી ફરી તે સુમાર્ગે આવે છે અને જૈન દીક્ષા અંગીકાર કરે છે તેથી આ ભવનું મહત્ત્વ છે. પરંતુ નિદાન કરે છે અને તેને કારણે પરાક્રમી એવા વાસુદેવના ભવને પામવા છતાં તેનું પરિણામ તો નરક જ છે. આમ આ ભવનું નિરૂપણ એ સિદ્ધ કરવા માટે છે કે સાધનાનું ધ્યેય ચૂકીને બીજી કોઈ આકાંક્ષા કરવાથી પતનનો માર્ગ જ ઊઘડે છે અને મોક્ષમાર્ગનો અવરોધ ઊભો થાય છે. જૈનોની પરિભાષામાં જેને નિદાન કહેવામાં આવે છે

૧. Jain Studies, Part–I P. 53.

૨. મહાવીરચરિય, ત્રીજા પ્રસ્તાવમાં કાવ્યમયચરિત આપવામાં આવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેનો સીધો અર્થ છે—પોતે કરેલી સાધનાનું જે સ્વાભાવિક પ્રયોજન હોય તે છોડીને પોતાની તપસ્યા અને કઠોર સાધનાનું સંસારવર્ધક ફળ ચાહવું તે. સાધનાને પ્રતાપે તે મળે તો ખરું જ પણ તેથી આત્માનું પતન જ થાય. વૈદિક પુરાણોમાં તાપસો અને ત્યાગી સંન્યાસીઓ પોતાની તપસ્યાને બળે જે શાપ–અને પ્રસાદ આપે છે તેને મળતી આ પ્રક્રિયા છે. તાત્પર્ય એટલું જ કે સાધના મોક્ષ માટે છે તો તેની જ આકાંક્ષા સેવવી અને બીજી બધી આકાંક્ષાનો ત્યાગ કરવો. આમ ન બને તો વિશ્વભૂતિ જેમ પરિણામે નરકનાં કષ્ટો ભોગવવાનું આવે માટે નિદાનનો ત્યાગ કરવો.

વિશ્વભૂતિની રોચક કથા[1] જે આવશ્યકચૂર્ણિ(પૃ. ૨૩૦)માં આપવામાં આવી છે તેનો સાર આ પ્રમાણે છે—

રાજગૃહનગરમાં રાજા વિશ્વનંદી હતો. તેના પુત્રનું નામ વિશાખનંદી હતું. રાજાનો ભાઈ વિશાખભૂતિ યુવરાજનું પદ ભોગવતો હતો. તેની પત્ની ધારિણીનો વિશ્વભૂતિ નામે પુત્ર હતો. નગરમાં પુષ્પકરંડક નામે ઉદ્યાનમાં વિશ્વભૂતિ પોતાના અંતઃપુરની રાણીઓ સાથે સ્વચ્છંદે વિચરતો. તેથી વિશાખનંદીને તેનો લાભ મળતો નહિ. રાજા વિશ્વનંદીની પત્નીની દાસીઓ તે ઉદ્યાનમાંથી પુષ્પ વગેરે લાવી આપતી અને વિશ્વભૂતિની ક્રીડાઓને જોતી અને એવો અવસર રાજપુત્ર વિશાખનંદીને મળતો નહિ તેથી તેણે ઈર્ષાવશ થઈ. રાણીના કાન ભંભેર્યા. એટલે રાણી કોપભવનમાં બેઠાં અને વિચારવા લાગી કે રાજા જીવતાં છતાં મારા પુત્ર વિશાખનંદીને ઉદ્યાનમાં જવાનો અવસર પણ ન મળે તો તેમના મર્યા પછી તો શી વલે થાય? રાજાએ ઘણી મનાવી પણ માની નહિ અને કહેવા લાગી કે મારે તમારું કે રાજ્યનું પણ કામ નથી. મારા પુત્રની દશા તો દાસ જેવી છે. મંત્રીએ પણ સમજાવી પણ કશું વળ્યું નહિ. મંત્રીએ રાજાને કહ્યું કે આપણા વંશની નીતિ પ્રમાણે જ્યાં સુધી ઉદ્યાનમાં તે ક્રીડા કરતો હોય ત્યાં સુધી બીજો તો ત્યાં જઈ શકે નહિ. માટે તેને કાઢવાનો કોઈ ઉપાય વિચારવો ઘટે અને ઉપાય એવો કર્યો કે વિશ્વનંદી રાજા પાસે પ્રત્યંત રાજાનો એક દૂત ખોટો પત્ર લઈને આવ્યો કે તે ચઢાઈ કરી રહ્યો છે. એટલે વિશ્વનંદીએ તો યુદ્ધયાત્રાની તૈયારી કરી. આ સાંભળી કુમાર વિશ્વભૂતિએ વિશ્વનંદીને કહ્યું. કે મારા જીવતાં તમે લડાઈમાં શા માટે જાવ? આમ કહી તે જ લડાઈ કરવા નીકળ્યો. અને

૧. 'મહાવીરચરિય'–પ્રસ્તાવ ૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાછળ વિશાખનંદીએ ઉદ્યાનનો કબજો લઈ લીધો. વિશ્વભૂતિને આ તૂતની ખબર ત્યારે પડી જ્યારે તેણે જોયું કે પ્રત્યંત રાજાની યુદ્ધની તો કોઈ તૈયારી જ ન હતી. તે પાછો વળી જ્યારે ઉદ્યાનમાં જવા જાય છે ત્યાં દ્વારપાળે રોકયો અને કહ્યું કે ઉદ્યાનમાં તો વિશાખનંદી રમણ કરી રહ્યો છે. આ સાંભળી તેને આ કપટનાટક જોઈને ભારે ક્રોધ ચડયો. તેણે કવિટ્ઠલતાને[1] એક મુક્કો માર્યો; ત્યાં તો અનેક ફળો જમીન ઉપર રોળાઈ ગયાં. આ જોઈ તેણે કહ્યું કે જો પિતા વિષે મારા મનમાં ગૌરવ ન હોત તો આ જ પ્રમાણે ઉદ્યાનમાં રમણ કરનારનાં ડોકાં ઉડાવી દેત કારણ મને તમે ઠગીને બહાર કાઢયો છે. પણ પછી તેને વિચાર આવ્યો કે આવા ભોગથી સર્યું જેને કારણે બે ભાઈમાં પણ વૈર થાય અને આવું અપમાન સહન કરવું પડે. અને તેણે સંભૂતનામના સ્થવિર પાસે દીક્ષા સ્વીકારી સંસારનો ત્યાગ કર્યો. આ સાંભળી રાજા અને યુવરાજ પોતાના અંતઃપુરની રાણીઓ સાથે નીકળી પડયા અને ક્ષમા માગી પણ તેણે તે ઉપર કાંઈ ધ્યાન આપ્યું નહિ અને તપસ્યામાં લીન થઈ વિચરવા લાગ્યો.

બન્યું એમ કે વિશાખનંદી કુમાર તેની ફઈની પુત્રી સાથે પરણવા માટે મથુરા ગયો હતો. અને રાજમાર્ગમાં આવાસ કરી રહ્યો હતો.[2] અને તે જ દિવસોમાં વિશ્વભૂતિ અણગાર પણ માસક્ષમણના પારણા નિમિત્તે ભિક્ષા માટે મથુરાના રાજમાર્ગમાં ફરી રહ્યા હતા. વિશાખનંદીના અનુચરોએ કહ્યું કે જુઓ આ અણગારને ઓળખો છો ? તેણે કહ્યું ના. ત્યારે અનુચરોએ ઓળખાણ પાડી કે એ વિશ્વભૂતિ છે. આ સાંભળી તેનું વેર જાગ્યું અને ક્રોધથી બળવા લાગ્યો. એટલામાં તો તે અણગારને એક ગાયે પછાડી દીધો આ જોઈ વિશાખનંદી આદિ હસી પડયા. અને કહ્યું—કયાં ગયું તારું એ બળ જે તેં કવિત્થલતા ઉપર દેખાડયું હતું અને કવિત્થનાં ફળને રોળી મૂકયાં હતાં ? આ સાંભળી તેણે પાપી વિશાખનંદી સામે જોયું અને તેને ઓળખીને પોતાના બળનું પ્રદર્શન કરવા તે ગાયને શીંગડાથી પકડીને ઊંચે ઉછાળીને પટકી દીધી. અને દેખાડી આપ્યું કે ગમે એટલો દુર્બલ સિંહ હોય પણ શું શિયાળ તેનો મુકાબલો કરી શકે ? અને તેણે વિચાર્યું કે હજી પણ આ દુરાત્મા મારા પ્રત્યે રોષ ધરાવે છે તો હવે તો તેને પૂરો બદલો આપવો જ જોઈએ. આમ વિચારી તેણે નિદાન કર્યું કે જો મારાં તપ-નિયમ-બ્રહ્મચર્યનું કાંઈ ફળ હોય તો હું

૧. આ નામનું કોઠાંનું ઝાડ. નાનાવૃક્ષ માટે લતા શબ્દનો પ્રયોગ થાય છે જેમ કે આમ્રલતા એ લંગડા કેરીના ઝાડ માટે વપરાય છે.

૨. મહાવીરચરિયમાં પણ આમ જ છે. પૃ. ૪૦ અ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગામી ભવમાં અપરિમિત બળવાળો થાઉં. આમ નિયાણુ કર્યું પણ તેની આલોચના કે પશ્ચાત્તાપ ન કર્યો અને તે મરીને મહાશુક્રમાં દેવરૂપે ઉત્પન્ન થયો. અને ત્યાંથી આવી ત્રિપૃષ્ઠ વાસુદેવ થયો.

આ કથામાં નિદાનના દુષ્પરિણામનું નિરૂપણ તો છે જ પણ વૈરને શમાવી દેવામાં ન આવે તો જન્મજન્માન્તરમાં પણ તેના કેવા પરિણામો આવે છે તેની ભૂમિકા પણ આ કથામાં કરવામાં આવી છે. આથી જ કહ્યું કે વિશ્વભૂતિએ નિદાન કર્યું પણ તે બાબતનો પસ્તાવો કર્યો નહિ તેથી હવે તેને તે બાબતનાં ફળ તો ભોગવવાં પડશે જ એવી સૂચના આ કથામાંથી મળી રહે છે. અન્યથા જૈન દીક્ષા લીધા પછી સાધક ઉત્તરોત્તર ઉન્નતિને જ પામે. એ ઉન્નતિમાં પણ ભૌતિક ઉન્નતિનું મહત્ત્વ નથી જ. કારણ વિશ્વભૂતિ ત્રિપૃષ્ઠના ભવમાં ભૌતિક ઉન્નતિની દૃષ્ટિએ તો તે પરાકાષ્ઠાને પામ્યો હતો. છતાં પણ તે નરકગામી થાય છે તેનું કારણ ભૌતિક ઉન્નતિ જ બની. માટે આંતરિક ઉન્નતિ એ જ ખરી ઉન્નતિ અને તે રાગદ્વેષના વિજયમાં જ છે, બાહ્ય પરાક્રમમાં નથી—એ આ કથાથી સ્પષ્ટ થાય છે.

આ કથા આવશ્યકચૂર્ણિને અનુસરીને ચઉપ્પન્નમાં પણ આપવામાં આવી છે. મૂળ કથાનકની ઘટનાઓમાં ખાસ ફેર નથી. વિગતમાં જરા–તરા ભેદ છે. વળી જરા વિસ્તારથી તે આપવામાં આવી છે. મથુરાને બદલે શંખપુર નામ આપવામાં આવ્યું છે. આવી નગણ્ય બાબતમાં અહીંતહીં ભેદ છતાં કથાનકનું માળખું બન્નેમાં એક જ છે (ચઉ. પૃ. ૯૮.) પરંતુ જે રીતે પ્રસંગ ઉપસ્થિત કરવામાં આવ્યો છે તેની વિશેષતા જરૂર છે અને તે એ કે ત્રિપૃષ્ઠે સિંહને જ્યારે માર્યો ત્યારે સિંહનો જીવ જતો ન હતો ત્યારે ત્રિપૃષ્ઠના સારથિએ જ્યારે તેને કહ્યું કે અરે સિંહ તને મારનાર સામાન્ય પુરુષ નથી ત્યારે જ તેનો જીવ ગયો. આ બાબતનું કુતૂહલ સારથીને હતું તેથી તેણે જ્યારે ગુણચંદ્ર મુનિને આ બાબતમાં પૂછ્યું ત્યારે ગુણચંદ્રમુનિએ મરીચિના ભવથી માંડીને ત્રિપૃષ્ઠના ભવ સુધીની અને સિંહ અને ત્રિપૃષ્ઠના પૂર્વભવગત વેરની વાત કરી અને જણાવ્યું કે તે સિંહ કોઈ નહિ પણ વિશ્વનંદીકુમારનો જીવ હતો અને સારથી ભ. મહાવીરનો ગણધર ગૌતમ થશે એવી પણ ભવિષ્યવાણી કરી (ચઉ. પૃ. ૯૬, ૯૯, ૧૦૦).

આવશ્યકચૂર્ણિમાં સિંહ વિશ્વનંદીકુમારનો જીવ હતો એવી કોઈ સૂચના નથી. વળી ત્રિપૃષ્ઠ જ્યારે સિંહને મારે છે અને તેનો જીવ નથી જતો ત્યારે તેને સમજાવનાર ત્રિપૃષ્ઠના સારથીનો પરિચય આપતાં ચૂર્ણિકાર જણાવે છે કે-'तं च किर कालं गोयमसामी भगवतो सारही आसी' (આ.ચૂ. પૃ. ૨૩૪). આથી કહી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકાય કે વેર–પ્રતિવેરનું પ્રદર્શન ચૂર્ણિ કરતાં ચઉપ્પન્નમાં આગળ વધ્યું છે. અને કથાપ્રસંગને જુદી જ રીતે ઉપસ્થિત કરવાની નવી પદ્ધતિ એટલે કે કોઈ જ્ઞાની મુનિ પૂર્વ અને પછીના ભવોનું વર્ણન કરતા હોય—અપનાવવામાં આવી છે. જેનો વિકાસ આપણે સમરાઇચ્ચકહા, કુવલયમાલા આદિમાં જોઈએ છીએ.

આચાર્ય હરિભદ્રે આવશ્યકચૂર્ણિની જ કથાને જેમની તેમ ઉતારી લીધી છે–આવશ્યકવૃત્તિ પૃ. ૧૭૨. મહાવીરચરિયમાં કથાનકની ઘટનાઓ સરખી જ છે. માત્ર કાવ્યછટાનો ફેર છે પ્રસ્તાવ ત્રીજો. અને આચાર્ય હેમચંદ્રે પણ પ્રાકૃતકથાને જરા મઠારીને સંસ્કૃતમાં રજૂ કરી છે (ત્રિષ. ૧૦.૧.૮૬–૧૦૭).

ઉત્તરપુરાણમાં મહાવીરચરિતમાં કથાનું મૂળ ખોખું તો સમાન જ છે પરંતુ નામોમાં પરિવર્તન થઈ ગયું છે. વિશ્વભૂતિને બદલે વિશ્વનંદી નામ આપવામાં આવ્યું છે અને તેના પિતાનું નામ વિશ્વભૂતિ આપ્યું છે. કથાપ્રસંગમાં વિશ્વભૂતિ દીક્ષા લઈ નાના ભાઈને રાજ સોંપી દે છે. પણ કથામાંની મૌલિક ઘટના ઉદ્યાન કોના કબજામાં રહે, અને તે મેળવવા કપટયુદ્ધની ઘટના સમાન જ છે. વળી મથુરામાં વિશાખનંદ રાજદૂત બનીને ગયો હતો અને દુરાચારી હોઈ વેશ્યાના મકાનમાં બેઠો હતો ત્યારે ત્યાં રાજમાર્ગમાં વિશ્વનંદી મુનિ તરફ તેના માણસોએ ગાય તગડી–એમ કહી પ્રસંગમાં રોચકતા વધારવામાં આવી છે. કપિત્થ લતાને બદલે ઉત્તરપુરાણમાં સાલવૃક્ષ[1] કહ્યું છે, આથી કથામાં પ્રભાવકતા આવી છે. કવિની કલ્પના વડે આ કથાને ઉત્તરપુરાણમાં વધારે કલાત્મક રીતે રજૂ કરી છે–એ સ્વીકારવું જોઈએ (ઉત્તરપુરાણ ૭૪.૮૬) પણ કથાનું મૌલિક રૂપ જુદું નથી.

પરંતુ આશ્ચર્યની વાત એ છે કે એ જ ગુણભદ્રે શ્રેયાંસ તીર્થંકરના ચરિત પ્રસંગે આ જ ત્રિપૃષ્ઠ વાસુદેવની કથા આપી છે તેમાં તેના પૂર્વભવ વિશ્વનંદીની કથા જે રૂપે આપી છે તે અતિ સંક્ષિપ્ત છે અને તેનું માળખું જરા જુદું છે. માત્ર ઉદ્યાન અને ગાયનો પ્રસંગ સમાન છે. પરંતુ કપિત્થની વાત તેમાં નથી અને કપટયુદ્ધનો પ્રસંગ પણ નથી. ઊલટું બન્ને ભાઈઓમાં ઉદ્યાન માટે યુદ્ધ થાય છે અને વિશાખનંદી હારીને ભાગી જાય છે. તે પછી વિશ્વનંદીને વૈરાગ્ય જાગે છે. વળી વિશાખનંદીએ રખેવાળને દાટી–દપટીને ઉદ્યાનનો કબજો લઈ લીધો-તેમાંથી યુદ્ધ થયું–એમ નિરૂપણ છે. આ ઉપરથી જણાય છે કે ગુણભદ્રની સમક્ષ આ કથાની પૂરી હકીકતો આ લખતી વખતે હતી નહિ જે મહાવીરચરિત લખતી વખતે તેમને પ્રાપ્ત થઈ છે. (ઉત્તરપુરાણ—૫૭.૬૮–૮૨)

---

૧. મહાવીરચરિયમાં પણ 'कोविट्टपायवो' છે. પૃ. ૩૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રિપૃષ્ઠવાસુદેવ :

વિશ્વભૂતિ મરીને મહાશુક્રમાં દેવભવ પૂરો કરી પોતનપુરમાં ત્રિપૃષ્ઠ વાસુદેવ બને છે તેની કથા આવશ્યકનિર્યુક્તિમાં નથી. માત્ર નગરી–માતા–પિતાનાં નામો અને તે પ્રથમ દસાર (વાસુદેવ) છે તેનું સૂચન છે. (આ૦ નિ૦ ૩૨૯—૩૩૦; વિ૦ ૧૭૯૫–૧૭૯૬). પરંતુ આવશ્યકચૂર્ણિમાં તેની કથા આપવામાં આવી છે. તેનો સાર આ પ્રમાણે છે.

[1]પોતનપુરમાં પ્રજાપતિની પત્ની, મૃગાવતીની કોખથી તે પેદા થયો. પ્રશ્ન કરવામાં આવ્યો છે કે ભગવંત પ્રજાપતિ નામનું શું રહસ્ય છે? તેનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું કે મૂળ નામ તો રિપુપ્રતિશત્રુ હતું અને તેની પત્ની ભદ્રાદેવી હતી. અને તે ભદ્રાને પુત્ર અચલ નામે હતો. અને પુત્રી મૃગાવતી નામે હતી, જેનું રૂપલાવણ્ય અનોખું હતું. યૌવનમાં આવેલી તે મૃગાવતી પુત્રી પિતૃચરણમાં વંદન કરવા ગઈ. પિતાએ તેને ખોળામાં બેસાડી અને તેનાં રૂપ–લાવણ્ય અને યૌવનના સ્પર્શથી પિતા મોહ પામ્યો. તેણીને તે કાળે વિદાય કરી નગરજનોને બોલાવ્યા અને પ્રશ્ન કર્યો કે અહીં રત્ન પેદા થાય તે કોનું? તેઓએ ઉત્તર આપ્યો. 'તમારું'–આમ ત્રણ વાર પૂછ્યું અને ઉત્તર એ જ મળ્યો. એટલે તેણે પુત્રીને સૌની સામે ઉપસ્થિત કરી. આથી તે સૌ લજ્જાથી બહાર ચાલ્યા ગયા અને ચિલ્લાતા રહ્યા. અને રાજાએ તો પોતાની પુત્રી મૃગાવતી સાથે ગાંધર્વવિવાહ કર્યો અને પોતાની ભાર્યા બનાવી. આ જોઈને ભદ્રા તો પોતાના પુત્ર અચલને લઈને દક્ષિણાપથમાં માહેશ્વરી નગરી સ્થાપીને ત્યાં રહી. પુત્ર અચલ માતાને ત્યાં મૂકી પિતા પાસે પાછો ફર્યો. આથી લોકોએ તેનું નામ પ્રજાપતિ પાડ્યું કારણ પોતાની પ્રજા–સંતતિનો પતિ બન્યો. વેદમાં પણ કહ્યું છે કે—'પ્રજાપતિએ પોતાની પુત્રીની કામના કરી.' એટલે રિપુપ્રતિશત્રુ રાજા પણ પ્રજાપતિને નામે પ્રખ્યાત થયો. અને—એ પ્રજાપતિની રાણી મૃગાવતીની કોખે જ્યારે વિશ્વભૂતિનો જીવ મહાશુક્રમાંથી ચ્યુત થઈ આવ્યો ત્યારે સાત સ્વપ્ન તેણીએ જોયાં. તેનું ફળ જોશીઓએ તે વાસુદેવ થશે એમ ભાખ્યું. તે જ્યારે જન્મ્યો ત્યારે તેને ત્રણ પૃષ્ઠકરંડક[2] હતા તેથી તેનું નામ ત્રિપૃષ્ઠ પાડ્યું. માતાએ તેનું ગરમ તેલથી માલિશ કર્યું. અને તે યૌવનને પ્રાપ્ત થયો.

---

૧. 'મહાવીરચરિય' પ્રસ્તાવ ત્રીજો પૃ૦ ૪૧માં આ કથા છે.

૨. ચઉ૦ (પૃ૦ ૯૫)માં 'વંસતિય'–છે. પૃષ્ઠકરંડકનો અર્થ 'પીઠમાં' ખૂંધ' એમ થાય. મહાવીરચરિયમાં–'तिपिट्ठकरंडगाडंबर०' છે–પૃ૦ ૪૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[1]તે જ કાળે મહામંડલી અશ્વગ્રીવ નામનો રાજા હતો. તેણે નૈમિત્તકને પોતાના મૃત્યુ વિષે પૂછ્યું કે મારે કોનાથી ભય ઊભો થવાનો છે? જવાબ મળ્યો કે જે આ સિંહને મારશે અને ચંડમેઘદૂતને પરાસ્ત કરશે તેનાથી તારે મૃત્યુનો ભય છે. તેણે સાંભળ્યું હતું કે પ્રજાપતિના પુત્રો મહાબલી છે. અને નૈમિત્તિકે પણ એમ કહેલું એટલે તેણે પ્રજાપતિ પાસે પોતાનો દૂત મોકલ્યો. દૂત રાજા પાસે આવ્યો ત્યારે પ્રજાપતિના અંતઃપુરમાં પ્રેક્ષનક-નાટક ભજવાઈ રહ્યું હતું. રાજા ઊભો થઈ ગયો અને નાટક બંધ કરવામાં આવ્યું. રાજકુમારો નાટક પ્રત્યે આકૃષ્ટ હતા. તેમણે પૂછ્યું કે આ વળી કોણ આવ્યો? જવાબ મળ્યો કે એ તો અશ્વ-ગ્રીવનો દૂત છે. તેમણે પોતાના માણસોને કહી રાખ્યું કે જ્યારે તે રવાના થાય ત્યારે અમને ખબર આપવા. રાજાએ દૂતને પુરસ્કાર આપી રવાના કર્યો એટલે રસ્તામાં જ કુમારોએ તેને માર મારી બધું લૂંટી લીધું. તેની સાથેના માણસો ભાગી ગયા. પ્રજાપતિને આની ખબર પડી એટલે તેણે દૂતને ત્રણ ચાર ગણું આપી કહ્યું કે આ વાતની અશ્વગ્રીવને ખબર ન પડે. પરંતુ દૂતના માણસોએ અશ્વગ્રીવને ખબર આપી જ દીધા હતા અને તે ગુસ્સે થયો હતો. દૂતે જ્યારે જાણ્યું કે અશ્વગ્રીવને તો બધી ખબર પડી જ ગઈ છે. ત્યારે તેણે પણ ખરી હકીકત કહી દીધી. રાજાએ ફરી પ્રજાપતિ પાસે દૂત મોકલ્યો અને કહેવરાવ્યું કે 'મારા [2]શાલિની ખેતી થતી હોય તેની ત્યારે રક્ષા કરો.' દૂત પાસેથી આ સમાચાર સાંભળીને પ્રજાપતિએ કુમારોને ઠપકો આપ્યો કે શા માટે અકાળે મૃત્યુને આમંત્રો છો? આપણો વારો નથી છતાં આપણને શાલિ રક્ષણનો આદેશ મળ્યો છે. રાજાએ તો પ્રસ્થાનની તૈયારી કરી પણ કુમારોએ તેમને રોકયા અને હઠથી તેઓ જ ગયા. ત્યાં ખેતરના રક્ષકોને પૂછ્યું કે અન્ય રાજાઓ કેવી રીતે રક્ષા કરે છે અને કેટલો સમય? જવાબ મળ્યો કે અશ્વ, હસ્તી, રથ અને પુરુષોના પ્રકારો બનાવીને જ્યાં સુધી ધાન રોપાઈ જાય ત્યાં સુધી રક્ષા કરવાની હોય છે. ત્રિપૃષ્ઠકુમારે કહ્યું: 'એમ રાહ જોવાની શી જરૂર? મને તે પ્રદેશ દેખાડો જ્યાં એ સિંહ રહેતો હોય.' તેઓએ તે ગુફા દેખાડી જ્યાં સિંહ રહેતો હતો. એટલે ત્રિપૃષ્ઠ રથમાં બેસી ગુફામાં

---

૧. જુઓ 'મહાવીરચરિય'–પૃ. ૪૪

૨. વાત એમ હતી કે ખેતરમાં એક રંજાડી સિંહ આવતો અને માણસોને મારી ખાતો, જેથી ખેતી થઈ શકતી ન હતી. તેથી અશ્વગ્રીવે પોતાના ખંડિયા રાજાઓનો રક્ષા માટે વારો બાંધી આપ્યો હતો. (મહાવીરચરિય–પૃ. ૪૪, ૪૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દાખલ થઈ ગયો. લોકોએ કિકિયારી કરી એટલે સિંહ નીકળ્યો. તો ત્રિપૃષ્ઠે વિચાર્યું કે આ તો પગપાળો છે અને હું રથમાં. આ તો વિસદૃશ યુદ્ધ થાય. એટલે તે તલવાર અને ખડ્ગ(ઢાલ) લઈને નીચે ઊતરી ગયો. પણ ફરી તેને વિચાર આવ્યો કે આની પાસે તો અસ્ત્રોમાં માત્ર નખ અને દાઢ જ છે અને મારા પાસે તલવાર અને ઢાલ આ પણ ઠીક નહિ. એટલે તેણે તલવાર અને ઢાલ પણ છોડી દીધાં. આ જોઈને સિંહને અમર્ષ થયો—એક તો આ રથ ઉપર ચડી એકલો ગુફામાં આવ્યો. વળી રથથી નીચે ઊતરી ગયો અને શસ્ત્રો પણ છોડી દીધાં. હવે તો હું એને મારી જ નાખું એમ વિચારી ખૂબ જ મોઢું ફાડી ત્રાડ દીધી. પણ ત્રિપૃષ્ઠે તો એક હાથથી તેનો ઉપરનો અને બીજા હાથથી નીચેનો હોઠ પકડીને તેને જીર્ણ કપડાને ચીરી નાખે તેમ ચીરી નાખ્યો, અને બે કકડા કરી જમીન ઉપર પટકી નાખ્યો. તે ટાણે લોકોએ મોટો કોલાહલ કર્યો અને દેવતાએ આભરણ આદિની વર્ષા કરી. આથી સિંહ અમર્ષનો માર્યો કંપાયમાન થઈ રહ્યો હતો કે આ પ્રકારે એક કુમારે મને મારી નાખ્યો. અને કયાંય સુધી તેનો જીવ ગયો નહિ. તે સમય ત્રિપૃષ્ઠનો સારથી જે ભગવાન(મહાવીર)નો શિષ્ય ગૌતમ સ્વામી થવાનો હતો, તેણે કહ્યું: 'તું આમ અમર્ષ કર નહિ. આ તો નરસિંહ છે, જ્યારે તું તો મૃગાધિપ છે. તો જો [1]સિંહે જ સિંહને માર્યો હોય તો તેમાં શું અપમાન થઈ ગયું?' આ વચનોનું સિંહે મધુની જેમ પાન કર્યું અને મરીને નરકમાં ઉત્પન્ન થયો અને ત્રિપૃષ્ઠ સિંહનું ચર્મ લઈને પોતાના નગરમાં પાછો ફર્યો અને ગ્રામ લોકોને કહેતો ગયો કે તમારા રાજા ઘોડમુખાને કહી દો કે હવે સુખની નીંદર લે. લોકોએ જઈ બધી વાત કહી એટલે રાજા ક્રોધે ભરાયો અને દૂતને પ્રજાપતિ પાસે મોકલી કહેવરાવ્યું કે કુમારોને મારી પાસે મોકલો. તમે તો હવે વૃદ્ધ થયા છો, હું તેમને રાજ્યો આપી તેમનું સન્માન કરીશ. પ્રજાપતિએ કહેવરાવ્યું. કુમારો નહિ આવે, હું જ આવું છું. એટલે દૂતે કહ્યું કે કુમારોને નથી મોકલતા તો પછી તમે યુદ્ધ માટે તૈયાર થઈ જાવ. પરંતુ કુમારોએ દૂતને માર મારીને કાઢી મૂક્યો. યુદ્ધ ઘણા દિવસ ચાલ્યું અને તેમાં જે સંહાર થયો તે જોઈ કુમારે અશ્વગ્રીવ પાસે દૂત મોકલ્યો અને કહેવરાવ્યું કે આપણે બન્ને જ લડીએ અન્યના સંહારથી સર્યું. એટલે બીજે દિવસે તેઓ બન્ને જ રથ ઉપર સવાર થઈ લડવા લાગ્યા. આયુધો ખૂટી ગયાં એટલે અશ્વગ્રીવે ત્રિપૃષ્ઠ પ્રતિ ચક્ર ફેંક્યું. અને તે ત્રિષ્ઠની છાતીમાં ચક્રાવો કરીને લાગ્યું.[2] પણ પછી તો એ જ

---

૧. મહાવીર ચરિય પૃ. ૫. સાથે તુલના કરો.

૨. 'तिविट्ठस्स तुम्बेण उरे पडियं' આમાં 'तुम्बेण'નો અર્થ સમજાતો નથી. આ. ચૂ. પૃ. ૨૩૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચક્રથી ત્રિપૃષ્ઠે અશ્વગ્રીવનું ડોકું કાપી નાખ્યું. એટલે દેવોએ ઉદ્‌ઘોષ કર્યો કે આ ત્રિપૃષ્ઠ નામે પ્રથમ વાસુદેવ છે. અને પછી તો તેણે બધા રાજાને નમાવ્યા અને અર્ધભારતને સાધ્યું. કોટીશિલાને દંડ અને બાહુ વડે ઉખાડીને ધારણ કરી. મરીને સાતમી નરકમાં ઉત્પન્ન થયો. (આ. ચૂ. પૃ. ૨૩૨).

આ કથામાં વૈદિકોના પ્રજાપતિની આડકથા મૂકવામાં આવી છે, તેનું મૂળ ઐતરેય બ્રાહ્મણ ૩.૩૩ માં છે. વિશેષ માટે જુઓ, 'ભારતવર્ષીય પ્રાચીન ચરિત્રકોશ'માં 'પ્રજાપતિ' શબ્દ, પૃ. ૪૬૪.

વળી વાસુદેવોમાં પ્રથમ વાસુદેવ ત્રિપૃષ્ઠની કથાગત પ્રતિવાસુદેવ અશ્વગ્રીવના મૃત્યુભયની જે ઘટના મૂકી છે તે કૃષ્ણવાસુદેવની કથાગત કંસને તે પ્રકારના ભય સાથે તુલનીય છે. (ભાગવત ૧૦.૨.૩–૪) કથા તથા અન્યત્ર પુરાણ આદિમાંના નિર્દેશો માટે ઉક્ત કોશમાં 'કંસ' શબ્દ જુઓ, પૃ. ૧૦૬.

આચાર્ય હરિભદ્રે આ કથાને ચૂર્ણિમાંથી જ આવશ્યકવૃત્તિમાં ઉતારી લીધી છે. પૃ. ૧૭૪.

ચઉપ્પન્ન.માં[1] તેની પીઠમાં 'સંવલિય' હોવાનો ઉલ્લેખ છે. તેના જ્યેષ્ઠ ભ્રાતા અચલને ભદ્રાનો પુત્ર જણાવ્યો નથી. વળી મૃગાવતી તેની પુત્રી હતી અને તેને તે પરણ્યો હતો તેમ તો જણાવ્યું છે. પરંતુ તે પહેલાં ભદ્રા હતી તેવો પણ કોઈ ઉલ્લેખ નથી. વળી કથાનકની રચના પણ વિશિષ્ટ છે. ત્રિપૃષ્ઠની શીલાંકવિર્ણિત કથામાં તેનું નામ પ્રજાપતિ કેમ પડયું તે સીધું કહેવામાં આવ્યું નથી. પણ સિંહમારણના પ્રસંગે સારથીનો પ્રશ્ન થયો ત્યારે તેના પૂર્વ ભવો મરીચિથી માંડીને જ્ઞાનીએ કહ્યા તેમાં ત્રિપૃષ્ઠના ભવમાં તેના પિતાનું નામ પ્રજાપતિ કેમ પડયું તે જણાવ્યું છે. વળી તે કથામાં પણ પ્રજાપ્રતિએ ગ્રામલોકોને બોલાવી પ્રશ્ન કર્યાની ઘટનાની નોંધ નથી.

વળી ચૂર્ણિ અને ચઉપ્પન્ન.માં કથા પ્રસંગો સમાન હોવા છતાં ક્રમ એક-સરખો નથી, તે પણ ધ્યાનમાં લેવા જેવી વાત છે. સિંહમારણનો પ્રસંગ ચઉપ્પન્ન.માં સ્વતંત્ર છે જ્યારે ચૂર્ણિમાં પ્રતિવાસુદેવની આજ્ઞાના પાલન પ્રસંગે છે-આ પ્રકારે પ્રસંગવર્ણનમાં ભેદ પડી જાય છે, આથી એમ તો કહી શકાય કે પરંપરા એક છતાં વર્ણનમાં લેખકે છૂટ લીધી છે.તે સૂચવે છે કે પ્રસંગ વિષેની પરંપરા સમાન છતાં જે ભેદ પડે છે તે લેખકની પ્રસંગવર્ણનની કલાને લીધે પડે છે. પણ

---

૧. ચઉપ્પન્ન. પૃ. ૯૫–૧૦૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુખ્ય જે મહત્ત્વનું સૂચન ચઉપ્પન્ન.માં છે તે એ કે આ ભવમાં તેનું સમ્યક્ત્વ-રત્ન ગલિત થઈ ગયું.[1] અને તે નરકે ગયો. ચૂર્ણિમાં સમ્યક્ત્વ ગલનની કોઈ વાત છે નહિ.

ઉત્તરપુરાણમાં ત્રિપૃષ્ઠની કથામાં આ બાબતનો ઉલ્લેખ નથી પરંતુ તે પછીના 'સિંહ'ના ભવમાં તે જ્યારે શિકાર કરી હરણ આરોગી રહ્યો હતો ત્યારે એક ચારણમુનિ તેને ઉપદેશ આપે છે. તે પ્રસંગે તે મુનિ તેને કહે છે કે ત્રિપૃષ્ઠના ભવમાં તેં ઘણા વિષયભોગ ભોગવ્યા અને છતાં અસંતુષ્ટ જ રહ્યો અને તે ભવમાં તું 'श्रद्धावज्ञत्रनापेतः' હતો તેથી તું નરકમાં ગયો હતો. (ઉત્તરપુરાણ ૭૪.૧૮૨).

ઉત્તરપુરાણની ત્રિપૃષ્ઠકથા કવિત્વવાળી અને પ્રસંગોનો ઉઠાવ ઘણો સુંદર છતાં તેમાં નવી હકીકત મળતી નથી. છતાં પણ તેનો એક પૂર્વ-પૂર્વ ભવના સાથી કે શત્રુને ઉત્તર-ઉત્તર ભવમાં તે ક્યાં કેવી રીતે ગયા અને પરસ્પરનો શત્રુ–ભાવ કેવી રીતે ઘટાડ્યો કે વધાર્યો–આવી યોજનાનું સંકલન તે ઉત્તરપુરાણમાં વિશેષરૂપે થયું છે એમ કહી શકાય.

વળી વાસુદેવ સાથે સંબદ્ધ રત્નોની સંકલના પણ કથામાં કરવામાં આવી છે તેથી સ્ત્રીરત્ન તેણે કેવી રીતે ક્યાંથી પ્રાપ્ત કર્યું એની સૂચના ઉત્તરપુરાણમાં છે. (૭૪–૧૩૫–૧૫૫).

ઉત્તરપુરાણની જેમ જ મહાવીરચરિયમાં પણ સિંહને વિશાખનંદીનો ભવ બતાવવામાં આવ્યો છે. (પૃ. ૪૪)

આચાર્ય હેમચંદ્રે ત્રિપૃષ્ઠની કથામાં આવશ્યકચૂર્ણિનું અનુસરણ કર્યું છે પણ એક પ્રસંગ ઉમેર્યો છે જે ચૂર્ણિમાં ત્રિપૃષ્ઠના ચરિતમાં જોવામાં આવતો નથી, અને તે આ પ્રમાણે છે.

એકવાર ત્રિપૃષ્ઠે પોતાના શય્યાપાલકને આજ્ઞા કરી કે હું ઊંઘી જાઉં ત્યારે સંગીતને સ્થગિત કરાવી દેવું. પરંતુ સંગીતમાં લુબ્ધ થયેલ શય્યાપાલકે રાજા ઊંઘી ગયો છતાં સંગીત કરનારનું વિસર્જન કર્યું નહિ. વચ્ચે રાજા જાગી ગયો એટલે તેણે શય્યાપાલકને પૂછ્યું કે શા માટે સંગીત બંધ નથી કરાવ્યું. અને જ્યારે તેણે જાણ્યું કે સંગીતના લોભે તેણે સંગીત ચાલુ રહેવા દીધું હતું ત્યારે ત્રિપૃષ્ઠે સવારે તે શય્યાપાલકના કાનમાં સીસું રેડાવ્યું.

---

૧. "तस्स य अतिबल परक्कमत्तणओ अवमण्णियसेससप्पुरिसस्स अइकूरज्झवसाइणो गलियं सम्मत्तरयणं" चउ. पृ. १०३ ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્ય હેમચંદ્રે સમ્યક્ત્વલોપનો ઉલ્લેખ નથી કર્યો. માત્ર હિંસાથી અવિરત અને મહારંભી, મહાપરિગ્રહી હોવાને કારણે તે સાતમી નરકમાં ગયો તેમ જણાવ્યું છે. (ત્રિષષ્ઠિ. ૧૦.૧.૧૦૮–૧૮૧); જ્યારે ગુણચન્દ્રે 'परिगलियसम्मत्तरयणो' સ્પષ્ટપણે કહ્યું છે.

આનું કારણ એ પણ હોઈ શકે કે જૈન પરંપરામાં મહારંભી અને મહાપરિગ્રહી તેને કહેવાય છે જે મિથ્યાત્વી હોય. તેથી આચાર્ય હેમચન્દ્રને સમ્યક્ત્વ-પરિગલનનો નિર્દેશ જરૂરી ન જણાયો હોય.

આ પ્રસંગ આચાર્ય હેમચન્દ્રે ગુણચન્દ્રના મહાવીરચરિયમાંથી લીધો છે તે અહીં નોંધવું જોઈએ (મહાવીરચરિય પૃ. ૬૨.)

જૈન કથાઓમાં વાસુદેવ—નારાયણ જે અર્ધચક્રી છે તેને મરીને નરકમાં જ જવાનું અને જે ચક્રવર્તી છે તેને મોક્ષે જવાની પણ શકયતા–આવા અસમંજસ જણાતા નિરૂપણ પાછળનું રહસ્ય એ જણાય છે કે જૈન મહાપુરુષોની કથામાં વાસુદેવોની યોજના વાસુદેવના ચરિતની મહત્તાને જ લઈને થઈ છે અને એ તો નિશ્ચિત છે કે કૃષ્ણવાસુદેવ તો વૈદિકોના આરાધ્યદેવનું સ્થાન પામ્યા છે. આથી જૈન એ મહાપુરુષને પોતાની પુરાણકથામાંથી બાકાત રાખી શકે એવી સ્થિતિ હતી નહિ. પરંતુ સાથે-સાથે વૈદિકો સાથેનો સંઘર્ષ પણ હતો જ. આથી મહાપુરુષોની હારમાળામાં વાસુદેવોને સ્થાન આપ્યું. એટલું જ નહિ પણ પ્રથમ વાસુદેવને ભ. મહાવીરના પૂર્વભવમાં ગણાવ્યા અને તેને નરકમાં મોકલ્યા પછી જ તેમનો ઉદ્ધાર થયો. આ જ ન્યાયે કૃષ્ણવાસુદેવે પણ નરકમાં જઈને પછી જ પોતાનો ઉદ્ધાર શોધવો રહ્યો. આમ સાંપ્રદાયિક સંઘર્ષ અને લૌકિક મહત્તા આ બન્નેના સમન્વયમાંથી વાસુદેવે નરકમાં જવું જ જોઈએ–એ માન્યતા જન્મી હોય એમ સંભાવના થઈ શકે છે.

શેષપૂર્વભવો – તીર્થંકર-નામકર્મનો બંધ

ત્રિપૃષ્ઠ પછીના ભવો કથાદૃષ્ટિએ બહુ મહત્ત્વના નથી. માત્ર પ્રિયમિત્ર ચક્રવર્તી થયા અને જૈન દીક્ષા લીધી. તે પછીના જે મનુષ્યભવો થયા છે તે બધામાં તે દીક્ષા લે છે એ વિશેષતા છે. અને અનેક ભવોની જૈન દીક્ષાને પરિણામે તે પોતાની ઉન્નતિ સાધી શકે છે તેટલું એમાંથી ફલિત થાય છે. વળી બીજી વિશેષતા એ છે કે આવશ્યકચૂર્ણિમાં જણાવ્યું છે તે પ્રમાણે નંદનના ભવમાં તે તીર્થંકરનામગોત્ર નામનું કર્મ બાંધે છે જેને કારણે વર્ધમાન ભવમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે તીર્થંકર બને છે (આ. ચૂ. પૃ૦ ૨૩૫). પણ ધ્યાન દેવા જેવી વાત એ છે કે આ. નિ૦[1]માં નંદનના ભવની જ્યાં ચર્ચા છે ત્યાં તીર્થંકર-નામગોત્ર બાંધ્યા વિષેનો ઉલ્લેખ નથી. પરંતુ દેવલોકમાં જઈ બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થાય છે તેના નિર્દેશ પછી માત્ર તીર્થંકર નામગોત્રનાં જે વીશ કારણો છે તે ગણાવ્યાં છે (આ. નિ. ૩૩૪–૩૩૭). ત્યાં એ પણ જણાવ્યું છે કે એ કારણોમાંથી બધાં જ કારણોની આરાધના અંતિમ તીર્થંકરે કરી છે. ખરી વાત એવી છે કે આ કારણ–નિદર્શક ગાથા ઋષભચરિતમાં આવી જ ગઈ છે (આ. નિ. ૧૭૨—૧૭૫; વિ૦ ૧૫૮૨–૧૫૮૫; આ. નિ. હ૦ ૧૭૯—૧૮૨) એનું અહીં પુનરાવર્તન કર્યું છે. આ ગાથાઓ જે ક્રમમાં આવી છે તે ક્રમ જો નિર્યુક્તિકારને પણ અભિપ્રેત હોય તો તીર્થંકર-નામકર્મનો બંધ **વર્ધમાન મહાવીરના** ભવમાં થયો એવું —આવશ્યકનિર્યુક્તિકારને અભિપ્રેત હોય એમ અનુમાન કરી શકાય. અને જો એમ માનીએ કે ઋષભચરિતની વીશ કારણદર્શક ગાથાઓ માત્ર કોઈ સંપાદકે અહીં મૂકી હોય તો એમ માનવું પડે કે આવશ્યકનિર્યુક્તિકારની સમક્ષ તીર્થંકર ગોત્રનો બંધ ક્યારે થયો તે બાબતની કોઈ પરંપરા હતી નહિ તેથી તે બાબતમાં તેમણે મૌન સ્વીકાર્યું છે. એટલું ચોક્કસ કે એ ગાથાઓની પૂર્વમાં કે પછી આવશ્યકનિર્યુક્તિમાં તેમનો સંબંધ જણાવવામાં આવ્યો નથી, જેથી તે કારણોનો સંબંધ ભ. મહાવીરના કોઈ એક ભવ સાથે નિશ્ચિત પણે જોડી શકાય.

ઉત્તરપુરાણમાં શેષ ભવોની ચર્ચા પ્રસંગે ચોવીશમા સિંહભવમાં એક મુનિ તે સિંહને તેના પૂર્વભવોની યાદ આપી ઉપદેશ આપે છે અને દશમે ભવે તું તીર્થંકર થવાનો છે એવી આગાહી પણ કરે છે (૭૪–૨૦૪). આ સાંભળી તે સિંહ શ્રદ્ધાવંત બની શ્રાવકવ્રતોનો અંગીકાર કરે છે (૭૪.૨૦૮). ઉત્તરપુરાણમાં[2] નંદ નામનો જે ૩૨મો ભવ છે તેમાં તે તીર્થંકર–નામકર્મ બાંધે છે, તેમાં તીર્થંકર નામપ્રકૃતિનાં ૨૦ કારણને બદલે ૧૬ કારણ હોવાનો ઉલ્લેખ છે (૭૪.૨૪૫). આચાર્ય ગુણચન્દ્રના મહાવીરચરિયમાં શેષ ભવો માટે જુઓ પ્રસ્તાવ ૩, પૃ૦ ૬૩થી.

---

૧. ગાથા ૩૩૨, ૩૩૩; વિ૦ ૧૭૯૮–૯૯, આ. નિ. હ૦ ૪૪૯–૪૫૦ હરિભદ્રે નંદનના ભવની ચર્ચામાં તેણે તીર્થંકર–નામગોત્ર કર્મ બાંધ્યાનો ઉલ્લેખ નથી કર્યો.

૨. પઉમચરિય (૨૦.૧૬) અને પદ્મચરિત (૨૦.૨૩)માં સુનંદનામ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્ય ગુણચંદ્રે અને હેમચન્દ્રે પણ નન્દનના ભવમાં તીર્થંકર નામકર્મનો બંધ થયો તેમ જણાવ્યું છે. ત્રિષષ્ટિ૦ ૧૦.૧.૨૨૯ મહાવીર ચરિય પૃ૦ ૧૧૧. આમ નંદન અથવા નંદ—એ ભવમાં તીર્થંકર ગોત્ર બાંધ્યું—એવી પરંપરા શ્વેતામ્બર અને દિગંબરમાં નોંધાઈ છે અને તે નંદનો કે નંદનનો ભવ બન્નેને મતે અંતિમપૂર્વભવ પુષ્પોત્તર દેવવિમાનના ભવ પૂર્વે છે. આથી કહી શકાય કે આ પરંપરા આવશ્યકનિર્યુક્તિના મૂલ સંસ્કરણ પછી ક્યારેક સ્થિર થઈ છે.

નંદનના ભવ પછી અંતિમ પૂર્વભવ દેવભવ છે. તેમાં બધા ચરિતકારોનું ઐકમત્ય છે. અને અહીં એ પણ નોંધવું જોઈએ કે ભ. મહાવીરની જેમ ભગવાન બુદ્ધ પણ દેવલોકથી જ મનુષ્યભવમાં સિદ્ધાર્થરૂપે અવતરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભ. મહાવીરના કલ્યાણકો

આચારાંગના દ્વિતીય શ્રુતસ્કંધમાં ભાવના અધ્યયનનો પ્રારંભ અને કલ્પસૂત્રનો પ્રારંભ શ્રમણ ભ. મહાવીરને 'पंचहत्थुत्तरे' જણાવીને કરવામાં આવ્યો છે. તાત્પર્ય છે કે ભ. મહાવીરનું ગર્ભમાં આવવું આદિ પાંચ પ્રસંગો હસ્તોત્તર નક્ષત્રમાં થયા હતા. તે આ છે—(૧) ચ્યવીને ગર્ભમાં આવવું, (૨) ગર્ભાપહરણ, (૩) જન્મ, (૪) દીક્ષા અને (૫) કેવલજ્ઞાન. ઉપરાંત સ્વાતિ નક્ષત્રમાં પરિનિર્વાણ થયું હતું એમ જણાવ્યું છે. (આચા૦ ૨. ૧૭૫; કલ્પ૦ ૧.)

હવે આ બાબતમાં પઉમચરિય અને તિલોયપણ્ણત્તિ તથા દિગંબર પુરાણો અને શ્વેતામ્બર પુરાણોમાં શી હકીકત છે તે જોઈએ. તે પહેલાં એ સ્પષ્ટ કરવું જરૂરી છે કે ગર્ભાપહારની ઘટના માત્ર શ્વેતામ્બર ગ્રન્થોમાં જ મળે છે અન્યત્ર દિગંબર ગ્રન્થોમાં મળતી નથી.[૧] ભગવતી સૂત્રમાં જ્યાં ગર્ભાપહારની શક્યતાની ચર્ચા કરવામાં આવી છે (શ૦ ૫, ઉ. ૪) ત્યાં પણ ભગવાન મહાવીરના ગર્ભાપહરણની કોઈ ચર્ચા નથી. વળી દેવાનંદાને સ્વયં ભગવાન મહાવીરે પોતાની માતા તરીકે ભગવતીમાં ઓળખાવ્યાં છે ત્યાં પણ ત્રિશલાનો કોઈ ઉલ્લેખ નથી. (શતક ૫. ઉ૦ ૩૩) આ સૂચક છે. દિગમ્બર ગ્રન્થોમાં તો એકસ્વરે પ્રિયંકારિણી અથવા ત્રિશલાનો જ માતા તરીકે નિર્દેશ છે. દેવાનંદાનું નામ જ નથી. વળી સ્થાનાંગમાં જ્યાં આશ્ચર્યો ગણાવ્યાં છે ત્યાં ગર્ભાપહરણને પણ એક આશ્ચર્ય જ ગણાવ્યું છે[૨] આ પણ સૂચક છે. આથી માનવું રહ્યું કે મહાપુરુષોના જીવનમાં વણી લેવામાં આવતી અલૌકિક ઘટનાઓમાંની આ પણ એક છે. અને તે ક્રમે કરી ભ. મહાવીરના લૌકિક જીવનને જ્યારે અલૌકિક બનાવવા પ્રયત્ન થયો ત્યારે બ્રાહ્મણ અને શ્રમણના પરસ્પર વિરોધને આગળ કરી આ ઘટનાનું વર્ણન કરવામાં આવ્યું છે. આવશ્યકનિર્યુક્તિમાં દેવાનંદાના ગર્ભમાં આવવાનો ઉલ્લેખ છે (ગા૦ ૩૩૯; વિ૦ ગા૦ ૧૮૨૦), પણ તેમાં નક્ષત્રનો ઉલ્લેખ નથી, જ્યારે ઉપર જણાવ્યા પ્રમાણે આચારાંગ અને કલ્પસૂત્રમાં છે અને વિશેષાવશ્યક ભાષ્યમાં પણ છે. (ગા૦ ૧૮૩૨) અને પછીના ગ્રન્થોમાં તે મળે તો તે સ્વાભાવિક ગણાય. વળી આ પ્રસંગો એ 'કલ્યાણક' એવા નામે ઉપરના કોઈપણ ગ્રન્થમાં નથી પરંતુ જિનસેનનું

---

૧. શ્રી મહાવીરકથા પૃ૦ ૮૮

૨. સ્થાનાંગ–સમવાયાંગ પૃ૦ ૮૯૧, ૮૯૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હરિવંશ પુરાણ (વિ૦ ૮૪૦) આ પ્રસંગો 'કલ્યાણક' કહેવાતા થઈ ગયા હતા તેની સાક્ષી પૂરે છે (૨.૫૫).

પઉમચરિય(વિમલ)માં ભ. મહાવીરનું માત્ર જન્મનક્ષત્ર જ જણાવ્યું છે અને તે છે હસ્ત (૨૦. ૫૦) અન્ય ગ્રન્થોમાં નક્ષત્રો જે જણાવ્યાં છે તે નીચે પ્રમાણે છે.—

	ગર્ભ	**જન્મ**	**દીક્ષા**	**કેવળ**	**નિર્વાણ**
તિલોયપણ્ણત્તિ	—	ઉત્તરાફાલ્ગુની	ઉત્તરા	મઘા	સ્વાતિ
(યતિવૃષભ)		(૪.૫૪૯)	(૪.૬૬૭)	(૪.૭૦૧)	(૪.૧૨૦૮)
હરિવંશ	ઉત્તરાફા૦	,,	ઉત્તરાફા૦	ઉત્તરાફા૦	,,
(જિનસેન)	(૨.૨૩)	(૨.૨૫)	(૨.૫૧)	(૨.૫૯)	(૬૬.૧૬)
ઉત્તરપુરાણ	ઉતરાષાઢા	,,	**હસ્તોત્તર**	હસ્તોત્તરાફા૦	,,
(ગુણભદ્ર)	(૭૪.૨૫૩)	(૭૪.૨૬૨)	(૭૪..૩૦૫)	(૭૪.૩૪૮)	(૭૬.૫૧૧)
ચઉપ્પન્નમહા.	હસ્તોત્તરા	હસ્તોત્તરા	,,	—	,,
(શીલાંક)	(પૃ૦ ૨૭૦)	(૨૭૧)	(૨૭૩)	—	(૩૩૩)
त्रिषष्टिमहा०	हस्तोत्तरा	,,	,,	हस्तोत्तरा	स्वाति
(હેમચન્દ્ર)	(૧૦.૨.૩)	(૧૦.૨.૫૧)	(૧૦.૨.૧૯૯)	(૧૦.૫.૪)	(૧૦.૧૩.૨૨૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભ. મહાવીરનું કુળ

પાલિગ્રન્થોમાં ભ. મહાવીરને 'निगंठ नातपुत्त' અથવા 'निगंठ नाथपुत्त' કહ્યા છે. શ્રી મલાલશેખરે 'નાત' અથવા 'નાથ' એ કુળનું નામ છે એમ જણાવ્યું છે-પાલિપ્રોપરનેમ્સ-ભાગ ૨, પૃ.૬૪. પણ સાથે જ તેમણે નોંધ્યું છે કે સંયુત્ત નિકાયની ટીકામાં 'નાત' એ ભગવાન મહાવીરના પિતાનું નામ હતું તેમ જણાવ્યું છે. તે કુળ બ્રાહ્મણ કે ક્ષત્રિયનું તે વિષે પાલિમાં કશી જ માહિતી નથી. ભગવાન મહાવીરને જૈન આગમોમાં પણ 'નાયપુત્ત' 'નાયસુય' આદિરૂપે ઓળખાવ્યા છે. પ્રાચીન આગમ આચારાંગમાં પ્રથમ શ્રુતસ્કંધમાં 'નાયપુત્ત' (૯.૧.૧૦) 'नायसुय' (૯.૧.૧૦) નાયપુત્ત (૮.૮.૧૨), અને સૂત્રકૃતાંગમાં 'नायपुत्ते महावीरे' (૧.૧.૧.૨૭; ૧.૨.૩.૨૨) 'नायसुय' (૧.૬.૨), 'समणनायपुत्त (૧.૬.૧૪, ૨૩), 'नायपुत्ते' (૧.૬.૨૧,૨૪) ભગવાન મહાવીર વિષે વિશેષણો વપરાયાં છે. પરંતુ તેમાં 'નાય' એ અંશ પિતાવાચક છે કે કુળવાચક એ નક્કી થઈ શકતું નથી. આ સ્પષ્ટીકરણ આચારાંગના દ્વિતીય શ્રુતસ્કંધમાંથી ગર્ભાપહરણના પ્રસંગે મળી રહે છે– ત્યાં સૂત્ર છે કે "नायाणं खत्तियाणं सिद्धत्थस्स खत्तियस्स कासवगुत्तस्स तिसलाए खत्तियाणीए वासिट्ठगुत्ताए" સૂ. ૧૭૬. આથી એ સ્પષ્ટ થાય છે કે આચારાંગને મતે 'નાય' એ કુળવાચક શબ્દ છે અને તે ક્ષત્રિયોનું કુળ છે. આ જ સ્પષ્ટીકરણ કલ્પસૂત્રમાં પણ મળે છે. (સૂત્ર ૨૦).

પરંતુ ભગવાન મહાવીરને વિષે પ્રાચીનતમ મનાતા આચારાંગમાં 'माहण' વિશેષણ વપરાયું છે તે સૂચક છે. જૈન આગમો પ્રમાણે પણ ભ. મહાવીર તેમના ગર્ભપરિવર્તન પહેલાં બ્રાહ્મણી દેવાનંદાની કૂખમાં આવ્યા હતા અને પિતાનું નામ બ્રાહ્મણ ઋષભદત્ત આચારાંગ અને કલ્પસૂત્ર બન્ને જણાવે છે. ગર્ભપરિવર્તન છતાં બીજા સિદ્ધાર્થનું નહિ પણ ઋષભદત્તનું જ છે તેથી તેમને આચારાંગમાં 'માહણ' કહ્યા છે તે યથાર્થ જણાય છે. આચારાંગ પ્રથમ શ્રુતસ્કંધના નવમા અધ્યયનના ચારેય ઉદ્દેશોને અંતે એકસમાન જે ગાથા આવે છે તે આ છે–

"एस विही–अणुक्कन्तो माहणेण मईमया,
बहुसो अपडिन्नेण भगवया एवं रीयन्ते ॥"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી ભગવતીમાં સ્વયં ભગવાન મહાવીરે દેવાનંદાને પોતાની માતા જણાવી છે અને પોતાને તેના આત્મજ કહ્યા છે.[1] અને ગૌતમને તે પ્રસંગે ત્રિશલા વિષે કશો પ્રશ્ન થતો નથી. એ જોતાં આચારાંગમાં તેમને જે 'માહણ' કહ્યા છે, તે ઉચિત જણાય છે. જ્યારથી તેમના ગર્ભપરિવર્તનની વાત દાખલ થઈ ત્યાર પછી જ તેમને 'ખત્તિય' તરીકે વર્ણવવાનું પ્રચલિત થયું એમ માની શકાય છે.

ભ. મહાવીરના કુળનો વિચાર બીજી રીતે પણ કરી શકાય તેમ છે. તેમને જે વારંવાર 'માહણ' કહેવામાં આવ્યા છે તે તેમના બ્રાહ્મણકુળમાં જન્મને કારણે નહિ પરંતુ ગુણને કારણે પણ હોય. બૌદ્ધ અને જૈન બંનેએ બ્રાહ્મણને શ્રેષ્ઠ માન્યા છે પણ તે જન્મથી નહિ પણ ગુણથી. અને બંનેને મતે ભિક્ષુના ગુણો ધરાવનાર કોઈ પણ વ્યક્તિ બ્રાહ્મણ કહી શકાય છે. આ રીતે જો શાસ્ત્રકારે ગુણવાન ભિક્ષુ હોઈ ભ. મહાવીરને 'માહણ' કહ્યા હોય તો તે પણ અસંભવ નથી. એટલે કે સાચો ભિક્ષુ સાચો બ્રાહ્મણ છે એ ન્યાયે ભ. મહાવીર બ્રાહ્મણ મનાયા હોય તે પણ સંભવિત છે.

હવે 'નાય' એ કુળ છે તે વિષે જૈન આગમ અને તેની ટીકાઓમાં તથા અન્યત્ર માહિતી જે મળે છે તે જોઈએ. એટલું તો ચોક્કસ છે કે 'જ્ઞાતૃ' કુળ એ બહુ પ્રસિદ્ધ કુળ હતું નહીં. વૈદિક કે જૈન પુરાણોમાં જે કુળો કે વંશોની પ્રારંભિક ચર્ચા છે તેમાં તેને સ્થાન મળ્યું નથી અને પાછળથી કુળચર્ચામાં સ્થાન મળ્યું છે તે ભગવાન મહાવીર સાથે 'જ્ઞાતૃ'નો સંબંધ થયો તેથી જ તેમ બન્યું છે એમ માની શકાય.

આવશ્યકનિર્યુક્તિમાં ગાથા છે—

[2]उग्गा भोगा राइण्ण खत्तिया संगहो भवे चतुधा ।

आरक्खि गुरु वयंसा सेसा जे खत्तिया ते तु ॥ १९३ ॥

આનું તાત્પર્ય એવું છે કે ભ.ઋષભદેવના સમયમાં તેમણે જેને સંઘર્યા તે આ ચાર હતા-ઉગ્ર, ભોગ, રાજન્ય અને ક્ષત્રિય. રક્ષકો હતા તે ઉગ્ર, ગુરુસ્થાનીય હતા તે ભોગ , વયસ્યો—સાથીઓ—મિત્રો—સમવયસ્કો હતા તે રાજન્યો ગણાયા

૧ ભગવતી ૯.૩૩.૩૮૧—"देवाणंदा माहणी मम अम्मगा । अहन्नं देवानंदा-माहणीए अत्तए"

૨ આ. મલય.માં આ ગાથા નં. ૧૯૮ છે. હરિભદ્રમાં ૨૦૨. વિશેષા. ૧૬૦૪; વળી જુઓ, આનિ. ૨૦૫; વિશેષા ૧૬૪૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને બાકીના બધાનો ક્ષત્રિયોમાં સમાવેશ થયો. નિર્યુક્તિ એ આચારાંગના અને સૂત્રકૃતાંગના દ્વિતીય શ્રુતસ્કંધથી પ્રાચીન છે. તેમાં માત્ર જૈન પરંપરા પ્રમાણે ઉગ્ર ભોગ, રાજન્ય અને ક્ષત્રિય—એમ ચારનો નિર્દેશ છે, જે બતાવે છે કે જૈન પરંપરા પ્રમાણે આ ચાર કુળોનું મહત્ત્વ છે અને સ્વયં ઋષભથી ઇક્ષ્વાકુવંશની શરૂઆત થઈ એવી માન્યતા છે જેથી તે વધારાનું સમજવું (આ.નિ. ગા. ૧૮૧ વિશેષ. ૧૫૯૧) આમાં 'જ્ઞાતૃ'નો ઉલ્લેખ નથી. પરંતુ આવશ્યકનિર્યુક્તિના ભાષ્ય—વિશેષાવશ્યકમાં શ્રી મહાવીરચરિત પ્રસંગે જે ગાથા છે તે આ છે—

[1] "उग्गकुलभोगखत्तियकुलेसु इक्खागणायकोरव्वे ।
हरिवंसे य विसाले आयंति तहिं पुरिससीहा ॥"–१८२९

આથી સ્પષ્ટ થાય છે કે જૈન પરંપરા પ્રમાણે નિર્યુક્તિનિર્દિષ્ટ પૂર્વોક્ત કુળો ઉપરાંત આ. જિનભદ્રના કાળ સુધીમાં કુળો વિષે નવી પરંપરા સ્થિર થઈ હતી અને તેમાં પૂર્વનિર્દિષ્ટ ઉગ્ર, ભોગ અને ક્ષત્રિય ઉપરાંત ઇક્ષ્વાકુ, જ્ઞાતૃ અને કૌરવ્ય અને હરિવંશનો પણ સમાવેશ થવા લાગ્યો હતો. પરંતુ રાજન્યને જુદા ગણ્યા નથી તે નોંધવું જોઈએ. પરંતુ તત્ત્વાર્થની સંબંધકારિકામાં વાચક ઉમાસ્વાતિએ ભ. મહાવીરના વંશ વિષે જે જણાવ્યું છે તે આ પ્રમાણે છે–

'जज्ञे ज्ञातेक्ष्वाकुषु सिद्धार्थनरेन्द्रकुलदीपः' ११ આનો અર્થ જે કરવામાં આવ્યો છે તે છે– ज्ञाता नाम क्षत्रियविशेषाः, तेषामपि विशेषसंज्ञा इक्ष्वाकवः ।'–દેવગુપ્તકૃત ટીકા.

આવશ્યકનિર્યુક્તિ અને આ. જિનભદ્રના કાળ સુધીમાં ઉચ્ચ કુળોની જે ગણતરી જોવા મળે છે તેમાં એકરૂપતા નથી દેખાતી તે નીચેના કોષ્ટક ઉપરથી જાણી શકાય છે.

આવશ્યનિર્યુક્તિ (૧૯૩)	ઉગ્ર	ભોગ	રાજન્ય	ક્ષત્રિય	—	—	—	—
વિશેષાવશ્યક (૧૬૧૦, ૧૮૨૯)	,,	,,	×	,,	ઇક્ષ્વાકુ	જ્ઞાતૃ	કૌરવ્ય	હરિવંશ
ભગવતી (૨૦૮)	,,	,,	,,	×	,,	,,	,,	×
સ્થાનાંગ (૪૯૭)	,,	,,	,,	×	,,	,,	,,	×
પ્રજ્ઞાપના (૧૦૪)	,,	,,	,,	×	,,	,,	,,	×

૧. આચાર્ય હરિભદ્ર, મલયગિરિ અને દીપિકાકાર આ ગાથાને ભાષ્યની ગાથા ગણે છે.–મલય. પૃ. ૨૫૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બૃહત્કલ્પ(૩૨૬૫)[1]	,,	,,	,,	,,	,,	,,	,,	×
પઉમચરિય[2](૫૦૧)	સોમ	વિદ્યાધર	×	×	ઇક્ષ્વાકુ	×	×	હરિવંશ

આવશ્યકનિર્યુક્તિની સૂચીમાં માત્ર ચાર કુળોનો નિર્દેશ હતો, પરંતુ સમય જતાં તેમાં અનેક નામો ઉમેરવામાં આવ્યાં. તેમાં વિશેષાવશ્યકગત હરિવંશ તે માત્ર તેમાં જ છે અને અન્યત્ર નથી તે સૂચક છે. પરંતુ પઉમચરિય અને દિગંબર પુરાણોમાં અનિવાર્યરૂપે હરિવંશ–ઉલ્લિખિત છે જ. અને તે પરંપરામાંથી આ. જિનભદ્રે એ વંશનો ઉલ્લેખ શ્વેતામ્બર પરંપરામાં કર્યો હોય તો નવાઈ નહિ. પછી તો શ્વે. પુરાણોમાં પણ તેની નોંધ લેવાઈ છે.[3]

રાજન્ય અને ક્ષત્રિય એ બન્નેનો ઉલ્લેખ આવનિ૦માં છે પરંતુ વિશેષાવશ્યકમાં રાજન્યને પૃથક્ સ્થાન નથી અને ભગવતી આદિમાં ક્ષત્રિયને પણ પૃથક્ સ્થાન નથી તે નોંધવા જેવું છે.

આવશ્યકનિર્યુક્તિના ઋષભકાલીન ઉગ્ર આદિને બદલે પઉમચરિય આદિમાં સોમ આદિ મહાવંશોની ગણતરી કરવાનું શરૂ થયું છે અને ઇક્ષ્વાકુ એ એક જ એવો વંશ છે જેનો ઉલ્લેખ પ્રાચીન જૈન આગમકાળથી થતો આવ્યો છે અને તેને પઉમચરિયમાં પણ સ્થાન મળ્યું છે. હરિવંશ પઉમચરિયમાં છે. પરંતુ શ્વેતામ્બરોમાં કલ્પસૂત્ર જેવાં પછીના કાળનાં[4] આગમો તેની નોંધ લે છે. તે પૂર્વેના કોઈ આગમગ્રન્થમાં તેની નોંધ લેવાઈ નથી.

જ્ઞાતૃવંશનો ઉલ્લેખ આવશ્યકનિર્યુક્તિમાં નથી, પરંતુ તેનું એકીકરણ આવશ્યકનિર્યુક્તિગત કોઈ એક કુળ સાથે કરવું જરૂરી હતું. અને તે માટે અનુમાન એમ થાય છે કે એક સૂચી એવી છે જેમાં રાજન્યને બાદ કરી જ્ઞાતૃને સ્થાન મળ્યું છે, અને બીજી સૂચી એવી છે જેમાં ક્ષત્રિયને બાદ કરી જ્ઞાતૃને સ્થાન

---

૧. ગાથામાં સ્પષ્ટ છ કુળાર્યો કહ્યા છે અને ગણતરીમાં સાત થતા હોઈ ટીકાકારે જ્ઞાતૃ અને કૌરવ્યને એક ભેદ ગણવાનું જણાવ્યું છે.

૨. આ ઉપરાંત વાનર અને રાક્ષસ વંશનો પણ ઉલ્લેખ છે. Dr. Chandra: A Critical Study of Paumacariyam p, 199

૩. Dr. Chandra નું ઉક્ત પુસ્તક પૃ. ૨૨૬.

× જુઓ Dictionery of Prakrit Proper Names: Harivaṃśa.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મળ્યું છે. એટલે એમ માની શકાય કે એક મતે ક્ષત્રિય સાથે તેનું એકીકરણ કરવામાં આવ્યું હશે જ્યારે બીજા મતે રાજન્ય સાથે. પરંતુ એકતરફ આગમો અને વિશેષાવશ્યક જેવા ગ્રન્થમાં ઇક્ષ્વાકુ અને 'જ્ઞાતૃ'નું પાર્થક્ય છે છતાં અભયદેવ જેવા લખે છે કે–"ज्ञाता: इक्ष्वाकुवंशविशेषभूता:" જ્ઞાતા. ટી. પૃ. ૧૫૩ અને શીલાંક લખે છે કે સિદ્ધાર્થ-(મહાવીરના પિતા) એ 'इक्खागवंसप्पभव' હતા–ચઉપ્પન૦ પૃ. ૨૭૧. અને આવશ્યકચૂર્ણિમાં લખ્યું છે કે–

"णाता नाम जे उसभसामिस्स सयणिज्जगा ते णातवंसा"–પૃ. ૨૪૫. આમ ચૂર્ણિના મતે ભ. ઋષભના જે સ્વજનો હતા એટલે કે 'જાતભાઈ' હતા. તે 'જ્ઞાતૃ' કહેવાયા. આવશ્યકનિર્યુક્તિગત ચારમાંથી તેમને 'ક્ષત્રિયો' કહી શકાય. અને આનું સમર્થન એ પરંપરાથી થઈ શકે જેમાં ક્ષત્રિય પદ રદ કરી 'જ્ઞાતૃ' સ્વીકારવામાં આવ્યું છે. તાત્પર્ય એ છે કે 'જ્ઞાતૃ' કુળ જે વિશેષ પ્રસિદ્ધ ન હતું તેનો સંબંધ ભ ઋષભ સાથે જોડીને પરંપરામાં તે કુળની મહત્તા સિદ્ધ કરવામાં આવી છે.

'જ્ઞાતૃ' એ 'ક્ષત્રિય'ને સ્થાને છે એનું સમર્થન કલ્પસૂત્રથી પણ થઈ શકે છે.

કલ્પસૂત્રમાં (૧૭) તીર્થંકરને લાયક કુળો જે ગણાવ્યાં છે. તેમાં ઉગ્ર, ભોગ, રાજન્ય, ઇક્ષ્વાકુ, ક્ષત્રિય અને હરિવંશ–એ કુળોનો ઉલ્લેખ છે. કારણ આમાં ક્ષત્રિય કુળનો ઉલ્લેખ છે તે જ જ્ઞાતૃકુળ અભિપ્રેત હોઈ શકે, જેથી જ્ઞાતૃકુળ જુદું ઉલ્લેખાયું નથી. પણ આવી કોઈ અસ્પષ્ટતા ન રહે તે માટે જિનભદ્રે તો ઉત્તમ કુળો ગણાવી દીધાં–તે આ હતાં–

उग्गकुलभोगखत्तियकुलेसु इक्खागणातकोरव्वे ।
हरिवंसे य विसाले जायंते तहिं पुरिससिंहा ॥ વિશે૦ ૧૮૨૯

અહીં ક્ષત્રિય તેના સામાન્ય અર્થમાં વપરાયો હોવો જોઈએ. खत्तिय = णात એ અર્થમાં નહિ. આનું સમર્થન બૃહત્કલ્પની નીચેની ગાથાથી થાય છે–

(૧) (૨) (૩) (૪) (૫)
उग्गा भोगा राइण्ण खत्तिया तह णात कोरव्वा ।
(૬)
इक्खागा वि य छट्टा कुलारिया होंति णायव्वा ॥–બૃ. ૩૨૬૫.

આ ગાથામાં ક્ષત્રિયોના બે ભેદ જ્ઞાત અને કૌરવ ગણીએ એટલે છ કુલાર્ય થાય છે. 'ક્ષત્રિય'ને તો નિર્યુક્તિમાં પૃથક્ સ્થાન છે જ એટલે મલયગિરિએ એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૃથક્ એકભેદ ગણ્યો અને જ્ઞાત તથા કૌરવને એક માન્યા.[1] પરંતુ ખરી રીતે 'ક્ષત્રિય' શબ્દ જે નિર્યુક્તિમાં છે તેના જ જ્ઞાત અને કૌરવ–એવા ભેદ કરવાનું સંગત થાય છે. હવે ઋષભદેવનો વંશ જો ઇક્ષ્વાકુ હોય તો તેમના સંબંધીનો વંશ પણ ઇક્ષ્વાકુ ગણાય એવી ધારણાથી જ્ઞાતવંશને ઇક્ષ્વાકુવંશવિશેષ કહેવામાં આવ્યો હોય એમ જણાય છે. પરંતુ વસ્તુતઃ ઋષભપુત્રોની પરંપરાને જ ઇક્ષ્વાકુ વંશ કહી શકાય એ દૃષ્ટિએ કુલાર્યમાં ઇક્ષ્વાકુનું નામ જુદું છે, કારણ ઋષભથી જ ઇક્ષ્વાકુ વંશની સ્થાપના છે.[2] પુરાણોમાં એક સોમવંશની શાખામાં 'જ્ઞાતિ' નામક બભ્રુપુત્રનો ઉલ્લેખ મળે છે. પણ તેનાં વિવિધ નામો જુદાં જુદાં પુરાણોમાં મળે છે.[3]

વસુદેવહિંડી(પૃ. ૧૬૧)માં અને આ. નિ. માં (ગા. ૧૮૧ = વિશે. ૧૫૯૧) ઋષભે 'ઇક્ષુ' ખાવાની ઇચ્છા કરી માટે તેમનો વંશ 'ઇક્ષ્વાકુ' ઇન્દ્રે સ્થાપિત કર્યો એમ જણાવ્યું છે.[4] પઉમચરિયમાં ઋષભાદિને ઇક્ષ્વાકુ કુળના ઉત્તમ[5] નરેન્દ્રો કહ્યા છે (૯૪, ૮); પરંતુ ઇક્ષ્વાકુવંશની ઉત્પત્તિ ભરતપુત્ર આદિત્યયશા આદિથી થઈ એવો અભિપ્રાય ધરાવે છે–

एसो ते परिकहिओ आइच्चजसाइसंभवो वंसो ।
एत्तो सुणाहि नरवर उज्झस्सिसोमवंसस्स ॥ पृ. ९॥

---

१. "ज्ञाताः उदार क्षत्रियाः कौरवाः कुरुवंशोद्भवाः–एते द्वयेऽप्येक एव भेदः" बृ. टी. ३२६५.

૨. ઇક્ષ્વાકુવંશની સ્થાપના વિષે જુઓ આ. ચૂ. પૃ. ૧૫૨; વિશે. ૧૬૦૯; આ. નિ. મૂલ ભાષ્ય ૮; હરિ. પૃ. ૧૩૦.

૩. પ્રાચીન ચરિત્રકોષ (હિન્દી) પૃ. ૨૩૬.

૪. "भयवओ संवच्छरजायगस्स य सहस्सनयणो वामणरूवी उच्छुकलावं गहेऊण उवट्ठिओ नाभिसमीवं । भगवया य तिविहणाणप्पहावेण विण्णाओ देविंदाहिप्पाओ । ततो णेण लक्खणपसत्थो हत्थो दाहिणो पसारिओ । ततो मघवया परितुट्ठेण भणिओ–किं उच्छु अगु त्ति । अगु भक्खणे य धाऊ । जम्हा य इक्खू अभिलसिओ तम्हा इक्खागुवंसो त्ति ठाविओ"–વસુદેવહિંડી, પૃ. ૧૬૧; આવશ્યક ચૂર્ણિ, પૃ. ૧૫૨; ચઉપ્પન્ન. પૃ. ૩૭.

૫. પઉમચરિયને મતે ચાર વંશ છે. इक्खाग, सोम, विज्जाहर, અને हरिवंस પૃ. ૧–૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પઉમચરિયના મતે પણ ઇક્ષ્વાકુવંશનું નામ 'ઇક્ષુ'ને આધારે પડ્યું છે. (इक्खूण य इक्खागो–६.८८). પરંતુ કેવી રીતે અથવા તો કયે પ્રસંગે તે પઉમ-ચરિયમાં જણાવ્યું નથી.

આમ ઇક્ષ્વાકુ કુળ વિષે પરંપરામાં જોઈએ તેવી સ્પષ્ટતા નથી. સંભવ એવો છે કે વૈદિક પૌરાણિક પરંપરામાં જે ઇક્ષ્વાકુ વંશની પ્રસિદ્ધિ હતી તે પ્રસિદ્ધિને ઋષભ સાથે જોડવાનો જૈન આચાર્યોએ પ્રયત્ન કર્યો છે અને તે વંશના મૂળમાં આદિતિર્થંકર ઋષભ હતા તેથી પરંપરા ઊભી કરવાનો જ પ્રયત્ન છે.

તિલોયપણ્ણત્તિ(ગા. ૫૫૦)માં તીર્થંકરોના વંશો વિષેના ઉલ્લેખમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે ધર્મ, અર અને કુંથુ એ ત્રણ કુરુવંશમાં થયા, મહાવીર નાહવંશમાં અને પાર્શ્વ ઉગ્રવંશમાં થયા. મુનિસુવ્રત અને નેમિ યાદવવંશમાં અને શેષ તીર્થંકરો ઇક્ષ્વાકુકુલમાં થયા.—આથી જણાય છે કે તિલોયપણ્ણત્તિને મતે ભ. મહાવીરનો વંશ ઇક્ષ્વાકુ ગણાય નહિ. અને એ પણ ફલિત છે કે 'णाह' અને 'इक्खाकु' એ પૃથક્ વંશો હતા. પરંતુ આચાર્ય ઉમાસ્વાતિ તો પોતાના તત્ત્વાર્થની પ્રારંભિક કારિકાઓમાં જણાવે છે કે—

"यः शुभकर्मासेवनभावितभावो भवेष्वनेकेषु ।
जज्ञे ज्ञातेक्ष्वाकुषु सिद्धार्थनरेन्द्रकुलदीपः ॥११॥

આથી જ્ઞાત–ઇક્ષ્વાકુમાં ભ.મહાવીર થયા તેમ તેમને અભિપ્રેત છે. આથી જ્ઞાત અને ઇક્ષ્વાકુ એ પૃથક્ નથી એવો અભિપ્રાય ઉમાસ્વાતિનો છે એમ માનવું પડે છે. વળી જ્ઞાતનો અર્થ અહીં પ્રસિદ્ધ ઇક્ષ્વાકુ એમ પણ થઈ શકે. આ. ઉમાસ્વાતિ 'જ્ઞાતૃ' શબ્દનો પ્રયોગ નથી કરતા તે પણ ધ્યાનમાં લેવા જેવું છે.

વૈદિક પુરાણ પ્રસિદ્ધ ઇક્ષ્વાકુવંશ સાથે ભ.મહાવીરના જ્ઞાતૃકુલ કે વંશને જોડવાનો પ્રયત્ન એ મધ્યકાલમાં થયો છે. પણ એ યથાર્થ હોય કે ન પણ હોય. પરંતુ ભ.મહાવીરકાળમાં એ જ્ઞાતૃકુળનો સંબંધ કોની સાથે હતો એ જાણવું જરૂરી છે. તે કાળે વૈશાલીમાં લિચ્છવી અથવા તો વજ્જીઓનું ગણરાજ્ય હતું. અને સંભવતઃ તે નવ કુલોનું હશે જેથી 'नव लेच्छई' એવો ઉલ્લેખ મળે છે.[1] એ નવમાંનું એક જ્ઞાતૃકુળ હતું એવું અનુમાન શ્રી રાહુલ સાંકૃત્યાયનનું છે.[2]

---

૧. નિરયાવલિયા, પૃ. ૧૮; ભગવતીસૂત્ર ૭.૯. ભગવતીસાર પૃ. ૨૫૪

૨. પુરાતત્ત્વનિબંધાવલી પૃ. ૧૦૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરંતુ લિછવીઓનું ગોત્ર વાશિષ્ઠ હતું અને જ્ઞાતૃવંશી મહાવીર કાશ્યપ[1] ગોત્રના હતા તો તેમને લિચ્છવી વંશના કેમ કહેવાય? આથી લિચ્છવીથી પૃથક્ જ તે વંશ હતો એમ માનવું ઉચિત જણાય છે.—લિચ્છવીના પરિચય માટે જુઓ, Law, Some Kshatriya, p. 12.

તે જ્ઞાતૃકુળના લોકો આજે જથરિયા નામે પ્રસિદ્ધ છે. રાહુલજીએ જ્ઞાતૃ—ज्ञातर = जतर = जथर + इक (સંસ્કૃત ઇય) એ પ્રમાણે જથરિયા શબ્દનો સંબંધ જ્ઞાતૃ સાથે જોડ્યો છે તે ઉચિત જણાય છે. ભ. મહાવીરનું ગોત્ર કાશ્યપ છે અને જથરિયા જાતિના લોકો પણ કાશ્યપ ગોત્રના છે. વળી વૈશાલી એટલે કે આજકાલનું બસાઢ જે છે તેમાં જ જથરિયા લોકોનું બાહુલ્ય છે અને આજે જે પરગણામાં બસાઢ છે તે 'રત્તી' કહેવાય છે. અને રત્તીનો સંબંધ પણ જ્ઞાતૃ સાથે જોડી શકાય છે—रत्ती = लत्ती = नत्ती=नाती,=નાદિ (પાલિ) અને આ 'નાદિક'–'ઞાતિક'–નામનું વજ્જીદેશમાં જ્ઞાતૃવંશના લોકોનું એક મોટું ગામ હતું તેમ પાલિપિટકોની સાક્ષી છે. તે વૈશાલી અને કોટિગ્રામની વચમાં આવેલ છે તેવો ઉલ્લેખ પાલિમાં છે.[2]

જ્ઞાતૃવંશ ક્ષત્રિય છતાં આજે તે ભૂમિહાર બ્રાહ્મણને નામે ઓળખાય છે તેનું કારણ શ્રી રાહુલજી આપે છે કે ગુપ્ત કાળમાં કનૌજનું જ્યારે મહત્ત્વ વધ્યું ત્યારે અનેક જાતિઓએ પોતાની ગુટબંદી શરૂ કરી અને તે કાળે કેટલાય ક્ષત્રિયોએ બ્રાહ્મણજાતિમાં જવાનું પસંદ કર્યું. આને કારણે જ્ઞાતૃવંશના લોકો આજે ભૂમિહાર બ્રાહ્મણ તરીકે ઓળખાય છે.[3] આમ આ ભૂમિહાર બ્રાહ્મણ વિષે એક

---

૧. જુઓ કલ્પ. ૨૧ તેમાં સિદ્ધાર્થને કાશ્યપગોત્રના અને ત્રિશલાને વશિષ્ઠ ગોત્રનાં કહ્યાં છે.

૨. આ ગ્રામ વિશેની વિશેષ હકીકત માટે તથા તેના ટીકાકારોએ કરેલ અર્થ બાબતમાં જુઓ પાલિ પ્રોપર નેમ્સ–માં 'ઞાતિક' શબ્દ. રાહુલજી તો એનો સંબંધ જ્ઞાતૃવંશ સાથે જ જોડી આપે છે.

૩. પુરાતત્ત્વનિબંધાવલી પૃ. ૧૧૧. શ્રી રાહુલજી લખે છે કે ગણતંત્રીય ક્ષત્રિયો પોતાની રક્તશુદ્ધિ માટે આગ્રહી હતા એટલે પ્રાચીન કાળમાં બ્રાહ્મણ કન્યાને પણ પરણતા નહિ. પણ પછી એમાં ઢીલ મૂકી છે. ભ. મહાવીરે બ્રાહ્મણી દેવાનંદાને પોતાની માતા કહી છે તે આ સંદર્ભમાં વિચારવું જરૂરી છે. પિતા તરીકે તો સિદ્ધાર્થ જ ગણાયા છે. પણ માતા તરીકે ત્રિશલા અને દેવાનંદા એનાં નામ આવે છે. અને જ્યાં દેવાનંદાને માતા કહે છે અને પોતાને તેના આત્મજ કહે છે ત્યાં ગર્ભપરિવર્તનનો કોઈ ઉલ્લેખ નથી, તે સૂચક છે. છતાં ભગવતીમાં દેવાનંદાના પતિ ઋષભદત્ત કહ્યા છે તેનું સ્પષ્ટીકરણ એમ થઈ શકે કે તે કથાંશ પાછળથી જોડી કાઢવામાં આવ્યો હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્પષ્ટીકરણ છે. પણ સંભવ કદાચ એવો પણ હોય કે ક્ષત્રિયો બ્રાહ્મણ કન્યાને જ્યારે પરણતા થયા ત્યારે જે નવી જાતિ ઉત્પન્ન થઈ તે જ ભૂમિહાર બ્રાહ્મણ કેમ ન હોય.[૧] ભૂમિહાર બ્રાહ્મણના આ પ્રકારના સ્પષ્ટીકરણને ભ. મહાવીરની માતા દેવાનંદા બ્રાહ્મણી હતી તેવો ભગવતીનો ઉલ્લેખ જો યથાર્થ માનવામાં આવે અને ગર્ભપરિવર્તનની ઘટનાને મહત્ત્વ ન આપવામાં આવે તો કદાચ સમર્થન પણ આપી શકે.

[૧]જ્ઞાતૃવંશના લોકો વૈશાલી અને તેની આસપાસ વસતા હતા. તેમાં ક્ષત્રિય કુંડગ્રામ અને વાણિયગ્રામ વિશેષરૂપે ઉલ્લેખનીય છે. ઉપરાંત કોલ્લાગ સન્નિવેશ પણ મહત્ત્વનું સ્થાન હતું. આમાંનું [૨]કુંડગ્રામ તે આજનું બસુકુંડ હોવાનું વિદ્વાનોનું અનુમાન છે. અને વૈશાલી આજે બસાઢને નામે ખ્યાત છે. બસુકુંડમાં બિહાર સરકારે ભ.મહાવીરની સ્મૃતિમાં પ્રાકૃત અને જૈન ધર્મના અભ્યાસ માટે એક સંસ્થાની સ્થાપના કરી છે. એ સ્થાન મુઝફ્ફરપુરથી લગભગ ૪૦ માઈલને અંતરે આવેલ છે. કોલ્લાગસન્નિવેશની બહારના ભાગમાં જ્ઞાતૃવંશના લોકોનું જ્ઞાતૃખંડ નામનું ઉદ્યાન હતું અને એ ઉદ્યાનમાં દૂઈપલાસ નામનું ચૈત્ય હતું.

વૈશાલીમાં રાજ્યવ્યવસ્થા ગણતંત્રની હતી. અનેક ગણ ભેગા થઈ એક મુખિયાને ચૂંટતા. ભ.મહાવીરના પિતા સિદ્ધાર્થને પ્રાચીન અવતરણોમાં માત્ર 'ક્ષત્રિય' કહ્યા છે, પણ પછીના કાળે તેમને 'રાજા' પણ કહેવામાં આવ્યા છે. તેથી એટલું અનુમાન થાય છે કે ગણરાજ્યમાં તેમનું મહત્ત્વનું સ્થાન હશે. અન્યથા ગણના મુખિયા ચેટકની બહેન સાથે સિદ્ધાર્થનો વિવાહ કેવી રીતે સંભવે ? આ ચેટક, તેની બહેન અને પુત્રીઓના વૈવાહિક સંબંધ જોતાં અત્યંત પ્રભાવશાળી હશે એમ જણાય છે. અને આથી ઘણા વિદ્વાનોનું માનવું છે કે ભ.મહાવીરને ધર્મપ્રચારમાં એ સંબંધોને કારણે સરલતા થઈ હશે. પરંતુ રાજા ચેટકનો આ પ્રકારનો સંબંધ જણાવતી કથાઓ પ્રાચીન નથી એ પણ ધ્યાનમાં લેવું જરૂરી

---

૧. Law, Some Kshatriya p. 121

૨. આ બસુકુંડ આજે તિરહુત જિલ્લામાં ગણાય છે. આ તિરહુતનું જૂનું નામ તીરભુક્તિ હતું. અને ચઉપ્પન્નમાં(પૃ. ૨૭૦) તો સ્પષ્ટપણે રાજા સિદ્ધાર્થને એક ઠેકાણે 'તીરણગર'નો રાજા કહ્યો છે. આગળ જઈ 'ણિવભુત્તિપરિસંઠિયં કુંડપુરં' એમ જણાવ્યું છે. ત્યાં નિજભુક્તિને બદલે તીરભુત્તિ વધારે સંગત જણાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. અને સાથે જ ભ.મહાવીરની સાધના કાળનું જે વર્ણન છે તે તરફ ધ્યાન આપીએ તો જણાશે કે ભ.મહાવીરે જે કાંઈ સફળતા પ્રાપ્ત કરી છે તેમાં આ પ્રકારના સંબંધો કરતાં તેમનાં ત્યાગ અને તપસ્યાનો પ્રભાવ મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે એમ માનીએ તો અસંગત નહિ જણાય. આમ પિતૃપક્ષને આધારે તેમના કુળનો નિર્દેશ જ્ઞાતૃકુળ થયો પરંતુ તેમના માતાના કુળને આધારે પણ તેમનો ઉલ્લેખ થયેલ છે.

ભ.મહાવીરને विदेहे, विदेहदिन्ने, विदेहजच्चे विदेहसूमाले (આચા. ૨.૧૭૯) એવાં જે વિશેષણો આપવામાં આવ્યાં છે તે તેમની માતાના કુળને આધારે છે. કારણ તેમની માતાનું નામ વિદેહદિન્ના એવું પણ મળે છે. (આચા. ૨.૧૭૭).[૧] ભારતના પૂર્વભાગની વિદેહ નામની જાતિ બ્રાહ્મણકાળથી પ્રસિદ્ધિમાં આવી છે. ઉપનિષદોમાં વિદેહજાતિના જનક રાજા પ્રસિદ્ધ છે. મહાભારતમાં વિદેહરાજા જનકની રાજધાની મિથિલા જણાવી છે. વિદેહજાતિમાં અનેક પત્ની કરવાનો રિવાજ હતો એમ જણાય છે. એથી બનારસના રાજાએ પોતાની પુત્રીને વિદેહના કુમારને આપવાનું ટાળ્યું હતું. સીતા વિદેહની હોવાથી વૈદેહી કહેવાઈ તેમ ત્રિશલા પણ વિદેહે ઇત્યાદિ નામોથી ઓળખાઈ હતી.

ભ. મહાવીરનું એક વિશેષણ 'વેસાલિએ' (આચા. ૧.૨.૩.૨૨ ઉત્તરા. અ. ૬નો અંત) એવું પણ મળે છે તે તેમના નગર વૈશાલીને આધારે છે.

---

૧. Law, Some Kshatriya, p. 126 ff

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગર્ભાવતરણ

પ્રાણત કલ્પના પુષ્પોત્તરાવતંસક વિમાનમાંથી ચ્યવીને માહણ કુંડગ્રામમાં કોડાલસગોત્ર બ્રાહ્મણના ઘરે દેવાનંદાની કુક્ષીમાં ઉત્પન્ન થયા.[1] એમ આવશ્યક નિર્યુક્તિમાં ઉલ્લેખ છે. આમાં દેવાનંદાના પતિનું નામ નથી આપ્યું. પણ તેનો ઉલ્લેખ અન્યત્ર કલ્પસૂત્ર આદિમાં છે અને તે પ્રમાણે તેનું નામ ઋષભદત્ત છે.[2] ભ. મહાવીરનાં માતા દેવાનંદા હતાં તેનું સમર્થન ભગવતી સૂત્રની એક ઘટના ઉપરથી પણ થાય છે. એક વાર ભ. મહાવીર વિહાર કરતા કરતા માહણ કુંડગ્રામમાં આવી ચડ્યા. તે સાંભળી ઋષભદત્ત દેવાનંદાને લઈને તેમના દર્શને આવ્યા. ભ. મહાવીરને જોઈને દેવાનંદાની જે હાલત થઈ તેનું વર્ણન આ પ્રમાણે છે– "तए णं सा देवाणंदा माहणी आगयपण्हया पप्फुयलोयणा संवरियवलयबाहा कंचुयपरिक्खित्तिया धाराहयकलंबगं पिव समूसवियरोमकूवा समणं भगवं महावीरं अणिमिसाए दिट्ठीए देहमाणी चिट्ठति"–ભગવતી ૯. ૩૩. ૩૮૧. સારાંશ છે કે દેવાનંદાના સ્તનમાંથી દૂધની ધારા છૂટી, આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં, ભુજા ફાટફાટ થઈ, કંચુક–કાંચળી હર્ષાતિરેકથી ફાટ ફાટ થઈ, વરસાદની ધારાથી કદંબની જેમ તેનાં રોમેરોમ ઊભાં થઈ ગયાં અને ભગવાન મહાવીરને અનિમેષ દૃષ્ટિથી જોતી ઊભી રહી. દેવાનંદાની આ દશા જોઈ ગણધર ગૌતમે ભ. મહાવીરને પ્રશ્ન કર્યો કે, હે ભગવાન, દેવાનંદાની આવી દશા કેમ થઈ? તેનો ભ. મહાવીરે જે ઉત્તર આપ્યો તે આમ છે–"एवं खलु गोयमा, देवाणंदा माहणी मम अम्मगा, अहन्नं देवाणंदाए माहणीए अत्तए, तए णं सा देवाणंदा माहणी तेणं पुव्वपुत्तसिणेहाणुराएणं आगयपण्हयाजाव समूसवियरोमकूवा ममं अणिमिसाए दिट्ठीए देहमाणी[2] चिट्ठइ" ભગવતી ૯. ૩૩. ૩૮૧.

આનો સાર છે કે ભ. મહાવીરે ગૌતમને જવાબ આપ્યો કે દેવાનંદા બ્રાહ્મણી મારી માતા છે અને હું તેનો આત્મજ પુત્ર છું. માટે તેની આવી દશા છે.

અહીં એ નોંધવું જરૂરી છે કે ભગવતીની પ્રસ્તુત કથામાં ઋષભદત્તની સમૃદ્ધિનું વર્ણન એક રાજાને શોભે તે રીતે કરવામાં આવ્યું છે અને ઋષભદત્ત

૧. આ. નિ. ૩૪૦, વિશે. ૧૮૨૧; આ. નિ. હ. ૪૫૭; આ. ચૂ. પૃ. ૨૩૬.

૨. કલ્પ. ૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને દેવાનંદા દીક્ષા લઈ નિર્વાણ પામ્યા એમ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.[1] આ કથાનકમાં ગૌતમને એ પ્રશ્ન નથી થયો કે જો દેવાનંદા માતા હોય તો પછી ભ. મહાવીર ત્રિશલાનંદન તરીકે પ્રસિદ્ધિને પામ્યા છે, તેનો શો ખુલાસો સમજવો. વળી ભગવાન મહાવીરે પણ સ્વયં આ બાબતનો ખુલાસો નથી કર્યો. આથી તેમના જીવનની આ બાબત રહસ્યમય રહેવા જ સર્જાઈ છે એમ જણાય છે. એ ગમે તેમ હોય પણ ભ. મહાવીરના જીવનની આ ઘટના તેના મૂળ સ્વરૂપમાં સચવાઈ રહી છે તેમ માનવું પડે છે. કારણ તેમાં ગર્ભપરિવર્તનની કોઈ ચર્ચા નથી.

ભગવતીમાં ઋષભદત્ત અને દેવાનંદાને શ્રમણોનાં ઉપાસક કહ્યાં છે.[2] એટલું જ નહિ પણ બન્ને દીક્ષા લઈ મોક્ષે ગયા એમ પણ જણાવ્યું છે. (૯.૩૩.૩૮૨) પરંતુ ત્રિશલા અને સિદ્ધાર્થ વિષે આ બાબતે કલ્પસૂત્રમાં કાંઈ ઉલ્લેખ નથી પરંતુ આચારાંગમાં તેઓ શ્રમણોપાસક થયાં અને મરી અચ્યુત કલ્પમાં ગયાનો ઉલ્લેખ છે. અને ત્યાંથી મહાવિદેહમાં જઈ મોક્ષે જશે એમ કહ્યું છે–૨. ૧૭૮. પરંતુ અન્યત્ર તેવો કોઈ ઉલ્લેખ નથી.[3]

દિગંબર આચાર્યો દ્વારા લિખિત ચરિતમાં ઋષભદત્ત–દેવાનંદા વિષેનો ઉલ્લેખ અને ગર્ભપરિવર્તનની ઘટના તેમાં નથી એ નોંધવા જેવી બાબત છે તેઓને મતે તો દેવલોકમાંથી ત્રિશલાના ગર્ભમાં જ અવતરણ થયું છે. આશ્ચર્યની વાત એ છે કે આચાર્ય હેમચન્દ્રે ત્રિષષ્ટિગત મહાવીરચરિતમાં[4] ગર્ભાપહરણની ઘટનાની રજૂઆત કરી છે. પરંતુ યોગશાસ્ત્રમાં તે બાબતમાં જે જણાવ્યું છે તે આ પ્રમાણે છે–

---

૧. પરંતુ કલ્પ વગેરેમાં જ્યાં ગર્ભપરિવર્તનના કારણો આપ્યાં છે ત્યાં તુચ્છ દરિદ્ર વગેરે કુલમાં તીર્થંકર નથી જન્મતા માટે ગર્ભપરિવર્તન આવશ્યક જણાવ્યું છે. છતાં દેવાનંદાને 'વરમહિલા' કહી છે, વિશેષા. ગા. ૧૮૨૮, ૧૮૩૯. બ્રાહ્મણને તુચ્છ કુલ માનવા છતાં બ્રાહ્મણ ગણધરોને તો "सव्वे उण्णतविसाल-कुलवंसा" કહ્યા છે–આવ.નિ. ૪૩૮, વિશે. ૧૯૮૭ વળી 'सव्वे य माहणा जच्चा' આ.નિ. ૫૦૦;

૨. "समणोवासए अभिगयजीवाजीवे उवलद्धपुण्णयावे......
सनणोवासिया अभिगयजीवाजीवा........." ૯. ૩૩. ૩૮૦

૩. આ. નિ. ૩૪૦ = વિશે. ૧૮૨૧.

૪. ત્રિષષ્ટિ. ૧૦.૨. ૧–૨૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"श्रीवीरः प्राणतस्वर्गपुष्पोत्तरविमानतः ।
पूर्वजन्मार्जितोजस्वितीर्थकृन्नामकर्मकः ॥
ज्ञानत्रयपवित्रात्मा सिद्धार्थनृपवेश्मनि ।
त्रिशलाकुक्षौ सरस्यां राजहंस इवागमत् ॥"

—યોગશાસ્ત્ર. ૧. ૨ ની ટીકા, પૃ. ૩

અહીં એ પણ નોંધવું જરૂરી છે કે ભગવાન મહાવીરને તેમની સ્તુતિમાં સૂત્રકૃતાંગમાં ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ નહીં પણ ઋષિઓમાં શ્રેષ્ઠ કહ્યા છે તે સૂચક છે —(૧.૬.૨૨)

આચારાંગ આદિમાં આ અવતરણ ક્યારે થયું તે વિષે જણાવ્યું છે કે આ અવસર્પિણીના દુઃષમસુષિમા નામનો ચોથો આરો બહુ વ્યતીત થઈ ગયો હતો અને તેનાં માત્ર ૭૫ વર્ષ અને ૮ા માસ બાકી હતા ત્યારે ચરમ તીર્થંકર ભગવાન મહાવીરનું ગર્ભમાં અવતરણ થયું છે.[1] આચારાંગાદિમાં વિશેષમાં જણાવ્યું છે કે તે દિવસ અષાઢ માસની શુક્લ પક્ષની ૭ઠ હતી અને हस्तोत्तरा નક્ષત્ર હતું.[2] આ બાબતમાં અન્યત્ર કશો વિવાદ નથી.[3] પરંતુ જયધવલામાં એક મતાંતરનો નિર્દેશ છે તદનુસાર ૭૫ વર્ષ અને દશ દિવસો ચોથા આરામાં શેષ હતાં ત્યારે વર્ધમાન જિન ગર્ભમાં આવ્યા —જયધવલા, ૧. પૃ૦૭૬–૮૧. ધવલા; પુ૦૯, પૃ૦ ૧૨૬.

ભ. મહાવીરની જેમ ભ. બુદ્ધના વિશેષ અવસરોનાં નક્ષત્રોનો નિર્દેશ મળે છે. ભ. મહાવીરના નિર્વાણ સિવાયના પાંચ કલ્યાણકો હસ્તોત્તરામાં થયા. તેમ ભ. બુદ્ધનું ગર્ભ અને દીક્ષા–કલ્યાણક પ્રથમોપદેશ અને આશ્ચર્યકારક ધર્મનું પ્રદર્શન એ બધું ઉત્તરાષાઢા નક્ષત્રમાં થયું હતું તેવો અટ્ઠકથામાં નિર્દેશ છે.[4]

અહીં આવશ્યકનિર્યુક્તિમાં જેનો ઉલ્લેખ નથી* પરંતુ આચારાંગ આદિમાં જેનો ઉલ્લેખ છે તે હકીકત નોંધવી જોઈએ. અને તે એ કે જ્યારે ભ. મહાવીર દેવલોકમાંથી ચ્યવન કરી રહ્યા હતા ત્યારે તેમને એ જ્ઞાન હતું કે—"चइस्सामि त्ति जाणइ, चुएमि त्ति जाणइ" પરંતુ "चयमाणे न जाणइ, सुहुमे णं से काले पन्नत्ते ।"—આચારાંગ ૨.૩.૧૭૬; કલ્પ૦ ૩, આવ૦ ચૂ૦ પૃ૦ ૨૩૬. અર્થાત્

---

૧. કલ્પસૂત્ર, ૨; આચારાંગ ૨.૩. ૧૭૬; આ૦ ચૂ૦ પૃ૦ ૨૩૬.

૨. કલ્પસૂત્ર ૨; આચારાંગ ૨.૩.૧૭૬,

૩. ઉત્તરપુરાણ ૭૪.૨૫૩; જયધવલા ભા. ૧, પૃ૦ ૭૪ ધવલા, પુ. ૯, પૃ૦૧૨૦

૪. દીઘનિકાય અટ્ઠકથા સુમંગલા વિલાસિની ભા. ૩, પૃ૦ ૪૨૨થી.

૫. વિશેષાવશ્યકમાં —तिहिं नाणेहिं समग्गो ગા૦ ૧૮૩૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ જાણવાની શક્તિમાં દલીલ એ કરવામાં આવી છે કે ભગવાનને તે કાળે ત્રણજ્ઞાન હતાં–'समणे भगवं महावीरे[1] तिन्नाणोवगए यावि होत्था'–આચા. ૨. ૩. ૧૭૬ કલ્પ. ૩; આ. ચૂ. પૃ. ૨૩૬; "तिन्नांणोवगओ होत्था जम्हा"–પૃથ્વીચન્દ્રકૃત કલ્પસૂત્રટિપ્પાનક પૃ૦ ૨. આ ત્રણ જ્ઞાનો કયાં તેની માહિતી મૂળમાં આપવામાં આવી નથી. પરંતુ દીક્ષા સમયે તેમને ચોથું જ્ઞાન મનઃપર્યાય ઉત્પન્ન થાય છે એવી પરંપરા છે તેથી અહીં મતિ, શ્રુત અને અવધિ—એ ત્રણ જ્ઞાનો[2] સમજવા જોઈએ. આ પ્રકારના ચ્યવનના જ્ઞાનની માન્યતા સાથે બૌદ્ધ પરંપરાગત માન્યતાની પણ તુલના કરવા જેવી છે. બુદ્ધચરિતમાં પાંચ મહાવિલોકનની ચર્ચા આવે છે, તેમાં સ્વયં બુદ્ધ દેવલોકમાં રહ્યા રહ્યા પોતાના આગામી જન્મ વિષે કાલ, દ્વીપ, દેશ, કુલ અને માતાના આયુનો વિચાર કરે છે–જાતકટ્ઠકથા, પૃ૦ ૩૮-૩૯ આવો કોઈ વિચાર તીર્થંકરે કર્યો નથી. પરંતુ બુદ્ધો વિષેની જે ત્રીશ બાબતો સરખી હોય છે તેમાં એક એ પણ છે કે બુદ્ધ જ્યારે ગર્ભમાં આવે છે ત્યારે તે બાબતનું ભાન તેમને હોય છે—જુઓ બુદ્ધવંશ અટ્ઠકથા, પૃ૦ ૨૩૮; પાલિપ્રોપરનેમ્સ, 'બુદ્ધ' શબ્દના વિવરણમાં—પૃ૦ ૨૯૬માં ઉક્ત અટ્ઠકથાનો સાર આપ્યો છે તે જુઓ; આ બાબત તીર્થંકર મહાવીર અને અન્ય તીર્થંકરોના તે બાબતના જ્ઞાન સાથે અવશ્ય તુલનીય છે.

વળી અહીં એ પણ તુલનીય છે કે ભ. બુદ્ધને તે સર્વજ્ઞ–સર્વદર્શી છે એમ કોઈ કહે તો તે પસંદ ન હતું પણ જો કોઈ તેમને ત્રૈવિદ્ય કહે તો તે યથાર્થ હતું—તેમ સ્વયં બુધ્ધે કહ્યું છે અને આ ત્રણ વિદ્યામાં જે સમાવિષ્ટ છે તે આ છે—૧ જાતિ સ્મરણ—અનેક પૂર્વભવોનું જ્ઞાન, ૨ સત્ત્વોની સુગતિ કે દુર્ગતિ અને ચ્યવમાન સ્થિતિનું જ્ઞાન, ૩ આસ્રવોનો ક્ષય કરી અભિજ્ઞાનો સાક્ષત્કાર[3] અહીં એ નોંધવું જરૂરી છે કે ભ. બુદ્ધને સમ્યક્સંબોધિ પ્રાપ્ત થયા

---

૧. આ પરંપરાનું સમર્થન વિશે૦ ૧૮૩૭, આવ૦ નિ૦ ૧૮૪ = વિશે૦ ૧૫૦૪ (ઋષભચરિત) પદ્મચરિત ૨.૭૩; કરે છે ઉત્તરપુરાણમાં—"ચતુર્થોપ્પવબોધોડસ્ય"—એથી સૂચિત થાય છે કે તેમને દીક્ષા પહેલાં ત્રણ જ્ઞાન હતાં.૭૪.૩૧૨; પરંતુ ચઉપ્પનમાં વળી દીક્ષા ટાણે ચાર જ્ઞાનાતિશયો થયાં એમ જણાવ્યું છે, પૃ૦ ૨૭૩ જયધવલામાં સ્પષ્ટ પણે "तिण्णाणहरो गब्भमोइण्णो" છે— ભાગ ૧. પૃ૦ ૭૪; ધવલા, પુ. ૯, પૃ૦ ૧૨૦

૨. આ૦ ઉમાસ્વાતિએ આ ત્રણે સ્પષ્ટ ગણાવ્યાં છે. પ્રારંભિક કારિકા–૧૨

૩. મજ્જિમનિકાય ૨. પૃ૦ ૧૭૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી આ ત્રણ વિદ્યાઓ પ્રાપ્ત થઈ હતી જ્યારે જૈન પરંપરા પ્રમાણે ત્રણ જ્ઞાનો ભ. મહાવીરને જન્મ સમયે જ હતા અને તેમાં જે અવધિજ્ઞાન છે તે અન્ય જીવોના ભવો પણ જાણવાની શક્તિ ધરાવે છે એવી માન્યતા છે. આમ જૈન પરંપરાના આચાર્યોએ ભ. મહાવીરની જ્ઞાનશક્તિ ભ. બુદ્ધથી વિશેષ હતી એવું પ્રતિપાદન કરવાનો અહીં પ્રયત્ન કર્યો હોય તેમ જણાય છે. વળી એ પણ ધ્યાનમાં લેવું જરૂરી છે કે ભ. મહાવીર માટેનો સર્વજ્ઞસર્વદર્શીપણાનો જે પ્રકારનો દાવો છે તેવો દાવો ભ. બુદ્ધના અનુયાયીઓએ પ્રથમ કર્યો નહીં પણ છેવટે તેઓએ પણ ભ. બુદ્ધને સર્વજ્ઞ-સર્વદર્શી સ્વીકારી જ લીધા છે.[1]

માતાને સ્વપ્નો :

દેવાનંદાને બાળકનું ગર્ભમાં અવતરણ થયું ત્યારે ૧૪ સ્વપ્નો આવ્યા, તે આ છે—

गय उसभ सीह. अभिसेय दाम ससि दिणयरं झयं कुंभ ।
पउमसर सागर विमाण भवण रयणुच्चय सिहिं च ॥[2]

હાથી, બળદ, સિંહ, અભિષેક, માળા, ચન્દ્ર, સૂર્ય, ધ્વજ, કુંભ, કમળવાળું સરોવર, સમુદ્ર, વિમાનભવન, રત્નરાશિ અને અગ્નિજ્વાલા.

મહાપુરુષોની માતાને સ્વપ્નોની ચર્ચા ભારતીય પરંપરામાં પ્રાચીનકાળથી શરૂ થઈ ગઈ હતી તેનો જ પડઘો આ કથામાં પણ છે. ભ. બુદ્ધની માતા માયા-દેવીએ ગર્ભકાળે જે સ્વપ્ન જોયું તે આ પ્રમાણે હતું—ચાર દેવો તેમને શયન સાથે ઉપાડીને હીમવંત પર્વત પર લઈ ગયા અને મનોશિલાતલમાં શાલવૃક્ષ નીચે મૂક્યાં, પછી દેવીઓએ આવીને તેમને અનોતત્ત તળાવમાં સ્નાન કરાવ્યું, અને

---

૧. Thomas : Life of Buddha, P. 213.

૨. આ ગાથા આવશ્યક ભાષ્યની છે એમ હરિભદ્રે કહ્યું છે (આ૦ નિ૦ હ૦ પૃ૦ ૧૭૮) અને તે વિશેષાવશ્યક ભાષ્યની છે-ગા૦ ૧૮૨૩. આ૦નિ૦ (ગાથા ૩૪૧ = વિશે૦ ૧૮૨૨)માં તો માત્ર સ્વપ્નનું સૂચન છે. તે સૂચનની પૂર્તિ જિનભદ્રે કરી છે. અને પછી કલ્પસૂત્રમાં તો તે તે સ્વપ્નના વર્ણકો પણ ઉમેરાયા છે જે મૂળમાં હતા નહિ, જુઓ, મુનિરાજ શ્રી પુણ્યવિજયજીની કલ્પસૂત્રની પ્રસ્તાવના, પૃ૦ ૯. આ૦ચૂ૦ (પૃ૦ ૨૩૬)માં પણ વર્ણક નથી. આ૦ચૂ૦ના ઋષભચરિતમાં (પૃ૦ ૧૩૫) પણ સ્વપ્નના વર્ણકો નથી. આથી કલ્પસૂત્રમાં તે વર્ણકો ચૂર્ણિ પછીના કાળે દાખલ થયા હશે એમ માનવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દિવ્ય વસ્ત્રો પહેરાવ્યાં. સુવર્ણમય પ્રાસાદમાં દિવ્ય શય્યામાં સુવાડી દીધાં અને પછી બોધિસત્ત્વ સૂંઢમાં શ્વેતકમળ લઈને સફેદ હાથીના રૂપે તેમની કુક્ષીમાં પ્રવેશ્યા.[1]

ભ. મહાવીરની માતાને જે સ્વપ્ન આવ્યા તેમાં હાથી પ્રથમ છે. અને બોધિસત્ત્વ હાથીના રૂપે માયાદેવીના ઉદરમાં પ્રવેશ્યા એવું માયાદેવીના સ્વપ્નમાં છે આથી એ સૂચના મળે છે કે સ્વપ્નો બાબતની પૌરાણિક કલ્પનામાં હાથીને મહત્ત્વનું સ્થાન છે.

તીર્થંકરચરિતમાં સ્વપ્નચર્ચા ક્યારથી દાખલ થઈ તે પણ વિચારણીય છે. આ૦નિ૦ ૧૭૭ (= વિશે૦ ૧૫૮૭)માં જ્યાં ઋષભચરિતનો સંક્ષેપ આપ્યો છે ત્યાં સ્વપ્નનો ઉલ્લેખ નથી પરંતુ ભ. મહાવીર ચરિતનો જે આ૦નિ૦માં સંક્ષેપ છે (ગા૦ ૩૪૧ = વિશે૦ ૧૮૨૨) ત્યાં જ પ્રથમવાર સ્વપ્નનો ઉલ્લેખ છે. અને તેથી ત્યાં વિશેષાવશ્યક ભાષ્યમાં ૧૪ સ્વપ્નો ગણાવ્યાં છે. આ સૂચવે છે કે આવશ્યક-નિર્યુક્તિકારની સમક્ષ હજી એ પરંપરા સ્થિર નથી કે તીર્થંકરની માતાને સ્વપ્ન આવે જ. એક વાર આચાર્ય જિનભદ્રે પરંપરા સ્થિર કરી એટલે પછી બધા તીર્થંકરની માતાને સ્વપ્ન આવ્યાનું વર્ણન જરૂરી બની ગયું. આથી ઋષભ-ચરિતમાં આ૦ચૂ૦ (પૃ૦ ૧૩૫)માં તે કહ્યાં છે. પઉમચરિય (૨૦.૨૨)માં ત્રિશલાને સ્વપ્ન આવ્યાનો ઉલ્લેખ નથી. ઋષભમાતા મરુદેવીને સ્વપ્ન આવ્યાનો ઉલ્લેખ છે—પરંતુ વિશેષાવશ્યકમાં જે ક્રમ આપ્યો છે તેથી જુદો ક્રમ છે અને નામમાં પણ જરા ફેર છે—

[2]वसह गय सीह वरसिरि दाम ससि रवि झयं कलसं च ।
सर सायरं विमाणवरभवणं रयणकूडग्गी ॥ પઉમ૦ ૩.૭૫

વિશેષાવશ્યકમાં અભિષેક છે અને અહીં વરસિરી એટલે લક્ષ્મી છે. ટીકાકારો 'અભિષેક લક્ષ્મીનો' એવો અર્થ કરે છે.

અન્ય દિગંબર ગ્રન્થોમાં ૧૪ નહીં પણ ૧૬ સ્વપ્નોનો ઉલ્લેખ આવે છે. વળી ભ. મહાવીરની માતાએ ૧૬ સ્વપ્ન જોયા પછી મુખમાં એક અન્ય હાથીને પણ પ્રવેશતો જોયો, એવો ઉલ્લેખ ઉત્તરપુરાણમાં છે—૭૪.૨૫૬, ૨૫૭. જિનસેનના આદિપુરાણમાં મરુદેવીને જે સોળ સ્વપ્નો આવ્યાં હતાં તે આ ક્રમ પ્રમાણે ઉલ્લિખિત છે–

---

૧. જાતકટ્ઠકથા, પૃ૦ ૩૯ (ભારતીય જ્ઞાનપીઠ)

૨. ચઉપન્નમાં પણ ઋષભ માતાને આ પ્રથમ છે. પૃ૦ ૩૧; અને મહાવીર માતાને પણ આ પ્રથમ છે, પૃ૦ ૨૭૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) ઇન્દ્રનો ઐરાવત હાથી, (૨) બળદ (વૃષભ), (૩) સિંહ, (૪) લક્ષ્મી, (૫) પુષ્પમાલા બે, (૬) ચન્દ્રમંડલ, (૭) સૂર્ય, (૮) સુવર્ણના બે કલશ, ૯ બે માછલી, (૧૦) તળાવ કમળવાળું, (૧૧) સમુદ્ર, (૧૨) સિંહાસન, (૧૩) સ્વર્ગનું વિમાન, (૧૪) નાગેન્દ્રનું ભવન (૧૫) રત્નરાશિ, ૧૬ ધૂમરહિત અગ્નિ–આદિપુરાણ ૧૨. ૧૦૩–૧૧૯.

વળી આ સોળે સ્વપ્નો જોયા પછી પોતાના મુખમાં વૃષભને પ્રવેશતા જોયો એવો પણ ત્યાં ઉલ્લેખ છે–૧૨. ૧૨૦–૧૨૧.

આમ સ્વપ્નની પરંપરામાં ઐકમત્ય નથી તે સૂચવે છે કે તેની પ્રાચીન પરંપરા જામી ન પણ હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગર્ભાપહરણ

ભગવાન મહાવીરના ગર્ભનું બ્રાહ્મણી દેવાનંદાની કુંખમાંથી અપહરણ કરી તેને ત્રિશલાના ગર્ભમાં મૂકવામાં આવ્યો તે વિષે કારણ જે આપવામાં આવ્યું છે તે પ્રતીતિકારક જણાતું નથી. જે કાળે ભ.મહાવીર અને બુદ્ધ થયા તે કાળની પરિસ્થિતિ સરખી જ હતી. બૌદ્ધગ્રન્થમાં ભ. બુદ્ધના જન્મ પ્રસંગે બ્રાહ્મણ અને ક્ષત્રિય બન્ને કુળોને બુદ્ધજન્મયોગ્ય માનવામાં આવ્યાં છે. જ્યારે જૈન ગ્રન્થો પ્રમાણે બ્રાહ્મણકુળ તુચ્છ–હીન હોઈ ગર્ભાપહારની ઘટના બની છે. દિગંબરોમાં એવી કોઈ ઘટનાનો ઉલ્લેખ નથી માત્ર શ્વે. સંમત અંગેતર આગમ અને તદનુસારી ગ્રન્થોમાં આવો ઉલ્લેખ છે. તેથી સૂચિત થાય છે કે આ ઘટના પ્રારંભિકકાળની નથી પણ પછીના કાળના સાહિત્યમાં બ્રાહ્મણ દ્વેષની ઉગ્રતાને કારણે દાખલ થઈ છે.

વળી ગણધરો વગેરે તો બ્રાહ્મણો જ હતા અને તેમને વિષેના વર્ણનમાં તેમને ઉચ્ચકુળના જણાવ્યા છે. તો ગર્ભાપહાર પ્રસંગે બ્રાહ્મણકુળને હીન કહેવુ તે અસંગત જણાય છે. વળી પ્રાચીન ભગવતી જેવા શાસ્ત્રમાં દેવાનંદા અને તેના પતિ ઋષભદત્ત વિષે પ્રશંસાભર્યો ઉલ્લેખ છે તે પણ સૂચિત કરે છે કે ગર્ભાપહારનું કારણ હીનકુળ આપવામાં આવ્યું છે તે સંગત નથી. પણ એ વાત તો નક્કી જ છે કે જૈનઆગમોમાં ગર્ભાપહારની ઘટના દાખલ થઈ છે અને તે પણ પછીના કાળના ગ્રન્થોમાં–એટલે વધારે સંભવ તો એવો જ છે કે તે બ્રાહ્મણદ્વેષનુ પરિણામ છે, તે દ્વેષનું મૂળ શું હોઈ શકે તેનો ઉત્તર તે કાળની પરિસ્થિતિ આપી શકે.

વળી ૨૪ તીર્થંકરોમાંથી માત્ર ભ. મહાવીરના જ જીવનમાં ગર્ભાપહરણની ઘટનાનો ઉલ્લેખ શ્વેતામ્બર ગ્રન્થોમાં મળે છે. અને તે પણ એક તીર્થંકર જીવનની એક આશ્ચર્યકારક ઘટના છે તેમ સ્પષ્ટપણે સ્થાનાંગમાં જણાવેલ છે. બધાં મળી દશ આશ્ચર્યો છે. તેમાં પાંચ તો ભગવાન મહાવીરના તીર્થમાં જ થયા છે એ પણ એક આશ્ચર્ય જ ગણાવું જોઈએ.[1] ગર્ભાપહરણની ઘટના વૈદિકોની કૃષ્ણ-બળદેવની કથાને આધારે લેવામાં આવી છે કે તેથી પણ પ્રાચીન છે તે વિવાદનો વિષય છે.[2] પણ એવું જણાય છે કે તે જૈનોમાં ઈ.પૂર્વથી ક્યારેક માન્યતામાં દાખલ થઈ છે કારણ તે બાબતનું શિલ્પ પણ મથુરાના અવશેષોમાં મળી આવે છે. હવે એ ઘટના વિષેના ઉલ્લેખો જોઈએ. વિશેષાવશ્યકમાં તે આ પ્રમાણે છે.

'દેવાનંદાએ સ્વપ્નની વાત પતિને કહી અને તેણે તેનું ફળ અર્થલાભ આદિ જણાવ્યું અને સુરૂપ પુત્રને નવમાસ અને સાડાસાત દિવસ વ્યતીત થયે જન્મ

---

૧. આના વિશેષ વિવરણ માટે સ્થાનાંગ–સમવાયાંગ. પૃ. ૮૯૧, ૮૯૪.

૨. ચઉપ્પન્ન.ની પ્રસ્તાવના પૃ. ૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપીશ અને તે તારો પુત્ર ચારેય વેદનો પારગામી થશે ઇતિહાસ અને નિઘંટુ, આદિ વેદનાં અંગોનાં રહસ્યને પામશે. ષડંગનો જાણકાર, ષષ્ટિતંત્રમાં વિશારદ થશે અને બ્રાહ્મણનયમાં સુપરિનિષ્ઠિત થશે. હે દેવાનુપ્રિયે! તેં ઘણાં ઉદાર સ્વપ્નો જોયાં છે.[૧] પરંતુ વિધિએ કાંઈક જુદું જ ધાર્યું હતું.

'દેવાનંદાની કોંખમાં તે ૮૨ દિવસો રહ્યા તેટલામાં તો સૌધર્મ દેવલોકના ઇન્દ્રને લાગ્યું કે હવે ગર્ભાપહરણનો કાલ થયો છે.[૨] કારણકે અરિહંત, ચક્રવર્તી બલદેવ અને વાસુદેવ–એ બધા ઉત્તમ પુરુષો છે. તે તુચ્છ કુલમાં જન્મ લેતા નથી પરંતુ ઉગ્ર, ભોગ, ઇક્ષ્વાકુ, જ્ઞાતૃ, કૌરવ્ય અને હરિવંશ જેવાં કુળમાં એ પુરુષસિંહો જન્મ લે છે. એટલે સૌધર્મના ઇન્દ્રે નૈગમેષિ દેવને કહ્યું કે આ તીર્થંકર મહાત્મા છે, લોકમાં ઉત્તમ છે અને તે બ્રાહ્મણ કુલમાં ઉત્પન્ન થયા છે. પરંતુ તેમને ક્ષત્રિયકુંડગ્રામમાં સિદ્ધાર્થ ક્ષત્રિય[૩] છે તેની ભાર્યા ત્રિશલાની કોંખમાં તું એમને લઈ જા. આપની વાત બરાબર છે એમ કહીને નૈગમેષિએ હસ્તોત્તરા નક્ષત્રમાં તેરસને[૪] દિવસે રાત્રે વર્ષાઋતુના પાંચમા પક્ષમાં તે ગર્ભનું અપહરણ કર્યું. એથી દેવાનંદાનાં તે ચૌદે સ્વપ્નો તે રાત્રે પ્રતિનિવૃત્ત થઈ ગયાં અને તે જ રાત્રે ત્રિશલાની કોંખમાં ગર્ભનો પ્રવેશ થવાથી ત્રિશલાએ તે જ ચૌદ સ્વપ્નો નિદ્રામાં હતી ત્યારે જોયાં. અને ભ મહાવીર ત્રિશલાની કોંખમાં સાડા છ માસ ત્રણ જ્ઞાન સહિત સંજ્ઞિગર્ભરૂપે રહ્યા અને સાતમા માસમાં ગર્ભમાં જ રહ્યા રહ્યા પ્રતિજ્ઞા કરી કે માતા–પિતાના જીવતેજીવ શ્રમણ નહિ થાઉં.[૫]

---

૧. આ.ચૂ. પૃ. ૨૩૬–૭; વિશેષાવશ્યકમાં દેવાનંદાએ પોતાના પતિને સ્વપ્ન કહ્યાનો નિર્દેશ નથી. એટલે તેના ફળની ચર્ચા પણ નથી.

૨. આ.ચૂ.માં અહીં–સૌધર્મના ઇન્દ્રે જ્યારે જાણ્યું કે ભ.મહાવીર ગર્ભમાં આવ્યા છે ત્યારે તેમની સ્તુતિ કરી અને હરિનૈગમેષિને દેવાનંદાનો ગર્ભ-ત્રિશલામાં અને ત્રિશલાનો ગર્ભ દેવાનંદામાં મૂકી દેવાની આજ્ઞા કરી, કારણ કે તેનું એ કર્તવ્ય હતું કે તે તીર્થંકરાદિનો જન્મ તુચ્છ, દરિદ્ર, ભિક્ષુ, કૃપણ આદિ કુળમાં ન થવા દે. ગર્ભપરિવર્તન થઈ રહ્યું હતું તેનું પણ ભાન ભ.મહાવીરને હતું—એ પ્રમાણે છે. પૃ. ૨૩૭–૨૩૯.

૩. ગૌતમબુદ્ધનું નામ સિદ્ધાર્થ છે તે અહીં નોંધવું જરૂરી છે.

૪. આ.ચૂ.માં આસો માસનો ઉલ્લેખ છે. અને બહુલ=કૃષ્ણપક્ષ જણાવ્યું છે. વળી ગર્ભના પારસ્પરિક પરિવર્તનનો નિર્દેશ અહીં નથી તે ધ્યાનમાં લેવું જોઈએ. એવો નિર્દેશ ચૂર્ણિમાં છે.

૫. વિશેષા. ૧૮૨૭–૧૮૩૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુટુંબીજનો

કલ્પસૂત્રમાં ત્રિશલાને વાશિષ્ઠગોત્રની કહી છે અને તેનાં નામો ત્રિશલા ઉપરાંત વિદેહદિણ્ણા અને[1] પ્રિયકારિણી પણ કહ્યાં છે (૧.૬). તે જ પ્રમાણે કાશ્યપ ગોત્રીય સિદ્ધાર્થ ક્ષત્રિયનાં પણ નામન્તરોમાં તેમાં સેજ્જંસ અને જસંસ જણાવ્યાં છે (૧૦૫). અને તેમના અન્ય સગા–સંબંધીઓમાં કાકા સુપાર્શ્વ, મોટાભાઈ [2]નંદિવર્ધન [3]બહેન સુદંસણાનાં નામોનો નિર્દેશ છે. કૌણ્ડિન્ય ગોત્રની યશોદાને ભાર્યા કહી છે. (૧૦૭). ભ.મહાવીરની કાશ્યપગોત્રીય એક પુત્રીનાં નામો અનવદ્યા અને પ્રિયદર્શના હતાં. [4]પુત્રીની પુત્રી પણ કાશ્યપગોત્રીય શેષવતી અને યશસ્વતી નામે ઓળખાતી હતી (૧૦૮–૯) કલ્પમાં જેટલો વિસ્તાર સ્વપ્નોનાં વર્ણનોમાં મળે છે તેના પ્રમાણમાં આ હકીકતો માત્ર નામ પૂરતી જ છે અને તેમના ગૃહસ્થજીવનની અન્ય કશી હકીકતો આપવામાં આવી નથી. આવું જ આચારાંગમાં પણ છે (૧૭૭).

માતા–પિતા 'પાસાવચ્ચિજ્જા' પાર્શ્વા–પત્યિક હતાં એટલે કે પાર્શ્વનાં અનુયાયી હતાં અને મરીને અચ્યુત દેવલોકમાં ગયાં એટલી વધારાની માહિતી આચારાંગમાં છે (૧૭૮).

---

૧. ઉત્તરપુરાણમાં ત્રિશલાને બદલે પ્રિયકારિણી નામ છે—૭૪.૨૫૬. હરિવંશ-પુરાણમાં ત્રિશલા અને પ્રિયકારિણી બન્ને છે. ૨.૧૬,૧૮.

૨. ચઉપ્પન્નમાં તો "णियकणिट्ठस्स भाउणो रज्जं दाऊण" (પૃ. ૨૭૨) છે તેથી તેમને મતે નાનાભાઈ ઠરે.

૩. આચારાંગમાં આને જ્યેષ્ટભગિની કહી છે. આચા. ૨.૧૭૭

૪. કલ્પમાં–'કાસવી'=કાશ્યપી છે (૧૦૯) પરંતુ આચારાંગમાં 'કોસિયા'–કૌશિકા પાઠ છે, ૧૭૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જન્મનગરી

જન્મનગરી વિષે નોંધવું જોઈએ કે કલ્પમાં ક્ષત્રિયકુંડગ્રામ (૨૫) છે. આચારાંગમાં उत्तरखत्तियकुंडपुरसंनिवेस' (૧૭૬) એમ છે. દક્ષિણમાં બ્રાહ્મણકુંડપુર સંનિવેશ હતો તેમાંની દેવાનંદાના ગર્ભને ઉત્તરમાં આવેલ ક્ષત્રિયકુંડપુરના સંનિવેશમાં ત્રિશલાનાગર્ભમાં લાવવામાં આવ્યો એવો નિર્દેશ આચારાંગમાં છે. આ ઉપરથી કહી શકાય કે વૈશાલીના દક્ષિણભાગમાં આ કુંડપુર કે કુંડગ્રામ હશે.[1]

અહીં આ.નિ.ને ભ.મહાવીરના જન્મસ્થાન વિષે શું અભિપ્રેત હશે તે જોઈએ. આ.નિ.માં આ પ્રમાણે ગાથાઓ મળે છે.—

माहणकुण्डग्गामे कोडालसगोत्तमाहणो अत्थि
तस्स घरे उववण्णो देवाणन्दाय कुच्छिंसि ॥
सुविणमवहारमिग्गहजम्मण अभिसेग वड्ढि सरणं च
भीसणविवाहवच्चे दाणे संबोध णिक्खमणे ॥
सो देववरिग्गहितो तीसं वासइ वसइ गिहवासे
अम्मापीतिहि भगवं देवत्तगतेहिं पव्वइतो ॥

આ.નિ. ૩૪૦-૩૪૨=વિશે. ૧૮૨૧, ૧૮૨૨, ૧૮૬૦; આ.નિ.ह. ૪૫૭, ૪૫૮, ૪૬૦.

આમાં જે વચલી ગાથા છે તે જો ખરેખર આ.નિ.ની હોત તો તેનું સ્થાન જ્યાંથી ભ.મહાવીરનું ચરિત શરૂ થાય તે પૂર્વે હોવું જોઈતું હતું. એટલે કે પ્રથમ ગાથાની પૂર્વે હોવું જોઈતું હતું. આથી 'સુવિણ' ઇત્યાદિ ગાથા આવશ્યક નિર્યુક્તિમાં પ્રથમ સ્તરની નહિ પણ ગર્ભપરિવર્તન અને વિવાહ એ બન્ને બાબતનું સમર્થન કરનાર હોઈ બીજા સ્તરની જણાય છે. વળી આ.નિ.હ.ગા.નં. ૪૫૯ 'હત્યુત્તર'નું સ્થાન પણ વિશેષા. (ગા. ૧૮૬૬=આ.નિ. ૩૪૩)માં બદલાઈ ગયું છે. તેથી તે ગાથા પણ બીજા સ્તરની હોવી જોઈએ એવી સંભાવના થઈ શકે છે. એ ગાથામાં ખાસ કરી તેમને 'ક્ષત્રિય' જણાવ્યા છે. તે જરૂરી ન હતું આમ આ.નિ.નો પ્રાચીન સ્તર ભ.મહાવીરને દેવાનંદાના પુત્ર જ ગણે છે. અને જન્મ નગરી પણ માહણકુંડગ્ગામ છે. આનું સમર્થન ભગવતી સૂત્રમાં છે જ્યાં સ્વયં ભગવાન પોતાને દેવાનંદાના પુત્ર જણાવે છે.

---

૧. આ.નિ.માં માહણકુંડગ્ગામ (આ.નિ. ૩૪૦=વિશે. ૧૮૨૧) અને 'ખત્તિય-કુંડગ્ગામ (વિશે. ૧૮૩૧, ૧૮૪૦)નો ઉલ્લેખ છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગર્ભમાં પ્રતિજ્ઞા

વિશેષાવશ્યકમાં તો માત્ર એટલું જ કહ્યું છે કે સાતમા માસમાં ગર્ભ-સ્થિતિમાં જ ભ. મહાવીરે પ્રતિજ્ઞા કરી કે માતા–પિતાના જીવતાં હું શ્રમણ નહિ થાઉં (ગા. ૧૮૩૮). પરંતુ આ પ્રસંગને કલ્પસૂત્રમાં આ પ્રકારે વર્ણવ્યો છે–એક વાર ગર્ભમાં રહ્યા રહ્યા ભગવાન માતા ઉપર અનુકંપા લાવીને નિશ્ચલ, નિશ્ચેષ્ટ થઈ ગયા. (તે એમ સમજીને કે માતાને હલનચલનથી કષ્ટ થાય છે માટે હલનચલન ન કરવું) પરંતુ આથી તે ત્રિશલાને પોતાનો ગર્ભ ગલિત થઈ ગયો છે એવી શંકા થઈ અને દુઃખી થઈ ગયાં અને શોકસાગરમાં ડૂબી ગયાં. જ્યારે ભ. મહાવીરે માતાના આ. મનોગત ભાવને જાણ્યો ત્યારે પોતે એક દેશથી હલન–ચલન કર્યું. આથી માતા હર્ષમાં આવી ગયાં અને હૈયે ધારણ થઈ કે મારો ગર્ભ ગલિત નથી થઈ ગયો. એટલે ભગવાન મહાવીરે પ્રતિજ્ઞા કરી કે માતા–પિતા જીવિત હશે ત્યાં સુધી ઘરબાર છોડી અણગાર બનીશ નહીં.[1]

આ ઘટના કે આવી કોઈ પ્રતિજ્ઞાનો ઉલ્લેખ આવશ્યકનિર્યુક્તિમાં નથી. આચારાંગના ભાવના અધ્યયનગત મહાવીર ચરિત્રમાં કે પઉમચરિયમાં પણ નથી. તેથી આ ઘટના પાછળથી ઉમેરાઈ છે એ નિશ્ચિત છે, કારણ આ પ્રસંગ દિગંબર પરંપરામાં પણ ઉલ્લિખિત નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જન્મ અને અભિષેક

'આ પ્રમાણે એ વરમહિલાના ગર્ભમાં રહીને નવમાસ અને સાત દિવસ થયે ચૈત્રશુકલા ત્રયોદશીને રોજ હસ્તોતરા નક્ષત્રમાં કુંડગ્રામે ભ. મહાવીરે જન્મ લીધો ત્યારે આભરણ અને રત્નોની વૃષ્ટિ થઈ અને દેવરાજ શક્ર આવ્યા.[1]

ત્રણેય લોકને સુખકારી એવા ભ. વર્ધમાને જ્યારે જન્મ લીધો ત્યારે બધા જ દેવો સંતુષ્ટ થયા અને આનંદ પામ્યા અને જન્મસ્થાને આવ્યા. ઇન્દ્રે ભ. મહાવીરને અભિષક માટે મેરુપર્વતે લઈ ગયા અને[2] અભિષેક કરી માતાને પાછા સોંપી દીધા. પછી શક્રેન્દ્રે ક્ષૌમકુંડલયુગલ, શ્રીદામ—સુંદર માળા આપી અને જૃંભગ દેવોએ મણિકનક આદિની વૃષ્ટિ કરી અને ઇન્દ્રના કહેવાથી સુવર્ણ ધણુ લઈ આવ્યા.[3]

મેરુકંપન

"અનેક ઇન્દ્રો દ્વારા થતી અભિષેક ધારાઓને બાલક કેમ સહન કરી શકશે—આવી શંકા ઇન્દ્રના હૃદયમાં થઈ તેનું. નિવારણ કરવા ભગવાને એક અંગૂઠાથી મેરુકંપન કર્યું અને તેથી સમગ્ર ત્રિભુવનમાં ક્ષોભ પેદા થયો. ઇન્દ્રે વિચાર્યું કે ભગવાનના અભિષેકથી તો સમગ્ર વિશ્વમાં શાંતિ થવી જોઈએ તેને બદલે ભૂકંપ ક્યાંથી થયો ? અને તેણે પોતાના અવધિજ્ઞાનથી અવધાર્યું. કે આ તો શ્રીજિનવરના અનન્યસાધારણ સામર્થ્યનું પરિણામ છે. એટલે ઇન્દ્રે ભગવાનની ક્ષમા માગી. અને પ્રણામ કર્યા"—ચઉપ્પન્ન. (પૃ. ૨૭૧)માં નિરૂપિત આ ઘટના પ્રાચીન કોઈ ગ્રન્થોમાં નથી. માત્ર પઉમચરિયમાં તેની સૂચના—

---

૧. કલ્પ ૮૭–૯૧, આ જ પ્રસંગને જરા વધારે કાવ્યમય બનાવી ચઉપપ્પન્ન (પૃ. ૨૭૦–૭૧) માં આપવામાં આવ્યો છે અને આ. ચૂ. માં પણ આ પ્રસંગનું વર્ણન છે–પૃ. ૨૪૨, ત્રિષષ્ટિ. ૧૦. ૨. ૩૭–૪૮; ગુણચન્દ્ર–મહાવીર ચ. પૃ. ૧૧૪.

૨. વિશે. ૧૮૩૯–૪૧

૩. કલ્પસૂત્રમાં મેરુપર્વત પર લઈ ગયાની વાત નથી. માત્ર 'દેવોએ તિર્થંકર જન્મ-અભિષેકનો મહિમા કર્યો. એમ છે–देवेहि तित्थयरजम्मणाभिसेयमहिमाएकयाए'—આદિ ૯૬. અને આચારાંગમાં વળી 'तित्थयराभिसेयं च कारिसु' ૧૭૬ એમ છે. તેમાં પણ મેરુપર્વત લઈ જવાની વાત નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'आकम्पिओ य जेणं मेरू अंगुट्ठएण लीलाए ।
तेणे ह महावीरो नामं ति कयं सुरिन्देहि ॥"–२५६

આ પ્રમાણે અભિષેક પ્રસંગે છે. અને તેનું અનુકરણ આચાર્ય ગુણચન્દ્ર મહાવીરચરિયમાં (પૃ. ૧૨૦) અનેઆચાર્ય હેમચંન્દ્રે પણ કર્યું છે.[1] (ત્રિષષ્ટિ. ૧૦.૨.૬૦–૬૬) પરંતુ આચાર્ય ગુણભદ્રના ઉત્તરપુરાણમાં પણ આ ઘટના ઉલ્લેખિત નથી એ સૂચવે છે કે આ પણ કૃષ્ણના ગોવર્ધન ઉત્તોલન જેવી ઘટનાના અનુકરણમાં જ મહાવીરચરિતમાં દાખલ થઈ હશે.

બાળક વર્ધમાનને અંગૂઠામાં અમૃતનો લેપ કરવામાં આવ્યો અને તેને ચૂસીને વર્ધમાને બાળભાવ પૂરો કર્યો—એવો ઉલ્લેખ સર્વપ્રથમ પઉમચરિય (૨.૨૮)માં મળે છે.

---

૧. વિશે. ૧૮૪૨–૧૮૪૭; ઉત્તરપુરાણ ૭૪.૨૭૧–૨૭૬

૨. પણ આ. હેમચંદ્રે પણ શીલાંકની જેમ જ આ ઘટનાનો સંબંધ મહાવીર' એવા નામકરણ સાથે જોડ્યો નથી. તેનું તો માત્ર પઉમચરિયમાં દેખાય છે. અને તેના અનુકરણમાં રવિષેણ પણ પદ્મપુરાણમાં એ જ વાત કહે છે (૨.૭૬).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નામકરણ–વર્ધમાન

વર્ધમાન એવા નામકરણનો ખુલાસો આવશ્યક–નિર્યુક્તિ કે વિશેષાવશ્યકમાં નથી. જો કે વિશેષાવશ્યકમાં જન્મપ્રસંગે દેવો સોનું અને રત્નો સિદ્ધાર્થના ઘરમા લાવી આપે છે એમ જણાવ્યું છે અને જૃંભગ દેવો મણિરત્ન–આદિની વૃષ્ટિ કરે છે એમ પણ કહ્યું છે (૧૮૪૬–૪૭) પરંતુ કલ્પસૂત્રમાં સ્પષ્ટ કહ્યું છે 'જ્યારથી શ્રમણ ભગવાન મહાવીરને જ્ઞાનકુળમાં લાવવામાં આવ્યા (ગર્ભાપહારકરીને) છે ત્યારથી આખું જ્ઞાતૃકુળ રૂપાથી વધવા માંડયું, સોનાથી વધવા માંડયું, ધનથી, ધાન્યથી રાજ્યથી, રાષ્ટ્રથી, સેના, વાહન અને ભંડારો-કોઠારોથી, નગરથી, અંતઃપુરથી, જગપદથી, અને જશકીર્તિથી વધવા લાગ્યું. તેમ જ વિપુલ–બહોળા ધન–ગોકુળ વગેરે કનક, રતન, મણિ, મોતી, શંખ, શિલા, પરવાળાં, રાતાં રતન આદિથી પણ વધવા લાગ્યું છે. એટલું જ નહિ પણ જ્ઞાતકુલમાં પ્રીતિ, આદર–સત્કારપણ અભિવૃદ્ધિને પામ્યો છે. માટે તેમનાં માતા–પિતાએ વિચાર્યું કે પુત્રનું નામ વર્ધમાન રાખીશું" (૮૫–૮૬) અને જન્મ થયા પછી એ જ સંકલ્પ પ્રમાણે તેમણે ભગવાનનું ગુણનિષ્પન્ન નામ વર્ધમાન રાખ્યું (૧૦૩, ૧૦૪). આ હકીકતનું સમર્થન આચારાંગમાં પણ છે (૨.૧૭૬) અને ગુણચન્દ્રના મહાવીરચરિતમાં પણ છે–પૃ.૧૧૪ ૧૨૪ આદિ

ભ. મહાવીરનું '**વર્ધમાન**' નામ હતું એની સાક્ષી તો પ્રાચીન આગમ પણ પૂરે છે. સૂત્રકૃતાંગમાં વીરસ્તુતિ અધ્યયનમાં–"इसीण सेटे तह वद्धमाणो' ૧.૬.૨૨) કહીને ભગવાન વર્ધમાન મહાવીરને ઋષિઓમાં શ્રેષ્ઠ કહ્યા છે. એટલે એ નામ હોવા વિષે તો કોઈ સંદેહ નથી 'અને પઉમચરિયમાં પણ ૨૪ તીર્થ-કરોના નામની ગણતરી કરી છે ત્યાં પણ વર્ધમાન નામ જ છે (૨૦–૬)–તે નામ કોણે આપ્યું તેની ચર્ચા પઉમચરિયમાં નથી. પરંતુ ઉત્તરપુરાણમાં 'વીર' અને વર્ધમાન એ બંને નામો ઇન્દ્રે પાડ્યાં છે એવો સ્પષ્ટ ઉલ્લેખ છે (૭૪.૭૬)—"वीरः श्री वर्धमान श्चेत्यस्यारध्याद्वितयं व्यधात् । રવિષેણે મહાવીરને કારણે ઋદ્ધિ અને બીજી સંપત્તિની વૃદ્ધિનું વર્ણન કર્યું. છે પણ તે કારણે 'વર્ધમાન' નામ પડ્યું એવો સ્પષ્ટ નિર્દેશ નથી કર્યો'–પદ્મચરિત ૨.૭૯–૮૩).

હરિવંશપુરાણમાં માતા–પિતાએ વર્ધમાન નામ પાડ્યાનું જણાવ્યું નથી પરંતુ જ્યારે દેવે અભિષેક માટે મેરુપર્વત લઈ જઈને તેમને માતા પાસે મૂકી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીધા તે અવસરે 'વર્ધમાન' કહીને તેમની સ્તુતિ દેવોએ કરી એવો ઉલ્લેખ છે–૨.૪૪.

મહાવીર

શ્રી વર્ધમાનનું મહાવીર નામ શાથી પડ્યું તે હવે વિચારીએ. આવશ્યક નિર્યુક્તિમાં એક ગાથા છે—

> एवं तवोगुणरतो अणुपुव्वेणं मुणी विहरमाणो ।
> घोरं परीसहचमुं अहियासित्ता महावीरो ॥
>
> आव० नि० ४२० = विशे०१९७२ = आ० नि० हृ० ५३८

આ ઉપરથી નિર્યુક્તિકારના મતે ભ. મહાવીર પોતાના સાધનાકાળમાં અનેક પ્રકારનાં પરીષહો અને કષ્ટો સહ્યાં તેથી તેવો 'મહાવીર' થયા એમ અનુમાન તારવી શકાય છે. અને તે ઉચિત પણ કહી શકાય તેમ છે.

પરંતુ એ મહાવીર નામ વિષે અન્યત્ર જુદાં જ સ્પષ્ટીકરણ થયેલા છે તે જોઈએ. આપણે આગળ જોઈ ગયા તે પ્રમાણે પઉમચરિયના મતે તે જન્માભિષેક સમયે મેરુકંપન કર્યો તેથી તે નામ ઇન્દ્રે આપ્યું છે. અને રવિષેણના પદ્મપુરાણમાં પણ એનું સમર્થન છે. —પઉમચરિય. ૨.૨૬; પદ્મચરિત ૨,૭૬. પરંતુ કલ્પસૂત્રમાં આવશ્યકનિર્યુક્તિની વાતને જ આગળ કરી છે—એટલે કે તેમણે ભયંકર પરીષહો સહ્યા છે અને બીજા ગુણો પણ હતા, તેથી 'મહાવીર' નામ પડ્યું છે. ભેદ એ છે કે આવશ્યકનિર્યુક્તિમાં સ્વાભાવિકતા હતી તેને બદલે એ નામ ઉક્ત કારણોને લઈ દેવે દીધું એવો ઉલ્લેખ છે.[1]—

"अयले भयभेरवाणं परीसहोवसग्गाणं खंतिखमे पडिमाणं पालए धीमं अरतिरतिसहे दविए वीरियसंपन्ने देवेहिं से नामं कयं समणे भगवं महावीरे" —કલ્પ૦ ૧૦૪

આચારાંગમાં પણ કલ્પસૂત્ર જેવી જ વાત કહેવામાં આવી છે–૧૭૭ હેમચંદ્રે અને ગુણચન્દ્રે પણ એમ જ માન્યું છે (ત્રિષ૦ ૧૦.૨.૧૦૦ મહાવીરચ—પૃ૦ ૧૨૫.

ઉત્તરપુરાણમાં, બાલક્રીડા વખતે ઇન્દ્ર દ્વારા થયેલી, બાલક વર્ધમાનની પ્રશંસા સાંભળી અસૂયા ધારણ કરી સંગમ દેવે બાલક વર્ધમાનની પરીક્ષા કરી અને તેમની નિર્ભયતા જોઈ તેમને 'મહાવીર' એવું નામ આપ્યું તેમ ઉલ્લેખ છે—૭૪.૨૯૫. આ કલ્પનાનું મૂળ જિનભદ્રે આપેલી કથામાં શોધી શકાય છે. આવશ્યક નિર્યુક્તિગત (ગા૦ ૩૪૧ = વિશે૦ ૧૮૨૨) 'ખેલણ' દ્વારની વ્યાખ્યામાં આચાર્ય જિનભદ્રે આ પ્રમાણે કહ્યું છે—

---

૧. "जगति महावीर इति त्रिदशैर्गुणतः कृताभिख्यः"–તત્ત્વાર્થપ્રારંભિકકારિકા નં. ૧૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बालो अबालभावो अबालपरक्कमो महावीरो
ण हु सक्कालोमेतुं अमरेहिं सइंदएहिं वि ॥१८५२॥

એટલે એક દેવે આ વાતમાં અશ્રદ્ધા ધારણ કરી અને ભગવાનને ડરાવવા (भीसणदूटाए–ગા૦ ૧૮૫૩) જ્યાં ભગવાન રમી રહ્યા હતા ત્યાં આવ્યો. પણ ડરાવી શક્યો નહિ અને वन्दिय वीरं पडिनियत्तो—વીરને નમસ્કાર કરી પાછો વળી ગયો —ગા૦ ૧૮૫૪. અહીં આ૦ જિનભદ્રના વર્ણન પ્રમાણે ઇન્દ્રે માત્ર મહાવીર કહ્યા છે પરંતુ તે નામ આપ્યું નથી. અને પરીક્ષા કરતનાર દેવ પણ 'વીર'ને નમસ્કાર માત્ર કરીને પાછો જાય છે—તેણે કોઈ નામ આપ્યાનો ઉલ્લેખ નથી. આ ઘટના વિષે પરંપરામાં કાંઈક કથા ચાલતી હશે તેની નિર્યુક્તિકારે માત્ર 'ભીસણ' શબ્દથી ઉલ્લેખ કર્યો. આચાર્ય જિનભદ્રે તે ઘટનાના વર્ણનમાં દેવને દાખલ કર્યો અને ઉત્તરપુરાણમાં તો તે દેવ સંગમક અને વળી તેણે મહાવીરની નિર્ભયતા જોઈ 'મહાવીર એવું નામ આપી દીધું આમ કથાતંતુ લંબાવાયો છે. અને આ૦ચૂ૦માં તો વળી તે દેવની ભયંકરતાનું જે વર્ણન છે તે સૌને ટપી જાય તેવું છે. પણ ત્યાં જિનભદ્રને અનુસરીને દેવ પાછો વળી ગયો તેટલું જ જણાવ્યું છે. નામકરણનો ઉલ્લેખ નથી—પૃ૦ ૨૪૬—૨૪૮.

ચઉપ્પન્નમાં પણ ઘટના આ પ્રમાણે જ છે પણ નામકરણ નથી—પૃ૦ ૨૭૧-૨૭૨; હેમચંદ્ર પણ તેનું જ અનુકરણ કરે છે. ત્રિષષ્ટિ ૧૦.૨.૧૦૪-૧૧૮; ગુણચન્દ્રમાં પણ તેમ જ છે, પૃ૦ ૧૨૫

ભગવાન વર્ધમાનનું 'મહાવીર' નામ આગમોમાં પ્રાચીનકાળથી વપરાયું છે તેથી એ તો નક્કી જ છે કે તેમનું વર્ધમાન નામ હોવા છતાં તેઓ પોતાની ધીરતા અને વીરતાને કારણે 'મહાવીર' નામથી જ વિશેષ પ્રસિદ્ધ થયા હતા—સૂત્રકૃતાંગમાં (૧.૧.૧.૨૭) તેમને 'નાયપુત્તો મહાવીરે' કહ્યા છે.[૧] એટલે પછીના કાળે એ નામનો ખુલાસો અનેક રીતે કરવામાં આવ્યો અને તેમના જીવનમાં અલૌકિક તત્ત્વ દાખલ થતાંની સાથે જે સ્વાભાવિક વાત હતી તેમાં પણ દેવ કે ઇન્દ્રનો પ્રવેશ કરી દેવામાં આવ્યો છે.

'સન્મતિ' નામ

ઉત્તરપુરાણમાં વળી એક વધારાના નામની ઉપપત્તિ આપવામાં આવી છે. સંજય અને વિજય નામના ચારણમુનિઓને મનમાં કાંઈક શંકા હતી. તેવામાં

૧. વિશેષ ચર્ચા માટે જુઓ 'શ્રી મહાવીરના પ્રાચીન વર્ણકો' એ પ્રકરણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભ. મહાવીરનો જન્મ થયો અને તેઓ તેમની નજીક આવ્યા. એટલામાં તો તેમના સંશયનું નિરાકરણ થઈ ગયું. આથી તેમણે ભગવાનનું 'સન્મતિ' એવું નામ રાખ્યું અને ભવિષ્ય ભાખ્યું કે આ તીર્થંકર થશે—૭૪.૨૮૨–૨૮૩.

વૃદ્ધિ અને સ્મરણ :

આવશ્યક નિર્યુક્તિની દ્વારા ગાથા(૩૧૪ = વિશે૦ ૧૮૨૨)માં વૃદ્ધિ અને સ્મરણ એવાં બે દ્વારો છે. તેની વ્યાખ્યામાં વિશેષાવશ્યકમાં જણાવ્યું છે કે અનુપમશરીરવાળા ભ. મહાવીર દેવલોકમાંથી ચ્યુત થઈને આ લોકમાં દાસીદાસથી અને પીઠમર્દકોથી ઘેરાઈને વધવા લાગ્યા. તેમનો વર્ણ પદ્મગૌર હતો. નયનો સુંદર હતાં બિમ્બ જેવા ઓઠ હતા, ધવલ દંત પંક્તિ હતી અને તેમનો નિશ્વાસ વિકસિત કમલની સુગંધ ધરાવતો હતો.

તેમને જાતિસ્મરણ એટલે કે પૂર્વજન્મોનું જ્ઞાન હતું. અને વળી અપ્રતિપાતી એવાં પણ જ્ઞાનો હતાં. અને મનુષ્યોમાં તેમની કાંતિ અને બુદ્ધિ વિશિષ્ટ હતાં.[1]

પઉમચરિયમાં ઉલ્લેખ છે કે ઇન્દ્રે દીધેલ આહાર વડે અને અંગૂઠામાં લિપ્ત અમૃતને ચૂસીને ભ. મહાવીર વૃદ્ધિને પામ્યા.[2]

ઉત્તરપુરાણમાં જણાવ્યું છે કે ભગવાનના ભોગોપભોગની સામગ્રી શક્રની આજ્ઞાથી કુબેર હાજર કરતો હતો–૭૪.૨૮૭–૮.

---

૧. વિશેષા૦ ૧૮૪૮–૧૮૫૦; આ૦ચૂ૦ પૃ૦ ૨૪૫

૨. પઉમચરિય—૨.૨૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાલક્રીડા

આચારાંગમાં પાંચ ધાઈ માતાથી ઘેરાયેલ ભ. મહાવીરનું બાળપણ વ્યતીત થયાનો નિર્દેશ છે. પરંતુ બાળક્રીડા વિષે કોઈ નિર્દેશ નથી. કલ્પમાં પણ કશું જ નથી. સર્વપ્રથમ તેનો નિર્દેશ વિશેષાવશ્યકમાં આવે છે. જ્યાં આ૦નિ૦ના 'ભીસણ' (આ૦નિ૦૩૪૧ = વિશે૦ ૧૮૨૨) પદની વ્યાખ્યા પ્રસંગે જણાવ્યું છે કે ભગવાન હજી આઠ વર્ષના થયા ન હતા તે પ્રસંગે શક્રે દેવસભામાં પ્રશંસા કરી કે બાળક વર્ધમાન બાળકમાં ન હોય તેવાં પરાક્રમો કરનાર મહાવીર છે. તેમને દેવો શું પણ ઇન્દ્રો પણ ક્ષોભ પમાડી શકે તેમ નથી. ઇન્દ્રનાં આ વચન સાંભળીને એક દેવને તે બાબતમાં અશ્રદ્ધા થઈ એટલે તે બાળક વર્ધમાનને ડરાવવા માટે શ્રી વર્ધમાન જ્યાં બાળક્રીડા કરી રહ્યા હતા ત્યાં આવ્યો. તેણે પ્રથમ તો સર્પનું રૂપ ધારણ કર્યું અને બાળકોની સાથે જ્યાં ભગવાન ઝાડ ઉપર ચડવાની રમત રમી રહ્યા હતા ત્યાં આવ્યો અને ઝાડના મૂળમાં ઉંચું મોઢું કરી બેસી ગયો. અન્ય છોકરાઓ તો જોઈ ડરી નાસવા લાગ્યા પરંતુ બાલ વર્ધમાને તો તેને હાથમાં પકડીને ફેંકી દીધો. અને રમતમાં નિયમ પ્રમાણે જે જીતે તેને અન્ય હારનાર બાળક પીઠ ઉપર બેસાડીને લઈ જાય–એમ હતું એટલે દેવે બાળક બનીને બાળક વર્ધમાનને પોતાની પીઠ ઉપર બેસાડયો. અને પોતાનું વિકરાળ વિશાળ રૂપ બતાવ્યું. પરંતુ વિના ડર્યે બાળક વર્ધમાને તો તેને એવો મુક્કો માર્યો કે તે દેવ ભોંયભેગો જ થઈ ગયો અને બાળકની વીરતાની પ્રશંસા કરી દેવલોકમાં ચાલ્યો ગયો.[1]

આચાર્ય શીલાંકે બાળકોની ઉક્ત રમતનું નામ 'આમલયખેડ્ડ' આપ્યું છે –પૃ૦ ૨૭૧. અને આચાર્ય હેમચન્દ્રે 'आमलकी–क्रीडा' કહી છે–ત્રિષષ્ટિ૦ ૧૦.૨.૧૦૬. આ૦ચૂ૦માં 'सुंकलि कडएण' છે–પૃ૦ ૨૪૬; પણ હરિભદ્રની ટીકામાં 'रूक्खखेड्डेण' છે–પૃ૦ ૧૮૧; ઉત્તરપુરાણમાં 'દ્રુમક્રીડા' કહી છે ૭૪.૨૯૧

---

૧. વિશે૦ ગા૦ ૧૮૫૧–૧૮૫૪; આ૦નિ૦ભા૦હ૦ ૭૨–૭૫; આ૦ચૂ૦ પૃ૦૨૪૬; ત્રિષષ્ટિ૦ ૧૦.૨.૧૯૩–૧૧૮; ચઉપ્પન્ન૦ પૃ૦ ૨૭૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેખશાલાગમન

'માતાપિતાએ જ્યારે જાણ્યું કે કુમાર વર્ધમાન આઠ વર્ષનો થયો છે એટલે તેને લેખાચાર્ય પાસે લઈ ગયા અને આસન ઉપર બેસાડી શક્રે શબ્દ વિષે પ્રશ્નો પૂછવા માંડ્યા. જે ઉત્તરો મળ્યા તેના આધારે ઇન્દ્ર વ્યાકરણની રચના થઈ,' –વિશેષાવશ્યકમાં નોંધાયેલી[1] આ વાત કલ્પસૂત્રમાં નથી અને આચારાંગમાં પણ નથી. અને આશ્ચર્ય તો એ છે કે ચઉપ્પન્નમાં અને ઉત્તરપુરાણમાં પણ નથી. પરંતુ આ૦ ચૂ૦માં સ્પષ્ટીકરણ છે કે આ૦નિ૦માં આ દ્વારનો ઉલ્લેખ ન હોવા છતાં તેની સૂચના 'च' શબ્દથી કરવામાં આવી છે.[2] આથી સિદ્ધ થાય છે કે આ ઘટના આચાર્ય જિનભદ્રની જ સૂઝ છે. તેને આ૦ચૂ૦માં અને અન્યત્ર પછી સ્થાન મળ્યું છે—ત્રિષષ્ટિ૦ ૧૦–૨.૧૧૯–૧૨૨ ગુણચંદ્રે–મહાવીરચરિયમાં આ ઘટનાને જરા કાવ્યમય બનાવવા પ્રયત્ન કર્યો છે—પૃ૦ ૧૨૭અ–શ્લો. ૭થી પૃ. ૧૨૭બ.

---

૧. વિશે૦ ૧૮૫૫–૧૮૫૬;

૨. इयाणि चसद्दसूचितं लेहापरियोवणयणं ति दारं—આ૦ચૂ૦ પૃ૦ ૨૪૮. અને વળી જ્યારે માતા–પિતા નિશાળમાં લઈ જતાં હતાં એટલે ઇન્દ્રનું આસન કંપ્યું તેથી ઇન્દ્ર ત્યાં આવ્યો આમ–એ કથાને વળી વધારે અલૌકિક બનાવવાનું માન ચૂર્ણિકારને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લગ્ન

ભગવાન મહાવીરે લગ્ન કર્યાં હતાં કે નહિ એ બાબતનાં ચરિતકારોમાં મતભેદ પ્રવર્તે છે. વિશેષાવશ્યકમાં તે બાબતમાં જે જણાવ્યું છે તે આ છે—

"બાળપણ ગયું અને યૌવનમાં પ્રવેશ્યા એટલે માતા-પિતાએ સામન્ત કુળની કન્યા જસોદા[1] સાથે લગ્ન કરાવી આપ્યું અને પછી તે મનુષ્યના કામ-ભોગો ભોગવવા લાગ્યા. અને પ્રિયદર્શના નામની કન્યાને જન્મ આપ્યો. આમ તેમણે[2] ત્રીશ વર્ષની વય સુધી ગૃહવાસ કર્યો" વિશેષા૦ ૧૮૫૭–૧૮૬૦

આમાં જે લગ્નની ઘટના છે તે વિચારણીય છે. વિશેષાવશ્યકમાં યશોદાના કુળને માત્ર મોટું સામંત કુલ કહ્યું છે.[3] આથી તેના કુલની વિશેષતા જાણી શકાતી નથી. અને ગોત્ર વિષે તે વિશેષા૦માં પણ કશું જ કહેવામાં આવ્યું નથી. પરંતુ આચારાંગ અને કલ્પસૂત્ર બન્નેમાં યશોદાનું ગોત્ર જણાવ્યું છે. પણ ત્યાં પણ પાઠની એકરૂપતા દેખાતી નથી. કલ્પમાં યશોદાને 'કાશ્યપી' કહી છે. (૧૦૭) અને આચારાંગમાં તેને કૌંડિન્યગોત્રની કહી છે. (૧૭૭) હરિવંશપુરાણમાં તેને ઇક્ષ્વાકુવંશની જણાવી છે–૬૬.૪ પરંતુ ધ્યાન દેવા જેવી વાત તો એ છે કે આચારાંગ અને કલ્પમાં ભગવાન મહાવીરના ચરિતમાં ક્યાંય વિવાહ કર્યાની ઘટના આવતી નથી. માત્ર જે પ્રસંગે ભ. મહાવીર અને તેમના સંબંધીઓનાં નામ ગણાવ્યાં છે ત્યાં તેમની પત્ની, પુત્રી અને દૌહિત્રીનાં નામો આપીને જ ચરિત્રકારે સંતોષ માન્યો છે આથી સૂચિત જરૂર થાય કે કલ્પને મતે ભ. મહાવીર પરણ્યા હતા. પરંતુ કહી શકાય કે ભ. મહાવીરના જીવનની આ ઘટના પણ તેમના ચરિતમાં પછીથી જ દાખલ થઈ છે. તે પણ આવશ્યકનિર્યુક્તિના મતે મહાવીર તીર્થંકર ચરિતના વર્ણનમાં[4] જે કેટલીક બાબતો જરૂરી છે તેની સૂચી મળે છે તેમાં

---

૧ ભ. બુદ્ધની પત્ની રાહુલમાતા યશોધરાને નામે પ્રસિદ્ધ છે.

૨. આ૦નિ૦ ૩૪૨ = વિશે૦ ૧૮૬૦

૩. આ૦ચૂ૦માં કશી વિશેષ હકીકત નથી. પૃ. ૨૪૯.

૪. અહીં એ નોંધવું જોઈએ કે સર્વતીર્થંકરની સામાન્ય વર્ણનના જે દ્વારો છે તેમાં આ દ્વારો નથી—આ૦નિ૦ ૧૯૮–૨૦૧ = વિશે૦ ૧૬૩૭–૧૬૩૯. પરંતુ ઋષભ ચરિત્રમાં આ નિ૦ ગા.૧૭૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'વિવાહ' અને 'અપત્ય એ દ્વારો છે જ. એટલે તે કાળથી આ બે બાબતો વિષેનું સ્પષ્ટીકરણ મહાવીર ચરિતમાં પણ જરૂરી હતું. અને તેથી તે બાબતમાં બે પરંપરા પડી ગઈ છે. એક પરંપરા પ્રમાણે તેઓના લગ્ન થયા હતા જ્યારે બીજી પરંપરા પ્રમાણે તેઓનાં લગ્ન થયાં ન હતાં. આમ બનવામાં કેટલાક પ્રાચીન પાઠોએ પણ ભાગ ભજવ્યો હોય એમ સંભવ છે. આગમોના જે પ્રાચીન અંશો છે તે પ્રમાણે તો આગમમાં પણ ભ. પરણ્યા ન હતા તેવી પરંપરાની પુષ્ટિ થાય છે. અને કલ્પ જેવાં આગમો જે એટલાં પ્રાચીન નથી તેમાં અને પછીની નિર્યુક્તિ આદિ ટીકાઓમાં તેઓ પરણ્યા હતા તેવી પરંપરાને પણ પુષ્ટિ મળે છે. તાત્ત્વિક રીતે જોઈએ તો આમાં કોઈ સૈદ્ધાન્તિક મતભેદ જેવું નથી. કારણ પરંપરા પ્રમાણે એવો કોઈ નિયમ નથી કે તીર્થંકર હોય તે અવશ્ય પરણે જ અથવા ન જ પરણે. આથી આ જે મતભેદ છે તે ઉક્ત બન્ને દ્વારોના કથાવિસ્તારને કારણે ઊભો થયેલો છે. એકવાર પરંપરામાં વિવાહ કર્યાની વાત દાખલ થઈ. પછી તેનું નિરાકરણ થઈ શકે નહિ. તે જ પ્રમાણે પરંપરામાં એકવાર એવું કહેવાય કે તેઓ પરણ્યા ન હતા એટલે પછી તેને અનુસરનારા તેમ જ કહે. દુર્ભાગ્યે આ બાબતમાં મધ્યકાળમાં જે પરંપરા સ્થિર થઈ તેમાં શ્વેતામ્બરોમાં પરણ્યાની થઈ અને દિગંબરોમાં ન પરણ્યાની થઈ. તેથી તે બન્ને પરંપરા આ બાબતમાં એક બીજાથી સાવ જુદી પડી ગઈ છે. જોકે બીજી એવી ઘણી બાબતો છે જેમાં એક બીજાનું અનુકરણ એકબીજાએ કર્યું છે અને નથી પણ કર્યું. છતાં આ બાબતમાં તો તેવું અનુકરણ દેખાતું નથી, એ હકીકત છે. તેથી આજે એમ મનાતું થયું છે કે પરણ્યા છે—તે શ્વેતામ્બર મત છે અને નથી પરણ્યા તે દિગંબર મત છે. પરંતુ ખરી વાત જે ઉપર કહી તે છે કે શ્વેતામ્બર પરંપરામાં પરણ્યા–ન પરણ્યા —એ બન્ને પરંપરાની પુષ્ટિ છે જ્યારે દિગંબરમાં માત્ર ન પરણ્યાની જ પુષ્ટિ મળે છે.

શ્વેતામ્બર સંમત આગમ ભગવતીમાં જમાલીની વિસ્તૃત કથા આવે છે. પછીના કાળે આ જમાલીને ભ. મહાવીરનો જામાતા લેખવામાં આવ્યો છે. પરંતુ ભગવતી ગત જમાલીની કથામાં તે આઠ કન્યાઓને પરણ્યો હતો એમ તો જણાવ્યું છે પરંતુ તેમાંની એક ભ. મહાવીરની પુત્રી હતી, કે જમાલી ભ. મહાવીરનો જમાઈ હતો તેવો કોઈ નિર્દેશ એ કથામાં નથી. તે સૂચવે છે કે જમાલીને ભ. મહાવીરનો જામાતા ઠરાવનારી પરંપરા ક્યારેક મોડેથી શરૂ થઈ છે, જે પ્રાચીન કાળમાં હતી નહિ.[૧]

---

૧. જુઓ સ્થાનાંગ–સમવાયાંગ, પૃ૦ ૩૨૮માં બહુરતની ચર્ચા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી સમવાયાંગમાં[1] (સૂ૦ ૧૯)૧૯ તીર્થંકરોએ[2] ગૃહસ્થાવાસ ભોગવી દીક્ષા લીધી એમ જણાવ્યું છે અને સ્થાનાંગમાં (૪૭૧માં) પાંચને કુમાર પ્રવ્રજિત કહ્યા છે.[3] આમાં એ પાંચમાં એક મહાવીર પણ છે. અહીં પ્રયોજાયેલ આ 'કુમાર' શબ્દે જ કથાકારોને ભ્રમમાં નાખી દીધા છે. કુમારનો અર્થ બ્રહ્મચારી એવો લેનારે ભગવાન મહાવીરે લગ્ન કર્યાં નથી એમ વર્ણવ્યા અને કુમારનો અર્થ રાજકુમાર એવો અર્થ લેનારને માટે એ આવશ્યક ન હતું કે તે ભ. મહાવીરને બ્રહ્મચારી જ માને આમ એ કુમાર શબ્દનો પ્રયોગ ભ્રામક સિદ્ધ થયો.

આવશ્યકનિર્યુક્તિમાં (ગા૦ ૧૧૯ = વિશે૦ ૧૩૬૭) સર્વતીર્થંકરો વિષેના જે દ્વારો આપ્યાં છે તેમાં એક દ્વાર છે.–'गामायारा'—ગ્રામ્યાચારાઃ તે દ્વારનું વિવરણ નિર્યુક્તિમાં જે છે તે આ છે—

[4]गामायारा विसया णिसेविता जे कुमारवज्जेहिं ।

—ગા૦ ૨૧૨ = વિશે૦ ૧૬૫૦

'કુમાર' કોણ હતા તે વિષયનું સ્પષ્ટીકરણ પણ નિર્યુક્તિમાં મળે છે. પરંતુ તે આ૦ નિ૦ના બીજા સ્તરમાં કારણ વિશેષાવશ્યકની પ્રાચીનતમ પ્રતમાં એ ગાથાઓ લેવામાં આવી નથી[5]—અને તે આ પ્રમાણે છે—

---

૧. "एगूणवीसं तित्थयरा अगारवासमज्झो वसित्ता मुण्डे भवित्ता णं अगाराअ अणगारियं पव्वइया"—समवाय सू० १९.

૨. ટીકાકાર અહીં રાજ્ય ભોગવી એવો પારંપરિક અર્થ કહે છે. પૃ૦૩૭.

૩. "पंचतित्थगरा कुमारवासमज्झे वसित्ता मुण्डा जाव पव्वइया तं० वासुपुज्जे मल्ली अरिट्ठनेमी पासे वीरे—" સ્થા૦ ૪૭૧

૪. "गामधम्मा सेविता ण वा सेविता ? गामणगरावदी तदाचेव उप्पन्ना" આ૦ ચૂ૦ પૃ૦ ૧૫૭ "ग्राम्याचाराः विषयाः...कुमार प्रव्रजितैः विषया न भुक्ता शेषैर्भुक्ताः।" આ૦ નિ૦ હ૦ પૃ૦ ૧૩૪. 'વિષય'નો અર્થ અહીં જો કામ ભોગ એવો ન લેતા પ્રદેશ અથવા દેશ–એમ લઈએ તો જેણે રાજ્યનો ઉપભોગ નથી કર્યો તે કુમાર સિવાયના એમ અહીં અભિપ્રેત હોય એમ બને. સારાંશ કે વિષયનો ઉપભોગ કુમાર સિવાયના તીર્થંકરોએ કર્યો છે.

૫. જુઓ વિશેષાવશ્યક ભાષ્ય [લા. દ. ગ્રન્થમાલા] પૃ૦ ૨૮૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

¹वीरं अरिट्ठनेमि पासं मल्लि च वासुपुज्जं च ।
एए मुत्तूण जिणे अवसेसा आसि रायाणो ॥
रायकुलेसु वि जाया विसुद्धवंसेसु खत्तियकुलेसु ।
न य इच्छियाभिसेआ कुमारवासंमि पव्वइया ॥
આ૦નિ૦હ૦ ૨૨૧–૨૨૨

વીર આદિ પાંચ કુમારવાસમાં જ પ્રવ્રજિત થયા તેમણે અભિષેકની ઇચ્છા કરી નહિ જો કે તેઓ ક્ષત્રિયકુળમાં જન્મ્યા હતા. આથી આ૦નિ૦માં 'કુમાર' શબ્દ રાજા નહિ. પરંતુ રાજકુમાર એ અર્થમાં પ્રયુક્તિ છે એમ જણાય છે. પરંતુ એ જ નિર્યુક્તિમાં પાછું ગ્રામાચાર = વિષય અને તે જેમણે નથી ભોગવ્યા તે પણ કુમારો જ હતા તેમ પૂર્વોક્તિગાથાથી ફલિત થાય છે. એટલે આ કુમારો પરણ્યા ન હતા એમ સહેજ આવશ્યકનિર્યુક્તિથી ફલિત થઈ શકે છે. પરંતુ એ જ આવશ્યકનિર્યુક્તિમાં આગળ ચાલી જ્યાં મહાવીરચરિત વર્ણન છે ત્યાં 'વિવાહ' અને 'અપત્ય' એવાં બે દ્વારો (આ૦નિ૦ ૩૪૧ = વિશે૦ ૧૮૨૨) છે. પરંતુ તેનું સ્પષ્ટીકરણ આ૦નિ૦માં નથી² અને માત્ર વિશેષાવશ્યકમાં (૧૮૫૭–૫૯) છે. તે સૂચક છે. આથી આવશ્યકનિર્યુક્તિમાં ભગવાન મહાવીર પરણ્યા હતા એવી કોઈ સ્પષ્ટ માહિતી આપવામાં આવી નથી. એમ કહી શકાય અને તેથી આવશ્યકના પ્રાચીનતમ સ્તરમાં ભ. મહાવીર પરણ્યાની પરંપરા સ્થાપિત થઈ ગઈ હતી એમ કહી શકાય નહિ.

કુમાર શબ્દ રાજકુમારના અર્થ આવશ્યકનિર્યુક્તિમાં જે પ્રકારે વપરાયો છે તેજ પ્રમાણે પઉમચરિય (૨૦.૫૭–૫૮)માં પણ છે. તેમાં એ જ પાંચેય તીર્થંકરોને 'કુમારસીહ' કહ્યા છે અને શેષ તીર્થંકરો રાજ્યનો ઉપભોગ કરી દીક્ષિત થયા તેમ જણાવ્યું છે. આથી આવનિ.ની અને પઉમચરિયની એક જ પરંપરા છે. એ સાબિત થાય છે. વળી પઉમચરિયમાં જ્યાં ભ.મહાવીરનું ચરિત વર્ણવ્યું છે ત્યાં પણ—"उम्मुक्कबालभावो तीसइवरिसो जिणो जाओ" એમ કહી દીક્ષાનો પ્રસંગ વર્ણન છે (૨.૨૮–૨૯) પરંતુ વિવાહ થયાની વાત કહી નથી.

---

૧. આ ગાથામાં ગણાવેલ પાંચેયને વિષે પુનઃ આ૦નિ૦હ૦(ગા૦ ૨૨૬)ના બીજા સ્તરમાં કહેવામાં આવ્યું છે કે તેઓ પ્રથમ વયમાં દીક્ષિત થયા.
—વિશે૦ પૃ૦ ૨૮૬

૨. આ૦નિ૦માં સ્પષ્ટીકરણ નથી એ શું સૂચિત નથી કરતું કે આ ગાથા બીજા સ્તરની છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિલોયપણ્ણુત્તિમાં પણ તીર્થંકરોનો કુમારકાલ=રાજકુમારકાલ વર્ણિત છે. ત્યાં પણ 'કુમાર'નો અર્થ બ્રહ્મચારી એવો લેવાયો નથી. કારણ બધા જ તીર્થંકરોની બાબતમાં એ કાળની ગણતરી છે (૪.૫૮૩–થી) અને ઉક્ત પાંચેયને વિષે કહેવામાં આવ્યું છે તેમણે કુમારકાલમાં દીક્ષા લીધી અને શેષ તીર્થંકરોએ રાજ્યકાળની સમાપ્તિ પછી (તિલોય. ૪.૬૭૦). અર્થાત્ તિલોયપણ્ણુત્તિમાં પણ 'કુમાર' શબ્દ રાજકુમારના જ અર્થમાં વપરાયો છે એ સ્પષ્ટ છે.

ઉત્તરપુરાણમાં પણ કુમારવય વટાવી ૩૦ વર્ષના થયા એટલે દીક્ષા લેવા તત્પર થયા એમ જણાવ્યું છે. ૭૪, ૨૯૬ થી હરિવંશપુરાણમાં પણ એ પાંચેયને કુમાર હતા ત્યારે દીક્ષિત થયાનું અને શેષ રાજા હતા ત્યારે, એમ છે–૬૦.૨૧૪.

કલ્પસૂત્ર, આચારાંગ અને વિશેષાવશ્યકમાં તો એક માત્ર યશોદા સાથે લગ્ન થયાની વાત છે પરંતુ ચઉપ્પન્ન.માં તો યશોદાનું નામ જ નથી અને એક નહિ પણ અનેક કન્યાઓ સાથે પરણ્યા એવો ઉલ્લેખ છે–'विसयविरत्तचित्तेणावि पडिच्छियाओ कण्णयाओ'–પૃ. ૨૭૨ કારણ જ્યારે ભ. મહાવીર વયસ્ક થયા ત્યારે તેમના ગુણગણથી આકર્ષાઈને અનેક રાજાઓ પોતાની કન્યાઓને લઈને આવ્યા હતા.

યશોદા એ નામનું જ પાત્ર ભ. મહાવીરના વૈવાહિક જીવનમાં સ્થાન પામ્યું છે એની પાછળ પણ કાંઈક જૂની પરંપરા જણાય છે. આચાર્ય જિનસેને વિ. ૮૮૯ માં વઢવાણમાં હરિવંશ પુરાણની રચના કરી છે તેમાં પણ યશોદાને તેના પિતા જિતશત્રુએ ભ. મહાવીર સાથે પરણાવવાની (વીર વિવાહમંગલમ્) ઇચ્છા કરી હતી અને પોતાની કન્યાને બીજી અનેક કન્યા સાથે ભ. મહાવીર પરણે એવી તેની ઇચ્છા હતી–પરંતુ ભ. મહાવીર તો તપસ્યામાં લીન થઈ ગયા એટલે તેની ઇચ્છા પાર પડી નહિ. જિતશત્રુ એ હરિવંશમાં જ ઉત્પન્ન થયો હતો એમ પણ તેમાં જણાવ્યું છે. (૬૬૩–૯) આથી ચઉપ્પન્નગત અનેક કન્યાની વાત પણ નિર્મૂળ નથી, એમ લાગે છે. સ્પષ્ટ છે કે કથાનકની સંપૂર્ણ પરંપરા દૃઢ રીતે સ્થિર થાય એ પહેલાં લેખકોએ જે જુદું જુદું સ્પષ્ટીકરણ કર્યું, તે જ પરંપરાઓ બની ગઈ અને મહાવીર કથામાં પરણ્યાની એક અને અનેક કન્યાઓને પરણ્યાની તથા ન પરણ્યાની એવી પરંપરાઓ પ્રચલિત થઈ.

અહીં એ પણ ધ્યાનમાં લેવા જેવી વાત છે કે હરિવંશપુરાણના પ્રારંભમાં જ્યાં ભ. મહાવીરચરિત્રનું વિસ્તૃત વિવરણ છે. (સર્ગ બીજો, ત્યાં યશોદાની કે વિવાહની કોઈ ચર્ચા આ. જિનસેને કરી નથી પરંતુ છેક અંતમાં જઈ (સર્ગ ૬૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજા જિતશત્રુ જે હરિવંશનો ભ. મહાવીર સમકાલીન રાજા હતો તેના ચરિત વર્ણન પ્રસંગે રાજા જિતશત્રુ એ જ્યારે જોયું કે ભ. મહાવીરે પોતાની પુત્રી યશોદાનો સ્વીકાર ન કર્યો અને તપસ્યા કરવા ચાલી નીકળ્યા ત્યારે રાજા જિતશત્રુ પણ નિરાશ થઈ તપસ્યાને માર્ગ વળ્યો. આ ઉપરથી જણાય છે કે આ. જિનસેનને ભ. મહાવીરની પત્ની યશોદા હતી એવી કોઈ પરંપરા પ્રાપ્ત થઈ હશે પણ તેનું સમર્થન કરવાને બદલે તેમણે તે ઘટનાને પોતાની આગવી રીતે વર્ણવી છે. અને આવો સંભવ એટલા માટે છે કે તેઓ સૌરાષ્ટ્રમાં વિચરતા અને સૌરાષ્ટ્રમાં જ પ્રચલિત શ્વેતામ્બર કલ્પ, વિશેષાવશ્યક આદિમાં ભ. મહાવીર યશોદાને પરણ્યા એવી ઘટના આવતી હતી. પરંતુ તેમની પાસે જે પરંપરા હતી. તેમાં ભ. મહાવીરના પરણ્યાનો કોઈ નિર્દેશ મળતો હતો નહિ. તેથી તેમણે આ ઘટનાનું પોતાની રીતે વર્ણન કરવાનું વિચાર્યું હોય એમ બની શકે છે.

આચાર્ય હેમચન્દ્ર અને ગુણચન્દ્ર તો કલ્પ આદિની પરંપરાને અનુરાગીને યશોદા સાથેના લગ્નને સ્વીકારે છે આચાર્ય ગુણચન્દ્રે આ પ્રસંગને બહુ જ કાવ્યમય વર્ણવ્યો છે અને માતા–પિતાને અપ્રિય એવું ન કરવાની પોતાની પ્રતિજ્ઞા હોઈ વર્ધમાન પરણવા તૈયાર થાય છે અને વસંતપુરનગરના સમરવીરરાજા અને પદ્માવતીરાણીની પુત્રી યશોદા નામની કન્યાને પરણે છે. યશોદા નામ આપવા પાછળ કારણ પિતાનું સ્વપ્નમાં અને પછી તદનુસારી જાગ્રત અવસ્થામાં પરાક્રમને કારણે યશઃપ્રાપ્તિ છે–મહાવીરચરિય પ્ર. ૪, પૃ. ૧૨૮/૨૯ થી. હેમચંદ્રને મતે ઉંમરલાયક છતાં વિકારવિહીન વર્ધમાન હતા અને વળી સંસારથી વિરક્ત પણ હતા. યશોદાના પિતાનું નામ સમરવીર છે. વર્ધમાનને માતા–પિતાએ પરણવા માટે સાક્ષાત્ ન કહેતાં વર્ધમાનના મિત્રોને આ કાર્ય સોંપ્યું અને પછી ત્રિશલાએ પ્રસ્તાવ મૂકયો. અને તેને મંજૂરી ભ. મહાવીરે આપી.–ત્રિષષ્ટિ. ૧૦–૨, ૧૨૪–૧૪૯ અને પછી આ. હેમચંદ્ર લખે છે–

समं यशोदया देव्या स्वामी वैषयिकं सुखम् ।
अनासक्तोऽनुबभूव विश्रोर्नेत्रविशाकरः ।।१५३।।

આમાં કૃષ્ણચરિતની અસર સ્પષ્ટ છે.

ઉપસંહારમાં જણાવીએ કે 'ભ. મહાવીરે ૩૦ વર્ષ સુધી ગૃહવાસ કર્યો અને જ્યારે માતા–પિતા દિવંગત થયાં ત્યારે દીક્ષા લીધી–"[૧] આ. નિ. ૩૪૨ = વિશે. ૧૮૬૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવશ્યક નિર્યુક્તિની આ ગાથામાં ભ. મહાવીર વિશે ગૃહવાસની વાત છે. પણ તે ગાથાની પૂર્વે વિશેષાવશ્યકમાં તેમના પરણ્યાની પણ ચર્ચા છે. એટલે દીક્ષા પહેલાં તેઓ પરણ્યા હતા—આવી પરંપરા આ. જિનભદ્રમાં જ સર્વ પ્રથમ ઉલ્લિખિત મળે છે, કલ્પસૂત્ર કે આચારાંગમાં માત્ર તેમની પત્ની વગેરેનાં નામોના આધારે જ તેમના પરણ્યાનું ફલિત થાય છે. તેથી વધારે સંભવ તો એવો છે કે તેમાં આ. જિનભદ્રનો આધાર લઈને જ એ નામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય.

ભગવાન મહાવીર સ્વમુખે જ કહે છે કે "तेणं कालेणं तेणं समयेणं अहं गोयमा तीसं वासाइं अगारवासमज्झे वसित्ता अम्मापिईहिं देवत्तगएहिं एवं जहा भावणाए जाव एगं देवदूसमादाय मुण्डे भवित्ता अगाराओ अणगारियं पव्वइत्तए।" भगवती–सू. ५४० (शतक १५) એટલે એ તો નક્કી થાય જ છે કે ભગવાન ત્રીસ વર્ષ સુધી સંસારમાં રહ્યા હતા. અને પછી ગૃહત્યાગ કર્યો હતો. આ બાબતમાં સૌ એકમત છે.

१. सो देवपरिगिहितो तीसं वासाइं वसइ गिहवासे ।
अम्मापीतिहिं भगवं देवत्तगतेहिं पव्वइतो ॥

દીક્ષાપૂર્વે પરિત્યાગ

આવશ્યકનિર્યુક્તિમાં મહાવીરચરિત વર્ણનો માટેનાં દ્વારોમાં એક 'દાન' દ્વાર છે (આ૦નિ૦ ૩૪૧ = વિશે૦ ૧૮૨૨) માતા–પિતાના મૃત્યુ પછી ત્રીશવર્ષની વયે દીક્ષિત થવાના હતા તે પૂર્વે ભ. મહાવીરે પોતાની સંપત્તિનું દાન દીધું. અહીં આ૦ હરિભદ્રે એક પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે કે સંબોધન અને દાન દ્વારમાં પ્રથમ કયું સમજવું ? કારણ ઋષભચરિતના અધિકારની જે આ૦નિ૦ (૧૯૯ = વિશે૦ ૧૬૩૭) ગાથા છે તેમાં પ્રથમ સંબોધન (દેવો દ્વારા ઉદ્બોધન) અને પછી પરિત્યાગ = દાનની ચર્ચા છે. અને મહાવીરચરિતનાં દ્વારોમાં દાન પછી સંબોધન છે (આ૦નિ૦ગા૦ ૩૪૧ = વિશે૦ ૧૮૨૨) આનો ઉત્તર આ. હરિભદ્રે આપ્યો છે કે બધા જ તીર્થંકરો માટે એવો કોઈ સામાન્ય નિયમ નથી કે સંબોધન પછી જ દાનની પ્રવૃત્તિ થાય. અન્યથા આ૦નિ૦ કારે આવો વ્યત્યય કર્યો જ ન હોત. અને ધારો કે એવો કોઈ નિયમ હોય તો પણ દાન વિષે વક્તવ્ય વધારે હોઈ અહીં મહાવીરચરિતમાં આવશ્યક નિર્યુક્તિકારે દાનની ચર્ચા પ્રથમ કરવી ઉચિત માની છે. આ૦હરિભદ્રે આમ ખુલાસો તો કર્યો છે પણ ખરી વાત એવી છે કે એ દ્વારોની વ્યવસ્થા જ સ્થિર બની ન હતી એટલે ક્રમમાં વ્યત્યય સંભવ બન્યો છે. સામાન્ય રીતે એમ કહી શકાય કે આ સંબોધન દ્વાર જ પછી દાખલ થયું હશે. કારણ ચરિતને લૌકિકમાંથી અલૌકિક બનાવવામાં જ સંબોધન દ્વારને અવકાશ મળે છે. અને જ્યારે પ્રવ્રજ્યા લેવાની ઇચ્છા થાય ત્યારે પરિત્યાગ સ્વાભાવિક છે. પરંતુ પ્રવ્રજ્યાની ઇચ્છામાં દેવો દ્વારા ઉદ્બોધન કાંઈ તેનું આવશ્યક અંગ નથી. બુદ્ધના ચરિતમાં પણ આવી દેવો દ્વારા ઉદ્બોધનની વાત દાખલ થઈ છે તે જૈનોમાં પણ તે કાળમાં એ બાબતમાં પ્રવૃત્તિ થાય–એ સ્વાભાવિક હતું. એટલે સંબોધનને દાન પૂર્વે મૂકવું કે પછી એની વ્યવસ્થા આચાર્યે વિચારી ન હતી. તેથી જ એક ઠેકાણે પ્રથમ અને બીજે ઠેકાણે દ્વિતીય સ્થાન પામ્યું હોય એમ માનીએ તો ઉચિત થશે.[૧]

વિશેષાવશ્યકમાં દાનપ્રસંગ આમ છે—

દાન દેવાની પ્રક્રિયા પ્રતિદિન પૂર્વાહ્ણમાં દીક્ષાપૂર્વ એક વર્ષ સુધી ચાલુ રહી. અને તે એવી રીતે કે પ્રાતઃ ભોજનના સમય સુધી દાન કરવામાં આવતું.

---

૧. ગુણચન્દ્રના મહાવીર ચરિયમાં પ્રથમ દાન અને પછી સંબોધનનો પ્રસંગ છે–પ્રસ્તાવ ચોથો. પૃ૦ ૧૩૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને તે પણ ચૌટે અને ચોકે તથા શેરીએ શેરીએ એવી ઘોષણા સાથે કે જેને જે માગવું હોય તે માગે, તેને તે મળશે (વરવરિયા). આ રીતે પ્રતિદિન એક કરોડ આઠ લાખ સુવર્ણનું(હિરણ્યનું) દાન દેવામાં આવતું. તે પ્રમાણે એક વર્ષમાં ૩૮૮ કરોડ અને ૮૦ લાખ સુવર્ણનું દાન દીધું અને પછી હસ્તોત્તર નક્ષત્રમાં કુંડગ્રામમાં શ્રેષ્ઠ ક્ષત્રિય અને વજ્રઋષભનારાચ સંઘયણ વાળા ભ. મહાવીર ભવ્ય જનને વિબોધ કરનાર થયા એટલે કે પ્રવ્રજિત થયા.'[1]

આ દીક્ષા તેમણે પોતાના માતા–પિતાના દિવંગત્ થયા પછી લીધી હતી (આ૦નિ૦ ૩૪૨ = વિશે૦ ૧૮૬૦) તે તો કહેવાઈ ગયું છે.

ગા૦ ૧૮૬૫માં તે જ ગાથાઓને આ૦ હરિભદ્રે પોતાની આ૦નિ૦ની વ્યાખ્યામાં સર્વતીર્થંકર સાધારણની ચર્ચામાં આવશ્યક નિર્યુક્તિની ગણી છે (૨૧૬–૨૨૦) અને વળી તે જ ગાથાઓને ભ. મહાવીરચરિતમાં ભાષ્યની "सांप्रतं भाष्यकारः प्रतिद्वारं अवयवार्थं व्याख्यानयन्ति 'वच्छरेण' गाथेत्यादिना"—પૃ૦ ૧૮૩. એટલે સ્વયં આ૦ હરિભદ્ર પણ આ બાબતમાં ભૂલ ખાઈ ગયા છે. ખરી વાત એવી જણાય છે કે તે ગાથાઓ વિશેષા૦ની જે સ્વોપજ્ઞ વ્યાખ્યાની પ્રત છે તેમાં સર્વતીર્થંકર સાધારણ અધિકારમાં લેવામાં આવી નથી (જુઓ વિશે૦ પૃ૦ ૨૯૫) અને વિશેષા૦માં મહાવીરચરિત અધિકારમાં જ ભાષ્યગાથા તરીકે માન્ય છે. તેથી તે ગાથાઓ મૂલતઃ વિશેષાવશ્યકની જ છે, આ૦નિ૦ની નથી એમ નિશ્ચય થાય છે.

કલ્પસૂત્રમાં આ દાનના પ્રસંગ પૂર્વે સંબોધન આવે છે અને તે સમગ્ર પ્રસંગ આ પ્રમાણે છે—[2]"ત્રીસ વર્ષ સુધી ગૃહસ્થવાસ કરીને પોતાનાં માતાપિતા દેવગત થયાં ત્યારે વડિલ મોટા પુરુષોની અનુજ્ઞા મેળવી એટલે તેમની (માતા–પિતાની હયાતીમાં દીક્ષા ન લેવાની) પ્રતિજ્ઞા પૂરી થઈ. લોકાંતિક દેવોએ પોતાનું કર્તવ્ય સમજીને મધુરવાણીથી ભગવાનને અભિનંદન આપ્યા અને ભગવાનની સ્તુતિ

---

૧. સાંવત્સરિક દાનની ગાથાઓ આ૦નિ૦ની છે કે વિશેષાવશ્યકની તેનો નિર્ણય કરવો જરૂરી છે. આ૦નિ૦ ૨૦૨ = વિશે૦ ૧૬૪૦ અને આ૦નિ૦ ૨૦૩ = વિશે૦ ૧૬૪૧માં સર્વતીર્થંકર સાધારણની ચર્ચામાં બધા તીર્થંકરો એક વર્ષ સુધી દાન કરે છે અને રાજ્યત્યાગ કરે છે—એમ કહેવામાં આવ્યું છે. ભ. મહાવીરચરિતમાં જિનભદ્રે આ દાન વિષેનું જ ભાષ્ય કર્યું. ગા૦ ૧૮૬૧–

૨. ત્રીશ વર્ષ સુધીના ગૃહસ્થાવાસનું સમર્થન કરે છે. પઉમચરિય ૨.૨૮ તથા ઉત્તરપુરાણ ૩૦–૨૯૬; ચઉપ્પન્ન૦ પૃ૦ ૨૭૨માં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફરી—'હે નંદ, તારો જય થાઓ, તારું ભદ્ર થાઓ, હે ક્ષત્રિયવરવૃષભ તારો જય થાઓ, જય થાઓ, હે ભગવંત લોકનાથ, તું બોધ પામ, અને લોકના સમગ્ર જીવોને હિતસુખ અને નિઃશ્રેયસ કરનારું ધર્મતીર્થ પ્રવર્તાવો' એમ કહીને દેવોએ ફરી જયનાદ કર્યો''—કલ્પ૦ ૧૧૦.

''ભગવાનને આ પહેલાં પણ અવધિજ્ઞાન તો હતું જ. તેથી તે વડે તેમણે પોતાના નિષ્ક્રમણ કાળને જાણી લીધો. અને પછી હિરણ્યને તજીને, સુવર્ણને તજીને, ધન તજી દઈને, રાજ્યને તજી દઈને, રાષ્ટ્રને તજી દઈને, એ જ પ્રમાણે સેના વાહન, ધનભંડાર, કોઠાર–એ સૌને તજી દઈને, અન્તઃપુર તથા જનપદને તજી દઈને, વિપુલ એવા ધન, કનક, રત્ન, મણિ, મોતી, શંખ, શિલા = રાજપટ્ટ, પ્રવાલ = વિદ્રુમ તથા રક્તરત્ન = પદ્મરાગ આદિ જે સારભૂત દ્રવ્યો હતાં તે સૌ તજીને દાતારો દ્વારા તેનું વિભાજન કરીને અને જે દાયાદો ભાગીદારો હતા તેમાં વહેંચી દઈ...'' કલ્પ૦ ૧૧૧.

કલ્પસૂત્રના આ વર્ણનમાંથી દાન વર્ષ સુધી આપ્યું કે જેણે જે માગ્યું તે આપ્યું તેવી કોઈ વાત ફલિત થતી નથી. તેમણે પોતાની સર્વ સંપત્તિ તજી દીધી એ વાત ખરી પણ કોને આપી તે બાબતમાં પણ કલ્પસૂત્રનો પાઠ તેમના દાયાદોને આપી દેવાનું જણાવે છે. બીજા ગરીબ કે અર્થીને આપ્યાનું આમાંથી ફલિત થતું નથી. સાર એ જ છે કે તેમણે પોતાની સંપત્તિમાંથી મમત્વ છોડી દીધું અને તેમના કુટુંબીજનોએ જે કાંઈ હતું તે વહેંચી લીધું–અથવા તો તેમણે પોતે વહેંચી આપ્યું.

આચારાંગમાં પણ કલ્પસૂત્રનું જ અનુસરણ છે. ભેદ એ છે કે સર્વસ્વત્યાગના પ્રસંગપૂર્વે લોકાંતિકદેવો દ્વારા સંબોધનની ચર્ચા નથી. એટલે કે આમાં દાન પ્રથમ છે પછી સંબોધન છે અને દાનનો પાઠ કલ્પ અને આચારાંગનો સમાન છતાં અંતે–'संवच्छरं[1] दलइत्ता' એવા શબ્દો ઉમેર્યા છે. જેનો સમગ્ર પાઠ સાથે મેળ નથી અને જે પછીના કાળની કલ્પનાનો સમાવેશ કરવા માટે જ ઉમેર્યો હોય એમ જણાય છે– આચા. ૧૭૯. આથી સંતોષ ન માનતાં આચારાંગના સંકલયિતાએ આ પ્રસંગે 'संवच्छरेण' ઇત્યાદિ વિશેષાવશ્યકમાં આવતી ગાથાઓ પણ આ પ્રસંગે લીધી છે, જે સૂચવે છે કે આ ભાગ પ્રક્ષિપ્ત છે.[2]

---

૧. ચઉપ્પન્ન.માં પણ સાંવત્સરિક દાનનું સમર્થન છે. પૃ. ૨૭૨.

૨. હરિવંશપુરાણમાં ભગવાન ત્રીશ વર્ષના થયા એટલે દેવો દ્વારા સંબોધનની વાત છે પણ સાંવત્સરિક દાનનો ઉલ્લેખ નથી. ૨. ૪૭–૫૦. ઉત્તરપુરાણમાં પણ દીક્ષા પૂર્વે સાંવત્સરિક દાનનો ઉલ્લેખ નથી ૭૪.૨૯૬–૩૦૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશેષાવશ્યકમાં પણ જેનો નિર્દેશ નથી એવી એક વાત 'દાન' દ્વારમાં આ. ચૂ.માં ઉમેરવામાં આવી છે અને તે એકે 'ભ. મહાવીર અઠ્ઠાવીશ વર્ષના થયા, એટલામાં તેમનાં માતા-પિતા દિવંગત થયાં. એટલે નંદીવર્ધન, સુપાર્શ્વ આદિ સ્વજનોને પૂછ્યું કે હવે તો મારી પ્રતિજ્ઞા પૂરી થઈ ગઈ છે (તો દીક્ષા લઉં ને ?). એટલે તેઓનો શોક દ્વિગુણિત થઈ ગયો અને કહેવા લાગ્યા કે, ભટ્ટારક, એમ ન કરો, તમે તો સર્વ જગતના પિતા છો, પરમ બંધુ છો અને અમે તો એકદમ અનાથ થઈ જઈશું. માતા-પિતા તો કાળ કરી ગયાં અને હવે તમે જો નિષ્ક્રમણ કરશો તો આ તો ક્ષત ઉપર ક્ષાર છાંટ્યા જેવું થશે, માટે અમારો શોક શાંત પડે ત્યાં સુધી ઘરમાં રહો. ભ. મહાવીરે કહ્યું-કેટલો કાળ રહું ? એટલે તેમણે જણાવ્યું કે અમારો શોક બે વર્ષમાં શાંત થશે. ભ. મહાવીરે કહ્યું કે તમારી વાત મને માન્ય છે. પણ તે દરમિયાન ભોજનાદિ ક્રિયા હું મારી સ્વેચ્છા પ્રમાણે કરીશ. તેઓએ ભ. મહાવીરની આ વાત માની લીધી કે ભલે અમારે માટે અતિશય રૂપ જ એ કાળ હશે. આ પ્રમાણે પોતાના નિષ્ક્રમણ કાળને જાણ્યા છતાં બે વર્ષથી કાંઈક અધિક શીતોદકનો ત્યાગ કરીને તથા અપ્રાશુક આહાર અને રાત્રિભોજનનો ત્યાગ કરીને બ્રહ્મચારી રહીને અને અસંયમના વ્યાપારથી મુક્ત થઈને સંસારમાં રહ્યા.[1] તેઓ સજીવજલથી સ્નાન પણ કરતા નહિ, હાથપગ ધોવા હોય તો તે પણ નિર્જીવજલ વડે કરતા અને આચમન પણ તેનું કરતા. પરંતુ નિષ્ક્રમણાભિષેક પ્રસંગે તો અપ્રાશુક-સજીવજલથી સ્નાન કરાવવામાં આવ્યું હતું. આ કાળમાં તેમણે બાંધવો સાથે પણ અતિસ્નેહ દાખવ્યો નહિ. તેથી શ્રેણિક પ્રદ્યોતાદિ કુમારો તેને છોડી ચાલ્યા ગયા. તે એમ સમજીને કે આ કાંઈ ચક્રી નથી. આ દરમિયાન જ્યારે એક વર્ષ પૂરું થયું ત્યારે હવે હું નિષ્ક્રમણ કરીશ એવો સંકલ્પ કર્યો.'

'વર્ધમાનનો આવો સંકલ્પ થયો ત્યારે દેવેન્દ્ર શક્રનું આસન ચલિત થયું. અને તેણે જાણ્યું કે શક્રનું એ કર્તવ્ય છે કે જ્યારે અરિહંતોનું નિષ્ક્રમણ થવાનું હોય ત્યારે શક્રે તેમને[2] ત્રણસો અઠ્ઠાસી કરોડ અને ૮૦ લાખની સંપત્તિ આપવી. એટલે તેણે વૈશ્રમણ દેવ દ્વારા તેટલી સંપત્તિ પહોંચાડી અને પછી વર્ધમાને પ્રતિદિન સવારમાં દાન દેવા માંડયું. લેનારમાં સનાથ પણ હતા અને અનાથ પણ હતા અને નાના પ્રકારના પથિક આદિ પણ હતા. અને નંદીવર્ધન રાજાએ કુંડગ્રામમાં અને તે તે દેશમાં પાકશાલાઓ નિર્મિત કરાવી અને લોકોને ભોજન આપવા માંડયું. આથી લોકોમાં વાત વહેતી થઈ કે નંદીવર્ધન રાજાને ઘરે તો

૧. ગુણચન્દ્રના મહાવીર ચરિયમાં પણ આનું સમર્થન છે-પ્રસ્તાવ ચોથો પૃ. ૧૩૪.
૨. મહાવીરચરિયમાં (ગુણભદ્રમાં) પણ આનું સમર્થન છે-પ્રસ્તાવ ચોથો પૃ. ૧૩૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોકોને જે કાંઈ જોઈએ તે મળે છે. આ પ્રકારે ભગવાને દેવે જે સંપત્તિ આપી હતી તે બધી વાપરી નાખી.'

આ. ચૂ. ૨૪૯–૫૦ આ વર્ણનથી એક વાત તો સ્પષ્ટ થાય છે કે ભગવાને ઘર છોડ્યું. એટલે તેમની પાસે જે કાંઈ હતું તે તેમનાં સગાસંબંધીઓએ વહેંચી લીધું કે તેમણે તેમને આપી દીધું. પરંતુ વાર્ષિક દાનની જે વાત છે તે તો દેવે તે નિમિત્તે જે સંપત્તિ આપી હતી. તેનું દાન તેમણે વર્ષ સુધી કર્યું. આ વર્ણન જ એ બતાવે છે કે વાર્ષિક દાનની હકીકત પાછળથી જ તેમના ચરિતને અલૌકિકતા અર્પવા ઉમેરાઈ છે.

વસ્તુસ્થિતિ પણ એ જ હોઈ શકે જેવી કે અન્ય દીક્ષિત થનાર વિષે આગમમાં છે, કે જેને દીક્ષા લેવી હોય તે પોતાનાં ઘરબાર અને સંપત્તિ છોડી ત્યાગી બની જાય છે, નગ્ન, મુંડ બની જાય છે. તે પ્રકાર જ ભગવાન મહાવીર વિષે પણ યોગ્ય ગણાય. પરંતુ સામાન્ય દીક્ષિત થનાર અને ભાવી તીર્થંકર દીક્ષિત થનારમાં કાંઈક ભેદ હોવો જોઈએ એવી માન્યતાને કારણે જ વર્ષીદાનની ઘટના જોડવાનું ઉચિત મનાયું હતું. તેથી માત્ર પરિત્યાગથી સંતોષ ન માનતાં 'દાન'ની ઘટના રૂપે એ પરિત્યાગને ચીતરવામાં આવ્યો છે. અર્થાત્ પોતાની સંપતિનો તે પરિત્યાગ અને દેવે દીધેલી સંપત્તિનું દાન–આમ પરિત્યાગનું દાનમાં રૂપાંતર થઈ ગયું. એટલે પરિત્યાગને બદલે દ્વારમાં 'દાન' શબ્દનું જ મહત્વ વધાર્યું.

વળી નંદીવર્ધન આદિની વિનંતીનો પ્રસંગ પણ નવીન છે, એ આ પૂર્વે ક્યાંય ઉલ્લિખિત નથી.

ઉત્તરપુરાણમાં દીક્ષાપૂર્વ બંધુજનોની વિદાય લીધી એવો સામાન્ય ઉલ્લેખ છે–૭૪.૨૯૮.

ચઉપ્પન્ન.માં વળી નંદીવર્ધનનો નાના ભાઈ તરીકે ઉલ્લેખ છે. તેમાં જણાવ્યું છે. કે 'ભ. મહાવીર જ્યારે માતાપિતા સ્વર્ગ સિધાવ્યાં હતાં ત્યારે ત્રીસ વર્ષની વયે કનિષ્ટ[1] ભાઈને રાજ્ય સોંપીને સાંવત્સરિક દાન થઈ દીક્ષા લેવા તૈયાર થયા.' પૃ. ૨૭૨ અહીં નામ નથી આપ્યું. પરંતુ આગળ ચાલી બ્રાહ્મણને વસ્ત્રદાન જ્યારે ભ. મહાવીરે કર્યું ત્યારે નંદિવર્ધનનો ઉલ્લેખ છે તે આ પ્રમાણે–"तओ गतूणं णंदिवद्धणस्स भयवओ माउणो 'रयणाणं मायण" त्ति कलिउण समोप्पिय" પૃ. ૨૭૪–આ ઉપરથી નિશ્ચિત છે કે શીલાંકને મતે નંદિવર્ધન એ ભગવાનના નાનાભાઈ હતા. અને તેમને રાજ્ય આપી ભ. મહાવીરે દીક્ષા માટે વિદાય લીધી હતી.

પરંતુ કલ્પસૂત્રમાં તો નંદિવર્ધનને જ્યેષ્ઠ ભ્રાતા સ્પષ્ટરૂપે કહ્યા છે–'जेट्ठे भाया नंदिवद्धणे'–૧૦૭ અને આચારાંગમાં પણ એમ જ છે. (સૂ. ૧૭૭).

---

૧. 'णियकणिट्ठस्स माउणो रज्जं'–પૃ. ૨૭૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીક્ષા

[1]હસ્તોત્તરા નક્ષત્રમાં કુંડગ્રામમાં વજ્રઋષભનારાચસંઘયણ વાળા અને ભવ્યજનોને બોધ આપનારા વીરે માતા-પિતાના સ્વર્ગવાસ પછી પ્રવ્રજ્યા અંગીકાર કરી.[1]

દીક્ષાપૂર્વ ભ. મહાવીરે એક વર્ષ સુધી પોતાની સંપત્તિનું દાન કર્યું. અને તે ચૌટે અને ચોકે ઘોષણા કરાવીને કે જેને જે માગવું હોય તે માગે અને[2] તે સૌને મળશે.

'સારસ્વત, આદિત્ય, વહ્નિ, વરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, અગ્નેયર્ચ અને અરિષ્ટ–એ દેવોએ વિનંતી કરી કે હે ભગવાન સર્વજગતને હિતકારી એવા તીર્થની પ્રવર્તના કરો. જ્યારે દેવોએ આ પ્રમાણે પ્રાર્થના કરી ત્યારે ભ.મહાવીરે કુંડગ્રામમાં અભિનિષ્ક્રમણનો સંકલ્પ કર્યો અને એથી દેવો અને દેવીઓથી સમગ્ર આકાશપ્રદેશ છવાઈ ગયો અને અહીંથી તહીં સંચરતા દેવોએ [3]ચન્દ્રપ્રભા નામની શિબિકા શણગારીને ત્યાં હાજર કરી. ષષ્ઠભક્ત (બે ઉપવાસ)[4]વાળા ભગવાને શુભ અધ્યવસાયો સાથે શિબિકામાં આરોહણ કર્યું અને ઇન્દ્રો તેમને ચામર ઢોળવા લાગ્યા. અને તે શિબિકા મનુષ્યો અને દેવોએ વહન કરી ત્યારે પુષ્પવૃષ્ટિ દેવોએ કરી અને દેવોએ પ્રસન્ન થઈ આકાશ ભરી દીધું અને ભેરી આદિ વાદ્યોના સૂરથી ગગન ગૂંજી ઊઠ્યું. આ આખી શોભાયાત્રા જ્ઞાતખંડવનમાં આવી અને દેવો ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. શિબિકામાંથી નીચે ઊતરીને ભ.મહાવીરે સ્વયં પોતાના કેશનો લોચ કર્યો. અને ઇન્દ્રે તે કેશ ઝીલી લીધા. અને ક્ષીરોદ સમુદ્રમાં પધરાવી દીધા. તે ટાણે પછી ઇન્દ્રની સૂચનાથી બધા પ્રકારના સ્વરો શાંત થઈ ગયા અને પછી ભ.મહાવીરે ચારિત્ર સ્વીકાર્યું. તે આ પ્રમાણે—પ્રથમ સિદ્ધોને નમસ્કાર કરીને તેમણે પ્રતિજ્ઞા કરી કે સર્વપ્રકારનું સાવદ્ય મારે અકરણીય છે. તીર્થંકરોને ત્રણજ્ઞાન તો ગૃહસ્થ અવસ્થામાં હોય જ છે પણ જ્યારે દીક્ષા ગ્રહણ કરે છે ત્યારે તેમને ચાર જ્ઞાન છદ્મસ્થ અવસ્થા પર્યન્ત રહે છે. તેથી ભ.મહાવીરને

૧. આ. નિ. ૩૪૨ = વિશેષા. ૧૮૬૦, આ. નિ. ૩૪૩ = વિશેષા. ૧૮૬૬.
૨. વિશેષા. ૧૮૬૧–૧૮૬૫.
૩. ઉત્તરપુરાણ ૭૪.૨૯૯.
૪. એ જ ૭૪.૩૦૨ મહાવીરચરિય–પ્ર. ૪, પૃ. ૧૩૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ દીક્ષા સમયે ચોથું મનઃપર્યાય જ્ઞાન થયું.[1] આ પછી પોતાના જ્ઞાતૃબંધુઓને પૂછીને દિવસમાં એક મુહૂર્ત બાકી હતું ત્યારે તેમણે વિહાર કર્યો અને [2]કમ્મારગામમાં પહોંચી ગયા.[3]

આવશ્યકચૂર્ણિમાં પણ આ જ પ્રકારની હકીકત છે. પરંતુ દેવોનો આગમન પ્રસંગ કે ઉત્સવ કરવાનો પ્રસંગ કે સંબોધન પ્રસંગ હોય કે દેવો દ્વારા દીક્ષાપૂર્વ અભિષેકનો પ્રસંગ હોય ત્યારે ઇન્દ્રનો આસનકંપ અને તેને 'દેવોનું એ કર્તવ્ય છે'–('जहाजीतमेत') એમ સમજીને તે તે દેવો એ પ્રસંગો પાર પાડે છે, એ વધારામાં છે. વળી નંદીવર્ધનનો રાજા તરીકે ઉલ્લેખ પણ સ્પષ્ટ છે. વળી દીક્ષા પ્રસંગે ભ.મહાવીરના એ ઉત્સવમાં દેવોનું અને અપ્સરાઓનું વિશેષતઃ પ્રાધાન્ય હોય એવી છાપ ઊભી કરવાનો પ્રયત્ન પણ છે—આ.ચૂ. પૃ. ૨૪૯–૨૬૮.

આવશ્યકચૂર્ણિમાં દીક્ષાપ્રસંગનું જે વર્ણન છે તેને આધારે દીક્ષાવિધિની જે હકીકતો ફલિત થાય છે. તે આ પ્રમાણે છે—

દાન :

૧. એક વર્ષ પછી નિષ્ક્રમણ કરવાનો સંકલ્પ—'हत्थंतरे भगवं संवत्सरावसाणे णिक्खिमिस्सामि त्ति मणं पधारेति'–પૃ. ૨૪૯.

૨. શક્રેન્દ્રના આસનનું ચલાયમાન થવું. તેણે જોયું કે શક્રનું એ કર્તવ્ય છે કે નિષ્ક્રમણ માટે તૈયાર થનાર અરહંતો માટે અર્થનું સંપાદન કરી દેવું—તે ધન ત્રણસો અઠાસી કરોડ અને ૮૮ લાખ જેટલું. આ બધા ધનનું દાન અરિહંતો દીક્ષાપૂર્વ કરી દે છે. —પૃ. ૨૫૦

૩. નંદિવર્ધન રાજાએ કુંડગ્રામમાં અને અન્યત્ર મહાનસશાળાઓ બનાવી અને જે કોઈ આવે તેને જે માગે તે દાન દેવાની ઘોષણા કરાવી અને તે રીતે ભગવાને સાંવત્સરિક દાન દીધું પૃ. ૨૫૦.

---

૧. ઉત્તરપુરાણ ૭૪.૩૧૨

૨. ઉત્તરપુરાણમાં 'કુલગ્રામપુરી' ૭૪.૩૧૮

૩. વિશેષા. ૧૮૬૭–૧૮૯૨; કલ્પસૂત્રમાં દીક્ષા પ્રસંગ માટે જુઓ સૂ. ૧૧૦–૧૧૪ આચારાંગ સૂ. ૧૭૯માં દીક્ષાપ્રસંગ છે. તેમાં આવશ્યક નિર્યુક્તિ અને વિશેષાવશ્યક ભાષ્યગત ગાથાઓ છે. તે સૂચવે છે કે તે વર્ણન પ્રાચીન નથી પણ પછીનાં વર્ણનોથી પ્રભાવિત છે. આચારાંગમાં 'દેવચ્છંદક'ની દેવો દ્વારા રચનાની વાત છે તે નવી છે. વળી મનઃપર્યાયજ્ઞાનને ક્ષાયોપશમિક કહ્યું છે તે તથા તેના વિષયનો જે નિર્દેશ છે તે પણ ચૂર્ણિમાં નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંબોધન :

૧. ભગવાને હવે નિષ્ક્રમણ કરવાનું મનમાં વિચાર્યું. એટલે સારસ્વતાદિ બ્રહ્મલોકમાં વસનાર લોકાંતિક દેવોનાં આસનો ચલાયમાન થયાં અને પોતાનું કર્તવ્ય ભાવી અરિહંતને સંબોધન કરવાનું છે એમ સમજી તેઓ સપરિવાર ભગવાન સમક્ષ હાજર થયા અને તેમનું અભિનંદન અને અભિસ્તવન કર્યું અને કહ્યું 'जय जय णंदा, जय भद्दा जय जय नंदं ते भद्दं ते, जय जय खत्तियवरवसभा बुज्झाहि भगवं, लोयनाहा पवत्तेहि धम्मतित्थं हितसुहणिस्सेसकरं जीवाणं मविस्सति त्ति कट्टु जय जय जय सद्दं पउंजंति पउंजित्ता सामिं वंदंति नमंसंति नमंसित्ता जामेव दिसिं पाउब्भूता तामेव पडिगता'—આ૦ ચૂ । પૃ. ૨૫૧.

નિષ્ક્રમણ દીક્ષા :

૧. લોકાંતિક દેવો દ્વારા સંબોધન પામીને નંદિવર્ધન, સુપાર્શ્વ આદિ જે સ્વજનો હતા તેમની સમક્ષ ભગવાને પોતાનો સંકલ્પ જાહેર કર્યો—'इच्छामि णं तुब्मेहिं अब्भणुण्णाए समाणे मुंडे भवित्ता आगाराओ अणगारियं पव्वइत्तए'—આપ સૌની મંજૂરીથી મુંડ થઈ ઘર છોડી ઘરબાર વિનાનો થવા ચાહું છું—અણગાર થવા ચાહું છું. પૃ. ૨૫૧

૨. ભગવાનની વિનંતીનો અનિચ્છા છતાં સ્વજનો દ્વારા સ્વીકાર—ताहे ताइं अकामगाइं चेव एवं वयासी 'अहासुहं भट्टारगा' પૃ. ૨૫૧

૩. નંદિવર્ધન અને કૌટુંબિક પુરુષો દ્વારા દીક્ષા અભિષેક—પૃ. ૨૫૧.

૪. શક્રેન્દ્રના આસનનું ચલાયમાન થવું અને ક્રમે કરી તેનું સપરિવાર આગમન અને તે જ પ્રકારે બધા જ ઇન્દ્રોનું આગમન અને વંદન-નમસ્કાર આદિ. તે જ પ્રમાણે અસુરકુમાર આદિ ભવનપતિ દેવોનું આગમન; વાણવ્યંતર જ્યોતિષ્ક અને વૈમાનિક તથા લોકાંતિક દેવો અને અપ્સરાઓ એ સર્વ દેવ-દેવીનું આગમન અને અચ્યુત આદિ દેવેન્દ્રની આજ્ઞાથી નિષ્ક્રમણ અભિષેક—પૃ. ૨૫૧-૨૫૬.

૫. નંદિવર્ધન રાજા નિષ્ક્રમણાભિષેક દેવોની ઉપસ્થિતિમાં કરે છે અને ગોસીસચંદનનો ગાત્રમાં લેપ કરી દેવદૂસ યુગલ[1] સમર્પિત કરે છે. (આનું સમર્થન ગુણચન્દ્રે પણ કર્યું છે. પ્ર. ૪. પૃ. ૧૩૭) કટિસૂત્ર તથા હાર આદિથી અલંકૃત કરે છે, સુગંધીગંધનો પ્રક્ષેપ, વાસ યાવત્ ચૂર્ણનો પ્રક્ષેપ કરી સર્વે ઉપસ્થિતજનો— जय जय नंदा

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जय जय भद्दा जय जय णंदा, भद्दं ते जय जय खत्तियवरवसमा अजियं जिणाहि इंदियसेन्नं जियं पालयाहि समणधम्मं जियमज्झे वसाहि......
ઇત્યાદિ અભિનંદન કરીને નાટક ભજવે છે. ૨૫૬–૨૫૮

૬. ચંદ્રપ્રભા નામની શિબિકામાં આરોહણ અને તેમની સાથે કુલમહત્તરિકા સફેદ પટસાટક લઈ અમ્બધાતૃ ઉપકરણ લઈ તરુણી રૂપસુંદરી સફેદ આતપત્ર અને પાણી (સલીલ) લઈ તથા અન્ય વરતરુણી ભિંગાર લઈને અને વળી ત્રીજી વરતરુણી વીંઝણો લઈને તેમની સાથે શિબિકામાં બેસે છે, વળી કોઈને મતે બધાં દેવ–દેવીઓ પણ તેમાં બેસે છે પછી કુટુંબીજનો અને દેવ–દેવીઓ એ શિબિકાનું વહન કરે છે.—પૃ. ૨૫૯.

૭. શોભાયાત્રામાં સર્વપ્રથમ આ રત્નમય અષ્ટમંગલો ક્રમે પ્રસ્થિત હતાં– સોત્થિય, સિરિવચ્છ ણંદિયાવત્ત, વદ્ધમાણય, ભદ્દાસણ, કલસ, મચ્છ અને દપ્પણ. તે પછી પુન્નકલસો, છત્રપતાકા અને ચામરો હતાં. પછી સિંહાસન, ૧૦૮ અશ્વો, ૧૦૮ કુંજરો; છત્ર, ધ્વજ, ઘંટ, પતાકા, તોરણ, નંદિઘોષ આદિથી સંપન્ન ૧૦૮ રથો, ૧૦૮ ઉત્તમ પુરુષો ચાલતા હતા તે પછી હયદળ, ગજદળ, પદાતિ હતા, અને પછી મોટો ઇન્દ્રધ્વજ હતો; પછી તલવાર આદિના ધારકો વગેરેનું ટોળું નાચતું જતું હતું અને જયધ્વનિ કરતું હતું, ત્યાર પછી ઉગ્રઆદિ પુરુષો દ્વારા ઘેરાયેલી શિબિકા હતી અને દેવ–દેવીઓથી પણ તે ઘેરાયેલ હતી, પાછળ પાછળ રાજા નંદીવર્ધન ચાલતો. પૃ. ૨૬૦–૨૬૨.

૮. ફરી પાછું લોકાન્તિક દ્વારા સંબોધન (પૃ. ૨૬૪) પામીને [૧]માગસર-માસની વદ દશમને રોજ હિરણ્ય આદિ સર્વસ્વનો ત્યાગ કરીને સાંજે કુંડપુરમાંથી નીકળી જ્ઞાતખંડવનમાં અશોકના વૃક્ષના નીચે આવી પહોંચ્યા. (પૃ. ૨૬૪) ત્યારે અનેક દેવ–દેવીઓ અને નરનારીઓએ તેમની જય પોકારી અભિનંદન કર્યું, સ્તુતિ કરી (પૃ. ૨૬૫)

૯. શિબિકામાંથી ઉતરતા આભરણાલંકારો પોતે જ ઉતારી નાખ્યા અને કુલમહત્તરિકા[૨]એ તે લઈ લીધા અને ભગવાનને પ્રવ્રજ્યામાં યતના કરવા ઉપદેશ આપ્યો અને નંદિવર્ધન આદિએ ભગવાનને નમસ્કાર કર્યા અને એક બાજુ થઈ ગયા. (પૃ. ૨૬૬)

---

૧. ઉત્તરપુરાણ ૭૪–૩૦૩; ચઉપ્પન્ન૦ પૃ૦ ૨૭૩.

૨. ઉત્તરપુરાણમાં શક્રે લીધા–૭૪.૩૦૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦. ભગવાને પંચમુષ્ઠિક લોચ કર્યો એટલે ઇન્દ્રે[1] કેશ ઝીલી લીધા અને ક્ષીરોદક સમુદ્રમાં તે પધરાવી દીધા[2] (૨૬૭)

૧૧. સિદ્ધોને નમસ્કાર કરી ભગવાને સામાયિક ચારિત્રનો સ્વીકાર કર્યો. नमो त्यु णं सिद्धाणं ति कट्टु सामाइयं चरितं पडिवज्जति –પૃ. ૨૬૭ તે આ પ્રમાણે—"करेमि सामाइयं सव्वं सावज्जं जोगं पच्चक्खामि जाव वोसिरामि—પૃ. ૨૬૭ અહીં ચૂર્ણકાર વિશેષમાં જણાવે છે કે ભગવાન 'भदन्त' એવા શબ્દનો પ્રયોગ કરતા નથી— કારણ તેઓનો તેવો આચાર છે. भदंत त्ति ण भणति जीतमिति—પૃ. ૨૬૭

૧૨. ભગવાને જ્યારે સામાયિક સ્વીકાર્યું ત્યારે મનુષ્યધર્મમાં શ્રેષ્ઠ એવું મનઃપર્યાયજ્ઞાન તેમને સમુત્પન્ન થયું. (૨૬૭).

૧૩. ભગવાને પોતાનો આચાર સમજીને દેવદૂષ્યને વામ સ્કંધમાં ધાર્યું.[3] અને નગ્ન થઈને આગારમાંથી અણગાર રૂપે પ્રવ્રજિત થયા.–'एगं देवदूसमादाय णिगिणे भवित्ता णं तं वामे खंधे काउं जीतमिति आगाराओ अणगारियं पव्वइए"–પૃ. ૨૬૮.

ભગવાન સ્વમુખે જ એ હકીકત સ્વીકારે છે કે એક દેવદૂષ્ય લઈ દીક્ષિત થયા હતા–

"जाव एगं देवदूसमादाय मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइत्तए"–भगवती–શતક ૧૯, સૂ. ૫૪૦.

ચઉપ્પન્ન.માં પ્રથમ પોતાનાં બન્ને વસ્ત્ર છોડયાને ઉલ્લેખ છે. –"देहालिंगणगारवरववियत्रिसयसंगसोक्खं व मुक्कं वासोजुयल" પૃ. ૨૭૩.

પરંતુ તેમાં વળી ઇન્દ્રે દીધેલ એક વસ્ત્રના ખભે ધારણનું સૂચન પણ છે—"सुरवइएक्कंसणिहित्तदेवदूसोवसोहिओ" "विमज्जियासेसवसणो वि वासवणिहितेक्कंसपहोलंतवसणो"–પૃ. ૨૭૩.

દિગંબરગ્રન્થોમાં વસ્ત્ર–આભરણ–માલ્યાદિનાત્યાગનો ઉલ્લેખ છે– ઉત્તરપુરાણ ૭૪. ૩૦૫, હરિવંશ. મહાવીરચરિય પ્રમાણે–

---

૧. ઉત્તરપુરાણ ૭૪.૩૦૭–૩૦૮ ૨. ઉત્તરપુરાણ ૭૪.૩૦૯

૩. કલ્પસૂત્રમાં પાઠ છે– "एगं देवदूसमायाय एगे अबीए मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए" સૂ. ૧૧૪, આચારાંગમાં આ બાબતનો કશો નિર્દેશ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अह चत्तवसणभूसणमल्लस्स पुरंदरेण जयगुरुणो ।
वामंसतले नासियं अदूसियं देववरदूसं ॥ (પૃ. ૧૪૧)

આ પ્રમાણે છે. તે જ બાબતનું પુનરાવર્તન આચાર્ય શીલાંકનું અનુસરણ કરીને આચાર્ય હેમચન્દ્રે લખ્યું છે—

"देवदूष्यं देवराजः स्कन्धे च निदधे प्रभोः" ત્રિષષ્ટિ. ૧૦.૨.૧૯૬.

એ તો નક્કી છે જ કે ભગવાન નગ્ન થઈ ગયા હતા પરંતુ એક વસ્ત્ર તેમની પાસે હતું તે લોકાચારને અનુસરીને—આ પરંપરાનું સમર્થન છેક આચારાંગના પ્રથમ સ્કંધમાં આવતું ભ. મહાવીરનું વર્ણન પણ કરે છે, એ વસ્ત્ર વિષે આચાર્યોએ મન ફાવે તેમ કલ્પના કરી છે, અને તે બાબતનો ખુલાસો કરવા પ્રયત્ન કર્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીક્ષા પછીનો અભિગ્રહ

દીક્ષા લીધા પછી ભ. મહાવીરે અભિગ્રહ કર્યો કે હવે પછી જે કાંઈ ઉપસર્ગો થશે તે બધા સમુચિત પ્રકારે સહન કરીશ—એવો ઉલ્લેખ આચારાંગમાં છે.[1] અને એમ પણ જણાવ્યું છે કે પછી જે કાંઈ ઉપસર્ગો થયા તે સૌ તેમણે સહ્યા. પરંતુ કલ્પસૂત્રમાં ઉપસર્ગો સહન કર્યાનો ઉલ્લેખ છે. અભિગ્રહ કર્યાનો ઉલ્લેખ નથી-(સૂ૦ ૧૧૬) વળી આવશ્યક ચૂર્ણિમાં પણ આવા અભિગ્રહનો ઉલ્લેખ નથી, તે સૂચવે છે કે આ પ્રકારના અભિગ્રહની ચર્ચા પછીથી દાખલ થઈ છે. વિશેષાવશ્યકમાં તો 'સર્વ પાપોના અકરણ'ની પ્રતિજ્ઞાને જ 'અભિગ્રહ' સંજ્ઞા આપી છે–ગા૦ ૧૮૯૦. તે પણ સૂચક છે.

દીક્ષા પ્રસંગે આવશ્યકચૂર્ણિમાં ભગવાન મહાવીરના દેહનું અને સ્વભાવનું વર્ણન આલંકારિકોની ભાષામાં બહુ સુંદર રીતે કર્યું છે. તેમાંથી કેટલાંક વિશેષણો અહીં આપવામાં આવે છે—

समणे भगवं महावीरे **वेसालिए** दक्खे पडिन्ने पडिरूवे अल्लीणे भद्दए विणीए णाते **णातपुत्ते** णातकुलविणिवट्टे **बिदेहे** विदेहदिन्ने विदेहजच्चे विदेहसूमाले सत्तुस्सेहे समचउरंस संठाणसंठिते वज्जरिसभनारायसंघयणे अणुलोम वायुवेगे कंकग्गहणी कवोय परिणामे सोणिपोसपिट्ठंतपरिणते पउमुप्पलगंधसरीसणीसास सुरभिवयणे छवीणिरातंक-उत्तम पसत्थअंकी सेसणिरुपमतणू जल्लमलकलंकसेयरयदोस वज्जियसरीरे णिरूवलेवे... सारयणवथणितमधुरगंभीरकोंचनिग्घोसदुंदुभिस्सरे ... चतुरंगुलसुप्पमाणवरकंबुसरिसगीवे...रत्ततलोवयितमउयमंसलपसत्थलक्खणसुजातं अच्छिद्दजालपाणी... कणगसिलातलुज्जलपसत्थसमतल-उवचितसिरिवच्छरयितवच्छे ... अट्ठसहस्सपडिपुन्नवरपुरिसलक्खणधरे... पसत्थवरतुरग-सुजातगुज्झदेसे ...हुतवहनिद्धूमजलिततडितडियतरुणरविकिरणसरिसतेए...सूरे वीरे विक्कंते पुरिसोत्तिमे पुरिससीहे पुरिसवरपुंडरीए पुरिसवरगंधहत्थी...... આવ૦ચૂ૦ ૨૬૨–૪

આમાં ધ્યાન દેવા જેવી જે વાતો છે તેનો નિર્દેશ જરૂરી છે. અહીં ભગવાનને વૈશાલિક કહ્યા છે. એટલે તેમનું નિવાસસ્થાન જે કુંડપુર[2] છે (આવ૦ ચૂ૦ ૨૬૫) તેનો સંબંધ વૈશાલી નગરીથી હોવો જરૂરી છે. આથી આધુનિકકાળે ક્ષત્રિયકુંડપુર જે રાજગૃહ–નાલંદા–પાવા પાસે માનવામાં આવે છે તે હોઈ શકે નહિ તે નક્કી થાય છે. વળી અહીં તેમને 'विदेहे' ઇત્યાદિ જે વિશેષણો દીધાં છે તે તેમની માતા ત્રિશલા વિદેહદેશનાં હતાં તે કારણે છે.

---

૧. પૃ૦ ૪૨૪

૨. આવ૦ચૂ૦માં આ સ્થળ માટે જે ઉલ્લેખ છે તે આ પ્રમાણે છે खत्तिय-कुंडग्गामे नगरे (२३९) खत्तियकुंडे गामे' (–२४०), कुंडपुरे णगरे' (२४३) कुंडपुरं णगरं (२४४), कुंडग्गामे णगरे (२५०) कुंडग्गामे' (२५०)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છદ્મસ્થકાળની ઘટનાઓ : કઠોર સાધના

આ પૂર્વે બ્રાહ્મણને વસ્ત્રદાનની ચર્ચા થઈ ચૂકી છે. તે સિવાયની જે ઘટનાઓ છે તેમાં અનેક સ્થાનોએ દેવો આવીને ભગવાનની સ્તુતિ કરે છે એ તો સ્પષ્ટ રીતે ભગવાનની અલૌકિકતા અને તેમના દેવાધિદેવપણાને સાબિત કરવાની પ્રક્રિયા-માંથી ઉદ્ભવી છે. એટલે એ વિષે વિશેષ ચર્ચા કરવાનો કાંઈ અર્થ નથી. પણ તેમને જે કષ્ટો પડ્યાં અને તેમણે જે ઉપસર્ગો સહન કર્યા તેમાંથી અતિરંજન બાદ કરીએ તો પણ એવી કેટલીક ઘટનાઓ છે જેનો ઉલ્લેખ કરવો જરૂરી છે. એ ઘટનાઓના ઉલ્લેખ કે તેની ચર્ચા કરતાં પહેલાં ભગવાન મહાવીરના સાધના કાળનું જે ચિત્ર આચારાંગના પ્રથમ શ્રુતસ્કંધમાં નવમા ઉપધાન શ્રુતનામના અધ્યયનમાં છે તેનો સાર આપવો જરૂરી છે. કારણ તેમાં કોઈ અતિરંજનાને અવકાશ મળ્યો નથી અને તે વાચકને અત્યંત સ્વાભાવિક લાગે તેવું છે અને પ્રાચીનતમ ઉપરાંત યથાર્થતાની છાપ પણ તેમાં છે.

આ અધ્યયનનું નામ 'ઉવહાણસુય' છે એટલે કે ભગવાન મહાવીરની તપસ્યા વિષે આમાં વર્ણન છે. નિર્યુક્તિમાં જણાવ્યું છે કે બધા જ તીર્થંકરો પોતાની તપસ્યા વર્ણવે છે (૨૭૬) એથી ભ. મહાવીરની તપસ્યાનું વર્ણન પણ જરૂરી બને છે. અહીં ભગવાન પોતે પોતાની તપસ્યા વર્ણવતા હોય એમ નથી. પણ કોઈ કે ભગવાને કેવી તપસ્યા કરી હતી તેનું વર્ણન કર્યું છે.[1] એટલું નક્કી કે વર્ણન કરનાર એ સ્પષ્ટીકરણ કરે જ છે કે મેં તે વિષે જે સાંભળ્યું છે તે કહીશ. આથી સંભવ છે કે સ્વયં ભગવાન પાસેથી સાંભળીને વર્ણન કરવામાં આવ્યું છે-એવી માન્યતા નિર્યુક્તિકારની હોય નિર્યુક્તિકાર એક બીજું પણ સ્પષ્ટીકરણ કરે છે કે અન્ય તીર્થંકરોને પોતાની તપસ્યાના કાળમાં કોઈ ઉપસર્ગ થયા ન હતા પરંતુ કેવલ ભ. મહાવીર વર્ધમાનને તે કાળમાં ઉપસર્ગો થયા હતા (૨૭૭). વળી ભગવાનને ચાર જ્ઞાન હતાં અને મુક્તિ તો નક્કી જ હતી છતાં પણ પોતાની શક્તિનું ગોપન કર્યા વિના જ ભગવાને તપોનુષ્ઠાન કર્યું હતું. તો તેમનું અનુકરણ બીજા મનુષ્યો પણ બાધા છતાં શું ન કરે? કરે જ. (૨૭૮–૭૯)

---

૧. ચૂર્ણિ–અનુસાર સુધર્મા જંબૂને આ સંભળાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચા૦ (૯.૧)—ચર્યા :

શ્રમણ ભગવાન (મહાવીર) જે પ્રકારે સમજીને ઉઠ્યા અને
તાજા જ દીક્ષિત થઈને[1] હેમંત ઋતુમાં
વિહાર કરવા લાગ્યા તે વિષે જે પ્રકારે
મેં સાંભળ્યું છે તે કહીશ—(૧)
હેમન્તમાં આ વસ્ત્રથી હું મારા
શરીરને ઢાંકીશ નહિ— આ(પ્રતિજ્ઞા)માં
તેઓ યાવજ્જીવન પાર ઉતર્યા. (વસ્ત્ર ખભે રાખ્યું)
તે (વસ્ત્ર) માત્ર પરંપરાનું પાલન કરવા
ખાતર હતું. (૨)

પ્રાસંગિક છે કે અહીં સચેલ અચેલ વિષે થોડી ચર્ચા કરીએ. દિગંબરોમાં પરંપરા પ્રમાણે બધા જ તીર્થંકરો નગ્ન થઈ દીક્ષા લે છે. આમાં પણ નગ્ન થવાની વાત તો છે જ. પરંતુ એક વસ્ત્ર ખભા ઉપર રાખ્યું હતું—આવી જે વાત કરવામાં આવી છે તે શ્વેતાંબર પરંપરાના સમર્થન માટે હોય તેમ જણાય છે. આચારાંગ ચૂર્ણિમાં આ બાબતમાં જણાવ્યું છે કે બધા જ તીર્થંકરો એક વસ્ત્ર સાથે દીક્ષા લે—આ પરંપરાનું અનુસરણ કરવા ખાતર જ ભ. મહાવીરે પણ ખભે વસ્ત્ર રાખ્યું હતું. આના સમર્થનમાં તેમાં નીચેનું ઉદ્ધરણ છે.

अहवा तित्थगराणं अयं अणुक्कालधम्मो—से बेमि जे य अतीता जे य पडुपण्णा जे य आगमिस्सा अरहंता भगवंतो जे य पव्वइया जे य पव्वयंति जे य पव्वइस्संति सव्वे सोवहिगो धम्मो देसियव्वो त्ति कट्टु तित्थधम्मयाए एसा अणुधम्मियत्ति एगं देवदूसमादाय पव्वइंसु वा पव्वइंति वा पव्वइस्संति वा, भणियं च—

गरीयस्त्वात् सचेलस्य धर्मस्यान्यैस्तथागतैः ।
शिष्यसंप्रत्ययाच्चैव वस्त्रं दध्रे न लज्जया ॥

આચા૦ચૂ૦પૃ૦ ૨૯૯

ચૂર્ણિની આ વાતનું મૂળ આવશ્યકનિર્યુક્તિ જેટલું જૂનું જણાય છે—

"सव्वेवि एग दूसेण णिग्गता जिणवरा चतुव्वीसं ।
ण य णाम अण्णलिंगेण णो गिहिलिंगे कुलिंगेवीरा ॥

આવનિ૦ ૨૦૬; વિશેષા૦ ૧૬૪૪

---

૧. માગસર વદ દશમને રોજ—मग्गसिरबहुलदसमीए—આચા૦ચૂ૦પૃ૦૨૯૮

૨. અહીં એ ધ્યાનમાં લેવા જેવું છે કે અંગુત્તર નિકાય (૬.૬.૪)માં "निगण्ठा एक साटका' કહી નિર્ગ્રંથોને એક વસ્ત્રવાળા વર્ણવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિર્યુક્તિમાં તો માત્ર ચોવીશ તીર્થંકરો જે આ કાળમાં થયા તેમને વિષે કહ્યું છે પણ ચૂર્ણિના અવતરણમાં તો તેને પણ વિસ્તારી ભૂત,–ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળના તીર્થંકરો તેમ કરે છે એમ જણાવ્યું છે તે સ્પષ્ટ રીતે પરંપરાનો ઉત્તરોત્તર વિકાસ સૂચવે છે.

ભ. મહાવીરનો ધર્મ સચેલ હતો કે અચેલ તેનો વિચાર અહીં કરીએ તો અનુચિત નહીં લેખાય. 'પરિસહ' નામના ઉત્તરાધ્યયનના બીજા અધ્યયનમાં 'અચેલપરિસહ'નો ઉલ્લેખ છે. વળી 'શીતપરિસહ' પ્રસંગે ઉલ્લેખ છે—'नामे निवारणं अत्थि छवित्ताणं न विज्जई–૨.૭ આ પણ શ્રમણની અચેલતાનું સમર્થન કરે છે પરંતુ 'અચેલ પરિસહ'ના વિવરણમાં.

—परिजुण्णेहिं वत्थेहिं होक्खामि त्ति अचेलए ।
अदुवा सचेले होक्खामि इइ भिक्खू न चिंतए ॥
एगयाऽचेलए होइ, सचेले यावि एगया ।
एयं धम्महियं नच्चा नाणी नो परिदेवए ॥
—૨.૧૨–૧૩ ।

જે આ પ્રમાણે લખ્યું છે તેથી ભિક્ષુઓમાં સચેલ અને અચેલ બન્ને પ્રકાર હોવાનો સંભવ જણાય છે. આ બન્ને પ્રકારનું સમર્થન આચારાંગના વિમોહ–નામના અધ્યયનના ૪–૭ ઉદ્દેશોથી થાય છે. ત્યાં અચેલથી માંડીને ભિક્ષુને ત્રણ વસ્ત્ર હોવાનો ઉલ્લેખ છે. ઉત્તરાધ્યયનમાં 'હરિએસબલ'ને 'पन्तोवहिउवगरण' વિશેષણ આપ્યું છે (૧૨.૪) અને 'ओमचेलए' કહીને બ્રાહ્મણો તેને ધુત્કારે છે (૧૨.૬,૭) તે સૂચવે છે કે સચેલ નિર્ગ્રન્થો પણ હતા. ઉત્તરાધ્યયનમાં શ્રમણની સામાચારી પ્રસંગે વસ્ત્રની પ્રતિલેખનાનો નિર્દેશ છે–(૨૬.૨૩) તે પણ સચેલતાનું સૂચક છે જ. અને તે જ ઉત્તરાધ્યયનમાં દીક્ષા લીધા છતાં જેઓ ઉચિત રીતે તેનું પાલન કરતા નથી તેમને માટે કહ્યું છે કે–निरट्ठिया नग्गरुई उ तस्स जे उत्तमट्ठं विवज्जासमेइ ।–(૨૦.૪૯)–આ સૂચવી જાય છે કે નગ્ન શ્રમણો પણ ભ. મહાવીરના સંઘમાં હતા. પરંતુ શ્રમણી માટે તો વસ્ત્રોની છૂટ હશે જ કારણ રાજીમતીનું જે વર્ણન (ભલેને તે ભ. મહાવીરતીર્થની સાધ્વી ન હતી) ઉત્તરાધ્યયનમાં છે તેમાં 'वासेणुल्ला उ अन्तरा' 'चीवराइं विसारन्ती' (૨૨.૩૩,૩૪) વસ્ત્રનો ઉલ્લેખ સ્પષ્ટ છે જ. અહીં રાજીમતીના કેવલી થયાનો પણ ઉલ્લેખ છે (૨૨.૪૮) તે ધ્યાનમાં લેવા જેવું છે. પરંતુ ઉત્તરાધ્યયનના કેશીગૌતમીય અધ્યયનમાં(૨૩)તો ભગવાન મહાવીરના ધર્મને સ્પષ્ટ પણે 'અચેલ' કહ્યો છે અને પાર્શ્વના ધર્મ 'સન્તરુત્તર' એટલે કે બે વસ્ત્રધર કહ્યો છે–(૨૨.૧૩,૨૯) આ સૂચવી જાય છે કે ભગવાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવીરે અચેલપણાને પ્રાધાન્ય આપ્યું હતું. પરંતુ જ્યારે બન્ને સંઘો એકત્ર થયા ત્યારે ભ. મહાવીરના તીર્થમાં પણ[1] સચેલ અને અચેલ બન્ને પ્રકારના શ્રમણો થવા લાગ્યા.

ભ. મહાવીરે અચેલપણાને પ્રાધાન્ય આપ્યું હતું તેની સાબિતી એ પણ છે કે સ્થાનાંગમાં જ્યાં ભાવી તીર્થંકરનું ચરિત્ર આપવામાં આવ્યું છે ત્યાં સ્પષ્ટ જણાવ્યું છે કે—से जहा नामए अज्जों मए समणाणं निग्गंथाणं नग्गभावे मुण्डभावे...जाव लद्धावलद्धवित्तीओ पन्नत्ताओ एवामेव महापउमेवि अरहा समणाणं निग्गंथाणं णग्गभावं...। સ્થાનાંગ સૂ૦ ૬૯૩, પૃ૦ ૪૬૦ (આગમોદય) અને આનું સમર્થન અનેક શ્રમણોનું આગમોમાં આવતું વર્ણન કરે જ છે—આ માટે જુઓ અન્તકૃદ્દશા, સૂ૦૯, ૧૩ અને બાકીના પાઠની પૂર્તિ માટે જુઓ-ઔપપાતિકસૂત્ર, સૂ૦ ૪૦.

આમ સારાંશ એ છે કે ભ. મહાવીરે પ્રાધાન્ય અચેલતાને જ આપ્યું હતું પણ તેમના સંઘમાં કેટલાક શ્રમણો સચેલ પણ હશે અને આ સચેલ શ્રમણોની પરંપરાને વેગ તેમના સંઘમાં ભ. પાર્શ્વના અનુયાયીઓ ભળી ગયા પછી વિશેષ મળ્યો હશે એવો સંભવ છે. આટલી પ્રાસંગિક ચર્ચા પછી હવે ભગવાનની ચર્ચા વિષે આગળ વધીએ.

ચારથી વધારે માસ સુધી ઘણા જ જંતુઓ આવીને તેમના શરીરનો રોધ કરતા એટલે કે તેમની આસપાસ ફરી વળતા હતા અને રુષ્ટ થઈ ડંખ મારતા.–૩

(ટીકાકારો જણાવે છે કે દીક્ષા લેતી વખતે શરીર ઉપર ચંદનાદિ સુગંધી પદાર્થોનું વિલેપન કર્યું હતું તેને કારણે ભ્રમરો વગેરે જંતુઓ તેમના શરીર આસપાસ સુગંધથી આકર્ષાઈ આવતા અને ડંખ મારતા)

એક વર્ષ અને એક માસ સુધી ભગવાન વસ્ત્રવિનાના હતા નહિ. પણ પછી એ વસ્ત્રનો ત્યાગ કરી તેઓ અચેલક થયા એટલે કે વસ્ત્ર વિનાના થયા.–૪

(અહીં નગ્નતા અને અચેલકતા વિષે સ્પષ્ટતા કરવામાં આવી છે. વસ્ત્ર ખભા ઉપર હતું તેથી તેઓ નગ્ન છતાં અચેલક—નિર્વસ્ત્ર કહેવાય નહિ પરંતુ તે વસ્ત્ર જ્યારે છૂટી ગયું અથવા છોડયું ત્યારે જ ખરા અચેલક થયા.

કલ્પસૂત્રમાં—'समणे भगवं महावीरे संवच्छरं साहियं मासं जाव चीवरधारी होत्था, तेण परं अचेले पाणिपडिग्गहए" (સૂ૦ ૧૧૫) એમ છે.

---

૧. 'વસ્ત્રધારણ' –એ સંયમ માટે જ હોય તો પછી તે પરિગ્રહ નથી કારણ મૂર્છા એજ પરિગ્રહ છે—આવું સમર્થન દશવૈકાલિકમાં છે. ૬–૨૦–૨૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂળમાં તો ('तं वोसज्ज') એમ સ્પષ્ટ છે તેથી તેમણે તે ત્યાગ્યું એવો અર્થ થાય. પણ વસ્ત્ર માટે તેમની પાછળ ભમનાર બ્રાહ્મણની વાત પછીથી પ્રચલિત થઈ ગયેલ હોઈ તે વસ્ત્ર કટંકમાં ભરાઈ ગયું. અને તે બ્રાહ્મણે જોયું, એમ આચા૦ ચૂર્ણિમાં છે. અને અન્ય કથાકારો તે કંટકમાં ભરાયેલ અર્ધવસ્ત્ર લઈને બ્રાહ્મણે તે પૂર્વ લીધેલ ભાગ સાથે સંધાવી આખું કર્યું એમ જણાવે છે અને લાખ સોનૈયામાં વેચ્યું એમ કથાને આગળ વધારે છે—આવ ચૂ—પૃ.

કંટકમાં ભરાયા પછી તે તરફ જોઈ આ વસ્ત્રનો 'ત્યાગ કરું છું.' એમ કહ્યું આમ આચા૦ ચૂર્ણિકાર જણાવે છે. અને સ્પષ્ટીકરણ કરે છે કે ખરી રીતે તો દીક્ષા લેતી વખતે જ મનથી વસ્ત્રનો ત્યાગ કર્યો જ હતો પણ હવે દ્રવ્યથી પણ થયો. એટલે અચેલક થયા–अचेलया णाम अवस्थता'–એટલે કે અચેલકતા કહો કે અવસ્ત્રતા કહો તેનો એક જ અર્થ છે.)

> પુરુષ પ્રમાણ જમીનમાં આંખ ખોડીને છેક સુધી ધ્યાન ધરતા–એટલે કે પુરુષ પ્રમાણ જમીનમાં છેકસુધી નિરીક્ષણ કરીને જ ચાલતા અને કોઈક વાર તેમની આંખોથી ડરીને ઘણા બધા ભેગા થઈ મારામારી કરી કોલાહલ મચાવી મૂકતા–૫

(આમાં ઈર્યાસમિતિનું સૂચન છે. હજી આ શબ્દનો ઉપયોગ દેખાતો નથી. એટલે લાંબુ કહેવું પડ્યું છે. ભગવાનની આંખોથી ડરવાની વાત જે કરવામાં આવી છે તેને સ્થાને ટીકાકારો 'આંખ' એટલે 'દર્શન' એવો અર્થ લે છે—એટલે ભગવાનને જોઈને જ ડરવાની વાત આમાં સૂચિત છે–એમ ટીકાકારો અર્થ ઘટાવે છે. પણ સંભવ એવો છે કે રસ્તાની સામે–બાજુએ અને મધ્યે–એમ ચારે બાજુએ ફરતી આંખોને જોઈને બાળકો ડરતા હોય.

વળી ટીકાકારોને, અવધિજ્ઞાન હોવા છતાં ઇંદ્રિયોનો ઉપયોગ ભગવાને કેમ કર્યો એ ખુલાસો કરવો પડ્યો છે તે બતાવે છે કે અવધિજ્ઞાન જન્મથી હતું એ માન્યતાનાં મૂળ બહુ ઊંડાં નથી.)

> અનેક પ્રકારના લોકોથી સંકુલિત વસ્તિસ્થાનોમાં તેઓ સ્ત્રીઓનો ત્યાગ કરતા—એટલે કે સ્ત્રીઓથી અળગા રહેતા અને મૈથુનનું સેવન કરતા નહિ પરંતુ પોતાની અંદર ઊતરીને ધ્યાન ધરતા–૬

(અહીં મૂળમાં 'સાગારિય'–'સાગારિક' શબ્દ છે તે પારિભાષિક છે અને તેનો અર્થ મૈથુન અગર પુરુષલિંગ એવો પ્રસંગ પ્રમાણે થાય છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે કોઈ ગૃહસ્થો હોય તેમની સાથે મળી જવાનું ટાળીને ધ્યાનમાં રત રહેતા. કાંઈ પૂછવામાં આવે તો ઉત્તર આપતા નહીં. પણ પોતાના ઋજુ માર્ગે ચાલી જતા પણ અતિક્રમણ (ધર્મનું) કરતા નહિ.–૭

(અહીં ઉત્તરાર્ધમાં નાગાર્જુનીય પાઠાંતર છે તે પ્રમાણે—પૂછવામાં આવે કે નહિ પણ પાપકર્મની અનુમોદના ભગવાન કરતા નહિ—એવો અર્થ છે. આચા૦ ચૂ૦ પૃ૦ ૩૦૨, આચા૦ટી૦પૃ૦ ૩૦૩)

અભિવાદન કરનારને પણ ઉત્તર ન આપવો—અરે તે જ પ્રમાણે અલ્પપુણ્યવાળા પુરુષો લાકડીથી પહેલાં મારે અથવા તો શરીર પીંખી નાખે તેની ઉપેક્ષા કરવી એ કાંઈ કોઈને માટે સહેલું નથી (પરંતુ ભગવાને આ સહ્યું હતું)—૮

(આમાં અનુકૂળ કે પ્રતિકૂળ બન્ને પ્રકારના ઉપસર્ગો ઉપેક્ષા ભાવે સહન કરવાની વાત ઊપર ભાર આપવામાં આવ્યો છે અને આગળ પણ આ જ વાત આવે છે.)

અસહ્ય એવી કઠોર વાણીને અવગણીને એ મુનિ પોતાનું પરાક્રમ બતાવતા. વળી આખ્યાન, નાટ્ય અને ગીત તથા દંડયુદ્ધ કે મુષ્ટિયુદ્ધ—એ કશામાં રસ દાખવતા નહિ—૯.

પરસ્પરની કથામાં આસક્ત અથવા તો સમય–સંકેતમાં તલ્લીનોને પણ જ્ઞાત પુત્ર વિશોક થઈ જોતા. આવા અનુકૂળ ઉપસર્ગો વિષે આ કાંઈ શરણ નથી એમ માની આગળ વધતા—૧૦

(આમાં કથા–એટલે સ્ત્રીકથા, ભક્તકથા, દેશ કથા અને રાજકથા સમજવાની છે. 'સમયમ્મિ'—આનો અર્થ મેં સંકેત કર્યો છે તે જ સૂત્રકારને અભિપ્રેત છે કે નહિ તે કહી શકાય નહીં.)

વળી, બે વર્ષથી પણ વધારે સમય સુધીના શીત જલના ત્યાગ પછી તેમણે દીક્ષા લીધી હતી. ત્યારે તેઓ એકત્વ(ભાવના)માં રમી ગયા હતા, (કષાયરૂપ) અગ્નિને[1] શાંત કરી હતી અથવા શરીરને સંયત કર્યું હતું અને દર્શન–સમ્યક્ત્વની ભાળ તેમને લાધી હતી.–૧૧

(અહીં ટીકાકારોના મન્તવ્ય પ્રમાણે માતા–પિતાના મૃત્યુ પછી માબાપના જીવતાં દીક્ષા ન લેવાની પ્રતિજ્ઞા પૂરી થઈ ગઈ છે એમ સમજી જ્યારે દીક્ષા લેવા તૈયાર થયા ત્યારે જ્ઞાતક્ષત્રિઓએ તેમને વીનવ્યા કે ક્ષત ઉપર ક્ષાર ન નાખો

---

૧. कसाया अग्गिणे वुत्ता—उत्त० २३.५३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

—તમે બીજાં બે વર્ષ રહી જાઓ જેથી અમારો શોક શાંત થાય. સંબંધીઓની આ વિનંતીનું ઔચિત્ય અવધિજ્ઞાનથી જાણ્યું અને એ તેમણે એ શરતે સ્વીકારી કે તે દરમિયાન તેઓ પોતાની સ્વેચ્છા પ્રમાણે ભોજન આદિ લેશે. અને તે પ્રમાણે તેઓએ શીત જલ અને સચિત્ત ભોજન લેવાનું બંધ કર્યું હતું. એવો પણ એક મત છે કે સ્વયં ભગવાને જ વિચાર્યું કે શોકસંતપ્ત સંબંધીઓ મારા દીક્ષા લેવાથી મૃત્યુ પામશે—આથી બે વર્ષ સુધી દીક્ષા લીધા સિવાય પણ સંયમી જીવન વિતાવવાનું પસંદ કર્યું હતું.

શીત જલના ત્યાગી ભગવાન હતા છતાં દીક્ષાભિષેક સમયે તો તેમને સચિત્ત જલથી નવરાવવામાં આવ્યા હતા તેની નોંધ ટીકાકાર લે છે.

મારું કોઈ નથી અને હું કોઈનો નથી—આવી ભાવના તે એકત્વ ભાવના છે. આથી તે બે વર્ષ દરમિયાન તેમણે પોતાના બાંધવો સાથે પણ અતિ સ્નેહ દેખાડ્યો ન હતો. આ દીક્ષાની તૈયારી માટે જરૂરી હતું.

અહીં દર્શન અર્થાત્ સમ્યક્ત્વ ખરું પણ કયા પ્રકારનું તેમાં મતૈક્ય નથી. ચૂર્ણિમાં લખ્યું છે કે દીક્ષા વખતે તેમને ક્ષાયિક સમ્યક્ત્વ હતું અને મતાંતરે તે ક્ષાયોપશમિક હતું. ક્ષાયિક સમ્યક્ત્વ માનનારાની દલીલ એવી છે કે જો દીક્ષા સમયે મનઃપર્યાય જ્ઞાન થાય તો તદ્દનુરૂપ ક્ષાયિક સમ્યક્ત્વ માનવું ઉચિત ગણાય. આથી કલ્પના કરી શકાય છે કે દીક્ષા ટાણે તેમને મનઃપર્યાયજ્ઞાન થયું આ—અને આવી બીજી માન્યતાઓ ક્રમે કરી સ્થાપિત થઈ છે. અને તે પ્રમાણે પછી બીજી બાબતોની પણ વ્યવસ્થા ગોઠવવી પડી છે).

> પૃથ્વી, અપ્કાય, તેજઃકાય, વાયુકાય, પનક-સેવાળ બીજ અને લીલોતરી તથા ત્રસકાય—એ બધાને સર્વપ્રકારે જોઈને મહાવીરે નિર્ણય કર્યો હતો કે તે સચિત્ત—સજીવ છે. અને એવી સમજ થવાથી એ બધાનું પરિવર્જન કરીને તેઓ વિહરતા—૧૨-૧૩

(આમાં પ્રથમ ચાર કાયના ઉલ્લેખ પછી વનસ્પતિનો સ્વતંત્ર રીતે ઉલ્લેખ નથી કર્યો પરંતુ તેના પનક આદિ પ્રકારોનો ઉલ્લેખ છે અને પછી ત્રસકાયનો ઉલ્લેખ છે. પરંતુ પ્રથમ અધ્યયનમાં પૃથ્વી, ઉદક, અગ્નિ, વનસ્પતિ, ત્રસકાય અને વાયુ—આ ક્રમ છે. અને એને ષડ્જીવનિકાય—એવું નામ આપવામાં આવ્યું છે. વાયુનો ત્રસ પછી ઉલ્લેખ છે તે આગલા કાળે તેને ત્રસ ગણવાની માન્યતાના મૂળમાં હોય તેવો સંભવ છે ઉત્તરાધ્યયનમાં પૃથ્વી, અપ્ અને વનસ્પતિને સ્થાવર અને તેજ, વાયુ, અને વનસ્પતિઆદિ ઉદાર-સ્થૂલને ત્રસ કહ્યા છે—ઉત્ત૦ ૩૬.૬૯,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭૦,૧૦૮,૧૨૭. તત્ત્વાર્થસૂત્રમાં પણ ઉત્તરાધ્યયનના આ મતનું સમર્થન છે—૨.૧૩–૧૪. દશવૈકાલિકમાં તે પૃથ્વી, અપ્, તેજ, વાયુ, વનસ્પતિ અને ત્રસ—આવો ઉલ્લેખ હોઈ પ્રથમ પાંચ સ્થાવર અને શેષ ત્રસ—એમ ષડ્જીવનિકાયના ભેદો સિદ્ધ થાય છે—દશવૈ૦૪ તત્ત્વાર્થસૂત્રનો દિગંબરસંમત પાઠ પણ દશવૈકાલિકને અનુસરે છે.)

ભગવાન મહાવીરે એ પણ જાણ્યું હતું કે–સ્થાવર જીવો ત્રસ થાય છે અને ત્રસ જીવો સ્થાવર થાય છે, એટલું જ નહિ પણ અજ્ઞાની જીવો પોતાના કર્મને વશ થઈને બધી યોનિમાં જન્મ લે છે.–૧૪

(એ સમયે એવું પણ માનનારા લૌકિક દાર્શનિકો હતા કે જે સ્ત્રી છે તે સ્ત્રી જ રહે છે અને પુરુષ છે તે પુરુષ જ રહે છે. મુનિ છે તે મુનિ જ રહે છે અને ઈશ્વર છે તે ઈશ્વર જ રહે છે (આ૦ચૂ). આ મત વિશેની ચર્ચા ગણધરવાદમાં છે. પાંચમાં ગણધર સાથેની ચર્ચામાં આ મતનો નિરાસ છે–ગણધરવાદ ગા૦ ૧૭૭૨થી–૮ (વિદ્યાસભા). જૈનમતમાં તો ભગવાન મહાવીરે સ્પષ્ટ કર્યું છે કે પોતાના કર્મને કારણે જીવ નાના યોનિમાં જન્મે છે–ઉત્ત૦૩.૨ ૬; ભગવતી ૧.૮)

ભગવાને આનું અન્વેષણ કર્યું છે કે અજ્ઞાની જીવ પોતાની ઉપધિ–કર્મને કારણે અથવા પરિગ્રહને કારણે દુઃખી થાય છે. સર્વ પ્રકારનાં કર્મને જાણીને પાપનો ભગવાને ત્યાગ કર્યો. ૧૫.

(પાપ–સાવદ્યક્રિયા એ કર્મબંધનું કારણ છે. તેથી એ પાપનો જ્યાં સુધી ત્યાગ ન થાય ત્યાં સુધી કર્મબંધ થયા જ કરે છે. આથી કર્મથી છુટકારો મેળવવો હોય તો પાપથી વિરત થવું જરૂરી છે. આ માટે ભગવાને પોતે તો રાંધવાનું કે એવા હિંસા કાર્યો છોડ્યા જ હતાં. પણ તે કાળે બીજા શ્રમણો અન્ય પાસે રંધાવતા. આમાં પણ ભગવાનને હિંસાની ગંધ આવી. આથી તે પોતાને અર્થે હોઈ હિંસા કરે એ પણ પસંદ કરતા નહિ. (આ. ચૂ૦)

અસાધારણ રીતે કહેવાયેલી એવી બે ક્રિયાઓ વિષે ભગવાને સમ્યક્ રીતે વિચાર કર્યો હતો અને જ્ઞાની થયા હતા. વળી આદાનસ્રોત અતિપાતસ્રોત તથા યોગને પણ સંપૂર્ણ રીતે જાણીને સ્વયં હિંસા કરતા નહીં અને બીજા પાસે પણ કરાવત ાનહીં. વળી તેમણે એ પણ જોઈ લીધું હતું કે સ્ત્રીઓ તો બધાં જ કર્મોને લાવનારી છે તેથી તેમનો પરિત્યાગ કર્યો હતો. ૧૬–૧૭.

(અહીં બે ક્રિયાઓ કઈ તે વિષે ચૂર્ણિનું અનેક રીતે સ્પષ્ટીકરણ છે—(૧) ઈર્યાપથિક અને સાંપરાયિક, (૨) પુણ્ય અને પાપ, (૩) આલોકમાં ફળ દેનાર અને પરલોકમાં ફળ દેનાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'જ્ઞાની' શબ્દનો શો અર્થ લેવો તે વિષે ખુલાસો છે કે શ્રુતજ્ઞાનને કારણે જ્ઞાની સમજવા. કારણ કે કર્મપુદ્ગલ એટલા બધા સૂક્ષ્મ છે કે તે અવધિજ્ઞાનનો વિષય થઈ શકતા નથી અને મનઃપર્યાય તો માત્ર મનોદ્રવ્યને જાણે છે. આથી કર્મ વિષયક શ્રુતજ્ઞાન ભગવાનને સાધનાકાળે હતું એમ સમજવાનું છે.

ચૂર્ણિમાં ખુલાસો છે કે જેના વડે અર્થનું ગ્રહણ થાય છે તે આદાન છે. આથી ઇન્દ્રિયો એ આદાનસ્રોત એટલા માટે કહેવાય છે કે તેમના દ્વારા શબ્દાદિ બાહ્ય અર્થનું ગ્રહણ થાય છે. અથવા તો સંપરાય–કષાય એ આદાન સ્રોત છે. કારણ કર્મના આદાન–ગ્રહણમાં તે કારણ છે.[1] કષાય હોય તો આત્મામાં કર્મબંધ થાય છે. અને અતિપાત–સ્રોત–એ હિંસા આદિ છે. કારણ પરિગ્રહ વધારવા માટે જીવો હિંસાદિ કરે છે. અતિપાત સ્રોતનો બીજો અર્થ છે ઇર્યાપથિકી ક્રિયા. બાહ્ય જીવવધ છતાં જેને કારણે કર્મબંધ થતો નથી, તે ઇર્યાપથિકી ક્રિયા કે કર્મ છે. આ ઇર્યાપથિકી ક્રિયાથી સંસાર પાર કરી જવાય છે.

ચૂર્ણિમાં 'આર્ષ અર્થ'ની નોંધ લેવામાં આવી છે અને તે પ્રમાણે જ્ઞાનાદિ એ આદાનસ્રોત છે અને અતિપાતસ્રોત એ હિંસાદિ છે.

યોગ ત્રણ છે–મન, વચન અને કાયની પ્રવૃત્તિ. આ પણ કર્મબંધમાં કારણ છે. ચૂર્ણિમાં નોંધ છે કે કોઈના મતે—'જ્યારે ભગવાને બે વર્ષ દીક્ષા લેવાનું મોડું કર્યું હતું તે દરમિયાન સુપાર્શ્વ, નંદિવર્ધન આદિ તેમને પૂછતા કે નાહાતા કેમ નથી? ઠંડું પાણી કેમ પીતા નથી? ભૂમિમાં શયન કરો છો અને સચિત્ત આહાર લેતા નથી, આમ કેમ? સ્ત્રીઓનો કેમ ત્યાગ કરો છો? આના ઉત્તરમાં ભગવાન મહાવીર જે કહેતા તે આ ગાથાઓમાં 'આદાણ સોત'થી માંડીને —'અદક્ખુ' સુધીનો અંશ છે—').

સર્વ પ્રકારે કર્મબંધ થાય છે એમ જોઈને તેઓ યથાકૃતનું સેવન કરતા
નહિ. જે કાંઈ પાપ હોય તે ન કરતા હોઈ તેઓ વિકૃતનું ભોજન કરતા. ૧૮

(અહીં ટીકાકાર 'અહાકડ'નો સંસ્કૃત શબ્દ 'યથાકૃત' મૂકે છે તે યોગ્ય છે. 'આહાકમ્મ' શબ્દનું સંસ્કૃત રૂપ પણ 'યથાકામ્ય' થવું જોઈએ તે આ ઉપરથી કહી શકાય છે.

"'यथा' येन प्रकारेण पृष्ट्वा अपृष्ट्वा वा कृतं यथाकृतम्—आधाकर्मादि नासौ सेवते"–ટી૦ પૃ૦ ૩૦૫. આમાં अहाकडનું તો સંસ્કૃત 'યથાકૃત' કર્યું પણ આહાकम्म'નું યથાકામ્ય' ન કરતા 'आधाकर्म' મૂકયું તે એકવાર પ્રાકૃત શબ્દનું ખોટું સંસ્કૃતીકરણ થઈ ગયું હોઈ તેનું અનુસરણ માત્ર છે.

૧. આ અર્થમાં 'આદાન' શબ્દના પ્રયોગ માટે જુઓ સૂત્રકૃતાંગ ૧.૨. ૨૬-૨૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૂર્ણિમાં અહીં યથાકૃતની વ્યાખ્યા આપી છે—કોઈ નિમંત્રણ આપી કહે કે આજે અમારે ત્યાં ભોજન કરજો. હું તમારું ભોજન બનાવી રાખીશ, તો તે 'આહાકડ' છે (ચૂર્ણિમાં અહાકડને બદલે 'आहात्तड' પાઠ છે) વળી કોઈ મનમાં જ સમજી લે કે તેમને આહાર આપવો છે એટલે કે જ્યારે તેઓ પિતૃવનખંડમાં વિહાર કરતા હોય ત્યારે તેમને આપવાનો સંકલ્પ કરી આપે તો પણ તે યથાકૃત છે.

'વિકૃત'નો અર્થ ચૂર્ણિમાં છે—विगत–जीवं विगइं'–અર્થાત્ નિર્જીવ ભોજન.).

બીજાના વસ્ત્રનો ઉપયોગ કરતા નહિ અને બીજાના પાત્રમાં પણ ભોજન કરતા નહિ. અને જ્યારે બધા (ભોજન લેનારા) સંખડી છોડીને ચાલ્યા જતા ત્યારે જ થોડું લેવાને અર્થે ત્યાં સંખડી વિષેના કોઈ પણ પૂર્વ સ્મરણ વિના જતા હતા. ૧૯.

(અહીં ચૂર્ણિ જણાવે છે કે ભગવાન્ મહાવીરે દીક્ષા વખતે જે દિવ્યવસ્ત્ર લીધું હતું તે ખભે જ રાખ્યું હતું તેને ઓઢયું ન હતું. અને એ વસ્ત્ર સિવાય બીજું કોઈ વસ્ત્ર તેમણે ધારણ કર્યું ન હતું. વળી અહીં કોઈની વ્યાખ્યા એવી છે કે દિવ્ય વસ્ત્ર એ તેમનું અને શેષ પારકું. પોતાનું વસ્ત્ર સ્વીકાર્યાં છતાં વાપર્યું નથી.

સ્વપાત્ર એટલે પાણિપાત્ર. એ સિવાયનાં પરપાત્ર સમજવાં. તેમાં એ ભોજન કરતા નહિ. અહીં વળી કોઈ એવી વ્યાખ્યા કરે છે કે સપાત્ર ધર્મનો ઉપદેશ તેમને દેવો હતો માટે તેમણે પ્રથમ પારણે પરપાત્રમાં ભોજન કર્યું હતું. પણ પછીથી તેઓ પાણિપાત્ર બની ગયા. આમાં સમર્થન એમ છે કે એક વાર ગોસાલાએ 'તંતુવાયસાલા'માં ભગવાનને (છદ્મસ્થાવસ્થાની આ વાત છે) કહ્યું હતું કે આપના માટે ભોજન લાવી આપું. પરંતુ આમાં ગૃહીના પાત્રનો ઉપયોગ થાય એમ સમજીને ભગવાને તે લેવાની ના પાડી હતી અને જ્યારે તેમને કેવળ જ્ઞાન થયું ત્યારે તો લોહાર્ય તેમને લાવી આપતા. પોતે ભોજન લેવા નીકળતા નહિ. કારણ કે દેવેન્દ્ર–ચક્રવર્તી આદિ ભગવાનના દર્શને આવતા. તેથી તેઓ ગોચરચર્યા કરતા નહિ પરંતુ છદ્મસ્થકાળમાં તો ગોચરી માટે નીકળતા જ હતા.

અહીં દિગંબરની માન્યતા એવી છે કે કેવળી થયા પછી તેઓ આહાર કરતા જ નહિ—જુઓ કેવલિભુક્તિ પ્રકરણ—શાકટાયનકૃત.

સંખડી એટલે આજે જેને આપણે ગોઠ સમૂહભોજન કહીએ છીએ તે છે. જૈન શ્રમણોને આમાં જવાનું જબરું આકર્ષણ પછીના કાળે થયું હશે એટલે સંખડી વિષેના ખાસ નિયમો કરવા પડ્યા છે અને તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે—બૃહત્કલ્પભાષ્ય ગા૦ ૩૧૩૯–૩૨૦૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસ્તુતમાં મૂળમાં 'असरणयाए' એવો પાઠ છે. ચૂર્ણિમાં કહ્યું છે કે તેઓ એમ સ્મરણ કરતા નહિ કે આજે અહીં સંખડી છે અથવા કાલે થવાની છે. એવો પણ અર્થ કર્યો છે કે ઘરની સરણી-હાર તોડીને સંખડીમાં જતા નહિ. અથવા તો સંખડી જવા માટેનું ઔત્સુક્ય હતું નહિ અથવા मरण = शरण = ગૃહ એટલે અશરણનો ઘર વિનાના એવો પણ અર્થ છે. પરંતુ ટીકામાં—अशरणाय = शरणमनाश्रमानोऽदीनमनस्कः થઈને સંખડીમાં જતા.

વળી 'वग्गिवज्जियाण ओमाण'—એનો અર્થ પણ ટીકામાં જુદી રીતે છે—'અપમાનની અવગણના કરીને.')

તેઓ અશન અને પાનની માત્રા જાણનારા હતા. વળી રસોમાં તેમને ગૃદ્ધિ–આસક્તિ હતી નહિ. વળી આવું જ ભોજન લઈશ–એવી મનમાં પ્રતિજ્ઞા હતી નહિ. પોતાની આંખનું પ્રમાર્જન પણ કરતા નહિ અને શરીર પણ ખજવાળતા નહિ. ૨૦

(ઉપર જે પ્રતિજ્ઞાનો નિષેધ કર્યો છે તે રસલોલુપ થઈ પ્રતિજ્ઞાનો નિષેધ છે. પરંતુ ચૂર્ણિકાર જણાવે છે કે 'આજે મારે બાકળા લેવા'–એવો અભિગ્રહ —પ્રતિજ્ઞા તો તેઓ ધરતા જ હતા. આ તેમના રસપરિત્યાગ રૂપ તપસ્યાની વાત થઈ.)

બન્ને બાજુએ જોતા નહીં, પાછળ પણ જોતા નહિ. માત્ર પોતાના સામેના માર્ગને જ જોઈને ચાલતા અને પ્રશ્નોના ઉત્તર પણ આપતા નહિ. ૨૧.

(આમાં 'અલ્પ' શબ્દ અભાવના અર્થમાં વપરાયો છે એમ ચૂર્ણિમાં કહ્યું છે. તેથી આજુબાજુ અલ્પ જોતા ઇત્યાદિ કહેવાને બદલે જોતા નહિ ઇત્યાદિ અર્થ કર્યો છે. ભગવાનને માટે જોવાનો પ્રશ્ન જ નથી (કારણ અવધિજ્ઞાની હતા) પણ તેઓએ અમુક પ્રકારનું આચરણ શિષ્ય તે પ્રમાણે વર્તન કરે—એ દૃષ્ટિએ કર્યું'—આવો ખુલાસો ચૂર્ણિમાં છે.)

તે અણગાર શિશિર ઋતુમાં જ્યારે માર્ગમાં વિહાર કરતા હતા ત્યારે તેમણે વસ્ત્ર છોડી દીધું. અને હાથ પસારીને વિચરતા રહ્યા પણ પોતાના ખંભા ઉપર હાથને ટેકવ્યા નહિ—એટલે કે શરીરને બે હાથ વડે સંકોચીને ઠંડથી બચાવવા પ્રયત્ન કર્યો નહિ. ૨૨

(અહીં ચૂર્ણિમાં કહ્યું છે કે જ્યારે દેવદૂષ્ય વાયુના ઝાટકાથી કાંટામાં ભરાઈ ગયું ત્યારે તેનું વિસર્જન કરી દીધું—છોડી દીધું-તેનો ત્યાગ કર્યો. આ પૂર્વની ગા. ૨ અને ચાર જુઓ.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ મુજબનું અનેક પ્રકારનું આચરણ મતિમાન એવા તે બ્રાહ્મણ ભગવાનનું હતું અને તે પાછળ તેમની કોઈ પ્રતિજ્ઞા હતી નહિ એટલે કે નિદાન વિનાનું તેમનું આચરણ હતું. અને એ માર્ગે બીજા અનેક જાય છે. ૨૩.

(અહીં મૂળમાં 'માહણ' શબ્દ છે. તેનો ચૂર્ણિમાં 'माहण इति माहण' એવી વ્યુત્પત્તિ કરીને સર્વ પ્રકારના સાવદ્યનો પ્રતિષેધ કરનાર એવો તેનો અર્થ છે એમ જણાવ્યું છે. વળી 'માહણ' શબ્દને બદલે 'સમણ' પાઠ હોવાની પણ સૂચના આપી છે. વળી 'माहणेण मइमया' તે સ્થાને कासवेण महरिसिणा (महेसिणा) એવો પાઠ પણ નોંધ્યો છે. પરંતુ ભગવતીમાં બ્રાહ્મણી દેવાનંદાના પુત્ર હોવાની સ્વમુખે ભગવાન મહાવીરે કબૂલાત જે કરી છે તેને અનુસરીને અહીં તેમને 'માહણ' કહ્યા હોય તો તેમાં શંકા કરવા જેવું છે નહિ.

(૯.૨) શય્યા ઉદ્દેશક :

ચર્યાસંબંધી શયનાસન વિષે કહેવામાં આવ્યું છે તો ભગવાન મહાવીરે જે જે શયનાસનનું સેવન કર્યું તે તે વિષે કહો—૧

(આચાર્ય શીલાંક કહે છે કે 'આ શ્લોકની ટીકા ચિરંતનાચાર્યે કરી નથી તો શું તે સુગમ છે માટે કે એ શ્લોક છે જ નહિ માટે? પરંતુ સૂત્રપુસ્તકોમાં તો આ શ્લોક જોવા મળે છે તો તેમનો વ્યાખ્યા ન કરવામાં શો અભિપ્રાય હશે તેની અમને જાણ નથી.' ચૂર્ણિમાં આ ગાથાનો ઉલ્લેખ તો છે જ અને પછી લખ્યું છે કે—'एसा पुच्छा'. ચૂર્ણિમાં આની વ્યાખ્યા નથી કરી.)

કોઈ વાર તેઓ આવેશન, સભા, પ્રપા, પણ્યશાલા જેવા સ્થાનોમાં તો કોઈવાર વળી લુહારની કોઢમાં તો કોઈવાર ઘાસની ગંજીમાં વાસ કરતા.—૨

(આમાં આવેશનનો અર્થ શૂન્યગૃહ છે. જેમાં કોઈપણ વિના રોકટોક પ્રવેશ કરી શકે તેવા સ્થળને આવેશન કહેતા હશે. સભા=ગ્રામનો ચોરો, પ્રપા=પરબ, અને પણ્યશાલા એટલે દુકાન. ઘાસની ગંજી થાંભલા મૂકીને માંડવો બનાવી તેના ઉપર ઘાસ ગોઠવવામાં આવે છે એટલે તેની નીચે રહેવાની જગ્યા બની જાય છે. ચૂર્ણિકારે આવેશનના પ્રકારોમાં કુંભારાવેસણ, લોહારાવેસણ–ઇત્યાદિ–જણાવ્યા છે. સભા–ચોરો ગ્રામ–નગરની મધ્યભાગમાં હોવાનો ઉલ્લેખ ચૂર્ણિકાર કરે છે. આવી સભામાં ગ્રામસભા ઉપરાંત તે તે શ્રેણીઓની સભા હોવાનો નિર્દેશ પણ ચૂર્ણિમાં છે. આવી સભામાં રુદ્ર આદિની પ્રતિમા પણ સ્થાપિત કરવામાં આવતી. ચૂર્ણિકારે શાળા અને ઘરનો ભેદ બતાવ્યો છે કે જેને દીવાલો હોય તે ઘર, જેને દીવાલો ન હોય તે શાળા કહેવાય. વળી લોકમાં જેને શાળા કહેવાતું હોય તેવું સ્થાન પણ શાલાશબ્દથી સમજવાનું છે કારણ હસ્તિશાળા જેવાં સ્થાનો દીવાલોથી ઘેરાયલાં હોય છતાં શાળાકહેવાય છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી કોઈવાર આગન્તારમાં અને આરામાગારમાં તો વળી કોઈવાર નગરમાં વાસ કરતા. વળી સ્મશાન કે શૂન્યાગારમાં કે વૃક્ષની નીચે પણ વાસ કરતા—૩.

(ગ્રામ કે નગરની બહારની પાન્થશાળાઓ તે આગન્તાર છે. બગીચામાંનું ઘર તે આરામગૃહ, પૂર્વોક્ત કારિકામાંનો આવેશન અને આ ગાથાગત શૂન્યાગાર એ એમાં જે ભેદ છે તે ટીકાકાર જણાવે છે કે આવેશનને દીવાલો હોય છે પરંતુ શૂન્યાગારને દીવાલો હોતી નથી. ચૂર્ણિમાં જણાવ્યું છે કે ગ્રામમાં એક રાત અને નગરમાં પાંચ રાત રહેતા આ નિયમ ઋતુબદ્ધ કાળ માટે છે. વર્ષામાં તો ચાર માસ રહી શકાય. વળી વૃક્ષ નીચે વર્ષામાં રહેતા નહિ. વર્ષામાં પણ જે ઘર ચૂતું ન હોય તેમાં રહેતા એમ ચૂર્ણિકાર જણાવે છે.)

આવા શયન=નિવાસસ્થાનમાં તેર વર્ષ સુધી તે મુનિ સમના (સમણે) =નિશ્ચલમનવાળા થઈ રહ્યા હતા. અને રાત-દિવસ યતનાપૂર્વક અપ્રમત્ત ભાવે સમાહિત થઈ ધ્યાન કર્યું હતું.—૪.

(ભ. મહાવીરની સાધનાનો કાળ ૧૩ વર્ષ હતો. તે આ ઉપરથી સૂચિત થાય છે. કલ્પસૂત્રમાં 'साइरेगाइं दुवालसवासाइं छउमत्थपरियायं (સૂ. ૧૪૬) 'समणे भगवं महावीरे साइरेगाइं दुवालसवासाइं" (સૂ. ૧૧૫) એમ જણાવ્યું છે. એટલે પૂરા તેર વર્ષ નહિ પણ તેથી ઓછાં અભિપ્રેત છે.

ચૂર્ણિમાં આથી લખ્યું છે—"वरिसं पगतं पत्थियं वा तेरसमं वरिसं जेसिं वरिसाणं ताणिमाणि पतेरसवरिसा छउमत्थकाले"। સારાંશ કે છદ્મસ્થકાળમાં તેરમું વર્ષ ચાલી રહ્યું હતું, તેટલા વર્ષ સુધી—

પ્રાકૃત 'समण' શબ્દનો અર્થ श्रमण પણ થાય અને સ-મના પણ થાય એમ ચૂર્ણિમાં છે.

ભગવાન રાત અને દિવસ જાગ્રત જ રહેતા નિદ્રા લેતા જ નહિ માટે બંને સમય 'યતમાન'-મન-વચન-કાય વડે એકાગ્ર, એમ કહ્યું છે. અપ્રમત્ત એટલે જિતેન્દ્રિય અને કષાયરહિત એવો અર્થ છે, અને ધ્યાન એટલે ધર્મ અને શુક્લ એ સમજવાના છે.)

સંયમમાં ઉત્થાન જેમણે કર્યું છે એવા ભગવાને કદી નિદ્રાની વિશેષ ભાવે કામના કરી નથી. સદા પોતાના આત્માને જાગ્રત રાખતા કદીક તેઓ થોડું સૂતા તો પણ તે સ્વેચ્છાથી નહિ.[૫]

(અહીં નાગાર્જુનીય પાઠાંતર છે—'णिद्दाबि ण प्पगामा आसी' પણ તાત્પર્યમાં ખાસ ભેદ નથી. ચૂર્ણિકાર જણાવે છે કે થોડી પણ નિદ્રાનો પ્રસંગ 'અટ્ઠીય ગામ'માં બન્યો છે અને સમગ્ર છદ્મસ્થકાળમાં નિદ્રાપ્રમાદ માત્ર અંતર્મુહૂર્તકાલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેટલો જ હતો. ટીકાકાર નોંધે છે કે બાર વર્ષમાં અસ્થિકગ્રામમાં વ્યંતરે ઉપસર્ગ કર્યો ત્યારે તેના અંતમાં જ્યારે ભગવાને કાયોત્સર્ગ કર્યો હતો તે કાળે અંતમુર્હૂત સુધી સ્વપ્ન દર્શનની ભૂમિકામાં તેમને નિદ્રાપ્રમાદ આવી ગયો હતો.)

(કદાચ નિદ્રા આવી ગઈ હોય તો) ભગવાન જાગી જઈને ઊભા થઈ શયન સ્થાનથી બહાર જઈ રાતમાં મુહૂર્ત પર્યંત ચંક્રમણ કરતા અને પોતાના ધ્યાનમાં પુનઃ લાગી જતા. ૬

શયનસ્થાનમાં તેમને નાના પ્રકારના ભયંકર ઉપસર્ગો થયા છે. કારણ તેમાં વળી (સાપ જેવા) પેટે ચાલનાર પ્રાણીઓ અને પક્ષી પણ આવીને રહેતાં અને કુચર = ચોર-લંપટ આદિ પણ તેવાં નિર્જન સ્થાનોમાં આવીને રહેતા. ગ્રામ-રક્ષકો અને હાથમાં ભાલા જેવાં શસ્ત્રો લઈને આવનાર પણ હતા. તથા ગ્રામિણ સ્ત્રી અને પુરુષો પણ ઉપસર્ગ આપતા હતા. ૭–૮.

(આમાં મૂળમાં જે 'ગામિયા' શબ્દ છે તેનો ચૂર્ણિકાર અર્થ કરે છે—ગામો નામ ઇન્દ્રિયગ્રામો. અથવા બીજો અર્થ છે— 'ગામધમ્મસમુત્થા' એટલે ઇન્દ્રિયધર્મોને અવલંબીને. એટલે કામીજનો—એવાં સ્ત્રી કે પુરુષો પણ ભગવાનને ઉપસર્ગ કરતા. સ્ત્રી હોય તો ભગવાનનું રૂપ જોઈ રક્ત થતી અને પુરુષો, આ વળી અમારી સ્ત્રીની અભિલાષાથી અહીં આવ્યો છે, એમ માની પીડા આપતા.)

આ લોકસંબંધી અને પરલોક સંબંધી નાના પ્રકારના ભયંકર ઉપસર્ગો ભગવાને સહ્યા છે અને સુગંધી અને દુર્ગન્ધી અને નાના પ્રકારના શબ્દ સંબંધી પણ ઉપસર્ગો અને વળી નાના પ્રકારના શરીરને પીડા કરનાર (સ્પર્શ)ઉપસર્ગો પણ સમભાવથી સદૈવ સહ્યા છે. પણ રતિ અને અરતિ—એ બન્નેને છતીને તે બ્રાહ્મણ થોડું બોલીને વિચરતા રહ્યા હતા. ૯–૧૦.

(ટીકાકારને મતે ઇહલૌકિક = મનુષ્યાદિકૃત પીડા, અને પારલૌકિક = ઉપસર્ગજન્ય દુઃખ અથવા તો દણ્ડપ્રહારાદિ–જે આ જન્મમાં જ દુઃખદાયક છે તે ઇહલૌકિક અને તેથી વિપરીત એ પારલૌકિક અર્થાત્ તાત્પર્ય એવું જણાય છે કે અહીં જ જેથી શારીરિક આદિ પીડા થાય છે તે ઇહિલૌકિક અને પીડાને જો સમભાવપૂર્વક સહવામાં ન આવે તો દ્વેષાદિ દોષોને કારણે તે પરલોકમાં પણ દુઃખદ બને છે તેથી પારલૌકિક.

ચૂર્ણિને મતે ઇહલૌકિક એટલે મનુષ્યકૃત ઉપસર્ગો અને શેષ પારલૌકિક છે. અથવા તો પ્રતિલોમ ઉપસર્ગો જે પ્રહાર–આક્રોશ આદિરૂપ છે તે આ લોકમાં દુઃખ આપતા હોઈ ઇહલૌકિક અને જે પરલોકમાં દુઃખોત્પાદક હોય તે પારલૌકિક = અનુલોમ ઉપસર્ગો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'अहियासए' सया ઇત્યાદિ પૂર્વાર્ધને બદલે 'अहियासए समाहिते इति मंता भगवं अणगारे' એવા પાઠાંતરની નોંધ ચૂર્ણિમાં છે.

'अबहुवाई'નો ચૂર્ણિમાં અર્થ છે–મૌન, અથવા 'जायणी' अणुण्णवणी च मोत्तुं, पुट्ठस्स वागरणं च' ભાષાના આ પ્રકારો સિવાયનું મૌન.

સ્થાનાંગમાં (સૂ. ૨૯૭) પ્રતિમાધારી શ્રમણ માટે ચાર પ્રકારની ભાષાનો પ્રયોગ કરવાની છૂટ આપવામાં આવી છે તેમાં આ ત્રણેયનો સમાવેશ છે. ઉપરાંત 'પૃચ્છની' પણ છે. જાયણી–યાચની એટલે કે ગૃહસ્થ પાસેથી કોઈ વસ્તુની યાચના –માગવું તે. અણુણ્ણવણી–અનુજ્ઞાપની એટલે કે બીજાની વસ્તુ વાપરવાની રજા માગવી તે. पुट्ठस्स वागरणं—એટલે પૂછે તેનો જવાબ આપવો અને 'પૃચ્છની' એટલે કોઈ બાબતમાં કાંઈ પૂછવું તે—)ભગવતીમાં પણ ભાષાના આવા પ્રકારો ગણાવ્યા છે–ભગવતી-૪૦૨ (૨૦૧૦ઉ.૩)

ત્યાં રાત્રીમાં તેમને લોકો પૂછતા, વળી કોઈ વાર રાત્રે એકાંત ચાહનાર પણ તેમને પૂછતા પણ ઉત્તર નહીં મળતાં તેઓ ગુસ્સે થઈ જતા હતા પણ આમાં પણ સમાધિ સમજીને ભગવાન્ તે અપ્રતિજ્ઞ થઈ વિચરતા. ૧૧

(આમાં અપ્રતિજ્ઞ એટલે તેઓ જે કાંઈ તપસ્યા કરતા તે માત્ર કોઈ પ્રકારની કામના મનમાં રાખીને નહિ પણ આત્મહિતાર્થે કરતા. અથવા તો વૈરનો પ્રતિકાર કરવાની તેમની પ્રતિજ્ઞા હતી નહિ–એવો અર્થ પણ થઈ શકે.)

'અહીં અંદર કોણ છે ?' (આવા પ્રશ્નના ઉત્તરમાં) માત્ર એટલું જ કહેતા–'હું ભિક્ષુ છું.' કોઈ ગુસ્સે થાય તો પણ મૌન રાખી ધ્યાન ધરવું—એ તેમનો ઉત્તમ ધર્મ હતો. ૧૨.

જ્યારે શિશિરના ઠંડા વાયુ વાતા હોય ત્યારે કેટલાક તો કાંપતા હોય છે અને તેવા હિમાળામાં કેટલાક અણગારો પણ જેમાં વાયુનો પ્રવેશ ન થઈ શકે તેવા વાયુવિનાના સ્થાનની તલાશ કરે છે. ૧૩ વળી તેઓ સંઘાટી–કપડામાં પેસી જઈએ' એમ ઇચ્છા કરે છે, કે લાકડાં સળગાવી શીત દૂર કરવા ઇચ્છે છે અથવા બંધ મકાનમાં રહેવાથી આ શીત સહન કરી શકીશું, આ શીતસ્પર્શ તો અતિ દુઃખકર છે–એમ માને છે. ૧૪. પરંતુ તેમાં પણ ભગવાન તો એવી કોઈ ઇચ્છા કર્યા વિના ઉપરથી છાવરેલ પણ નીચેથી ખુલ્લામાં જ શીતને સહન કરવાનું સામર્થ્ય દેખાડે છે. વળી ઠંડ અસહ્ય બની જાય તો રાત્રે બહાર થોડું નીકળીને સમભાવપૂર્વક શીત સહન કરે છે. ૧૫

આ મુજબનું...(૧.૨૩ જેમ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૯·૩) પરીષહો–ઉપસર્ગો

તૃણ, શીત અને અગ્નિ–આતપની પીડા, તથા જળો અને મચ્છરની પીડા જેવી નાના પ્રકારની પીડા સમભાવથી સદા સહન કરી છે.—૧

(ચૂર્ણિમાં કહ્યું છે કે પર્વતાકીર્ણ પ્રદેશમાં બહુ શીત હોય છે.)

વળી દુશ્ચર એવા લાઢ દેશમાં તેઓ વિચર્યા તેમાં વજ્જભૂમિ તથા સુમ્ભભૂમિમાં વિહાર કર્યો. અને ત્યાં તેઓ એકાંત–દૂરની વસતી અને આસનને પામ્યા ૨.

(ચૂર્ણિકારે લાઢ દેશના વિહારને બહુ ઉપસર્ગવાળો કહ્યો છે. એ લાઢદેશના જ બે ભાગ–વજ્જ (વજ્ર) અને સુમ્ભ (શુભ્ર) છે એમ પણ જણાવ્યું છે. મૂળમાં 'પંત' શબ્દ છે. તેનો અર્થ ચૂર્ણિમાં શૂન્યાગાર આદિ કર્યો છે 'પંત' અર્થાત્ ભાંગ્યું–તૂટયું એમ પણ કહ્યું છે. આસનની બાબતમાં પણ ચૂર્ણિકારે ધૂલ-કાંકરા આદિવાળુ એમ કહ્યું છે પણ આ શબ્દનો પાલિમાં પણ પ્રયોગ આ જ પ્રસંગે છે. અને ત્યાં તેનો અર્થ છે—distant, remote, solitary, secluded.)

લાઢદેશમાં તેમને ઘણા ઉપસર્ગો થયા. ત્યાંના લોકોએ તેમને નોંચી નાખ્યા. ત્યાં ભાત–પાણી પણ લૂખાં–સૂકાં હતાં અને વળી કૂતરાઓ પણ તેમને કરડયા અને આક્રમણ કર્યું. જ્યારે કૂતરા કરડતા ત્યારે કોઈ જણ તેમને વારતું નહિ. ઊલટું એ શ્રમણને કૂતરા કાપે એ માટે છૂ છૂ કરીને કરડાવતા. ૩–૪.

(ચૂર્ણિમાં લખ્યું છે કે લાઢ દેશમાં નગરો હતાં નહિ. ત્યાં વળી લૂંટારા લૂંટ ચલાવતા. વળી કોઈના મતે તેઓ દાંતથી લોકો બીજો નોંચી નાખતા. ખાવામાં માત્ર રૂક્ષાહાર અને તે પણ મીઠા વિનાનો અને ખટાઈવાળો. ત્યાં તલ થતા નહિ. કપાસ પણ નહિ તેથી લોકો ઘાસથી તન ઢાંકતાં. સ્વભાવે ક્રોધી લોકો હતા. ભગવાન પાસે લાકડી તો હતી નહિ એટલે ભૂખ્યા કૂતરા તેમના ઉપર તૂટી પડતા. આવા પ્રદેશમાં ભગવાન છ માસ સુધી વિચર્યા હતા.)

આ પ્રકારની આ વજ્જભૂમિમાં વળી બહુ લોકો લૂખુંસૂકું ખાનારા હતા. અને શ્રમણો લાઠી અને નાલી લઈને ત્યાં વિહાર કરતા. આમ વિહાર કરવા છતાં કૂતરા તો તેમને કરડતા જ અને નોંચી નાખતા–આમ લાઢ એ દુશ્ચર દેશ હતો. ૫–૬.

(ચૂર્ણિ અનુસાર દંડ શરીર પ્રમાણથી કાંઈક નાનો, લાઠી શરીરપ્રમાણ અને નાલી શરીર પ્રમાણથી ચાર કે તેથી વધારે આંગળ ઊંચી હોય છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ આ અણગારે તો જીવોનો વધ કરનાર દંડનો ત્યાગ જ કર્યો હતો અને કાયાનું વિસર્જન કર્યું હતું—એટલે કે કાયપ્રત્યે મમત્વ હીન હતા એટલે જે કાંઈ હીનકોટીના ઉપસર્ગો થતા તે ઝીલીને ભગવાન સહન કરતા. ૭

સંગ્રામમાં સૈન્યને મોખરે રહેલ હાથીની જેમ ભગવાન મહાવીર પણ લાઢમાં કોઈપણ ગામમાં નિવાસ ન મળ્યો છતાં પાર પામી ગયા—એટલે કે પરીષહ સૈન્યને જીતી લીધું. ૮

મનમાં કોઈ પણ પ્રકારની ધારણા વિના વિચરતા એવા મહાવીરને આવતા જોઈને હજી તો ગ્રામને પાદર પહોંચ્યા ન હોય ત્યાં જ ગ્રામજનો ગ્રામમાંથી બહાર આવીને પીટતા અને કહેતા અહીંથી પલાયન કરી જા. ૯ (ચૂર્ણિમાં લખ્યું છે—'અરે નાગા, શું તું અમારા ગામમાં પ્રવેશ કરશે?' આમ કહી પીટતા.)

વળી 'મારો મારો'—એવા પોકાર કરી તેમને અનેકવાર દંડથી, મૂઠીથી, ભાલાથી કે ઢેફાથી કે ઠીકરાથી માર્યા પણ હતા. ૧૦

શરીર ઉપર આક્રમણ કરી અનેકવાર માંસ કાપી લીધું હતું અને નાના પ્રકારનાં કષ્ટો આપી તેમને પીંખી નાખ્યા હતા. અને તેમના ઉપર ધૂળ પણ ફેંકી હતી. ૧૧

ઊંચા ઉપાડી પછાડ્યા પણ હતા, અથવા આસનભ્રષ્ટ પણ કરી દીધા હતા. પણ ભગવાન તો કાયનો ઉત્સર્ગ કરીને પરિષહ માટે તૈયાર જ હતા અને અપ્રતિજ્ઞ થઈ બધાં જ દુઃખો સહન કર્યાં. ૧૨

સંગ્રામમાં સૈન્યને મોખરે રહેનાર હાથીની જેમ આ બધાની વચ્ચે પણ ભ. મહાવીર તો સંવૃત હતા અને અનેક કષ્ટો સહન કરતા કરતા દુઃખથી ચલિત થયા વિના વિચરતા હતા. ૧૩

આ મુજબનું...(૧, ૨૩ જેમ). ૧૪

(૯.૪) રોગચિકિત્સા :

રોગ ન થયો હોય છતાં પણ ભગવાન ઊણોદરી સહન કરતા. રોગ થાય કે ન થાય પણ ભગવાને ચિકિત્સામાં રસ દાખવ્યો જ નહિ. ૧

(ચૂર્ણિમાં લખ્યું છે કે શીતાદિ પરીષહો કદાચ સહન થઈ શકે પણ પેટ પૂરતું ખાવા ન મળે તે તો દુઃસહ બની જાય છે, આથી અહીં ભગવાનની સ્વેચ્છાથી થતી ઊણોદરી વિષે પ્રશંસા છે. લોકો તો જ્યારે કશોક રોગ થાય ત્યારે જ ઊણોદરી કરે છે પણ ભગવાન માટે તે આ સહજ હતી, સ્વૈચ્છિક હતી. ઊણોદરી વિષે ચૂર્ણિકારે સ્પષ્ટીકરણ કર્યું છે કે ભગવાન અચેલક હતા—એ તેમની ઉપકરણ વિષેની અને અલ્પાહાર એ આહારવિષે ઊણોદરી હતી.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિરેચન, વમન, શરીરમાં તેલમર્દન, સ્નાન, શરીરનું દબાવવું—ચંપી, દાંતની સફાઈ—આ બધા ચિકિત્સાના પ્રકારો તેમણે ત્યજી દીધા હતા. ૨

ઇન્દ્રિયના કામ-ભોગોથી વિરત હતા અને તે બ્રાહ્મણ અલ્પભાષી થઈ વિચરતા. ઠંડી ઋતુમાં છાયામાં રહી ભગવાન ધ્યાન ધરતા. ૩

અને ગરમીમાં જ્યારે ખૂબ તાપ હોય ત્યારે ઉકડુ આસનમાં રહી તાપથી અભિમુખ થઈ આતાપના લેતા. અને વળી લૂખા એવા ભાત મંથુ અને કલ્માષનું સેવન કરતા. ૪

(અહીં ઓદન એટલે કોદરીનો ભાત સમજવાનો છે. મન્થુ એટલે બોરનું ચૂર્ણ વગેરે. કલ્માષ ઉતરતું ધાન્યવિશેષ છે. ધાન્યનો આ હલકો પ્રકાર છે.)

આ ત્રણેનું સેવન ભગવાન આઠ માસ દરમિયાન કરીને જીવનયાપન કરતા. કોઈવાર અર્ધો માસ, માસ, બે માસથી પણ વધારે અથવા તો છ માસ સુધી પાનકવિના ઇચ્છારહિત થઈ સતત વિચરતા હતા અને કોઈ વાર વાસી ભોજન કરતા. ૫-૬

કોઈ વાર બે ઉપવાસ પછી તો કોઈ વાર ત્રણ કે ચાર-પાંચ પછી ભોજન લેતા અને તેમાં જ સમાધિ માની ઇચ્છારહિત થતા. ૭

સમજીને પોતે પાપ કરતા નહીં, બીજા પાસે કરાવતા નહિ અને કરતાને અનુમોદન પણ આપતા નહિ. ૮

(ઓદનઆદિ લેવાની જે વાત છે તે વિષે ચૂર્ણિમાં ખુલાસો છે કે અહીં ભ. મહાવીર આ ત્રણે એકસાથે સતત લેતા એવો અર્થ નથી પણ એ ત્રણમાંથી જ્યારે જે મળી જાય તે એમ સમજવાનું છે. આઠ માસ એટલે વર્ષા સિવાયના આઠ માસ સમજવા. વળી વર્ષાઋતુમાં પ્રથમના ત્રણ માસમાં પણ એ જ આહાર સમજવાનો છે. વળી અંતે જે પાપકર્મની વાત કરી છે તે ભોજન માટે થતી હિંસા ટાળવાને અર્થે છે, કારણ ભગવાન યથાકામ્ય (આહાકમ્મ) ભોજનના ત્યાગી હતા.)

ગ્રામમાં કે નગરમાં પ્રવેશીને બીજાને માટે તૈયાર થયેલ ભોજનની અન્વેષણા કરતા. અને વિશુદ્ધ એટલે કે કોઈ પણ દોષ વિનાનું ભોજન શોધીને સંયમ પૂર્વક તેનું સેવન કરતા. ૯

કાગડાને કે એવા જે કોઈ ભૂખથી પીડિત હોય તેવાં પ્રાણીઓને કે રસ એટલે કે પીણાની તલાશમાં નીકળેલા જીવોને પોતાના ભોજન માટે આવી પડતા જોઈને અથવા બ્રાહ્મણ કે શ્રમણ કે ગ્રામનો પિંડોલક—ગ્રામમાંથી ભિક્ષા લઈ જીવનાર દ્રમક કે અતિથિ કે ચાંડાલ, બિલાડી કે કૂતરું—આ બધાને સમક્ષ જોઈને, તે બધાનું ખાવાનું ટળી ન જાય તથા તેમને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અરુચિ ન થાય તેમ વિચારી બીજાની હિંસા ન થાય તે રીતે ભગવાન ધીરે ધીરે ભિક્ષાની તલાશ કરતા. ૧૦–૧૨.

(આમાં ભિક્ષાચર્યામાં ભિક્ષુએ કેવો વિવેક રાખવાની આવશ્યકતા છે તેનું સૂચન છે.)

ભલે લીલું હોય કે સૂકું, શીતપિંડ હોય કે જૂના કુલ્લાષ, બોકકસ–જૂનો ભાત અથવા સાથવો હોય કે પુલાક–હલકું ધાન હોય–તે મળે કે ન મળે પણ દ્રવિક જ રહેતા–એટલે કે મળવાથી રાજી ન થતા અને ન મળવાથી દુઃખી ન થતા. ૧૩

આસનમાં સ્થિર થઈ તે મહાવીર નિશ્ચિલ બની ધ્યાન ધરતા અને સમાધિ લગાવી ઊર્ધ્વ, અધઃ અને તિર્યંકલોકનું કશી પણ પ્રતિજ્ઞા વિના–નિદાન વિના–ધ્યાન કરતા. ૧૪

કષાય વિનાના, ગૃદ્ધિ વિનાના અને શબ્દ તથા રૂપમાં અનાસક્ત બની ધ્યાન ધરતા. પોતાના આ પ્રકારના પરાક્રમમાં છદ્મસ્થ છતાં એકાદ વાર પણ પ્રમાદનું સેવન તેમણે કર્યું નથી. ૧૫

(અહીં ચૂર્ણિકાર યાદ આપે છે કે ભગવાને એક જ વાર પ્રમાદ સેવ્યો છે અને તે અટ્ઠિગામમાં અંતર્મુહૂર્ત સુધી.)

આયતયોગ–જ્ઞાન–દર્શનચરિત્ર–તપના યોગથી આત્મશુદ્ધિ થાય છે એમ પોતાની મેળે જ જ્ઞાન કરીને ભગવાન અભિનિવૃત્ત થયા, અમાયી થયા અને યાવજ્જીવન સમભાવી થયા. ૧૬

આ મુજબ (૧.૨૩)...

આ ઉદ્દેશકનું નામ જે રોગચિકિત્સા છે તે શારીરિક રોગ નહિ પણ આભ્યંતર રોગ રાગ–દ્વેષાદિની ચિકિત્સા કેવી રીતે કરવી–એને અનુલક્ષીને હોય તેમ જણાય છે.

પ્રસ્તુત ઉપધાન=તપના વર્ણનમાં ભગવાન મહાવીરે કષ્ટો–શારીરિક કષ્ટો ઉઠાવ્યાં તે તો હકીકત છે. પણ અનેકવાર ઉલ્લેખ છે કે તેઓ ધ્યાનસ્થ રહેતા. તે સૂચવી જાય છે કે સાધનામાં મહત્ત્વ શારીરિક કષ્ટોનું નથી પણ ધ્યાનનું છે, ગમે તેવાં કષ્ટો આવે છતાં તેઓ પોતાના ધ્યાનથી વિચલિત થયા નથી અથવા તો ધ્યાન છોડ્યું નથી. એ આમાંથી સ્પષ્ટ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન મહાવીરનો વિહાર

(છદ્મસ્થદશામાં)

આચારાંગના પ્રથમ શ્રુતસ્કંધમાં જણાવ્યું છે કે હેમન્ત ઋતુમાં પ્રવ્રજિત થઈને શ્રમણ ભગવાને વિહાર કરવા માંડયો. પણ તે વિહાર કયા ગ્રામ-નગરોમાં થયો તે વિષેની માહિતીમાં માત્ર એટલું જ જણાવાયું છે કે તેમણે લાઢ, વજ્જભૂમિ અને સુવર્ણભૂમિમાં અનેક અસહ્ય કષ્ટો સહ્યાં—આચા૦ ૧.૯.૩.૨,૬,૮. આ પ્રાચીનતમ સાધનમાં તેમના સમગ્ર વિહારસ્થાનોની કશી માહિતી મળતી નથી. આચારાંગના દ્વિતીય શ્રુતસ્કંધમાં ૧૫મા અધ્યયનની ત્રીજી ચૂલામાં 'દીક્ષા લીધા પછી એક મુહૂર્ત દિવસ શેષ હતો ત્યારે 'કુમારગામ' પહોંચી ગયા અને અનેક ઉપસર્ગોને સહન કરતા કરતા વિચરવા લાગ્યા અને તે પ્રમાણે બાર વર્ષ વ્યતીત થયે જંભિયગામની બહાર ઉજ્જુવાલિયાના ઉત્તર કિનારે હતા ત્યારે કેવળ ઉત્પન્ન થયું.' એમ જણાવ્યું છે. આથી તેમના વિહાર વિષેની વિશેષ માહિતી આમાં પણ મળતી નથી

દીક્ષા પછીના વિહારનો સામાન્ય ક્રમ કલ્પસૂત્રમાં જે આપ્યો છે તે પ્રમાણે વર્ષાવાસ છોડીને જે આઠ માસ હોય તેમાં સતત વિહાર કરતા હતા તેમાં ગ્રામ હોય તો એક રાત અને નગર હોય તો પાંચ રાતથી વધુ રોકાતા નહિ. (કલ્પ૦ ૧૧૯) કલ્પસૂત્રમાં વિશેષ વિહારનો ક્રમ દર્શાવ્યો નથી પરંતુ વર્ષાવાસ ક્યાં ક્યાં કર્યો અને કેટલીવાર કર્યો તેનો નિર્દેશ મળે છે તે આ પ્રમાણે છે—(કલ્પ ૧૨૨) —આમાં માત્ર છદ્મસ્થકાળના નહિ પણ નિર્વાણ સુધીના ચાતુર્માસોનો ઉલ્લેખ છે-

(૧) અટ્ઠિયગામમાં પ્રથમ વર્ષાવાસ[1]

(૨) ચંપા અને પૃષ્ઠચંપામાં ત્રણ વર્ષાવાસ

(૩) વૈશાલીનગરી અને વાણિયગામમાં બાર વર્ષાવાસ

(૪) રાજગૃહ અને નાલંદામાં[2] ચૌદ વર્ષાવાસ

(૫) મિથિલામાં છ વર્ષાવાસ

---

૧. આનું સમર્થન ભગવતીમાં મળે છે (૫૪૦)

૨. બીજું ચોમાસું નાલંદામાં કર્યું એવું સ્વમુખે ભ. મહાવીરે કહ્યું છે—ભગવતી ૫૪૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૬) ભદ્દિયામાં બે વર્ષાવાસ
(૭) આલભિકામાં એક વર્ષાવાસ
(૮) સાવત્થીમાં એક વર્ષાવાસ[1]
(૯) પ્રણીતભૂમિમાં એક વર્ષાવાસ
(૧૦) મધ્યમ પાવામાં એક છેલ્લો વર્ષાવાસ

આ રીતે ૩૦ વર્ષની વયે દીક્ષા લીધા પછી ૪૨ વર્ષાવાસ–ચોમાસા તેમણે ઉક્ત સ્થાનોમાં કર્યા હતા. આ સિવાય વિહારજીવનની ઘટનાઓ કે વિહારનાં અન્ય સ્થાનો વિષે કલ્પસૂત્રમાં માહિતી મળતી નથી. આચારાંગમાં તો આ વર્ષાવાસની સૂચી પણ આપવામાં આવી નથી. આથી આ માટે આપણી પાસે સાધન માત્ર આવ૦ નિર્યુક્તિ છે.

જ્ઞાતૃખંડમાં દીક્ષા લીધા પછી સ્વજનોને પૂછીને વિહાર શરૂ કર્યો અને દિવસ પૂરો થવામાં એક મુહૂર્ત શેષ હતું ત્યારે કમ્મારગામમાં પહોંચી ગયા–(વિશેષા૦ ૧૮૯૨)—[2]આ હકીકત આ૦ જિનભદ્રે જણાવી છે પરતું ચઉપ્પન્નમાં તો કમ્માર ગામ પહોંચતા પહેલાં બ્રાહ્મણ વસ્ત્રદાનનો પ્રસંગ છે અને પછી જ ગામાનુગ્રામ વિચરતા કમ્મારગામ પહોંચે છે તેવો ઉલ્લેખ છે–પૃ૦ ૨૭૩, ૨૭૪. વિશેષાવશ્યકભાષ્યમાં બ્રાહ્મણને વસ્ત્રદાનનો ઉલ્લેખ નથી પરંતુ—આવશ્યકચૂર્ણિમાં જણાવ્યું છે કે જ્યારે કમ્મારગામ પહોંચ્યા ત્યારે બ્રાહ્મણ હાજર થયો. અને તેમાં અન્ય એકમતનો ઉલ્લેખ છે કે દીક્ષા લીધી ત્યારે જ તે ઉપસ્થિત થયો–એટલે કમ્મારગામ પહોંચ્યા પહેલાં આ પ્રસંગ બન્યો. (આચૂ૦ પૃ૦ ૨૬૮). આ મતાંતર જે જણાવ્યો છે તે જ શીલાંકને માન્ય છે તે સ્પષ્ટ છે કારણ તેમણે કમ્મારગામ પહોંચતાં પહેલાં બ્રાહ્મણનો પ્રસંગ વર્ણવ્યો છે.

આચાર્ય હરિભદ્રે આવશ્યકનિર્યુક્તિની વ્યાખ્યામાં જણાવ્યું છે કે જ્યારે ભગવાને સામાયિકવ્રત ગ્રહણ કર્યું. તે કાળે ઇંદ્રે ભગવાનને એક વસ્ત્ર આપ્યું[3] એટલામાં એક બ્રાહ્મણ તેમની સમક્ષ હાજર થયો. ભ. મહાવીરે દીક્ષાપૂર્વ દાન દીધું ત્યારે તે ગામાંતરે ગયો હતો અને જ્યારે પાછો વળ્યો ત્યારે તો ભ. મહાવીર દીક્ષા માટે નગર બહાર નીકળી ગયા હતા છતાં તેને તેની પત્નીએ ભગવાન પાસે

---

૧. ભગવતીસૂત્રમાં ગોશાલક શતકમાં શ્રાવસ્તીમાં ભગવાનના સમવસરણ થયાનો ઉલ્લેખ છે. (૫૪૦) પણ તેમાં વર્ષાવાસનો ઉલ્લેખ નથી.
૨. આ જ મંતવ્ય આચારાંગને પણ માન્ય છે. તે આપણે જોઈ ગયા છીએ.
૩. આચાર્ય હેમચન્દ્રે કહ્યું છે કે આ ઇન્દ્રે દીધેલ વસ્ત્ર ભગવાને ખંભા ઉપર રાખ્યું હતું. ત્રિ૦૧૦.૨.૧૯૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દાન લેવા મોકલ્યો. ભગવાને તે કાળે તેમની પાસે બીજું કાંઈ ન હોવાથી એ ઇન્દ્રે દીધેલ વસ્ત્રમાંથી અડધું ફાડીને આપી દીધું[૧] અને પછી વિહાર કરી સાંજે દિવસમાં એક મુહૂર્ત શેષ હતું ત્યારે કમ્માર ગામ પહોંચ્યા. આ બ્રાહ્મણ વિષેનો કોઈ ઉલ્લેખ ઉત્તર પુરાણમાં નથી એ નોંધવું જોઈએ.

ગુણચંદ્રના મહાવીર ચરિયમાં કુમારગ્રામ પહોંચી ધ્યાનસ્થ થયા પછી બ્રાહ્મણના આગમનનો ઉલ્લેખ છે—પ્રસ્તાવ ૫, પૃ૦ ૧૪૨ A

ભગવાન મહાવીરે દીક્ષા લીધી ત્યારે એક વસ્ત્ર પોતાની પાસે રાખ્યું હતું પરંતુ તેનો ઉપયોગ પોતાની નગ્નતા ઢાંકવા માટે કર્યો ન હતો. તે માત્ર પરંપરા જાળવવા (अणुधम्मियं) રાખ્યું હતું એવું તાત્પર્ય પ્રાચીનતમ આચારાંગગત પ્રથમ શ્રુતસ્કંધની ગાથામાંથી ફલિત થાય છે. અર્થાત જ કહેવામાં આવ્યું છે કે તેમણે તે વસ્ત્ર ખભે રાખ્યું હતું—

'णो चेविमेण वत्थेण पीहिस्सामि तंसि हेमंते ।
से पारए आवकहाए एवं खु अणुधम्मियं तस्स ॥
—આચા૦ ૧.૯.૧.૨

પરંતુ એ વસ્ત્ર પણ તેમણે કાયમ રાખ્યું નહિ. માત્ર એક વર્ષ અને એક માસ તે ધારણ કર્યું. અને પછી એનો ત્યાગ કરી તેઓ અચેલક થઈ ગયા—નગ્ન થઈ ગયા—એવો સ્પષ્ટ ઉલ્લેખ આચારાંગમાં છે—

संवच्छरं साहियं मासं जं न रिक्कासि वत्थगं भगवं ।
अचेलए तओ चाई तं वोसज्ज वत्थमणगारे ॥
—આચા૦ ૧.૯.૧.૪

પ્રાચીન ઉલ્લેખ તો માત્ર 'વસ્ત્ર'નો જ છે. તેમાંથી 'દેવદૂષ્ય'[૨] નામ તો વસ્ત્રને ભગવતીમાં (૫૪૧) આપવામાં આવ્યું. એટલે તે 'ઇન્દ્રે આપ્યું' તેમ ફલિત

૧. આ કથામાં પછીનો ભાગ એવો છે કે તે અડધું વસ્ત્ર લઈને તૂણનારા પાસે ગયો. તૂણનારે વસ્ત્રને બહુમૂલ્ય સમજી તેને સલાહ આપી કે તું આ વસ્ત્રનો બીજો ટુકડો લાવી આપે તો તેનું લાખ મૂલ્ય થશે. તેમાંથી અડધા તારા અને અડધા મારાં. આ સાંભળી તે બ્રાહ્મણ ભગવાનની પાછળ પાછળ ફરવા લાગ્યો—આનિ૦ હ૦ પૃ૦ ૧૮૭

આચાર્ય હેમચંદ્ર પણ આ વાતનું સમર્થન કરે છે.—ત્રિષષ્ટિ૦ ૧૦.૩૨–૮.

૨. एगं देवदूसमादाय' मुंडे भवित्ता' સ્પષ્ટ છે કે ભ. પોતે કહે છે કે દેવદૂષ્ય લઈને મુંડ થયો—એટલે તે ઇન્દ્રે દીધાની વાત પછીની છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવામાં આવ્યું. પરંતુ ખરી રીતે તેમ બન્યું નથી. બહુમૂલ્ય વસ્ત્ર માટે 'દેવદૂષ્ય' શબ્દનો પ્રયોગ પ્રાચીન કાળમાં થતો એ જોઈએ તો આ આખી કથા-ક્રમે કેવી રીતે ઘડી કાઢવામાં આવી તે સ્પષ્ટ થાય છે.

વળી આચારાંગમાં તે વસ્ત્રના માત્ર વિસર્જનની જ વાત છે. બ્રાહ્મણને આપ્યા વિષે કશું જ નથી. આચારાંગ ચૂર્ણિમાં તો અડધું આપ્યાનો ઉલ્લેખ જ નથી. અને તે જ્યારે કંટકમાં ભરાયું ત્યારે કોઈ બ્રાહ્મણે લઈ લીધું એમ છે. આથી આ કથા ઉપજાવી કાઢી હોય એવો પૂરો સંભવ છે. આવશ્યકનિર્યુક્તિ અને વિશેષાવશ્યક ભાષ્યમાં પણ આ બાબતનો કશો જ ઉલ્લેખ નથી. માત્ર એટલું જ છે કે 'કંટકમાં વસ્ત્ર' ભરાઈ ગયું. અને તે કારણે છૂટી ગયું—૩૪૯-૧૯૦૧ તે પણ આ અનુમાનને જ પુષ્ટિ આપે છે. અને આવી કોઈ કથા દિગંબર પરંપરામાં પણ નથી કારણ તેમને મતે તો દીક્ષિત થતી વખતે જ સર્વ વસ્ત્રાનો[1] ત્યાગ કર્યો હતો. તે પણ ધ્યાનમાં લઈએ તો કથાની કાલ્પનિકતા વિષે સંદેહ રહેતો નથી. બ્રાહ્મણના દારિદ્રય અને અવસર ચૂકયાની લોકકથાઓમાં આ કથાનું મૂળ હોય તો નવાઈ નહિ. અને તેને ભ. મહાવીરના ચરિત્રને રોચક બનાવવા માટે સ્થાન અપાયું હોય તેવો પૂરો સંભવ છે.

અહીં હવે ભ. મહાવીરના છદ્મસ્થકાળનાં વિહારસ્થળો વિષે જે જુદા જુદા ગ્રન્થોમાં ઉલ્લેખો મળે છે તેનુ તારણ આપવામાં આવે છે—

ભગવતી સૂત્રમાં ગોશાલકના પ્રકરણમાં ભ. મહાવીરે પોતાના છદ્મસ્થકાળના જે વિહારસ્થળોનો નિર્દેશ કર્યો છે તે આ છે—પ્રથમ વર્ષાવાસ અસ્થિયગામમાં (૫૪૧) બીજું ચોમાસું રાજગૃહબહાર નાલંદામાં (૫૪૧) તે ચોમાસા દરમિયાન નાલંદાથી રાજગૃહમાં ભિક્ષાર્થે (૫૪૧)-પુનઃ નાલંદા (૫૪૧)-પુનઃ રાજગૃહ (૫૪૧) પુનઃ નાલંદા (૫૪૧) પુનઃ રાજગૃહ (૫૪૧) પુનઃ નાલંદા (૫૪૧) કોલ્લાગ (૫૪૧) પછી કુલ છ ચોમાસા વીત્યા પછી-સિદ્ધત્થગામથી કુમ્મારગામ (૫૪૨) કુંડગ્ગામ (૫૪૩) થી સિદ્ધત્થગામ (૫૪૪).

ઉત્તરપુરાણ	**ચઉપ્પન્ન૦**
ખંડવન (પૃ. ૪૬૩)	કમ્મારગામ (પૃ. ૨૭૪)
કુલગ્રામ (૪૬૪)	બહુલ (૨૭૫)

૧. 'अपनीय तनोः सर्वं वस्त्रमाल्य विभूषण'"-જિનસેન, હરિવંશપુરાણ, ૨.૫૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉજ્જયીની (૪૬૫)[1]
કોશાંબી (૪૬૬)
જૃંભિક (૪૬૬)

મુલાગ (૨૭૬)
વરંગ (૨૭૯)
રાયગિહ (૨૮૦)
કોલ્લાગ (૨૮૦)
સુરસેણજણવય (૨૮૧)
દઢભૂમિ (૨૮૨)
પોલાસ (૨૮૮)
વયગામસંનિવેશ (૨૮૮)
કોસંબી (૨૮૯)
મંદાઇણિકચ્છ (૨૯૭)
મજ્ઝિમા (૨૯૮)
જંભિયા (૨૯૯)

આવશ્યકનિર્યુક્તિ અને વિશેષાવશ્યકભાષ્ય		**આવશ્યકચૂર્ણિ** (આવનિ. અને વિશે.ને અનુસરે છે જે ભેદ છે તેની નોંધ)	
કમ્મારગામ (વિ. ૧૮૯૨)		√	
કોલ્લા (નિ. ૩૪૪/વિ. ૧૮૯૩)		√	
વેગમદી (૩૪૬/૧૮૯૫)		√	
અટ્ઠિયગામ (૩૪૬/૧૮૯૫)	(૧)	√	
મોરાગ (૩૪૭/૧૮૯૬)		√	
દાહિણવાચાલ, ઉત્તરવાચાલ (૩૪૯–૫૦/૧૯૦૧–૨)		√	
સેયવિયા (૩૫૧/૧૯૦૩)		√	
સુરભિપુર (૩૫૨/૧૯૦૪)		√	
થૂણાગ (૩૫૫/૧૯૦૭)		√	
રાયગિહ (,, ,,)	(૨)[2]	√ (નાલંદા)	(૨)

૧. આ ઉલ્લેખ ઉપરથી જણાય છે કે આ કથનનો બીજો કોઈ આધાર નથી. કારણ સામાન્ય રીતે આથી પ્રાચીનમાં ભગવાનનો વિહાર મધ્યપ્રદેશ સુધી લંબાયાનું ક્યાંય જણાવાયું નથી. આથી આ કેવળ કલ્પના જ છે. હરિવંશમાં માત્ર જૃંભિકગ્રામનો ઉલ્લેખ છે–૨.૫૭

૨. ચાતુર્માસનો ઉલ્લેખ નથી પરંતુ માસખમણ અને ગોસાલનો ઉલ્લેખ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આનિ૦ વિશેષા૦		આવશ્યકચૂર્ણિ
કોલ્લાય (૩૫૭/૧૯૦૯) (ગોશાલની પ્રવ્રજ્યા)		√
સુવણ્ણખલ („ „)		√
બંભણગામ (૩૫૮/૧૯૧૦)		√
ચંપા („ „)	(૩)	√
કાલાય (૩૫૯/૧૯૧૧)		√
પત્તાલગ („ „)		√
કુમારાય (૩૬૦/૧૯૧૨)		√
ચોરાય („ „)		√
પિટ્ઠિચંપા (૩૬૧/૧૯૧૩)	(૪)	√
કતંગલ („ „)		√
સાવત્થી (૩૬૨/૧૯૧૪)		√
હલિદ્દ (૩૬૨/૧૯૧૪)		√
ણંગલા (૩૬૩/૧૯૧૫)		√
આવત્ત („ „)		√
ચોરા (૩૬૪/૧૯૧૬)		√
કલંબુઆ („ „)		√
લાઢ (૩૬૫/૧૯૧૭)[1]		√
પુન્નકલસ („ „)		√
ભદ્દિય („ „)	(૫)	√
કતલી (૩૬૬/૧૯૧૮)		√
જંબૂસંડ („ „)		√
તંબાય (૩૬૭/૧૯૧૯)		√
કૂવિય („ „)[2]		√
વેસાલી (૩૬૮/૧૯૨૦)		√
ગામાગ (૩૬૯/૧૯૨૧)		√
સાલિસીસય („ „)		√

૧. भगवं चिंतेति-बहुं कम्मं निज्जरयव्वं लाढाविहयं वच्चामि, ते अणारिया....बहु निज्जरेति जहा खंभचेरेसु—आव० चू० पृ० २९०

૨. આ પછી ગોશાલક જુદો પડી વિચરે છે—આ૦ચૂ. પૃ. ૨૯૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભદ્દિય (૩૭૦/૧૯૨૨)	(૬)[1]	√
મગધ (,, ,,)		√
આલભિયા (૩૭૧/૧૯૨૩)	(૭)	√
કુંડાગ (૩૭૧/૧૯૨૩)		√
મદ્દણ (,, ,,)		√
બહુસાલગ (૩૭૨/૧૯૨૪)		√
આવનિ. વિશેષા.		**આવશ્યકચૂર્ણિ**
લોહગ્ગલ (૩૭૨/૧૯૨૪)		√
પુરિમતાલ (૩૭૩/૧૯૨૫)		√
ઉણ્ણાગ્ર (,, ,,)		√
ગોભૂમિ (૩૭૪/૧૯૨૬)		√
રાયગિહ (,, ,,)	(૮)	રાયગિહ (૮)
વજ્જભૂમિ (,, ,,)	(૯)[2]	લાઢા વજ્જભૂમિ સુદ્ધભૂમિ (૯)
સિદ્ધત્થપુર (૩૭૫/૧૯૨૭)		સિદ્ધત્થપુર
કુમ્મગામ (૩૭૬/૧૯૨૮)		કુમ્મગામ
વેસાલી (૩૭૭/૧૯૮૯)		સિદ્ધત્થપુર[3]
વાણિયગામ (૩૭૮/૧૯૩૦)		√
સાવત્થી (,, ,,)	(૧૦)	√
સાણુલટ્ઠી (,, ,,)		√
દઢભૂમિ (૩૮૦/૧૯૩૨)		√
વાલુગ્ર (૩૯૦/૧૯૪૨)		√
સુલોમ (,, ,,)		√ (सुभोम) (પાઠાંતર)
સુચ્છેત્તા (,, ,,)		√
મલય (૩૯૧/૧૯૪૩)		√
હત્થિસીસ (,, ,,)		√

૧. પુનઃ ૭ માસે ગોશાલક મિલન આ.ચૂ. ૨૯૩

૨. 'अनियत चार'—એક ઠેકાણે રહી કર્યું નથી—આ.નિ. ૩૭૪/૧૯૨૭ આ.ચૂ. ગત નિર્યુક્તિગાથામાં 'अणियतवासं' પાઠ છે. પૃ. ૨૯૬.

૩. ભગવાન જ્યારે સિદ્ધત્થપુર જઈ રહ્યા હતા ત્યારે ગોશાલક છૂટો પડી સાવત્થી જઈ રહે છે. —આ.ચૂ. ૨૯૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવનિ. વિશેષા.		આવશ્યક ચૂર્ણિ	
તોસલી (૩૯૨/૧૯૪૪)		√	
મોસલી (૩૯૩/૧૯૪૫)		√	
તોસલી (,, ,,)		√	
સિદ્ધત્થપુર (૩૯૪/૧૯૪૬)		√	
વયગામ (,, ,,)		√	
આલભિયા (૩૯૮/૧૯૫૦)		√	
સેતવિ (,, ,,)		√	
સાવત્થી (,, ,,)		√	
કોસંબી (૩૯૯/૧૯૫૧)		√	
વાણારસી (,, ,,)		√	
રાયગિહ (,, ,,)		√	
મિથિલા (,, ,,)		√	(૧૧)
વૈશાલી (૪૦૦/૧૯૫૨)	(૧૧)[1]	√	
સુસ્સુમારપુર (,, ,,)		√	
ભોગપુર (,, ,,)		√	
ણંદિગામ (૪૦૧/૧૯૫૩)		√	
મેંઢિયગામ (,, ,,)		√	
કોસંબી (૪૦૨/૧૯૫૪)		√	
સુમંગલા (૪૦૪/૧૯૫૬)		√	
સુચ્છેત્તા (,, ,,)		√	
પાલગ (,, ,,)		√	
ચંપા (૪૦૫/૧૯૫૭) (૧૨)		√	
જંભિયગામ (૪૦૬/૧૯૫૮)		√	
મેણ્ઢિયગામ (,, ,,)		√	
છમ્માણી (૪૦૭/૧૯૫૯)		√	
મજ્ઝિમપાવા (,, ,,)		√	
જંભિય (૪૦૮/૧૯૬૦)		√	

૧. હરિભદ્ર અને દીપિકામાં 'વાસ' પાઠ નથી. અન્યત્ર છે. વળી આ પૂર્વે જે 'મિધિલા'નો ઉલ્લેખ છે તે સંદિગ્ધ જણાય છે કારણ વૈશાલી અને મિધિલા વચ્ચે ઘણું અંતર છે. આથી કદાચ આ મિધિલા પ્રસિદ્ધ મિથિલા ન પણ હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામાન્ય રીતે એમ કહી શકાય કે આવશ્યકનિર્યુક્તિ, વિશેષાવશ્યકભાષ્ય અને આવશ્યકચૂર્ણિ–એ ત્રણે ભગવાનના છાદ્મસ્થિક વિહારની બાબતમાં એકમત છે. જે ભેદ છે તે ક્યાંઈક પૂર્વાપર ભાવનો અને ક્યાંઈ ચોમાસાની બાબતનો છે.

બીજું ચોમાસું નાલંદામાં થયું અને રાજગૃહમાં ભિક્ષા અર્થે જતા આવતા હતા એવું મન્તવ્ય આવશ્યકચૂર્ણિનું છે જ્યારે આવશ્યકનિર્યુક્તિ અને વિશેષા૦માં રાજગૃહનો જ ઉલ્લેખ છે. ભગવતી સૂત્રમાં (૫૪૧) પણ નાલંદાનું સમર્થન છે અને રાજગૃહમાં ભિક્ષા અર્થે જતા હતા તેવો ઉલ્લેખ છે. અગિયારમું ચોમાસું ચૂર્ણિ પ્રમાણે મિથિલામાં અને નિર્યુક્તિ અને વિશેષા૦ પ્રમાણે વૈશાલીમાં થયું. આગળ–પાછળ આવતાં સ્થાનોની દૃષ્ટિએ પ્રસ્તુતમાં મિથિલા કરતાં વૈશાલીના ચોમાસાનો વધારે સંભવ જણાય છે.[1] વળી ઉત્તરપુરાણ અને પ્રસ્તુત આવશ્યકનિર્યુક્તિ વગેરેની તુલના કરીએ તો જણાય છે કે ઉત્તરપુરાણના કર્તાને બિહાર પ્રદેશની વિશેષ માહિતી હોય તેમ જણાતું નથી. જ્યારે આવશ્યકનિર્યુક્તિ આદિમાં જણાવેલ સ્થળોએ ભ. મહાવીરનો વિહાર થયો હોય કે ન થયો એ પ્રશ્ન બાજુએ રાખીએ તો એટલું તો જણાય છે કે આવશ્યકનિર્યુક્તિકાર વગેરેનો સંપર્ક બિહાર સાથે રહ્યો હોય કે ન હોય પણ તેમની પાસે બિહાર વિષેની પરંપરા તો સુરક્ષિત હતી. જ્યારે ઉત્તરપુરાણ લખનારનો એ પરંપરા સાથે સંબંધ તૂટી ગયો હોય તેમ જણાય છે.

કલ્પસૂત્રમાં જે ચોમાસાની નોંધ છે. તેની સાથે પ્રસ્તુત સૂચીની તુલના કરીએ તો જણાય છે કે તેમાં જે પ્રણીતભૂમિ તરીકે ઉલ્લેખ છે તે જો લાઢ–વજ્જભૂમિ વિષે માનીએ તો સંભવ બને.

આવાશ્યકચૂર્ણિ પછી લખાયેલ ગુણચંદ્રના મહાવીર ચરિય (પ્ર૦ ૫-૭)માં વિહારસ્થળોનાં નામો જે મળે છે તે આવશ્યકનિર્યુક્તિઆદિ જેવાં છે. ૧૧મું ચોમાસુ મિથિલામાં થયું તેમ આમાં માનવામાં આવ્યું છે તે વિશેષરૂપે ચૂર્ણિને નહીં પણ નિર્યુક્તિનું અનુસરણ સૂચવે છે. અને આચાર્ય હેમચંદ્રે પણ ત્રિષષ્ટિશલાકામાં આથી વિશેષ કાંઈ જણાવ્યું નથી.

આવશ્યનિર્યુક્તિ–ચૂર્ણિની જે વિહારસૂચી છે તે ઉપરથી ભ. મહાવીરનો છદ્મસ્થકાળમાં વિહાર હાલના બિહાર, બંગાળ, અને ઉતર પ્રદેશમાં થયો એમ કહી શકાય.

---

૧. છદ્મસ્થ પછીના કાળમાં મિથિલામાં ચોમાસુ થયું હશે એમ માની શકાય કારણ કલ્પમાં તેનો ઉલ્લેખ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગોશાલક પ્રસંગ

ભ. મહાવીરના છદ્મસ્થ કાળમાં આજીવક સંપ્રદાયના તીર્થંકર ગોશાલક સાથેના સંપર્કની જે હકીકત ભગવતીસૂત્ર શતક ૧૫માં વર્ણવવામાં આવી છે, તે ઉપરથી વિદ્વાનોમાં એવી ધારણા થઈ છે કે ભગવતીગત એ વર્ણન માત્ર ગોશાલકને હલકો દેખાડવા ઘડી કાઢવામાં આવ્યું છે. વાસ્તવિક રીતે શું બન્યું હશે એ જાણી શકવું કઠણ છે પરંતુ કેટલીક બાબતો જે વિષે વિવાદ સંભવે નહિ તે તો તે વર્ણન ઉપરથી ફલિત કરી જ શકાય છે.

(૧) શ્રાવસ્તીમાં જ્યારે ભગવાન મહાવીરે ગોશાલકના પૂર્વચરિતનું વર્ણન કર્યું છે ત્યારે ગોશાલકનો દીક્ષાપર્યાય ૨૪ વર્ષનો હતો. (સૂ૦ ૫૩૮) અને તે જિન–અરિહંત–ઇત્યાદિ નામે પ્રસિદ્ધ હતા.

(૨) ભગવાન મહાવીર અને ગોશાલકનો સંપર્ક જ્યારે ભ. મહાવીર છદ્મસ્થા[1]વસ્થામાં હતા ત્યારે છ વર્ષ સુધી (૫૪૦) રહ્યો હતો. ગોશાલક મહાવીરના શિષ્ય થયા કે નહિ અથવા મહાવીર ગોશાલકના શિષ્ય થયા કે નહિ–એ વિષય વિવાદાસ્પદ ગણીએ તો પણ આ છ વર્ષનો સંપર્ક બંનેમાં હતો એ વાત નિશ્ચિત કરી શકાય છે અને બે મહાપુરુષોનો સંપર્ક થાય ત્યારે એક પાસેથી બીજા ઘણું ઘણું શીખે એમ માનવામાં પણ કશી બાધા માની શકાય નહિ.

(૩) શ્રાવસ્તીના પ્રસંગ પછી પણ ૧૬ વર્ષ ભ. મહાવીર જીવિત રહ્યા છે. પણ ગોશાલનું મરણ સાત રાત પછી થયું છે.–"अहन्नं अन्नाइं सोलसवासाइं जिणे सुहत्थी विहरिस्सामि तुमं णं गोसाला अप्पणा चेय सएणे......अन्तो सत्तरत्तस्स... कालं करिस्ससि"–સૂ. ૫૫૨

(૪) ભગવાન મહાવીરે શ્વેતાંબર[2] જૈન પરંપરા પ્રમાણે દીક્ષા પછી ૧૩ માસ સુધી વસ્ત્ર રાખ્યું હતું. (આચા. ૯.૧.૪) અને પછી છોડયું હતું. પ્રથમ વર્ષાવાસ અટ્ઠિયગામમાં થયું અને બીજું ચોમાસું રાજગૃહ બહાર નાલંદામાં કર્યું.

---

૧. ભગવતીમાં તો ગોશાલકે અંતેવાસી બનવા વારંવાર કહ્યાનું આવે છે–સૂ. ૫૪૦ અને છેવટે ભ. મહાવીરે તેને શિષ્ય બનાવ્યાનો ઉલ્લેખ છે.
गोसलस्स मंखलिपुत्तस्स एयमट्ठं पडिसुणेमि ।–સૂ. ૫૪૦.

૨. દિગંબરમતે વસ્ત્ર રાખ્યું ન હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં ગોશાલક–મહાવીરનો પ્રથમ સંપર્ક થયો છે. આ પૂર્વે ભ. મહાવીરને દીક્ષા પછીના ૧૩ માસ પોષ માસમાં જ પૂરા થયા હતા અને તેમણે વસ્ત્ર છોડી દીધું હતું. આથી ગોશાલકના સંપર્ક પછી ભ. મહાવીર અચેલક–નગ્ન બની ગયા હતા–એમ સિદ્ધ થઈ શકે નહિ.[1]

ગોશાલક મતમાંથી જૈન સંપ્રદાયમાં શું શું સ્વીકારવામાં આવ્યું છે તે માત્ર કલ્પનાનો જ વિષય બની શકે. ગોશાલકના કોઈ ગ્રન્થો વિદ્યમાન નથી એટલે તેમના મત વિષે જૈન–બૌદ્ધગ્રન્થોના ઉલ્લેખોનો જ આધાર લેવો પડે. અને તેને આધારે જ તુલના થઈ શકે.

પાલિપિટકો અને જૈન સૂત્રગ્રન્થોમાં ગોશાલકની અનેક હકીકતો આવે છે તેથી એટલું તો નિશ્ચિત છે કે તે ભ. મહાવીર અને બુદ્ધના સમકાલીન મહાપુરુષ હતા. અને તેમનો મત તે કાળે ઠીકઠીક પ્રતિષ્ઠિત હતો. અને પછીના લાંબા કાળ સુધી એ મત જીવિત પણ રહ્યો છે. આશ્ચર્ય છે કે દિગંબર પરંપરામાં ભ. મહાવીર સાથેના ગોશાલકના સંપર્કની કોઈ ચર્ચા નથી. એથી દિગંબર આચાર્યો પાસે આ વિષેની કોઈ પરંપરા સુરક્ષિત નહીં હોય—એમ માનવું પડે છે. અને એમ પણ માનવું પડે છે કે ભ. મહાવીરચરિત વિષે જે કાંઈ સાહિત્ય લખાયું છે ત્યારે દિગંબરોનો ઉત્તરભારત સાથે સંપર્ક ઉત્તરોત્તર ઘટી રહ્યો હશે.

તાત્ત્વિક મતભેદ જે બન્નેમાં હતો તે વિષે આગળ ઉપર ચર્ચા કરવાની હોઈ અહીં તે વિષે વિવેચનની આવશ્યકતા નથી.

ભગવતી અને આવશ્યક ચૂર્ણિમાં ગોશાલક જીવનના અનેક પ્રસંગો છે જેમાં ગોશાલકને હલકો દેખાડવાનો પ્રયત્ન છે–એનો ઇન્કાર થઈ શકે તેમ નથી. અને આનું કારણ વિવિધ તૈર્થિકોમાં તે કાળે જે વૈમનસ્ય હતું તે તો છે જ. પણ ગ્રન્થકારોને ન્યાય આપવા એટલું પણ ઉમેરવું જોઈએ કે ગોશાલકના ચરિતમાં એવું તો કાંઈક હશે જ જેને લઈને ભ. બુદ્ધને તે કાળના અન્ય તૈર્થિકોની તુલનામાં ગોશાલકને સૌથી હીનકોટિનો બતાવવા પ્રયત્ન કરવો પડ્યો છે.

---

૧. ડૉ. બશમ અને બીજા એમ માને છે કે પાર્શ્વના શ્રમણો નગ્ન હતા નહીં અને ભ. મહાવીરે નગ્નતા દાખલ કરી તે ગોશાલક અને બીજા આજીવકપૂર્વજોની અસર નીચે હતું.–બશમ, હિસ્ટ્રી એન્ડ ડોક્ટ્રીન ઑફ દી આજીવિકાઝ,–પૃ. ૧૦૯. ડૉ. બરૂઆ તો સ્પષ્ટ કહે છે કે ભ. મહાવીર સાધનાના બીજા વર્ષમાં ગોશાલક સંપ્રદાયમાં ભળી ગયા હતા અને–૭ વર્ષ પછી છોડી ગયા હતા. –પ્રી. બુ. ૩૭૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"नाहं भिक्खवे अञ्ञं एकपुग्गलं पि समनुपस्सामि यो एवं बहुजनअहिताय पटिपन्नो बहुजनअसुखाय, बहुनो जनस्स अनत्थाय अहिताय दुक्खाय देवमनुस्सानं यथयिदं, भिक्खवे, मक्खलि मोघपुरिसो, सेय्यथापि भिक्खवे, नदीमुखे खिप्पं उड्डेय्य बहूनं मच्छानं अहिताय दुक्खाय अनयाय व्यसनाय, एवमेव खो, भिक्खवे मक्खलि मोघपुरिसो मनुस्सखिप्पं मञ्ञे लोके उप्पन्नो बहूनं सत्तानं अहिताय दुक्खाय अनत्थाय व्यसनायाति"–અંગુત્તરનિકાય ભાગ–૧. પૃ. ૩૪ (નાલંદા)

પાર્શ્વના અનુયાયી એકસાટકધર હતા અને પાર્શ્વના અનુયાયી મહાવીરે ગોશાલકના અનુકરણમાં વસ્ત્રત્યાગ કર્યો એ દલીલમાં વજૂદ એટલા માટે નથી કે પ્રથમ એ સિદ્ધ થવું જરૂરી છે કે ભ. મહાવીરે દીક્ષા પાર્શ્વના સંઘમાં લીધી. કોઈપણ શ્વેતાંબર પરંપરાના ગ્રન્થમાં એ હકીકતની નોંધ લેવામાં આવી નથી પરંતુ સ્પષ્ટ ઉલ્લેખ તો એવો છે કે તેમણે પોતે જ સ્વયં દીક્ષા લીધી. કોઈનું પણ ગુરુપદ સ્વીકાર્યું નથી. ઊલટું જ્યારે તેમણે ઉપદેશ દેવો શરૂ કર્યો અને સંઘ જમાવ્યો ત્યારે અનેક પાર્શ્વસંઘના અનુયાયીઓ ભ. મહાવીરના નવા સંઘમાં દાખલ થયા. અને છેવટે કેશી–ગૌતમના વાદ પછી બન્ને સંઘ એક થઈ ગયા. વળી શ્વેતામ્બર આગમો પાર્શ્વના અનુયાયીઓને વસ્ત્રધર જણાવે છે પરંતુ દિગંબર પરંપરા પ્રમાણે તો પાર્શ્વ પોતે અને તેમના અનુયાયીઓ પણ નગ્ન જ હતા. આથી એમ નિશ્ચિત પણે કહી શકાય તેમ નથી કે ભ. મહાવીરે વસ્ત્રનો ત્યાગ ગોશાલકની અસર નીચે જ કર્યો. પાલિપિટકમાં નિર્ગ્રન્થોને એકસાટક(વસ્ત્ર)ધર કહ્યા છે તે ભ. મહાવીરના નિર્ગ્રન્થો માટે પણ હોઈ શકે છે કારણ આચારાંગમાં એક વસ્ત્ર રાખવાની અનુમતિ દેવામાં આવી છે. આચ. ૮. ૬. ૧.

ભગવાન મહાવીર જ્યારે કોલ્લાગ સન્નિવેશની બહાર 'પણિયભૂમિ'માં હતા, ત્યાં ગોશાલક આવીને શિષ્ય બને છે અને પછી ત્યાંથી બંને છ વર્ષ સાથે વિહાર કરે છે–મૂળ પાઠ આ પ્રમાણે છે.

"ममं सव्वओ समंता मग्गगवेसणं करेइ, ममं सव्वओ जाव करेमाणे कोल्लागसंनिवेसस्स बहिया पणियभूमीए मए सद्धिं अभिसमन्नागए । तए णं से गोसले मंखलिपुत्ते हट्टतुट्ठे ममं तिक्खुत्तो आयाहिणं पयाहिणं जाव नमंसित्ता एवं वयासी– 'तुब्भे णं भंते मम धम्मायरिया अहन्नं तुब्भं अंतेवासी' । तए णं अहं गोयमा गोसालस्स मंखलिपुत्तस्स एयमट्ठं पडिसुणेमि । तए णं अहं गोयमा गोसालेण मंखलिपुत्तेणं सद्धिं पणियभूमीए छव्वासाइं लाभं अलाभं सुहं दुक्खं सक्कारमसक्कारं पच्चणुभवमाणे आणिच्चजागरियं विहरित्था ।'—ભગવતી ૫૪૧, પૃ. ૬૬૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આની ટીકામાં આચાર્ય અભયદેવ આ પ્રમાણે લખે છે—"पणियभूमिएत्ति पणितभूमौ भाण्डविश्रामस्थाने, प्रणीतभूमौ वा मनोज्ञभूमौ।.........'पणियभूमिए'त्ति पणितभूमेरारभ्य प्रणीतभूमौ वा मनोज्ञभूमौ विहृतवानिति योग: ।" આ ઉપરથી સ્પષ્ટ છે કે આચાર્ય અભયદેવ 'पणियभूमि'ને વિશેષ નામ સ્વીકારતા નથી. અને તેમનું જ અનુસરણ કરી ડૉ. શુબ્રિંગ પણ 'પણિયભૂમિ'ને વિશેષનામ તરીકે સ્વીકારતા નથી. પરંતુ કલ્પસૂત્રમાં ભ. મહાવીરે જે ચાતુર્માસો કર્યા તેની સૂચી આપવામાં આવી છે તેમાં 'एगंपणीयभूमीए' (૧૨૨) એવો ઉલ્લેખ છે. આ ઉલ્લેખની ચૂર્ણિમાં તેની વ્યાખ્યામાં 'वज्जभूमि' એમ કરવામાં આવ્યું છે. (પૃ. ૧૦૩) અને તેનું જ અનુસરણ પૃથ્વીચંદ્રના ટિપ્પણમાં (પૃ. ૧૬) અને પછીની બધી જ વિનયવિજય આદિની ટીકામાં થયું છે. આથી વિદ્વાનોમાં પ્રસ્તુત ગોશાલક પ્રકરણમાં 'પણિયભૂમિ' શબ્દના અર્થમાં વિવાદ ઊભો થયો છે–(બશમ, પૃ. ૪૦).

આચારાંગમાં જ્યાં ભ.મહાવીરના વિહારની ચર્ચા છે (૯.૨) ત્યાં 'पणियसालासु एगया वासो'–(૯.૨.૨) એમ સ્પષ્ટ નિર્દેશ છે. પણિયસાલા અને પણિયભૂમિનો એક જ અર્થ છે અને તે જેમ આ. અભયદેવે જણાવ્યું તેમ ભાંડશાલા હોય કે ક્રય–વિક્રયમાટેની વસ્તુ જ્યાં રાખવામાં આવતી હોય તે પીઠું–બજાર હોય—એમ માનીએ તો તે અર્થ સંગત બની જાય છે.

ભ. મહાવીરના ચોમાસાની સૂચીમાં આવતા 'પણીયભૂમિ' માટે વજ્જભૂમિ એવા અર્થનું સૂચન જે કર્યું છે તેની પણ સંગતિ કરવી જરૂરી છે. એ વાત તો નિશ્ચિત છે કે ભ.મહાવીરે લાઢદેશની[1] વજ્જભૂમિમાં વિહાર કર્યો હતો (આચારાંગ ૯.૩.૨). અને ચોમાસુ લાઢમાં વિતાવ્યું હતું[2] એ પણ હકીકત છે. એથી જો ચોમાસાની સૂચીમાં 'पणीयभूमि'નો ઉલ્લેખ હોય અને લાઢદેશની વજ્જભૂમિનો ઉલ્લેખ ન હોય તો તેની સંગતિ બેસારવા આચાર્યોએ એ પણીયભૂમિનો સંબંધ વજ્જભૂમિ સાથે જોડ્યો હોય તે સંભવિત છે. પણ સાથે જ આવશ્યકચૂર્ણિગત એવો ઉલ્લેખ કે લાઢભૂમિના વિહાર સમયે ચોમાસા માટે કોઈ નિશ્ચિત સ્થાન તેમને મળ્યું ન હતું. એનો વિચાર કરીએ તો વજ્જભૂમિમાં ચોમાસુ થયું એ સાચું

---

૧. "लाढ इति जागवतो सोदुविहो वज्जा भोम्मा य,"–लाढा–तएव दुविहा वज्जं सुज्झ" "अणगरजणवओपायं सो विसओ ण तत्थ–नगरादीणि सति–આચા.ચૂ. ૩૧૮

૨. एवं तत्थ छम्मासे अच्छितो भगवं (આચા. ચૂણિ–પૃ. ૩૧૯) આવ.નિ. ૩૭૪–૩૭૫ આવ. ચૂ. ૨૯૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ તેમાં તેમનો નિયત વાસ હતો નહિ[1] આથી કોઈ વિશેષ સ્થાનનો ઉલ્લેખ કલ્પસૂત્રમાં કરવામાં આવ્યો નથી પણ સામાન્ય પણીયભૂમિ=મનોજ્ઞભૂમિ અથવા પણિય=પણ્યભૂમિ=ક્રયવિક્રયનું પીઠું—એવું કોઈ પણ અનુકૂળ સ્થાન એવો કરવામાં આવ્યો છે. કલ્પસૂત્રમાં અહીં 'પણીય' એવો દીર્ઘ ઈ કારવાળો પાઠ છે તે પણ ધ્યાનમાં લેવા જેવું છે.

સારાંશ કે ગોશાલક સાથે છ વર્ષ સુધી વજ્જદેશમાં વિહાર કર્યો એવો અર્થ તો લેવાની જરૂર જ નથી. પરંતુ કોલ્લાગસંનિવેશની ભાંડશાલા કે વ્યાપારની પીઠમાંથી શરૂ કરીને છ વર્ષ સુધી સાથે વિચર્યા એવો જ અર્થ સમજવો જોઈએ.

ભ. મહાવીરનો લાઢદેશમાં વિહાર થયો એ કયા વર્ષમાં?—એનો વિચાર કરીએ તો આચારાંગ ચૂર્ણિમાં જણાવ્યું છે–"एव बहूहिं उवसग्गेहिं कीरमाणेहिं तत्थ लाढेसु य तवे उवसग्गे वा सहमाणो रागदोसरहिते तेरसमे वरिसे पतेलिसे पति पति सेवमाणो" આચા-ચૂ. પૃ. ૩૨૦ ઇત્યાદિ. આ ઉપરથી જણાય છે કે ભગવાનની દીક્ષા થયા પછીના તેરમે વરસે તેઓ લાઢમાં વિચરતા હતા. આથી ગોશાલક સાથેના છ વર્ષ દરમિયાન તો લાઢદેશની વજ્જભૂમિમાં વિહારની પરંપરા જ નથી—એમ માનવું જોઈએ.

પરંતુ આવશ્યકનિર્યુક્તિ અને ચૂર્ણિ બન્નેમાં આ પૂર્વે આપણે જોયું તે પ્રમાણે ચોથા અને પાંચમા ચોમાસાની વચ્ચેના કાળમાં એકવાર અને બીજીવાર નવમું ચોમાસુ લાઢમાં કર્યાનું સમર્થન મળે છે. અને એ બન્ને પ્રસંગે ગોશાલક તેમની સાથે જ રહેલ છે એ પણ તે બન્નેને સંમત છે. આથી કહી શકાય કે લાઢ દેશમાં તેમને ચોમાસા માટે નિયત સ્થળ મળ્યું ન હતું તેમનો અનિયત વાસ હતો—એથી પણિયભૂમિ=પણ્યભૂમિ અથવા પણીયભૂમિ=પ્રણીતભૂમિ=મનોજ્ઞભૂમિમાં તેમણે વાસ કર્યો હતો એવા સામાન્ય અર્થમાં કલ્પસૂત્રના ઉલ્લેખને સમજવો જોઈએ. પણ વિશેષનામના અર્થમાં નહિ.

વળી ગોશાલક સાથે છ વર્ષ સુધી વિચર્યા એ બાબતમાં પણ એ જાણવું જરૂરી છે કે જ્યારથી બન્ને મળ્યા ત્યાર પછી સાત ચોમાસા બન્નેના સાથે થયા છે અને તે દરમિયાન ગોશાલકે છ માસ સુધી સાથે નહીં રહેતા જૂદું વિચરણ કર્યું છે. આથી છ વર્ષ એટલે બરાબર છ વર્ષ એમ સમજવું ન જોઈએ. પણ લગભગ છ વર્ષ એમ સમજવું જોઈએ—આવું મન્તવ્ય ચૂર્ણિથી ફલિત થાય છે.

---

૧. अणारियदेसेसु ताहे लाढा वज्जाभूमिं सुद्धभूमिं च पव्वति। तेणिरणुकंपा णिद्दया च... तदा य किर वासारत्तो तम्मि जणवए केणइ दइवनियोगेय लेहट्टो आसी वसही वि न लब्भति। तत्थ य चम्मासे अणिच्चजागरियं विहरति। एस नवयो वासारत्तो। આવચૂ. પૃ. ૨૯૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org